
# યુગપુરુષ

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

- સૌને સમર્પિત જીવન

ડૉ. કિરીટ શેલત





# યુગપુરુષ

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

– સૌને સમર્પિત જીવન

ડૉ. કિરીટ શેલત

સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.

અમદાવાદ

લેખક :
© ડૉ. કિરીટ શેલત
© સ્વામિનારાયણ 'અક્ષરપીઠ' - પ્રમુખ સ્વામી મહારાજ સ્મૃતિ - ફોટોગ્રાફ માટે
**www.swaminarayan.org**

| | |
|---|---|
| **English Edition** | : **YUG PURUSH - Pujya Pramukh Swami Maharaj (May-2004)** |
| **ગુજરાતી આવૃત્તિ** | : ૧૪, સપ્ટેમ્બર ૨૦૦૫ |
| **હિન્દી આવૃત્તિ** | : નવેમ્બર, ૨૦૦૬ |
| **તેલુગુ આવૃત્તિ** | : એપ્રિલ, ૨૦૦૮ |
| **અંગ્રેજી આવૃત્તિ (દ્વિતીય)** | : નવેમ્બર, ૨૦૦૯ |
| **મરાઠી આવૃત્તિ** | : માર્ચ, ૨૦૧૨ |
| **ગુજરાતી આવૃત્તિ (દ્વિતીય)** | : ૨૦૧૪ |

**ડિઝાઈન : શ્રી કથન કોઠારી**


**પ્રકાશક તથા મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨ ● ફોન : ૨૫૪૬૯૧૦૧-૦૨
E-mail : smpl99@gmail.com
Website: www.sahityaprint.com

પરમ પૂજ્ય પ્રમુખસ્વામીના વાચકોનો લાગત કોઈ પણ પ્રેરણાદાયી પ્રસંગો હોય તે નીચેના સરનામે લેખકને આવકાર્ય

**સરનામું :**
૬, મણિકમલ સોસાયટી, સુરધારા સર્કલ, થલતેજ,
અમદાવાદ-૩૮૦ ૦૫૪. ગુજરાત, ભારત
મોબાઈલ : ૦૦૯૧ ૯૯૦૪૪ ૦૪૩૯૩
E-mail : drkiritshelat@gmail.com

રૂ. ૩૦૦/-

# અર્પણ



આદરણીય વંદનીય

## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

# આમુખ

એક યા બીજી રીતે હજારો માણસોના જીવનને જેમણે પ્રભાવિત કર્યું હોય એવા સંત વિશે જરાયે અંજાઈ ગયા વગર લખવાનું ઘણું મુશ્કેલ છે. એમના ઉપદેશોની અસરોનું તારણ કાઢવા માટે, જીવનકથામાં એમના જીવનનાં એવાં તમામ પાસાંને સ્પર્શવાં પડે, જે બીજાઓના માટે દાખલારૂપ બની શકે. કોઈ અતિશયોક્તિ કર્યા વગર કહી શકાય કે ડૉ. કિરીટ એન. શેલતે આ કામ ખૂબ જ સારી રીતે કર્યું છે. શાંતિલાલ નામનો એક ખેડૂત-પુત્ર, જે માત્ર ૧૮ વર્ષની વયે સાધુ થયો અને એવી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચ્યો કે બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ તરીકે એમની વરણી થઈ ! શ્રી શેલતે આ બધા ઘટનાક્રમનું સરસ સિલસિલાબંધ ચિત્ર આપ્યું છે. તાલીમ માટે જવાબદાર શ્રી ઘનશ્યામ સ્વામી સાથે તેઓ ઘણુંખરું પગપાળા ગામેગામ ફર્યા. સદીઓ પહેલાં આદિ શંકરાચાર્યએ આ રીતે ભ્રમણ કર્યું હતું. ફરજ પ્રત્યે જેમને અત્યંત નિષ્ઠા હતી, સંપ્રદાયની મૂળભૂત બાબતો પર જેમણે એટલી ઉત્તમ પકડ મેળવી હતી અને ભગવાનમાં જેમને પરમ શ્રદ્ધા હતી, અને એજ કારણે ૧૯૫૦ની સાલમાં એમના ગુરુવર્ષ શાસ્ત્રીજી મહારાજે એમને સંસ્થાના પ્રમુખ તરીકેની વરણી કરવાનો નિર્ણય કર્યો. એમના કરતાંય મોટા સાધુઓ એ વખતે હતા, જેઓ આ પદ માટે દાવો કરી શકત, પરંતુ સૌએ શાંતિલાલને – સાધુ નારાયણસ્વરૂપદાસ નામે – સંસ્થાના 'પ્રમુખ' સ્વામી તરીકે એક અવાજે વધાવી લીધા. શાંતિલાલમાં મનની અને હૃદયની એવી શુદ્ધતા જોઈ, આત્માનું એવું પવિત્ર રૂપ જોયું કે બધાએ એમની બઢતીને આવકારી લીધી.

'કામ એ જ પૂજા' એ કહેવત પ્રમુખસ્વામી મહારાજને બરાબર લાગુ પડે છે. તેમના માટે કોઈ કામ બહુ નાનું કે બહુ મોટું છે જ નહીં. ૧૯૭૧માં યોગીજી મહારાજની વિદાય પછી તેઓ ગોંડલ ગયા, ત્યાંથી કોલકાતા અને પછી નવી દિલ્હી ગયા. તેઓશ્રીએ જોકે સ્વામી સહજાનંદનો સંદેશ પ્રસારવા પોતાને ભારત પૂરતા મર્યાદિત નથી રાખ્યા. યુ.એસ., યુ.કે., યુરોપ, દક્ષિણ આફ્રિકા, કૅનેડા અને બીજા ઘણા દેશોની તેમણે મુલાકાત લીધી છે. જ્યાં પણ ગયા ત્યાં હજારો લોકો એમનાં દર્શન માટે ઊમટ્યા છે. જે સરળતાથી અને નમ્રતાથી તેઓ ભક્તોના અને બાળકોના પ્રશ્નોના જવાબ આપે છે, તે લોકોનાં હૃદયને સ્પર્શી જાય છે.

લંડનમાં નિસડેન મંદિરના બાંધકામ માટે તેમણે જે અથાક પુરુષાર્થ કર્યો તે જ બતાવે છે કે હાથ પર લીધેલું કામ પૂરું કરવા તેઓ કેવા પ્રતિબદ્ધ છે. હજારો માણસોને તેમણે ઉત્સાહ પૂરો પાડ્યો હતો. ત્યાં સુધી કે ગમે એટલી વ્યક્તિગત અગવડો હોય ને અવારનવાર તબિયત બગડવાની પણ સ્થિતિ આવતી હોય, છતાં મંદિર સમયસર બંધાય એ માટે કામદારોએ સહેજ પણ અટક્યા વગર તેમનું કામ ચાલુ જ રાખ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના માર્ગદર્શનના કારણે બધું કામ બરાબર સમયસર જ સંપન્ન થઈ ગયું હતું.

આવાં મંદિરો બહુ ઓછાં હોય છે. આવું મંદિર ઊભું કરવું એ ખરેખર ચમત્કાર જ હતો. ડિઝાઈન, માળખું, ગૂંબજ અને અન્ય કલાત્મક બાબતોસર એને દુનિયાની નવમી અજાયબી ગણવામાં આવે છે. લંડન મંદિરના બાંધકામ પાછળ જે પુરુષાર્થ થયો એની પ્રિન્સ ચાર્લ્સથી માંડીને કેથરીન રોસ્ટા સુધી દરેકે ખુલ્લા મોંએ પ્રશંસા કરી છે.

ડૉ. શેલતે આ પુસ્તકમાં બીજી એક મહત્ત્વની બાબત પર ખાસ પ્રકાશ ફેંક્યો છે. ભારતમાં, ખાસ કરીને ગુજરાતમાં ઈતિહાસના પહેલાંના ને પછીના ગાળામાં માનવીય વિકાસમાં ધર્મનો ફાળો કેટલો બધો મહત્ત્વનો રહ્યો એનું દર્શન તેમણે કરાવ્યું છે. ગુજરાતમાં ૨૦૦૧ના ધરતીકંપ વેળાએ સ્વામીશ્રીએ અભૂતપૂર્વ સેવાઓ પૂરી પાડી હતી. આ અગાઉ ક્યારેય આટલી એકાગ્રતાથી ને નિષ્ઠાથી આટલાં બધાં માણસો માનવસેવાના કાર્યમાં પ્રયોજાયાં હોય એવું બન્યું નથી.

અને આ બધી રાહતોનું આયોજન સ્વામીશ્રીએ રોજેરોજના ધોરણે કર્યું હતું. ભૂકંપ ગ્રસ્ત લોકોને ગરમ ખોરાક પૂરો પાડવાની સ્વયંસેવકોને ખાસ સૂચના હતી. ભૂકંપગ્રસ્તોને સેન્ડલ, ટૂથબ્રશ, ટૂથ-પેસ્ટ, ધાબળા, દીવાસળી વગેરે જરૂરિયાતની ચીજો તાકીદે પૂરી પાડવાની પણ તેમની સૂચના હતી.

પ્રમુખસ્વામી મહારાજની ઝળહળતી સિદ્ધિનું બીજું મોટું કદમ એટલે ગાંધીનગરમાં અક્ષરધામ સંકુલનું નિર્માણ. એમાં સ્વામીશ્રીની બારીક દૃષ્ટિ તેમજ છેલ્લામાં છેલ્લી ટેક્નોલૉજી અને સાધનોના સમુચ્ચયની ઝલક સ્પષ્ટ દેખાય છે. ભારતીય અને વિદેશી, તમામ મુલાકાતીઓ માટે તે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. આ એવી જગ્યા છે, જે ભક્તોને આધ્યાત્મિક પ્રેરણા આપે છે અને છતાં આ જ જગ્યા છે, જ્યાં આતંકવાદીઓએ હુમલો કર્યો, ૨૭ માણસોને મોતને ઘાટ ઉતાર્યા, સો ઉપરાંતને ઘાયલ કર્યા ! પ્રમુખસ્વામી મહારાજે કોઈનો દોષ ન કાઢ્યો. કોઈ કડવો શબ્દ સરખો ન કહ્યો. સમગ્ર દુર્ઘટનામાં તેમનું વલણ બિલકુલ સ્વસ્થ અને શાંત હતું. આમાં આશ્ચર્ય નથી. લૉર્ડ ટેનીસને કહ્યું છેઃ આત્મ-સંયમ, આત્મ-જ્ઞાન અને પૂજ્યભાવ – આ ત્રણ બાબતો જ એવી છે, જે જીવનને સર્વોચ્ચ તત્ત્વ તરફ દોરી જાય છે.

આટલી ટૂંકી પ્રસ્તાવનામાં સ્વામીશ્રીએ જે અમૂલ્ય કામગીરી અત્યાર સુધીમાં કરી છે અને જાત-કોમ-ધર્મના ભેદભાવ વગર દુનિયાના હજારો લોકો માટે આજે પણ કરી રહ્યા છે તેને પૂર્ણ ન્યાય આપવાનું મુશ્કેલ છે. તેઓ કોઈને પણ ઊંચો કે નીચો માનતા નથી. યુવાનો વ્યસન-મુક્ત બને એ માટે તેઓ તમામ પ્રયાસો કરે છે. આ મહાન સાધુના જીવન પર દૃષ્ટિપાત કરીએ ત્યારે આલ્બર્ટ આઇનસ્ટાઇને મહાત્મા ગાંધી માટે વાપરેલા શબ્દો યાદ આવે : 'ભવિષ્યની પેઢીઓ ભાગ્યે જ માનશે કે આવો હાડ-ચામનો બનેલો માણસ ક્યારેય આ ધરતી પર ચાલ્યો હતો.'

પ્રમુખસ્વામીનું જીવન દીવાદાંડી સમાન છે, એવા તમામને માટે જેઓ બીજાઓને સહાય કરવા તત્પર છે, કારણ લોકોની સેવા એ જ પ્રભુની સેવા છે. ડૉ. શેલતે પૂરી લગનથી વિષયને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે.

**– પ્રો. વિ. જે. ત્રિવેદી**

# પ્રસ્તાવના

પ્રા. આર. સી. મજુમદાર સ્વામિનારાયણ સંપ્રદાયને ગુજરાતનો 'સૌથી વધુ સુધારાવાળો ધર્મ' ગણે છે. શ્રી સહજાનંદ સ્વામીએ ૧૯મી સદીના આરંભમાં આ ધર્મના વિકાસની પ્રેરણા આપી. ૧૮૩૦ની સાલમાં તેમનું નિધન થયું એ વખતે સંપ્રદાયનાં મુખ્ય બે કેન્દ્રો હતાં – કાલુપુર મંદિર અને વડતાલ મંદિર. પરંતુ સંપ્રદાયનો સારો એવો વિકાસ અને વિસ્તાર 'શ્રી બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)'ના નેજા હેઠળ થયો, જેની સ્થાપના શાસ્ત્રીજી મહારાજે ૧૯૦૭ની સાલમાં કરી હતી. પ્રા. રેમન્ડ બ્રેડી વિલિયમ્સ બી.એ.પી.એસ.ને 'ગુજરાતનો, કદાચ સારાયે ભારતનો ખૂબ જ ઝડપથી વિકસેલો ધર્મ' ગણાવે છે. વાસ્તવમાં હકીકત આનાથી વધારે છે. બી.એ.પી.એસ. એ હાલ સમગ્ર વિશ્વમાં વધુમાં વધુ ઝડપથી વિકસેલી ધાર્મિક સંસ્થા છે. આની પાછળ જે વ્યક્તિ ઊભી છે તે મહાન આધ્યાત્મિક નેતા પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ છે.

સ્વામિનારાયણ સંપ્રદાય સાથેનો અમારો નાતો ઘણો જૂનો છે. મારા પિતાશ્રી સ્વ. ન્યાયમૂર્તિ શ્રી નાનુભાઈ શેલત અને મારાં માતુશ્રી તારાલક્ષ્મી બંને સંપ્રદાયનાં ભક્ત હતાં. જ્યારે પિતાશ્રી રાજકોટમાં ૧૯૫૯ની સાલમાં ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ હતા, ત્યારે અમારું આખું કુટુંબ ગોંડલ મંદિરની મુલાકાતે જતું અને યોગીજી મહારાજને વંદન કરતું. એ વખતે પ્રમુખસ્વામી મહારાજ યુવાન સાધુ હતા અને બી.એ.પી.એસ.ની વિકાસ પ્રવૃત્તિઓ પર સમગ્રપણે દેખરેખ રાખતા હતા.

૧૯૭૦માં, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ સાથે અમદાવાદમાં અમારા નિવાસે પધાર્યા હતા. અમારો સંબંધ ચાલુ જ રહ્યો. અવારનવાર અમે પ્રમુખસ્વામી મહારાજને મળતા અને ભક્તિભાવ દર્શાવતા. તેઓશ્રી પણ અમારા નિવાસની મુલાકાત લઈ અમને સદ્‌ભાગી બનાવતા.

૨૦૦૩ના એપ્રિલમાં મેં અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું : 'મેપિંગ ડેવલપમેન્ટઃ વીથ સ્પેશ્યલ રેફરન્સ ટુ ડેવલપમેન્ટ ઑફ ગુજરાત'. એક વર્ષ પછી ૨૦૦૪ના મે માસમાં તેનું ગુજરાતી સંસ્કરણ પ્રસિદ્ધ થયું. શીર્ષક હતું : 'ગુજરાતના વિકાસનો નકશો.' ગુજરાતમાં વિકાસની નવી તરાહ આકાર લઈ રહી હતી, એના સંબંધમાં ગુજરાતી આવૃત્તિમાં મેં વધુ ત્રણ પ્રકરણ ઉમેર્યાં. એક પ્રકરણ હતું, 'ધરતીકંપ – એક સંતની સુવાસ'. આ પ્રકરણમાં ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ કચ્છમાં અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ધરતીકંપના

કારણે ભયંકર તબાહી સર્જાઈ એમાં બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)એ મોટા પ્રમાણમાં રાહત પ્રવૃત્તિઓ હાથ ધરીને કિંમતી પ્રદાન કરેલું તેની ઝલક આપવાનો પ્રયાસ કર્યો છે. આ બધુ જ પ્રમુખસ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ થયેલું. તેઓ રોજબરોજના ધોરણે સમગ્ર રાહતપ્રવૃત્તિની દેખરેખ રાખતા અને દોરવણી આપતા.

આ પ્રકરણ લખતી વખતે મને થયું કે પ્રમુખ સ્વામી મહારાજના બેનમૂન પ્રદાન અંગેનો દસ્તાવેજ તૈયાર કરવો જોઈએ, જે તેઓની સમગ્ર કામગીરીનો ખ્યાલ આપે, વિશ્વ-શાંતિ અને કોમી સંવાદિતાની દિશામાં એમની પ્રેરણાને શબ્દ દેહ અપાય, ભવિષ્યની પેઢી — બાળકો, હિંદુ સંસ્કૃતિનો વિસ્તાર, બી.એ.પી.એસ.નું મજબૂત સંસ્થાકીય માળખું, કુદરતી આફતો વેળાએ અસરગ્રસ્ત લોકોની વહારે દોડી જવાની સેવાકીય ધગશ, વગેરે બાબતોની યોગ્ય નોંધ લેવાય, લોકોને આ બધું ઉપલબ્ધ બનાવવામાં આવે, જેથી એમને ખ્યાલ આવે કે માનવીય વિકાસની પ્રવૃત્તિમાં પ્રમુખ સ્વામી મહારાજે કેટલું મહાન યોગદાન આપ્યું છે.

હવેનાં પાનાઓમાં મેં જે લખ્યું છે એ એક પ્યારા સાધુ-ભગવંતની અનેક દિશામાંની અનેકવિધ પ્રવૃત્તિઓનો કોઈ વિગતવાર હિસાબ કે વ્યાપક ચિતાર નથી, પણ કેટલાંક મહત્ત્વનાં ક્ષેત્રો પસંદ કરીને તેના પર વિશેષ પ્રકાશ ફેંકવાનો નમ્ર પ્રયાસ માત્ર છે.

વિવિધ સાધનોમાંથી માહિતી એકઠી કરવામાં આવી છે. 'બી.એ.પી.એસ.'ના પ્રકાશન વિભાગ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, ખાસ કરીને 'સ્વામિનારાયણ બ્લીસ' સામયિક પર ઘણો વધારે આધાર રાખ્યો છે. તેના દ્વારા પ્રકાશિત 'ફ્રેન્ડ્સ ઑફ ફ્રેન્ડ્સ' પુસ્તકમાંના કેટલાક ફકરાઓ યથાવત્ આમેજ કર્યા છે.

એક નાના ખેડૂતનો દીકરો, જે પાછળથી મહાન સાધુ તરીકે આગળ બન્યા - તે કેવી રીતે બન્યું તેનું સાચું ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ મેં કર્યો છે. સાધુમાંથી યુવાન વયે જ તેઓ સાધુઓના 'પ્રમુખ' બન્યા. સાધુઓના પ્રમુખ સંપ્રદાયના આધ્યાત્મિક વડા બન્યા અને પ્રમુખસ્વામી મહારાજ તરીકે જાણીતા બન્યા. તેમના અનુયાયીઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી ગઈ, આજે પણ એ પ્રવાહ ચાલુ જ છે.

બી.એ.પી.એસ. અને તેનાં ૯,૦૦૦ થી વધુ કેન્દ્રો આજે સમગ્ર દુનિયામાં ૪૪ થી વધુ દેશોમાં ફેલાયાં છે. આટલા મોટા આ વિસ્તારનો યશ તેઓશ્રીની પ્રેરણાને જ આભારીછે.

ધર્મના ફેલાવા અંગે હું લખતો નથી. આધુનિક દુનિયામાં આ વ્યક્તિવિશેષે ધર્મનો સમગ્ર સંદર્ભ જ કેવી રીતે બદલી નાખ્યો, ધર્મપુરુષો અને સંસ્થાઓમાં કેવું પરિવર્તન

લાવ્યા, એના નિરૂપણની આ કથા છે. આ કથા એવા યુગપુરુષની છે, જે માને છે કે વ્યક્તિના વિકાસ માટે તેનો આધ્યાત્મિક વિકાસ અત્યંત જરૂરી છે. આધ્યાત્મિક વિકાસ માટે નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર માનવજાતની સેવામાં લાગી જવું પડે. સુંદર રાષ્ટ્રના નિર્માણ માટે યુવાનોને કેળવીને તૈયાર કરવા પડે, આપણા ભાવિ સમા બાળકોને યોગ્ય દિશામાં પ્રેરવાં પડે, સમાજને ટકાવવા માટે ધાર્મિક અને સાંસ્કૃતિક વૈવિધ્યનું રક્ષણ કરવું પડે ને તેને પ્રોત્સાહિત કરવું પડે. આ એવા યુગપુરુષની કથા છે, જેમણે આધ્યાત્મિકતાને ઘણા વેગથી આગળ ધપાવી. જેઓ માત્ર એક ધર્મના વડા નહીં, પણ સમગ્રપણે માનવીની આસ્થા અને વિશ્વાસના પ્રતીક બની ગયા, નવી સહસ્રાબ્દીના અધ્યાત્મપુરુષ... **યુગપુરુષ**

**– કિરીટ શેલત**



# આભારદર્શન...

આ પુસ્તક લખવામાં મને અનેક લોકોની મદદ મળી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ, મિત્રો, સત્સંગીઓએ કિંમતી સલાહ-સૂચનો આપ્યાં છે. સાચું ચિત્ર રજૂ કરવા માટે ઘણું બધું સંશોધન કરવું પડ્યું છે.

આ સાહસમાં અત્યંત જરૂરી સહાય અને માર્ગદર્શન આપવા માટે હું પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, આત્મસ્વરૂપ સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી, અક્ષરવત્સલ સ્વામી, યોગી વલ્લભ સ્વામી, જ્ઞાનેશ્વર સ્વામી અને તીર્થસ્વરૂપ સ્વામીનો ખાસ ઋણી છું. આ પુસ્તકનું હાલનું સ્વરૂપ તેમની સાથેના વિચારવિમર્શનું પરિણામ છે. તે માટે જરૂરી સંદર્ભ સાહિત્ય અને ફોટોગ્રાફ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા અને તેના પ્રકાશન એકમ - સ્વામિનારાયણ અક્ષરપીઠ પાસેથી ઉપલબ્ધ બન્યાં છે.

સ્વામિનારાયણ ફિલસૂફીના વિદ્વાન પ્રા. જનકભાઈ દવે અને પ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી પ્રૉ. ડી. આર. પટેલનો હું ખાસ આભાર માનું છું, જેમણે આ પુસ્તકમાં વિચારસરણી અને હકીકતોનું સાચું ચિત્ર રજૂ થાય એ માટે ચીવટપૂર્વક શ્રેષ્ઠ યોગદાન આપ્યું છે. આમ છતાં પણ કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો એની સંપૂર્ણ જવાબદારી મારી છે. બી.એ.પી. એસ.ના સચિવ શ્રી હરીશભાઈ દવેએ આપેલા સતત સહકાર અને સમર્થન બદલ તેમનો પણ હું આભારી છું. અમદાવાદ ખાતે શાહીબાગની સ્વામિનારાયણ અક્ષરપીઠના ડિઝાઈન સ્ટુડિયોના વડા પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામીએ તેમના ફોટોગ્રાફના સંચયમાંથી જરૂરી ફોટોગ્રાફ પ્રેમપૂર્વક પૂરા પાડ્યા છે. પરમ પૂજ્ય વિવેકસાગર સ્વામીજીનો પણ હું ઋણી છું. તેમણે મૂલ્યવાન સૂચનો આપેલ છે.

આ પુસ્તકના પ્રકાશનનો સંપૂર્ણ યશ સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાને જાય છે. પુસ્તકની સરસ ડિઝાઈન માટે શ્રી અભય કોઠારી અને તેમના સુપુત્ર ચિ. કથન કોઠારી પ્રત્યે હું આભાર પ્રદર્શિત કરું છું.

પુસ્તકનો આમુખ લખી આપવાની વિનંતી સ્વીકારવા બદલ ગુજરાત કૉલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ, જાણીતા અંગ્રેજી લેખક અને વિવેચક પ્રા. વી. જે. ત્રિવેદીનો ખાસ આભારી છું.

આ પુસ્તકની પ્રથમ અંગ્રેજી આવૃત્તિ મે-૨૦૦૪માં અને બીજી નવેમ્બર, ૨૦૦૯માં પ્રસિદ્ધ થઈ. તેની હિન્દી આવૃત્તિ નવેમ્બર, ૨૦૦૬માં, તેલુગુ આવૃત્તિ એપ્રિલ, ૨૦૦૮માં અને મરાઠી આવૃત્તિ માર્ચ, ૨૦૧૨માં પ્રગટ થઈ. પ્રથમ ગુજરાતી આવૃત્તિ સપ્ટેમ્બર, ૨૦૦૫માં પ્રકાશિત થઈ. હવે બીજી ગુજરાતી આવૃત્તિ પ્રસ્તુત કરતાં મને આનંદ થાય છે. પ્રસ્તુત આવૃત્તિમાં નવસંસ્કરણમાં શ્રી જી. એમ. હીરાગરે સેવા આપી છે. હું તેમનો ખૂબ જ આભારી છું.

મારાં ધર્મપત્ની ઈલા, જેમણે મને આ પડકાર ઉપાડી લેવા પ્રોત્સાહિત કર્યો અને મારા પુત્રો ચિ. વ્રજેશ અને  મિતુલ જેમણે મને પુસ્તક લખવામાં ઘણી મદદ કરી તેમનો પણ હું આભારી છું.

અંતમાં, પૂજ્ય શ્રી પ્રમુખસ્વામીજી મહારાજ પ્રત્યે હું સંપૂર્ણ કૃતજ્ઞ છું. તેઓશ્રી આપણા પરમ પ્રેરણાસ્રોત છે એટલું જ નહીં, આપણી રોજેરોજની કામગીરી સરળ, સ્વસ્થ રીતે ચાલે એ માટેનું પ્રેરણા-પીયૂષ પણ તેમની પાસેથી જ પ્રાપ્ત થાય છે.

અમદાવાદ
૨૦૧૪

**કિરીટ શેલત**

# પ્રકાશકના બે બોલ...

આ પુસ્તક **યુગપુરુષ 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ'**ની પહેલી અને બીજી ગુજરાતી આવૃત્તિના પ્રકાશનનો લાભ પામવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. પરમ ધાર્મિક સન્નારી એવાં મારાં માતુશ્રી પૂજ્ય શ્રીમતી ભગવતીબેન વિષ્ણુપ્રસાદ પંડ્યાના નામે સ્થપાયેલા શ્રી ભગવતી ટ્રસ્ટના નેજા હેઠળ આ પુસ્તકની આવૃત્તિ પ્રગટ થઈ હતી અને બીજી આવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. દ્વારા મુદ્રિત અને પ્રકાશિત થઈ રહી છે, એનો વિશેષ આનંદ છે.

લેખકે એમની ટૂંકી પ્રસ્તાવનામાં, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની બહુમુખી પ્રવૃત્તિઓ અને તેમના મહત્ત્વના પ્રદાનનો ચિતાર આપ્યો છે. ગુજરાતના વડોદરા જિલ્લાના અંતરિયાળ ગામના એક ખેડૂતનો પુત્ર, કઈ રીતે આટલા મોટા ઊંચાઈના શિખરે પહોંચ્યો અને માનવજાત માટે કેવું ભવ્ય પ્રદાન કર્યું એની આ કથા છે. ધાર્મિક જૂથો માટે સ્વૈચ્છિક સેવાનો આખો સંદર્ભ જ તેમણે બદલી નાખ્યો. ધર્મ કે કોમના કોઈ ભેદભાવ વગર, એક વ્યક્તિની બીજી વ્યક્તિને સહાયરૂપ થવાની આંતરિક ચેતનાને તેમણે ઉજાગર કરી. તેઓશ્રીની પ્રેરણાથી આધ્યાત્મિક મૂલ્યોના પ્રસાર માટે પ્રથમ સત્સંગ કેન્દ્ર સ્થપાય છે અને પછી મંદિર બંધાય છે, જ્યાં માનવીય વિકાસના હેતુવાળી બહુવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે – ગુજરાતમાં, ભારતમાં અને દુનિયાભરમાં. મંદિરના બાંધકામ માટે અગર ધરતીકંપ જેવી હોનારતમાં ફસાયેલા લોકોને મદદરૂપ થવા માટે લોકોને કેવા એકજૂટ કરી શકાય છે એ એમણે એમની પ્રેરણાથી બતાવી આપ્યું છે. પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આપણે ભૂલી ગયા છીએ કે ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વમાં કેવું મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આ ભવ્ય વારસાની યાદ જીવંત બનાવવા તેઓશ્રીએ સફળ પ્રયાસો કર્યા છે. ભવિષ્યની પેઢીને નૈતિક મૂલ્યોનું રસપાન એમાં પ્રાપ્ત થાય છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કહે છે, 'પ્રમુખ સ્વામી મહારાજે વિકાસનાં પાંચ ક્ષેત્રોમાં નવું પરિમાણ ઉમેર્યું છે. આવનારાં વર્ષોમાં ભારતને સમૃદ્ધ, પ્રગતિશીલ રાષ્ટ્ર બનાવવા આ ક્ષેત્રો તેમણે (પૂર્વ રાષ્ટ્રપતિએ) નક્કી કર્યાં છે. આ નવું પરિમાણ અધ્યાત્મનું છે, જે આપણી સમગ્ર પદ્ધતિમાં વણાઈ જવું જોઈએ, જે જાગૃત નાગરિકો, અબજો જાગૃત નાગરિકોનું નિર્માણ કરે.'

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો હું અત્યંત ઋણી છું. તેઓશ્રી મારા માટે, મારા સમગ્ર કુટુંબ માટે સતત મોટા પ્રેરણાસ્રોત રહ્યા છે. મારા પિતાશ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર હતા. અમારા 'સાહિત્ય મુદ્રણાલય'માં ફોટો કમ્પોઝિંગ યુનિટના ઉદ્‌ઘાટન પ્રસંગે અને ૧૯૮૧માં ઑફસેટ પ્રિન્ટિંગ મશીનરીના ઉદ્‌ઘાટન વેળાએ

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પૂજ્ય ચિદાનંદજી મહારાજ સાથે પુનિત પગલાં પાડ્યાં હતાં. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી જ મારો નાનો ભાઈ અમેરિકામાં બી.એ.પી.એસ.ની પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલો છે. તે ત્યાં વેબસાઈટ અને માહિતી સંબંધિત સેવાઓ સંભાળી રહ્યો છે.

ડૉ. કિરીટ શેલતે તેમના ચોથા પુસ્તકના પ્રકાશનનું કામ મને સોંપ્યું તે બદલ તેમનો આભારી છું. પુસ્તક માટે જરૂરી કિંમતી માહિતી પૂરી પાડવા બદલ અને સ્વામિનારાયણ અક્ષરપીઠમાં સંગ્રહાયેલા ફોટોગ્રાફ પ્રસિદ્ધ કરવા દેવા બદલ હું શ્રી ઈશ્વરચરણ સ્વામીજી અને શ્રી બ્રહ્મવિહારી સ્વામીજીનો ખાસ આભારી છું.

આ પુસ્તકની મૂળ અંગ્રેજી આવૃત્તિને ઘણો સારો પ્રતિભાવ મળેલ છે, હરિભક્તો સુધી આ પુસ્તક પહોંચી શકે તે માટે તમામ સહાય પૂરી પાડવા બદલ હું બી.એ.પી.એસ.નાં સંતો અને કાર્યકરોનો ખુબ આભારીછું.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન મને નિઃશંક ઘણીબધી રીતે સ્પર્શી ગયું છે. એમાંથી જ આ પ્રકાશનની પ્રેરણા થઈ છે. મારા આ નમ્ર પ્રયાસમાં પ્રિન્ટિંગની કંઈ પણ ભૂલો રહી ગઈ હોય એની સંપૂર્ણ જવાબદારી મારી છે.

અમદાવાદ **શ્રેયસ વિ. પંડ્યા**


૨૦૧૪ સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.



# ફોટોગ્રાફનો અનુક્રમ

સહજાનંદસ્વામી - ભગવાન સ્વામિનારાયણ ....xiv
શ્રી હરિકૃષ્ણ મહારાજ, ભગવાન કૃષ્ણ અને રાધાજી.... ૯
ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી....૧૦
પ્રાગજી ભગત....૧૦
શાસ્ત્રીજી મહારાજ....૧૦
યોગીજી મહારાજ ....૧૦
પ્રમુખસ્વામી મહારાજ ....૧૦
પ્રમુખવરણી દિન મહોત્સવ ....૧૫
સ્વામીશ્રી પ્રાર્થનામાં - એકાન્તિક ભક્તિ....૧૮
યોગીજી મહારાજ - ગુરુ હરિ સાથે ....૧૮
શ્રી સ્વામિનારાયણ મંદિર, એટલાન્ટા....૨૪
શ્રી સ્વામિનારાયણ મંદિર, નિસડન, લંડન....૨૭
શ્રી સ્વામિનારાયણ મંદિર, નૈરોબી, (પૂર્વ આફ્રિકા) હિંદુત્વનો પ્રસાર ....૩૪
પ્રમુખસ્વામી મહારાજ અને અમેરિકાના પૂર્વ પ્રમુખ ક્લિન્ટન ....૩૮
સ્વામીશ્રી અને ઈંગ્લૅન્ડના પૂર્વ વડાપ્રધાન ટોની બ્લેર ....૩૮
લંડનના નિસડન મંદિર ખાતે હિંદુત્વ ગેલેરીની સમજ ....૪૪
કોસંબાના દરિયાકાંઠે મંદિર ....૪૬
સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ -
બી.એ.પી.એસ. બાલોત્સવની સુવર્ણજયંતી પ્રસંગે અક્ષરધામ, ગાંધીનગર ખાતે બાળકો સાથે....૫૦
રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામનું અભિવાદન કરતા સ્વામીશ્રી ....૫૧
ભારતના વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહનું અભિવાદન કરતા સ્વામીશ્રી....૫૧
ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ
ડૉ. અબ્દુલ કલામ સાથે સ્વામીશ્રી ....૫૨
પ્રાર્થનાસભામાં બાળકો ....૫૬
સનાતન ધર્મનાં નગારાં-યુવાનોના સમૂહમાં સ્વામીશ્રી ....૬૧
નીલકંઠવર્ણી ભગવાન શ્રી સ્વામિનારાયણ બેઠેલ મુદ્રામાં....૬૯
ભૂકંપગ્રસ્તને દિલાસો આપી રહેલા સ્વામીશ્રી ....૭૦
ધરતીકંપના અસરગ્રસ્તોને સીવવાનાં મશીન વહેંચતા સ્વામીશ્રી ....૭૩
ધરતીકંપના અસરગ્રસ્તો માટે ભોજન-પ્રબંધ ....૭૪
બી.એ.પી.એસ. દ્વારા કચ્છી પ્રણાલીથી બાંધવામાં આવેલા ભૂંગા (નિવાસ)....૮૫
બી.એ.પી.એસ. તરફથી કચ્છના અસરગ્રસ્તો માટે બંધાયેલ એક શાળા અને ઘર ....૮૫

જુદા જુદા દેશોના એલચીઓ સાથે લંડનના નિસડન મંદિરમાં યોજાયેલી
ખાસ પ્રાર્થનાસભામાં 'સુનામી'ના અસરગ્રસ્તો માટે બી.એ.પી.એસ.ની ટહેલ ..................... ૮૯
'બી.એ.પી.એસ.'નું સુનામી રાહતકામ ................................................ ૮૯
શીતળ સ્પર્શ ... એક યાદગાર ક્ષણ ................................................ ૯૦
લંડનના નિસડન મંદિરમાં અન્નકૂટ ................................................ ૯૬
સ્વામીશ્રી નવા પાઠમાં - રસોઈકળાના નિષ્ણાત ................................................ ૧૦૦
માઉન્ટ આબુ ખાતેની નિવાસી શાળામાં બાળકો સાથે સ્વામીશ્રી ................................ ૧૦૩
આદિવાસી વિસ્તારમાં શિક્ષણ ................................................ ૧૨૩
પ્રમુખસ્વામી મહારાજ ચિદાનંદ સ્વામી તથા સ્વ. વિષ્ણુપ્રસાદ પંડ્યા અને
શ્રી શ્રેયસભાઈ પંડ્યા સાથે ................................................ ૧૩૧
સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર, ગાંધીનગર ................................................ ૧૩૪
સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર, નવી દિલ્હી ................................................ ૧૪૪
સંગીતમય ફુવારો – અક્ષરધામ, નવી દિલ્હી ................................................ ૧૪૭
કેનેડાના પૂર્વ વડાપ્રધાન સ્ટીફન હાર્પર સાથે ................................................ ૧૪૮
ગજેન્દ્રપીઠ – અક્ષરધામ, નવી દિલ્હી ................................................ ૧૫૦
હાઉસ ઑફ વેલ્યૂઝ, વિશાળ સ્ક્રીન, થિયેટર, બોટ રાઈડ ................................ ૧૫૨
'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવનો સ્વામીશ્રીના વરદ્‌હસ્તે શુભારંભ ....................... ૧૫૮
'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવ - 'મહિલા દિન' ................................ ૧૬૦
'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવ - વ્યસન મુક્તિ રેલી ................................ ૧૬૧
'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવ - 'યુવા દિન' ................................ ૧૬૨
'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવ - 'બાળ દિન' ................................ ૧૬૩
પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ................................................ ૧૬૫
ગીનીસ વર્લ્ડ રેકોર્ડ ................................................ ૧૬૬
પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજનો ૯૩મો જન્મોત્સવ (સારંગપુર, તા. ૧૦-૧૨-૨૦૧૩) .... ૧૭૧
પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ, બી.એ.પી.એસ. ................................ ૧૭૨
સાધુઓ મેડિટેશન (ધ્યાન)માં ................................................ ૧૭૮
સ્વામીશ્રી - પાર્ષદો સાથે ................................................ ૧૮૩
આનંદિત મુદ્રામાં સ્વામીશ્રી ................................................ ૧૯૬
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શિકાગો ................................................ ૨૦૩
સ્વામીશ્રીની વિશિષ્ટ મુદ્રાદર્શન ................................................ ૨૦૪
'યુગપુરુષ'ની આવૃત્તિનું વિમોચન ................................................ ૨૨૦
પ્રમુખસ્વામી મહારાજ પ્રસન્ન મુદ્રામાં ................................................ ૨૨૧
પ્રમુખસ્વામી મહારાજ આનંદવિભોર મુદ્રામાં ................................................ ૨૨૨



પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ

# યુગપુરુષ

## પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

**– સૌને સમર્પિત જીવન**

## અનુક્રમણિકા


૧. પ્રારંભિક ........................................ ૧

૨. શાંતિલાલ ........................................ ૧૧

૩. દુનિયાભરમાં હિન્દુ ધર્મનો પ્રચાર ........................................ ૨૫

૪. બાળસંસ્કાર દ્વારા ભાવિ સમાજ નિર્માણ ........................................ ૫૩

૫. ગુજરાતમાં ભૂકંપ - એકલવીરોની રાહત બ્રિગેડ ........................................ ૭૧

૬. પ્રેરણાનો પુંજ ........................................ ૯૧

૭. શાંતિનો સમુદ્ર ........................................ ૧૩૫

૮. જ્ઞાન-આધ્યાત્મ-વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ ........................................ ૧૪૫

૯. ‘બી.એ.પી.એસ.’ શતાબ્દી મહોત્સવો ........................................ ૧૫૯

૧૦. ટ્રસ્ટ ........................................ ૧૭૩

૧૧. શાંતિ, પ્રેમ અને પવિત્રતાની યુગમૂર્તિ ........................................ ૧૯૭

જીવન રેખા ........................................ ૨૦૫

સંદર્ભ પ્રકાશનો ........................................ ૨૧૯



સહજાનંદસ્વામી - ભગવાન સ્વામિનારાયણ

# ૧. પ્રારંભિક

## હિન્દુ ધર્મ : સનાતન ધર્મ

ભારત એ વિશ્વની જૂનામાં જૂની સંસ્કૃતિ ધરાવતો પ્રાચીન દેશ છે. કુલ સવા અબજથી વધુ તેની વસતીમાં ૮૩ ટકા હિંદુઓ છે. હિંદુ ધર્મ એ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો વિશ્વનો જૂનામાં જૂનો ધર્મ છે. 'સનાતન ધર્મ' એ હિંદુ ધર્મનું પ્રણાલિકાગત નામ છે. એક સમય હતો જ્યારે આ સનાતન ધર્મ દક્ષિણ પૂર્વ, પશ્ચિમ એશિયા અને તેનાથી પણ આગળના દુનિયાના ભાગોમાં ફેલાયેલો હતો. હિંદુ ધર્મમાંથી જ જન્મેલો બૌદ્ધ ધર્મ પશ્ચિમ એશિયા અને દૂર પૂર્વના દેશોમાં વિસ્તર્યો હતો.

હિંદુઓ એક જ ઈશ્વરમાં માને છે, પણ સર્વશક્તિમાન પ્રભુની ઝલક ધરાવતાં અનેક દેવ-દેવીઓની આરાધના પણ કરે છે. મંદિરોમાં આ દેવ-દેવીઓ બિરાજે છે. ભક્તો એમની પૂજા-વંદના માટે ત્યાં ઊભરાતા હોય છે.

પરાપૂર્વથી આ દેશમાં સંતોનું ઘણું માહાત્મ્ય છે. પુરાતન યુગમાં ઋષિઓ તરીકે ઓળખાતા આ સંતોએ હંમેશાં શાસકોને અને સામાન્ય પ્રજાજનોને માર્ગદર્શન આપવાનું - શું સાચું ને શું ખોટું એની સમજ આપવાનું - કામ કર્યું છે. શહેરો અને નગરોથી દૂર, ઘણુંખરું જંગલમાં સ્થાપેલા આશ્રમોમાં આ પવિત્ર પુરુષો રહેતા હતા. આશ્રમની સાથે જ નિવાસી શાળાઓ હતી, જે 'ગુરુકુલ' કહેવાતી. આ વિદ્યાધામોમાં ભવિષ્યના શાસકો અને આચાર્યોને પૂરી તાલીમ આપી તૈયાર કરાતા. નવા સંતો પણ અહીં જ તૈયાર થતા. ગુરુ-શિષ્ય પરંપરા એ પ્રાચીન ભારતની ખાસ વિશિષ્ટતા છે. ગુરુઓ તેમના અનુયાયીઓને શીખવતા કે કઈ રીતે આદર્શ જીવન જીવવું અને પરમ પ્રભુની કૃપા પામવી. આશ્રમો પ્રામાણિક જીવન-ઘડતરનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં.

આ વિશાળ દેશમાં ધાર્મિક ક્ષેત્રે જ નહીં, આર્થિક અને રાજકીય ક્ષેત્રે પણ અનેક ઋષિઓ-સંતોનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. આવા પૂજ્ય મહાત્માઓમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, અગસ્ત્ય, શુક્રાચાર્ય, પતંજલિ અને ચાણક્ય જેવા મહર્ષિઓનો સમાવેશ થાય છે. આ પ્રાચીન ભૂમિનો ઇતિહાસ સતત વહેતો રહ્યો છે. કોઈ પણ એક સમયના ટુકડાને છૂટો

પાડીને જોવાનું શક્ય નથી. ઘોર અંધકાર અને ઝળહળતા પ્રકાશના અનેક સમયગાળા આવ્યા છે. દેશને અંધકારમાંથી પ્રકાશની પગદંડીએ દોરી જવામાં સહજાનંદ સ્વામી જેવા સંતોએ અત્યંત મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

## ૧૭-૧૮મી સદીમાં ધર્મનો હ્રાસ : નાતજાતના વાડા અને વ્યસનગ્રસ્ત સમાજ

ભારતના ઈતિહાસમાં ૧૭મી અને ૧૮મી સદીઓ કાળા અક્ષરે લખાઈ છે. મોગલ બાદશાહ ઔરંગઝેબનું ૧૭૦૭ની સાલમાં અવસાન થયું તે પછી ૩૧ વર્ષ સુધી એક પછી એક નબળા શાસકો જ આવતા રહ્યા, મોગલ સામ્રાજ્યનું પતન થતું રહ્યું. ફ્રેન્ચ અને બ્રિટિશરોએ અહીં પગ ઠેરવી દીધા હતા. આખો દેશ આંતરિક લડાઈ-ઝઘડામાં ડૂબ્યો હતો. સામાજિક જીવન છિન્ન-ભિન્ન થઈ ગયું હતું. દેશને એક તાંતણે બાંધે એવો કોઈ શાસક નહોતો. લોકોને સાચી દિશામાં દોરી શકે એવા ઉચ્ચ પ્રતિભાવાળા કોઈ ધર્મપુરુષો પણ નહોતા.

સમગ્ર દેશનું વાતાવરણ ડહોળાયેલું હતું અને ગુજરાત પણ એનાથી મુક્ત નહોતું. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મોગલ સુબાઓ શાસન ચલાવતા હતા, તો બીજા કેટલાક વિસ્તારો મહારાષ્ટ્રના શાસક પેશ્વા અને ગાયકવાડ હસ્તક હતા. બાકીના ગુજરાતમાં નાનાં નાનાં ૩૦૦ થી વધુ રજવાડાં હતાં, જે એકબીજા સાથે સતત ઝઘડતાં જ રહેતાં.

આખો સમાજ જૂનવાણી અને નાતજાતના વાડામાં વહેંચાયેલો હતો. ઊંચી જાત ને નીચી જાત, ધંધાર્થીઓ ને શાસકો ને ખેડૂતોનાં જીવનધોરણ વચ્ચે મોટા તફાવત હતા. બહુ-પત્નીત્વ સામાન્ય વાત હતી. મહિલાઓની દશા સાવ કફોડી હતી. અફીણ, ગાંજો, ચરસ અને માદક પીણાંની છોળંછોળ હતી. કેટલાક રાજાઓ તેમની નિર્દયતા માટે જાણીતા હતા. બીજી બાજુ, મંદિરો અને ધાર્મિક વિધિવિધાનો પર જુનવાણી બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. સમગ્ર ગુજરાતના ઈતિહાસમાં આ કાળો સમય હતો. ગ્રામ અર્થતંત્ર તૂટી ગયું હતું. વારંવાર દુષ્કાળ ડોકાતા રહેતા. ગરીબ માણસ માટે જીવવાનું સાવ દોહ્યલું બની ગયું હતું.

ત્યારે વૈષ્ણવ ધર્મ (ભગવાન વિષ્ણુ - કૃષ્ણને ભજતો ધર્મ) લોકપ્રિય હતો, પણ તે જૂનવાણી બ્રાહ્મણોના કબજામાં જ હતો. નીચી કોમના લોકો, ખેડૂતો, ખેતમજૂરો, રબારી અને કારીગરોને મંદિરોમાં માંડ પ્રવેશ મળતો. ક્યાંક તો સંપૂર્ણ નકાર ભણાતો. નીતિમત્તા અને સંસ્કૃતિનાં મૂલ્યો સાવ તળિયે બેસી ગયાં હતાં.

## શ્રી નીલકંઠ વર્ણીનું ગુજરાતમાં પદાર્પણ : ગુરુએ સહજાનંદ સ્વામી નામ આપ્યું

શ્રી નીલકંઠ વર્ણી(ભવિષ્યના સહજાનંદ સ્વામી)એ ગુજરાતમાં પગ મૂક્યો ત્યારે સમગ્ર વિસ્તારની આ હાલત હતી. મૂળ ઉત્તર પ્રદેશમાં અયોધ્યા નજીક છપૈયા ગામે જન્મેલા નીલકંઠ તેમનાં માતા-પિતાના મૃત્યુ પછી ગુજરાતમાં આવ્યા હતા. જન્મસ્થળ છોડ્યું ત્યારે માંડ ૧૧ વર્ષના હતા. ૧૭૮૧ની બીજી એપ્રિલે પાન્ડે કુટુંબમાં તેઓ જન્મ્યા હતા. ભારતભરમાં સાત સાત વર્ષ સુધી તેઓએ પગપાળા વિચરણ કર્યું. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં લોજ ગામે ૧૭૯૯માં સ્વામી રામાનંદ સાથે તેમની મુલાકાત થઈ. રામાનંદજી તે વખતે આગળ પડતા ધાર્મિક સંત હતા, ભગવાન કૃષ્ણના આરાધક હતા. મુક્તાનંદ સ્વામી તેમના ઘનિષ્ઠ સાથી હતા. ૧૮૦૦ની સાલમાં, નીલકંઠ વર્ણીને દીક્ષા આપવામાં આવી ત્યારે તેમને બે નામ અપાયેલાં: સહજાનંદ અને નારાયણ મુનિ.

## સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો : નારાયણની ભક્તિનો માર્ગ બતાવ્યો

૧૮૦૧ની ૧૬મી નવેમ્બરે રામાનંદ સ્વામીએ તેમને આચાર્ય બનાવ્યા. એક જ મહિના પછી રામાનંદ સ્વામી સ્વર્ગવાસી થયા. તે પછી આખાય સંપ્રદાયનો હવાલો સહજાનંદ સ્વામી (ભગવાન સ્વામિનારાયણ) પાસે આવ્યો. સ્વામીએ સંપ્રદાયનો ધાર્મિક પાયો સારી પેઠે વિસ્તાર્યો. તેઓ ભગવાન કૃષ્ણને ભજતા અને તેમને ‘શ્રીહરિ’ કહેતા. તેમણે તેમના અનુયાયીઓને સામાન્ય જીવનપદ્ધતિ તરફ પ્રેરતો ‘સ્વામિનારાયણ મહામંત્ર’ આપ્યો. તેમનો પંથ પછી ‘સ્વામિનારાયણ સંપ્રદાય’ તરીકે જાણીતો થયો. ગુરુની કૃપાથી ઘનિષ્ઠ સેવા વડે નારાયણની ભક્તિનો માર્ગ તેમણે બતાવ્યો.

એ દિવસોમાં સ્વામિનારાયણ સંપ્રદાયને ગુજરાતમાં કેન્દ્ર સ્થાને લાવવા માટે ભગવાન સ્વામિનારાયણે કેટલાક મહત્ત્વના ધાર્મિક અને સામાજિક સુધારા દાખલ કર્યા, જે આ પ્રમાણે હતા:

(૧) ધર્મ તમામને માટે છે. દલિતો, ખેડૂતો, ખેતમજૂરો, સામાજિક અને આર્થિક રીતે પછાત રહી ગયેલાઓ બધા માટે તે વિશેષ છે. સહજાનંદ સ્વામીએ પોતાનાં સાધુઓને ધાર્મિક માર્ગદર્શન માટે ગામડાઓમાં અને ખેતરોમાં પણ વિચરણ (મુલાકાત) કરતા કરી દીધા. મંદિરો તમામને માટે ખુલ્લાં મૂક્યાં. ભગવાન કૃષ્ણની ભક્તિ બધા જ કરી શકે. એમાં નાતજાતનો કોઈ બાધ નહીં. સામાજિક ધોરણનો કોઈ બાધ નહીં. નવાં

નવાં મંદિરો બાંધવા લોકોને તેમણે પ્રેર્યા. ગઢડા, વડતાલ, ભૂજ (કચ્છ), ધોલેરા, જૂનાગઢ, અમદાવાદ વગેરે સ્થળોએ તેમણે જાતે મંદિરો બંધાવ્યાં.

(૨) સાધુઓ માટે કડક આચારસંહિતા દાખલ કરાઈ. તેમણે બ્રહ્મચર્યનું પાલન કરવાનું અને ભોજન લેતાં પહેલાં રોજ પાંચ કુટુંબોને મળવાનું. ગામેગામ ફરતા રહેવાનું. સ્ત્રીઓથી અંતર રાખવાનું. જીવનના ભાગરૂપે સાધુઓએ પાળવાનાં પાંચ મહાવ્રતમાં નિષ્કામ (બ્રહ્મચર્ય), નિર્લોભ (કોઈ આકાંક્ષા નહીં), નિઃસ્વાદ (કોઈ સ્વાદ નહીં), નિઃસ્નેહ (કોઈ વળગણ નહીં) અને નિર્માન(અહમ્‌નો ત્યાગ)નો સમાવેશ થતો હતો.

(૩) સ્વામીશ્રીએ તમામ ધાર્મિક પ્રસંગોએ ઉત્સવોનો મહિમા કર્યો. 'સમૈયા'ની શરૂઆત કરી, જ્યાં પોતાના ગામથી કે વસવાટથી બહાર નીકળીને લોકો પરસ્પર મળે, નવાં નવાં સ્થળ જુએ અને દુનિયાનો ખ્યાલ મેળવે.

(૪) ધાર્મિક વ્યાખ્યાનો તેમજ સાધુઓ અને સામાન્ય લોકો વચ્ચે ચર્ચાવિમર્શનો આરંભ થયો. આમાં લેખિત સંદેશાવ્યવહાર અને ઉપલબ્ધ સાહિત્યનો પણ પૂરો ઉપયોગ કરવાનું શરૂ કરાવ્યું.

(૫) સ્વામીશ્રી સતત ભ્રમણ કરતા રહ્યા. એક ગામથી બીજે ગામ ફરતા જ રહ્યા. પોતાને મળવા ઈચ્છે તે દરેકને તેઓ છૂટથી મળતા. ભક્તોને એમના નિવાસે જઈને મળવાની જૂની પરંપરા એમણે જીવિત કરીને વધારે વિકસાવી.

## ભગવાન સ્વામિનારાયણ : ધાર્મિક-સામાજિક ક્રાંતિના પ્રણેતા

શ્રી સહજાનંદ સ્વામીનો આયુષ્યગાળો ટૂંકો રહ્યો, પણ આટલા સમયમાંય તેમના ધાર્મિક કે બીજા વિરોધીઓએ એમને પરેશાન કરવામાં, એમના પર કાદવ ઉડાડવામાં ને એમને ખતમ કરી નાખવાના પ્રયાસોમાં કોઈ કસર છોડી નહોતી. ચમત્કાર એ છે કે, આ બધાને તેમણે સ્નેહ અને સદાચરણથી જીતી લીધા. બધા સ્વામીશ્રીના અનુયાયી બની રહ્યા. એમનાથી પ્રભાવિત થયેલા લોકોએ પછી એમને ભગવાનનો અવતાર જ ગણી લીધા. 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે જ તેઓ જાણીતા થયા. લોકોને તેમનામાં નિઃસીમ ભક્તિ હતી. સ્થાનિક શાસકો, મરાઠાઓ અને મુસ્લિમ સુબાઓ બંને, તેમજ પાછલાં વર્ષોમાં ચિત્રમાં આપેલા બ્રિટિશરો પણ તેમનાથી સારી પેઠે પ્રભાવિત હતા. શ્રી સહજાનંદ સ્વામીનું એક મહાકાર્ય એટલે 'શિક્ષાપત્રી'. આમાં તેમણે તેમના અનુયાયીઓ સારું જીવન કઈ રીતે જીવી શકે એના ચોક્કસ માર્ગદર્શન માટે ધાર્મિક અને સામાજિક આચારસંહિતા

કંડારી છે. સ્વામીશ્રીનાં ધાર્મિક વ્યાખ્યાનો 'વચનામૃત' તરીકે જાણીતા છે. લોકોને દારૂનું દૂષણ, અંધશ્રદ્ધા અને વહેમોમાંથી મુક્ત કરાવવા તેમણે ભારે પુરુષાર્થ કર્યો હતો.

શ્રી સહજાનંદ સ્વામી ૧૮૩૦ના વર્ષમાં બ્રહ્મલીન થયા. ગુજરાતમાં માત્ર ૩૦ વર્ષનો જ સમય તેઓને મળ્યો, પણ આટલાં ટૂંકા સમયમાં લોકોની ધાર્મિક અને સામાજિક રહેણીકરણીમાં તેમણે ક્રાંતિકારી પરિવર્તનો લાવી દીધાં. ખાસ કરીને ખેડૂતો, ખેતમજૂરો અને પછાત વર્ગનાં લોકોમાં મોટી જાગૃતિ આવી. તેમનાં ઉદ્‌બોધનોએ અને શિક્ષાએ હજારોને આકર્ષ્યા. હજારોનાં જીવન-પરિવર્તન થયાં ને સંખ્યા વધતી જ ગઈ. સંપ્રદાયનું મહત્ત્વ અને વ્યાપ વધી ગયાં. હવે તો શ્રી પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વ હેઠળ તેની હાજરી વિશ્વવ્યાપી થઈ ગઈ છે. વિદેશમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રભાવ વધારવામાં ઘણુંખરું ત્યાંનો ભારતીય સમૂહ કારણભૂત છે. એ સ્પષ્ટ સમજવાની જરૂર છે કે, આ સંપ્રદાય યુગો જૂના સનાતન ધર્મમાંથી જ જન્મેલો પ્રવાહ છે. હિંદુ ધર્મનું તે વિશુદ્ધ સ્વરૂપ છે. નૈતિક મૂલ્યો પર એમાં સનાતન ધર્મ જેટલો જ ભાર મુકાયો છે.

હિંદુ ધર્મ ખૂબ જૂનો છે. ક્યારથી તેની શરૂઆત થઈ, ૫૦૦૦ વર્ષથી કે તેની પહેલાંથી, કોઈને ખબર નથી. આગળ જણાવ્યું તેમ લોકો ઘણાં દેવ-દેવીઓને પૂજતા હતા, પણ મુખ્ય ભગવાન ત્રણ છે : બ્રહ્મા - સૃષ્ટિના સર્જક, વિષ્ણુ - સૃષ્ટિના પાલનહાર અને શિવ - સૃષ્ટિના સંહારક.

શ્રીકૃષ્ણ એ ભગવાન વિષ્ણુનો જ અવતાર છે અને બધા હિંદુ દેવોમાં ખૂબ લોકપ્રિય છે. આખા દેશમાં એમની પૂજા થાય છે. દેશના એકેએક ખૂણામાં તેમનાં મંદિરો છે. ભક્તોની દૃઢ માન્યતા છે કે જ્યારે જ્યારે આ ધરતી પર પાપની પરાકાષ્ઠા થાય છે ત્યારે અધર્મનો નાશ કરવા માટે ભગવાન વિષ્ણુ અવતાર ધારણ કરે છે. આ અવતારોની પણ જુદી જુદી કથાઓ છે. કુલ દશ અવતાર થયા. આમાં ભગવાન રામ અને ભગવાન કૃષ્ણનો પણ સમાવેશ સ્વાભાવિક રીતે જ છે.

ગુજરાતમાં સહજાનંદ સ્વામીની કથાનો આરંભ ૧૮મી સદીના છેલ્લા ભાગમાં થયો. એ સમયે કૃષ્ણની ભક્તિ કરવી એ ગણતરીના લોકોનો વિશેષાધિકાર હતો. સામાન્ય માણસને મંદિરમાં પ્રવેશવામાં પણ મુશ્કેલી હતી. સ્વામીશ્રીએ આખા ગુજરાતમાં મંદિરો બાંધ્યાં અને તમામને માટે એનાં દ્વાર ખોલી નાખ્યાં. એ પછી તો તેઓ ભગવાનનો અવતાર ગણાવા માંડ્યા. એમના જીવનકાળ દરમિયાન જ 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે પૂજાતા રહ્યા.

## ગુરુ પરંપરા :
## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સહજાનંદ સ્વામીએ માત્ર ૪૯ વર્ષની વયે દેહત્યાગ કર્યો ત્યાં સુધીમાં તેઓ મહાન સામાજિક-ધાર્મિક સુધારકની ખ્યાતિ પામી ચૂક્યા હતા. આજે પણ મનાય છે કે તેમની પછીના સંપ્રદાયના ગુરુઓને ભગવાન સ્વામિનારાયણની પ્રેરણા અને આધ્યાત્મિક શક્તિનો અનુભવ સતત મળતો રહે છે. તેમના પછી તેમની ખાસ પસંદગીના ઉત્તરાધિકારી તરીકે શ્રીગુણાતીતાનંદ સ્વામી (૧૭૮૫-૧૮૬૭) ગાદી પર આવ્યા. ગુણાતીતાનંદ એટલે સ્વયં અક્ષરબ્રહ્મ. તેમના પછી આવ્યા ભગતજી મહારાજ (૧૮૨૯-૧૮૯૭) અને પછી શાસ્ત્રીજી મહારાજ (૧૮૬૫-૧૯૫૧) આવ્યા. સહજાનંદ સ્વામી પ્રબોધિત અક્ષર અને પુરુષોત્તમનું તત્ત્વજ્ઞાન પ્રવર્તાવીને તેમણે ધર્મના મહત્ત્વને આગળ વધાર્યું. ભગવાન સ્વામિનારાયણની શિક્ષાને અનુરૂપ રહીને શાસ્ત્રીજી મહારાજે ભગવાનને પુરુષોત્તમ કહ્યા અને ગુણાતીતાનંદજીએ તેમણે અક્ષરબ્રહ્મ કહ્યા. તેમણે ભગવાનનાં અને તેમના ખાસ ભક્તનાં પાંચ ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું અને પછી ૧૯૦૭ની સાલમાં 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)'ની સ્થાપના થઈ. વિશાળ સામાજિક-આધ્યાત્મિક સંસ્થાનું તેનું સ્વરૂપ છે.

ચોથી આધ્યાત્મિક વિભૂતિ એટલે શ્રી યોગીજી મહારાજ (૧૮૯૧-૧૯૭૧), જેમણે ભગવાન સ્વામિનારાયણનો સંદેશ દરિયાપાર પૂર્વ આફ્રિકા અને ઈંગ્લૅન્ડમાં ગુંજતો કર્યો. ૧૯૭૧ની સાલમાં સંપ્રદાયનાં સૂત્રો શ્રી પ્રમુખસ્વામી મહારાજના સલામત હાથોમાં સોંપીને તેઓ બ્રહ્મલીન થયા.

## હિન્દુ ધર્મની પ્રાચીન આધ્યાત્મિક પરંપરાનું પુનઃસ્થાપન :
## ધર્મ સંસ્થાનું વિશ્વકક્ષાએ વ્યવસ્થાપન

પછીનાં ૪૨ વર્ષોમાં શ્રી પ્રમુખસ્વામીએ હિંદુધર્મ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો નાદ સમગ્ર ભારતમાં અને વિશ્વના ૪૪થી વધુ દેશોમાં ગાજતો કર્યો છે. પહેલાં એ અંગે અહીં કોઈ જાણતું નહોતું એમ નહીં, પણ એક નવા જ આયામમાં સમગ્ર ધર્મને તેમણે વિસ્તાર્યો. જે તે દેશ કે પ્રાન્તની સ્થાનિક બિન-હિંદુ વસતીમાં હિંદુ ધર્મના નેતા તરીકે તેઓ પ્રસ્થાપિત થયા. સ્વામીશ્રીના પ્રેરણાત્મક પ્રયાસોના કારણે ભારતની પ્રાચીન પરંપરાઓ, આધ્યાત્મિક ક્ષેત્રે મહામૂલું પ્રદાન અને સર્વધર્મસમભાવની ફિલસૂફીએ આખા વિશ્વમાં અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું. ખૂબ લાંબા સમય પછી, કેટલીયે સદીઓ વીત્યા પછી, આ શક્ય બન્યું હતું.

શ્રી પ્રમુખસ્વામી મહારાજનું મોટામાં મોટું પ્રદાન એટલે તેમના અનુયાયીઓમાં એમણે જન્માવેલી સ્વૈચ્છિક સેવાની અભિલાષા. આ માત્ર 'કર-સેવા' જેવા નામે ઓળખાતી ધાર્મિક પ્રવૃત્તિઓ પૂરતું મર્યાદિત નથી. ભક્તોને તેમણે સામાજિક સેવાઓ માટે રોકડ અને ચીજવસ્તુઓના રૂપમાં દાન આપવા માટે તેમજ ફાજલ સમયમાં સ્વૈચ્છિક રીતે સેવા આપવા પણ પ્રેર્યા છે. કુદરતી કે માનવ-સર્જિત આફતો જ્યારે પણ આવી ત્યારે લોકોને સહાયરૂપ થવા તમામ અનુયાયીઓને સાબદા કર્યા છે. બાળકો માટે, મહિલાઓ માટે, આદિવાસી કુટુંબો અને સમાજના નબળા વર્ગોને દરેક રીતે મદદરૂપ થવાનો ઉત્સાહ પ્રેર્યો છે. તાજેતરના સમયમાં કોઈ ધાર્મિક સંસ્થાએ આટલા મોટા પ્રમાણમાં સામાજિક સેવાની પ્રવૃત્તિ ઉપાડી હોય એવું આ પહેલી વાર બન્યું છે.

તેઓશ્રી સતત શાંતિનો સંદેશ પ્રસારી રહ્યા છે. ભારતના ઈતિહાસમાં ભગવાન બુદ્ધે આ કામ કર્યું હોવાનું નોંધાયું છે. સ્વામીશ્રીએ દુનિયાભરમાં 'ઓમ શાંતિ...શાંતિ...શાંતિ...'નો નાદ ગુંજતો કરીને શાંતિનો સંદેશ ફેલાવ્યો છે. ખૂબ ઉત્તેજનાસભર અને આકરા સંયોગોમાં પણ સ્વામીશ્રી પરમ શાંતિ રાખીને સહેજ પણ વિચલિત થયા વગર તેમનું મહાકાર્ય કરતા રહ્યા છે. ઋષિ-પરંપરાની ગરવી પ્રણાલિકાનું આ જ તો સાચું અનુસરણ છે !

પશ્ચિમી સંસ્કૃતિની આક્રમકતા અને દેશમાં ને વિદેશમાં બાળકો પર તેની વશીકરણ જેવી અસરોને તેઓશ્રી સારી રીતે જાણે છે. એટલે જ જીવનનાં મૂળભૂત મૂલ્યો પર તેઓ ઘણો ભાર મૂકી રહ્યા છે. બાળકો માટેનાં ફોરમ, યુથ ફોરમ, મહિલા પ્રવૃત્તિઓ, વડીલો માટે સત્સંગ, તમામ કેન્દ્રોમાં આ બધી જ પ્રવૃત્તિઓનું સુકાન એ દિશામાં જ છે. સંસ્થામાં બાળકોના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું વિશેષ મહત્ત્વ છે. જેમાં મુખ્ય પ્રવૃત્તિ માતા-પિતાને માન આપવું તેમજ જીવનને આધ્યાત્મિક ઉન્નતિ તરફ વાળવું એ છે.


લોકોને તેઓ ખાસ અનુરોધ કરે છે કે, સંકલ્પો સિદ્ધ કરવા સખત મહેનત કરો. તેમની પ્રેરણા એ અનુયાયીઓ માટે ઈશ્વરનું ફરમાન જ છે. સંપ્રદાયથી દૂર બેઠેલાઓને પણ તેમણે પ્રેમથી ખેંચી લીધા છે. એક વખત દર્શન થાય, પછી સંત તરીકેના તેમના વ્યક્તિત્વમાં દુનિયાભરના આગેવાન ગણાતા મહાનુભાવો પણ પ્રભાવિત થતા રહ્યા છે. તેમના પ્રશંસકોમાં જુદા જુદા દેશના પ્રમુખો, વડાપ્રધાનો, લેખકો, કલાકારો, ફિલ્મી સિતારાઓ અને સામાન્ય લોકો બધા જ આવી જાય છે. તેમને જોવા, એટલે તેમને ચાહવા, તેમના કાર્યને ગળે લગાડવું, એવી અનુભૂતિ અનેકની છે. તેમની પ્રેરણા જ એવી છે કે સાવ અજાણ્યા માણસો પણ પરસ્પર સહાય કરતા થઈ જાય. આવા શ્રી પ્રમુખસ્વામી મહારાજ જેવા સાધુ તમને બીજે ક્યાં મળશે !!

એમણે આધ્યાત્મિક અને સામાજિક હેતુઓ માટે એવી સંસ્થા સર્જી છે જેની કામગીરી કોઈ પણ સરકારી કે બહુરાષ્ટ્રીય સંસ્થાની તોલે આવે એવી છે. તે માત્ર સાધુઓ જ નથી તૈયાર કરતી, એવા ભક્તો અને સત્સંગીઓ ઊભા કરે છે જેઓ નાત-જાતના કોઈ વળગણને જોયા વગર બીજાઓની સેવાના કાર્યમાં ઝુકાવી દે છે. સાથે સાથે ઉચ્ચસ્થાને પહોંચવામાં વ્યક્તિએ શું કરવું જોઈએ તે સમજાવવા માટે આ એક અદ્ભુત દાખલો છે.

હવે પછીનાં પૃષ્ઠોમાં આ કથા – એક ખેડૂત-પુત્રની આખીયે કથા વર્ણવી છે.




श्री हरिकृष्ण महाराज
श्री गोविन्द देवजी
श्री राधाजी




ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી




પ્રાગજી ભગત



શાસ્ત્રીજી મહારાજ



યોગીજી મહારાજ



પ્રમુખ સ્વામી મહારાજ

# ૨. શાંતિલાલ

## ચાણસદ ગામનો તેજસ્વી બાળક શાંતિલાલ યુવાનવયે શાસ્ત્રીજી મહારાજને સમર્પિત થઈ ગયો

ગુજરાત રાજ્યમાં વડોદરા શહેરને અડીને ચાણસદ નામનું એક નાનું ગામ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ એની નિયમિત મુલાકાત લેતા હતા. આમાં ભગવાન સ્વામિનારાયણના બધાય આધ્યાત્મિક વારસદારો, શ્રી ભગતજી મહારાજ અને શ્રી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો સમાવેશ થતો હતો. આવા મહાન સાધુઓની મુલાકાતોને પરિણામે આખુંયે ગામ સ્વામિનારાયણના રંગે રંગાઈ ગયું હતું.

શ્રી મોતીભાઈ પટેલ આ ગામમાં રહેતા એક સામાન્ય ખેડૂત હતા. ભગવાન સ્વામિનારાયણના ખાસ ભક્ત હતા. તેઓ અને તેમનાં પત્ની દિવાળીબેન સામાન્ય ગ્રામજન હતાં ને સાદું જીવન ગાળતાં. ૧૯૨૧ની ૭મી ડિસેમ્બરે તેમને ત્યાં ચોથા પુત્રનો જન્મ થયો. તેનું નામ શાંતિલાલ. ઘોડિયામાં હતો ત્યારે જ તેને શાસ્ત્રીજી મહારાજના આશિષ મળી ચૂક્યા હતા. મહારાજના મુખમાંથી એ વખતે જ શબ્દો સર્યા હતા : ‘એ અમારો છે. ભવિષ્યમાં અમને જ અર્પણ કરી દેશો.’ મોતીભાઈ ખૂબ ખુશ થઈ ગયા. શાંતિલાલનો આધ્યાત્મિક વિકાસ શરૂ થાય એવું ધાર્મિક શિક્ષણ આપવાની જવાબદારી તેમણે ઉપાડી લીધી.

બાળપણના પ્રારંભના સમયે જ શાંતિલાલે તેમનાં માતા-પિતાને ભગવાન સ્વામિનારાયણની ભક્તિમાં તરબોળ જોયાં હતાં. તેણે પછી જાતે જ સંસ્કૃત શીખવાનું શરૂ કર્યું. એકાદશીના (ચંદ્રોદયના ૧૧મા દિવસે) દિવસે ઉપવાસ શરૂ કર્યા.

શાંતિલાલ જે ઘરમાં ઊછર્યા એનું વાતાવરણ જ ખૂબ ધાર્મિક હતું. જુદા જુદા સાધુઓ આ ઘરની મુલાકાત લેતા ત્યારે શાંતિલાલની બુદ્ધિપ્રતિભાથી પ્રભાવિત થતા. આ વાતનો નિર્દેશ તેમણે શાસ્ત્રીજી મહારાજને કર્યો. આ યુવાનમાં ઘણી બધી ક્ષમતાઓ છે અને તેને એક સારો સાધુ બનાવી શકાય એમ છે એવું તેમણે ભારપૂર્વક કહ્યું. શાસ્ત્રીજી મહારાજે તે પછી યુવાનની બૌદ્ધિક ક્ષમતાની ચકાસણી કરી. એમાં એ સારી રીતે પસાર થયા. શાસ્ત્રીજી મહારાજે પ્રશંસા કરતાં કહ્યું : ‘તારામાં શાસ્ત્રી (સંસ્કૃત ભાષામાં સ્નાતક) બનવાની ક્ષમતા

છે.' ગામની શાળાનું ભણતર પૂરું કર્યા પછી શાંતિલાલ વડોદરા જિલ્લાના શહેરી કેન્દ્ર પાદરા ગયા. અહીં માધ્યમિક શાળા હતી અને અંગ્રેજી પણ ભણાવાતું હતું. વિદ્યાર્થી કાળમાં પણ તેમનો સાધુઓ સાથેનો સંપર્ક તો સતત ચાલુ રહ્યો. વારંવાર તેમને શાસ્ત્રીજી મહારાજ સાથે રહેવાની તક પણ મળતી. એમના નમ્ર સ્વભાવના કારણે તે સાધુઓમાં પ્રિય હતા. ગામના યુવાનો અને વડીલોમાં પણ પ્રિય હતા. વિદ્યાર્થી કાળમાં ક્રિકેટ રમવાની તેમને મજા આવતી.

તે દિવસે મંગળવાર અને એકાદશી હતી. ૧૯૩૯ની ૭મી નવેમ્બર. મોતીભાઈને શાસ્ત્રીજી મહારાજનો એક પત્ર મળ્યો. શાંતિલાલ અઢાર વર્ષ લગભગ પૂરાં કરી રહ્યા હતા. પત્રનો સંદેશ આ હતો : 'શાંતિલાલને સાધુ થવા માટે બોચાસણ (સ્વામિનારાયણ સંપ્રદાયનું કેન્દ્ર) આવવાનો સમય પાકી ગયો છે.' માતા-પિતાએ એમને હૃદયના આશિષ આપ્યા : 'જા ભાઈ, ઈશ્વર તારાથી રાજી થશે. અમારા પૂરા આશીર્વાદ છે.' માતા દીવાળીબેને ઉમેર્યું, 'ભાઈ (પુત્ર), તું સારો સાધુ થજે. સારા સાધુનું જીવન જીવજે. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞામાં રહેજે. ઘેર પાછા ફરવાનો ક્યારેય વિચાર કરીશ નહીં.' શાંતિલાલે ઘેરથી પ્રસ્થાન કર્યું ત્યારે આવા વિદાયના પ્રસંગે હોય એવા કોઈ દુઃખ, સંતાપ કે રડારોળ નહોતાં. કુટુંબ આ ક્ષણ માટે તૈયાર જ હતું. શાંતિલાલ બિલકુલ શાંત, સ્વસ્થ હતા.

## દીક્ષા – નારાયણસ્વરૂપદાસજી સાધુ બન્યા : સાળંગપુર મંદિરના કોઠારી નીમાયા

આધ્યાત્મિક વિશ્વ તરફની તેમની અનંત યાત્રાની શરૂઆત હતી.

શ્રી ઘનશ્યામ સ્વામીના માર્ગદર્શન હેઠળ શાંતિલાલે સાધુ તરીકેની પૂરી તાલીમ લીધી. ગામેગામ, મોટે ભાગે પગપાળા તેઓ ફર્યા. તેમના માટે એ કપરા દિવસો હતા. સાધુ બનવા માટેનો તેમનો સંકલ્પ કેટલો મજબૂત છે એની જાણે ચકાસણી થઈ રહી હતી. શું ઘર છોડવા બદલ એમને પસ્તાવો થતો હતો ? બધી કસોટી થઈ. છેવટે તેઓ બોચાસણમાં સ્થાયી થયા. શંકર ભગત અને નિર્ગુણ સ્વામી એમની દેખભાળ કરતા હતા. વહેલી સવારથી મોડી રાત સુધી તાલીમ ચાલતી. એક વખત તેઓ અમદાવાદ જતા હતા ત્યારે એકાએક ખૂબ તાવ આવ્યો. શાસ્ત્રીજી મહારાજના આશિષ સર્યાઃ 'સવાર સુધીમાં તારો તાવ ઊતરી જશે. સવારે એકદમ સારું થઈ જશે. અમારે તને પાર્ષદ બનાવવાનો છે.' પાર્ષદ એ સાધુ થવાની સીડીનું પ્રથમ પગથિયું છે. એ પણ એકાદશીનો દિવસ હતો - ૧૯૩૯ની ૨૨મી નવેમ્બર ને બુધવાર. શાંતિલાલ સંપૂર્ણ તૈયાર હતા. આ જ ક્ષણ હતી, જેના માટે એમણે ઘર છોડ્યું હતું. પરિવાર, મિત્રો અને શાળા છોડી હતી. તેઓ 'શાંતિ ભગત' બની ગયા.

'ભગત'નું બિરુદ એ પરિવર્તનની પ્રક્રિયાનો ભાગ છે. પાર્ષદે સફેદ ધોતિયું પહેરવાનું અને એક થાળીમાં ખાવાનું, ઉપવાસ કરવાના, બ્રહ્મચર્ય પાળવાનું. આ તબક્કાની તાલીમ પણ ઘણી કપરી હતી. રાત-દિવસ જોયા વગર ઘનિષ્ઠ તાલીમ અપાતી. શાંતિલાલે સખત મહેનત કરી. ધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. શાસ્ત્રીજી મહારાજને સંતોષ થયો. પછી તેમને ગોંડલ લઈ જવામાં આવ્યા. અહીં બીજા મહાન આધ્યાત્મિક અગ્રણી શ્રી યોગીજી મહારાજ સાથે એમનો ભેટો થયો. શાસ્ત્રીજી મહારાજે અહીં પોષ સુદ એકમ, વિક્રમ સંવત ૧૯૯૬ અને બુધવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ના રોજ સાધુ તરીકે એમને ભાગવતી દીક્ષા આપી. તેમણે અક્ષરદેરીની મહાપૂજા કરી. યોગીજી મહારાજે આશિષ આપ્યા અને કહ્યું : 'તે મહાન સાધુ બનશે.' શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'આપણે એને નારાયણસ્વરૂપ દાસજી નામ આપીએ. હું ઈચ્છું છું કે તે ખૂબ અભ્યાસ કરે અને વિદ્વાન બને. હું તેને ખૂબ ક્ષમતાવાળો મહાન સાધુ બનાવવા ઈચ્છું છું.' આ વખતે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી.

નારાયણસ્વરૂપદાસજીએ તે પછી એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં ફરવાનું શરૂ કર્યું. ઘણાં ગામોમાં ગયા. ઘણાંબધાં લોકોને મળ્યા. સંસ્કૃત શીખ્યા ને ધર્મગ્રંથોનું બારીક અધ્યયન કર્યું. છ વર્ષ પછી, ૧૯૪૬ના વર્ષમાં તેઓ સાળંગપુર મંદિરમાં 'કોઠારી' તરીકે નિમાયા. કોઠારી સ્વામીનો હોદ્દો ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે વહીવટી વડાની જવાબદારી પણ સંભાળવાનો છે. તેમણે મંદિરના સમગ્ર કામકાજ ઉપર દેખરેખ રાખવાની ને વિવિધ પ્રવૃત્તિઓનું સંકલન રાખવાનું હોય છે. આમાં પ્રાર્થના, સત્સંગ, સાધુઓ ને સત્સંગીઓના રહેઠાણની વ્યવસ્થા વગેરે બધું આવી જાય. સારંગપુર એ સંપ્રદાયનું અમદાવાદ જિલ્લાનું મોટું કેન્દ્ર છે. અનેક પ્રવૃત્તિઓ ત્યાં ચાલતી હોય છે. તેમણે પૂરી ક્ષમતાથી અસરકારક કામગીરી બજાવી. નાના-મોટા સાધુઓ અને સત્સંગીઓમાં પ્રિય થઈ ગયા. મંદિરની બધી બાબતો ખૂબ સારી રીતે સંભાળી. તે વખતે તેમની વય માત્ર ૨૫ વર્ષની હતી !

## શાસ્ત્રીજી મહારાજે ઉત્તરાધિકારી તરીકે ઘોષિત કર્યા : કહ્યું, 'તમે મહાન સદ્‌ગુરુની કક્ષાએ પહોંચ્યા છો'


૧૯૫૦ની સાલ... તમામ અગ્રણી સાધુઓ અને ભક્તોને શાસ્ત્રીજી મહારાજે તેમનું મન આપી દીધું કે તેઓ તેમના સ્થાને સંસ્થાના પ્રમુખ તરીકે નારાયણસ્વરૂપદાસજીને નીમવા ઈચ્છે છે. પ્રત્યાઘાત મિશ્ર પ્રકારના હતા. કેટલાક સંમત થયા, કેટલાકને આંચકો લાગ્યો. નારાયણસ્વરૂપદાસજી સાધુ તરીકે સરસ, પણ આટલી મોટી સંસ્થાના પ્રમુખ તરીકે ? કેટલી બધી જવાબદારી... આટલો મોટો સંસ્થાકીય કારભાર સંભાળી શકવાની

તેમની ક્ષમતા ને આવડત ખરાં ? અનેક શંકાઓ ઊઠી. વડીલ સાધુઓ સારી પેઠે ચિંતિત હતા. આ કોઈ ઈર્ષાના કારણે નહીં, પણ શાસ્ત્રીજી મહારાજે પાયામાંથી જેનું ચણતર કર્યું એ સંસ્થા પ્રત્યેના પ્રેમના કારણે હતું. ૪૦ વર્ષ સુધી એ બધાએ ઘણીબધી મુશ્કેલીઓ વેઠી હતી. મંદિરોની સ્થાપનામાં અને અક્ષર પુરુષોત્તમ ઉપાસનાના પ્રસારમાં ભારે અવરોધો સામે ઝૂઝવું પડ્યું હતું. આ બધા પુરુષાર્થનાં ફળ આવવાનાં હવે શરૂ થયાં હતાં. નારાયણસ્વરૂપ સ્વામી આ બધું હવામાં ઉડાડી તો નહીં દે ને ? સંસ્થાના તત્કાલીન અગ્રણી હરિભક્ત અને કાનૂનવિદ્ મગનભાઈ પટેલે એક વાર કહ્યું પણ ખરું, ‘સ્વામીજી, આપ આ સંસ્થાને એક નાના સાધુના હાથમાં સોંપી રહ્યા છો. ઈચ્છીએ કે પસ્તાવાનો વખત ન આવે...’

શાસ્ત્રીજી મહારાજે જવાબ વાળ્યો, ‘મગનભાઈ, આપણે ઘણાંબધાં કાર્યો કર્યાં છે, ક્યારેય મારે પસ્તાવાનો વખત નથી આવ્યો અને મને ખાતરી છે કે આ નિર્ણયમાં બધું જ સારું થશે. સારું જ થશે. મને ક્યારેય અફસોસ નહીં થાય. તમે એના શરીરને જુઓ છો, હું એના આત્માને જોઉં છું...’

બીજા એક પ્રસંગે, શાસ્ત્રીજી મહારાજે મુંબઈના છગનભાઈ એન. પટેલને કહેલું : ‘શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને સંસ્થાના પ્રમુખ તરીકે નીમીને આવતાં ૫૦ વર્ષ માટે સંસ્થાના ઉજ્જ્વળ ભવિષ્યની હું ખાતરી આપું છું.’ નારાયણસ્વરૂપદાસજીમાં શાસ્ત્રીજી મહારાજની આ શ્રદ્ધા અને વિશ્વાસે છેવટે બધાને જીતી લીધા. એમના ટીકાકારો શાંત થઈ ગયા.

આ રીતે તેઓ શાસ્ત્રીજી મહારાજના પ્રિય પાત્ર હતા. શાસ્ત્રીજી મહારાજ નારાયણસ્વરૂપ દાસજીમાં એક મહાન આધ્યાત્મિક પ્રતિભાને જોઈ રહ્યા હતા. ૧૯૫૧ના આરંભના ગાળામાં શાસ્ત્રીજી મહારાજે તેમના પર એક પત્ર લખ્યો : ‘અમને તમારો પત્ર મળ્યો છે... મારા શરીર પર હવે ભરોસો રાખી શકાય એમ નથી. આગલા જન્મોના પુણ્ય પ્રતાપે, યુવાન વયે પણ તમે સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તમે ઘણા પુરુષાર્થી, બુદ્ધિમાન અને ભાગ્યવંત છો. યુવાન વયે જ તમે મહાન સદ્‌ગુરુની કક્ષાએ પહોંચ્યા છો.’ આટલું લખ્યા પછી તેમણે આદેશ આપ્યો કે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનું પ્રમુખ તરીકેનું પદ તેમણે સંભાળી લેવું. પત્ર ચાલુ રહ્યો : ‘દરેક રીતે દરેક ક્ષેત્રમાં તમે ઝળકી ઊઠો એવી મારી અપેક્ષા છે. એ રીતે તમે સમગ્ર સત્સંગને લાભકર્તા બનશો. તમારે મને અને સમગ્ર સત્સંગને એની પ્રતીતિ કરાવવાની છે. આનાથી મારું મન પરમ શાંતિ અનુભવશે.’




પ્રમુખવરણી દિન મહોત્સવ

## અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખપદે વરણી ગુરુ હરિ શાસ્ત્રીજી મહારાજે સ્વયં ગાદી સોંપી

પ્રારંભમાં, નારાયણસ્વરૂપદાસજી 'બી.એ.પી.એસ.'ના - સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારવા તૈયાર નહોતા. બીજા અનેક સાધુઓ અને ભક્તોની તુલનામાં તેઓ નાના અને પ્રમાણમાં ઓછા અનુભવી હતા. સંસ્થાના કાર્યને જાળવવા અને વિસ્તારવા માટે પોતાના કરતાં બીજા વધારે સક્ષમ છે એમ માનતા હતા, પરંતુ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ જુદું જ વિચારતા હતા. તેમણે નારાયણસ્વરૂપદાસજીની પસંદગી કરી લીધી હતી. એ જ સંસ્થાને ઇચ્છિત દિશામાં સારી રીતે દોરી જઈ શકશે એવો એમનો દૃઢ વિશ્વાસ હતો. નારાયણસ્વરૂપદાસજીને પ્રમુખ બનાવવાની વાતમાં તેઓ અટલ હતા. નારાયણસ્વરૂપદાસજીને જ્યારે શાસ્ત્રીજી મહારાજની સાચા હૃદયની ઇચ્છાની પ્રતીતિ થઈ ત્યારે તેઓએ પૂરી નમ્રતા સાથે આ જવાબદારીનો સ્વીકાર કર્યો.

અમદાવાદમાં શાહપુરની આંબલીવાળી પોળના નાનકડા મેદાનમાં એક સાદા સમારંભમાં પ્રમુખ વરણીનો વિધિ સંપન્ન થયો. આ જગ્યા વર્ષોથી સત્સંગ કેન્દ્ર તરીકે જાણીતી હતી. વિક્રમ સંવત ૨૦૦૬ની જેઠ સુદ ૪ - રવિવાર તા. ૨૧ મે, ૧૯૫૧ના રોજ સાંજે પાંચ વાગે બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થાની મેનેજિંગ કમિટીની બેઠક મળી. હાજર સભ્યોમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, સદ્‌ગુરુ યોગીજી મહારાજ, સદ્‌ગુરુ અક્ષરપુરુષોત્તમદાસજી આદિ વડીલ સાધુઓ અને મુખ્ય ભક્તો ઉપસ્થિત હતા. અક્ષરપુરુષોત્તમ મહારાજની 'જય' બોલાવવા સાથે વિધિનો આરંભ થયો. સંસ્થાના સેક્રેટરી રસિકભાઈ પટેલે અગાઉની મિટિંગની સૂચનાઓ અને મિનિટ્સ વાંચી. વિધિનો પ્રારંભ કરતાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જેમ શ્રી શ્રીજી મહારાજને તેમની યુવાનીમાં જ ગાદી (ઉત્તરાધિકાર) સોંપી હતી, એ જ રીતે, હું પણ આજથી મારા સ્થાને સંસ્થાના પ્રમુખ તરીકે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને ઘોષિત કરું છું.' આમ કહ્યા પછી તેમણે નારાયણસ્વરૂપદાસજીના ખભે એક ઉપવસ્ત્ર (શાલ) ઓઢાડી. તેમને સંબોધતાં કહ્યું, 'આ યોગી મહારાજ વચનસિદ્ધ (તેઓ જે બોલે, આશિષ આપે તે સિદ્ધ થાય જ તેવા સમર્થ) અને સાધુમૂર્તિ સંત છે. તેમના સાંનિધ્યમાં તમારે સત્સંગને ઉજાળવાનો છે.' પછી સદ્‌ગુરુ યોગીજી મહારાજે તેમના બંને હાથ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના મસ્તકે મૂક્યા અને આશીર્વાદ આપ્યા. શાસ્ત્રીજી મહારાજે સભાને સંબોધન કરતાં કહ્યું, 'અત્યાર સુધી તમે બધાએ જેમ મારી આજ્ઞાનું પાલન કર્યું છે એ જ રીતે આજથી હવે સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસની આજ્ઞામાં રહેશો.' દરેકે હકારમાં પ્રતિસાદ આપ્યો, 'અમે

બધા એમની આજ્ઞામાં રહીશું.' રસિકભાઈએ નિમણૂંકનો આદેશ વાંચી સંભળાવ્યો. એમાં લખ્યું હતુંઃ 'નારાયણસ્વરૂપદાસજીને આ સાથે આ સમિતિના પ્રમુખ તરીકે નીમવામાં આવે છે. હાલમાં તેઓ સાળંગપુર ખાતે શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરના કોઠારી છે. તેમણે જે આધ્યાત્મિક ઊંચાઈની તેજસ્વિતા બતાવી છે અને સત્સંગ સમુદાયનો પ્રેમ સંપાદન કર્યો છે, તે જોતાં તથા તમામ સત્સંગીઓના અભિપ્રાય અને દૃષ્ટિકોણને લક્ષ્યમાં રાખીને તેમજ મારી પોતાની સ્વતઃ બુદ્ધિથી વિચારીને હું મારા સ્થાને મેનેજિંગ સમિતિના પ્રમુખ તરીકે તેમની નિમણૂંક કરું છું.' હાજર તમામે હર્ષ વ્યક્ત કર્યો. 'જય'ના નાદ સાથે નિમણૂંકનો સ્વીકાર થઈ ગયો.

આ પ્રસંગે, ઈશ્વરભાઈ પ્રભુદાસે શાસ્ત્રીજી મહારાજ અને નવા નીમાયેલા પ્રમુખશ્રીની પૂજાવિધિ કરી. હાર પહેરાવ્યા અને શાલ ઓઢાડીને સન્માન કરાયું. તેઓએ થોડું ઉદ્‌બોધન કર્યું ને પછી બધાને મીઠાઈ વહેંચી. મુક્તરાજ આશાભાઈએ નવા પ્રમુખને તેમની શુભકામનાઓ વ્યક્ત કરી અને પૂજા પણ કરી.

તે પછી શેઠ ચંપકલાલભાઈ અને બીજા બધા સભાસદો અને ભક્તોએ પૂજાવિધિ કરી. કોઠારી હરજીવનદાસે આનંદ વ્યક્ત કર્યો ને કહ્યું, 'સમગ્ર સાધુ સમૂહ વતી હું નવા પ્રમુખશ્રીનું અભિવાદન કરું છું અને અમારા સંપૂર્ણ સહકારની ખાતરી આપું છું.'

## વચન આપ્યું : "મારાં કર્તવ્યો પૂરી નિષ્ઠાથી જીવનના છેલ્લા શ્વાસ સુધી નિભાવીશ'

ઓછા-બોલા, પાતળા, યુવાન નારાયણસ્વરૂપદાસજીએ પ્રતિભાવ આપતાં કહ્યું : 'મારા જીવનપ્રાણ ગુરુહરિ, પરમ આદરણીય સદ્‌ગુરુ સ્વામી શ્રી શાસ્ત્રીજી મહારાજ, પરમ પૂજ્ય યોગીજી મહારાજ, સદ્‌ગુરુઓ, સન્માનીય સાધુશ્રીઓ, પાર્ષદો અને ભક્તજનો, પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે મારા પર અત્યંત કૃપા વરસાવી છે. હું એમનો ખૂબ ખૂબ ઋણી છું. મેનેજિંગ સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી મને સોંપાઈ એ મોટું બહુમાન છે. છેલ્લાં ૪૫ વર્ષ દરમિયાન ગુરુહરિએ લાખો રૂપિયાના ખર્ચે બોચાસણ, સાળંગપુર, ગોંડલ, અટલાદરા અને અન્ય સ્થળોએ મંદિરો બંધાવ્યાં છે. તમામ સ્થળોએ અક્ષર પુરુષોત્તમ મહારાજની સ્થાપના કરાઈ છે. ગણ્યા ગણાય નહીં એટલા મુમુક્ષુઓ માટે તેઓશ્રીએ મોક્ષનાં દ્વાર ખોલી આપ્યાં છે. આજ પછી હવે સંસ્થાનાં મંદિરોની જવાબદારી મારી, તેમ જ મેનેજિંગ સમિતિના સભ્યોની, તમામ સાધુશ્રીઓની અને જવાબદારીના સ્થાને રહેલા તમામની છે. આપણે તન-મનથી, સંપૂર્ણ સમર્પણથી આ જવાબદારી નિભાવવાની છે. આપણે આપણા



સ્વામીશ્રી પ્રાર્થનામાં - એકાન્તિક ભક્તિ



યોગીજી મહારાજ - ગુરુ હરિ સાથે

સહિયારા પ્રયાસોથી સંસ્થાનો સંપૂર્ણ વિસ્તાર કરીશું. ભગવાન અને ગુરુહરિની શિક્ષાનો સંદેશ દુનિયાભરમાં ગુંજતો કરીશું.'

'આ ભવ્ય દિવસે, ગુરુહરિને હું હૃદયપૂર્વક પ્રાર્થું છું કે મારામાં જે કંઈ ક્ષમતા, જ્ઞાન અને પ્રેરણા છે તે બધું આપશ્રીની દેન છે. હમણાં સુધી મારું આખું જીવન આપની સેવામાં વ્યતીત થયું છે. હવે આપે મને આ સેવા સંભાળવાનો આદેશ આપ્યો છે. કૃપા કરીને મને આ માટેની ક્ષમતા અને તાકાત પૂરી પાડશો. આપના સૌ અનુયાયીઓ તન-મન-ધનથી સમૃદ્ધ થાય. દુનિયાનાં કોઈ દુઃખ, કોઈ સંકટ એમને સ્પર્શે નહીં. છેલ્લા શ્વાસ સુધી તેઓ શ્રીજી મહારાજની ભક્તિ કરતા રહે અને છેવટે અક્ષરધામના નિવાસી થાય. આ માટે આપના આશીર્વાદ પ્રાર્થું છું.'

'ગુરુહરિ, આજે આપની સમક્ષ અને આ સમગ્ર સમુદાય સમક્ષ હું પ્રતિજ્ઞા કરું છું કે સંસ્થા પ્રત્યેનાં મારાં કર્તવ્યો હું પૂરી નિષ્ઠાથી જીવનનાં છેલ્લાં શ્વાસ સુધી નિભાવીશ. એ બાબતમાં સતત ગંભીર અને જાગૃત રહીશ. આપે અક્ષરપુરુષોત્તમનું પરમ જ્ઞાન સર્જ્યું છે તેને હું જાળવીશ અને તેની વધુ ને વધુ સુગંધ પ્રસરે એવી દરેક રીતે કાળજી લઈશ. સમગ્ર ભક્ત-સમુદાયને આપના આશિષ ફળે અને તેમની ઇચ્છાઓ પરિપૂર્ણ થાય તે જોઈશ. સત્સંગના શ્રેય માટેની મારી ફરજો નિભાવવામાં પૂજ્ય યોગીજી મહારાજ, સદ્‌ગુરુ, વડીલ સાધુજનો, પાર્ષદશ્રીઓ અને તમામ અનુયાયીઓને પ્રાર્થું છું કે તેઓ મારા માર્ગદર્શક બને. શુદ્ધ હૃદયથી આ પ્રાર્થના કરી રહ્યો છું. સંપ્રદાયની સેવા શ્રેષ્ઠ રીતે કરી શકું એ માટે આપ સૌના સંપૂર્ણ સહકારની વિનંતી છે.'

'હૃદયના ઊંડાણમાંથી, સમિતિના તમામ સભ્યશ્રીઓ, તમામ સાધુજનો, તમામ ભક્તોનો હું ખૂબ ખૂબ આભારી છું. સત્સંગની તમામ પ્રવૃત્તિઓમાં આપના સહકારની અપેક્ષા છે. છેલ્લે, મારી પ્રાર્થના છે કે પૂજ્ય ગુરુહરિનું આરોગ્ય સંપૂર્ણ સારું રહે અને તેઓ દીર્ઘાયુ થાય.'

ખૂબ સરસ વાતાવરણમાં સભાની કાર્યવાહી પૂરી થઈ. સમાપન પછી તમામને ભોજન પીરસાયું. તે પછી નારાયણસ્વરૂપદાસજીએ ચોકમા આવેલી ચોકડીમાં જોયું તો દીવાલ પાસેના નીચા નળ પાસે ભક્તોએ જમી જમીને પોતાની એંઠી થાળીઓ અને વાસણો મૂક્યાં હતાં. પ્રમુખશ્રી નીચે બેઠા અને તમામ વાસણો ઊટકી નાખ્યાં !

તેઓ બે મહાન આધ્યાત્મિક વિભૂતિઓ શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજના માર્ગદર્શન હેઠળ ૨૮ વર્ષની વયે 'પ્રમુખસ્વામી' બન્યા. ગુજરાતભરમાં તેમણે 'બી.એ.પી.એસ.'નું ફલક વિસ્તાર્યું. શાસ્ત્રીજી મહારાજના અવસાન પછી, પ્રમુખસ્વામી

યોગીજી મહારાજના સાંનિધ્યમાં કામ કરતા રહ્યા. તમામ બાબતો અંગે તેઓ તેમના પર આધારિત રહેતા. યોગીજી મહારાજ કહેતા, 'પ્રમુખસ્વામી મહાન સાધુ છે.'

## પ્રારંભનાં વર્ષો :
## અથાગ અવિરામ વિચરણ

પ્રમુખસ્વામી ભ્રમણ કરતા રહ્યા. તેમની ખ્યાતિ દૂર દૂર ફેલાતી રહી. જ્યાં પણ તેઓ જાય, જેને પણ મળે તે બધા એમના ચાહક થઈ જતા. તેઓની ઉદારતા અને નમ્રતા બધાને પ્રભાવિત કરતી. શૌચાલય સાફ કરવા જેવાં મજૂરીનાં કામ કરવામાં પણ તેમને ક્યારેય સંકોચ ન થતો. આવા એક પ્રસંગે સાળંગપુર મંદિરમાં પૂજા-ઉત્સવ અને સભાનું કામ પૂરું થતાં બધા થાકી ગયા હતા અને નિદ્રાધીન થયા હતા. એકાએક કોઈએ જોયું કે, પ્રમુખસ્વામી એમની પથારીમાં નથી. શોધાશોધ ચાલી અને બધાએ પરમ આશ્ચર્ય વચ્ચે જોયું તો તેઓ સંત આશ્રમ પાછળના શૌચાલયો ને બાથરૂમ સાફ કરી રહ્યા હતા! સંતોએ એમને વારવાનો પ્રયાસ કર્યો ને કહ્યું કે, બીજાઓ આ કામ કરશે. પ્રમુખસ્વામીએ ત્યારે એટલું જ કહ્યું : 'એમ કરો, તમે જરા બાલદી ભરીને પાણી લઈ આવો. હું શૌચાલયો સાફ કરવા માંડું !' પ્રવાસો દરમિયાન ઘણી વાર એવું બનતું કે તેઓ ટ્રકની પાછળ ચડી જઈને મુસાફરી કરતા. આવી મુસાફરીમાં ખેતરમાંથી લણાયેલા ડાંગર ને ઘઉંના ઢગલા પર પડી રહીને કેટલીય વાર આખી રાતની રાતો પસાર કરી હોય, એની પણ એમને નવાઈ નહોતી.

## યોગીજી મહારાજની વિદાય :
## ગુરુઓના ગુણોનો પ્રમુખસ્વામીમાં સમન્વય

યોગીજી મહારાજની ઉંમર વધતી જતી હતી. તેમનું આરોગ્ય પણ પહેલાં જેવું સારું નહોતું. એ સંયોગોમાં સંપ્રદાયની તમામ પ્રવૃત્તિઓની દેખભાળ કરવાની જવાબદારી યુવાન પ્રમુખસ્વામી મહારાજના ખભે હતી.

જાન્યુઆરી, ૧૯૭૧... યોગીજી મહારાજની તબિયત વધુ બગડી. સારવાર માટે એમને મુંબઈ લઈ જવાયા. હૃદયરોગનો ગંભીર હુમલો હતો. ૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ના એકાદશીના દિવસે તેઓશ્રીએ દેહત્યાગ કર્યો. એમના પાર્થિવ શરીરને ચાર્ટર પ્લેન કરીને ગોંડલ લાવવામાં આવ્યું. અહીં મહારાજશ્રીને ભાવભીની અંજલિ આપવા હજારો ભક્તો ઊમટ્યા. પ્રમુખસ્વામી મહારાજે બંને હાથે સળગતાં કાષ્ઠ પકડીને અગ્નિસંસ્કાર કર્યા. આગની જ્વાળાઓ ઊઠી ને એવી તેજ થઈ કે એની તીવ્ર

ગરમીથી સ્વામીશ્રી થોડાં ડગલાં પાછળ ધકેલાયા. તેમણે જોયું. ઊંડા વિચારમાં ખોવાઈ ગયા. મોં પરની વેદનાને અડધી ઊગેલી દાઢી ઢાંકી રહી હતી. અચાનક ટોળામાંથી એક મોટો અવાજ આવ્યો. એ સંત સ્વામી હતા. તેઓ કહી રહ્યા હતા : 'યોગીજી મહારાજ આપણને છોડીને નથી ગયા. પ્રમુખસ્વામી મહારાજમાં તે હાજરાહજૂર છે. હવે તેઓ જ આપણા ગુરુ...'

પ્રમુખસ્વામી મહારાજને તૈયાર કરવામાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંનેનો મોટો ફાળો હતો. મોટા મોટા સાધુઓ હતા, પણ દરેકને લાગ્યું કે તેમની પસંદગી જ સાચી છે. એ વખતે પણ પ્રમુખસ્વામી મહારાજે તમામ સાધુઓ અને સત્સંગીઓનો પ્રેમ સંપાદન કરી લીધો હતો. આધ્યાત્મિક જુસ્સાથી તેઓ ઊભરાતા હતા. સારા વ્યવસ્થાપક તો હતા જ. સંસ્થાના વડાનો કાર્યભાર સંભાળ્યા પછી વિવિધ પ્રવૃત્તિઓ વિસ્તારવામાં અને નવાં નવાં કેન્દ્રો શરૂ કરવામાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. તમામ સાધુઓને પ્રતીતિ થઈ કે તેમનામાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંનેના શ્રેષ્ઠ ગુણોનો સમન્વય થયો છે. તે વખતે તેમની વય ૫૦ વર્ષની હતી.

પછીથી એક વાર સાધુઓના સમુદાયને સંબોધતાં તેમણે કહ્યું હતું, 'યોગીજી મહારાજે સત્સંગની સેવા કરવાની જવાબદારી આપણા પર મૂકી છે. આપ સૌએ અત્યાર સુધી મને ઘણી મદદ કરી છે અને ભવિષ્યમાં પણ તે ચાલુ રાખો એવી મારી અપેક્ષા છે. આપણે બધાએ સાથે મળીને જ કામ કરવાનું છે.'

## આધુનિક વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણનો સંદેશ ફેલાવવા ૯૩ વર્ષની ઉંમરે પણ સતત કાર્યરત

અને તે દિવસ પછીથી, આધુનિક વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણનો સંદેશ પહોંચાડવાની તેમની અનંત યાત્રાનો આરંભ થયો.

મુશ્કેલીઓ ઘણી હતી. અનેક લક્ષ્યો પાર પાડવાનાં હતાં. ક્યારેય તેમણે પાછું વળીને જોયું નથી. એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં, ગોંડલથી કોસંબા, કોસંબાથી કોલકાતા, કોલકાતાથી દિલ્હી... સતત પરિભ્રમણ ચાલતું રહ્યું. દરેક કેન્દ્રની આગવી વિશિષ્ટતા હતી. સનાતન ધર્મની સુવાસ ફેલાવવા તેઓએ આફ્રિકા, યુરોપ, ઑસ્ટ્રેલિયા, ન્યુઝિલૅન્ડ, અમેરિકા અને કેનેડાના પ્રવાસ કર્યા. જ્યાં જ્યાં ગયા ત્યાં હજારોની મેદનીને આકર્ષતા રહ્યા. આ આધુનિક ભૌતિક જગતમાં સંસ્થાનું દરેક કેન્દ્ર સામાજિક અને આધ્યાત્મિક વિશ્વાસનું ધામ બની રહે એની એમણે ખાસ કાળજી રાખી.

યોગીજી મહારાજની વિદાય પછી પ્રમુખસ્વામી મહારાજે પોતાની જાતને આધ્યાત્મિક અધિષ્ઠાતાના રૂપમાં ઢાળી દીધી. છેલ્લાં ૪૨ વર્ષ દરમિયાન, તેમના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ, સ્વામિનારાયણ સંપ્રદાયનો વ્યાપ કૂદકે ને ભૂસકે વધ્યો છે. ૪૨ વર્ષ પહેલાં જે થોડાક સાધુઓ અને સત્સંગીઓ ધરાવતી નાની સંસ્થા હતી, તેનું આજે સ્વરૂપ જ ફરી ગયું છે. આજે તે એક વિશ્વવ્યાપી ગતિશીલ સંસ્થા બની ચૂકી છે. ૭૦૦ ઉપરાંત મંદિરો, ૯૦૦૦ થી વધુ સત્સંગ કેન્દ્રો, ૮૦૦ થી વધુ સાધુઓ અને લાખો અનુયાયીઓ પાંચે મહાખંડમાં ફેલાયેલા છે.

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી-મહોત્સવની ઉજવણીમાં સંસ્થાએ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી. ૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દ્વિશતાબ્દીની ઉજવણી, ૧૯૯૧માં અમેરિકા ખાતે ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ અને ૧૯૯૨માં યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવની શાનદાર ઉજવણી સાથે ખૂબ ટૂંકા સમયમાં ગાંધીનગર ખાતે ૨૦૦૭માં બંધાયેલા 'અક્ષરધામ' સંકુલનું ઉદ્‌ઘાટન-આમ, એક પછી એક કીર્તિમાન સર થતાં રહ્યાં. ભારતની તેજોજ્જવલ સંસ્કૃતિના બેનમૂન પ્રસાર કેન્દ્ર તરીકે અક્ષરધામ સંકુલને આંતર્‌રાષ્ટ્રીય ખ્યાતિ મળી ચૂકી છે.

સ્વામીશ્રીએ વિદેશના વિચરણ દરમિયાન દુનિયાના પાંચ ભૂખંડના ૪૫ દેશોની મુલાકાત લીધી છે. અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, પોર્ટુગલ, હૉલેન્ડ, મોરેશિયસ, દક્ષિણ આફ્રિકા, બેહરીન, યુ.એ.ઈ., જાપાન, હૉંગકોંગ, મલેશિયા, સિંગાપુર, થાઈલૅન્ડ, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝિલૅન્ડમાં સ્વામિનારાયણનાં મંદિરો અને સત્સંગ કેન્દ્રો ખૂલી ગયાં છે.

સ્વામીશ્રીએ લંડનમાં નિસડેન ખાતે પ્રણાલીગત હિંદુ શૈલીનું ભવ્ય મંદિર નિર્માણ કર્યું, જે ભારત બહાર બંધાયેલું આ પ્રકારનું પહેલું મંદિર છે. શિકાગો તથા હ્યુસ્ટન (યુ.એસ.એ.)માં આ જ પ્રકારનાં બે નૂતન મંદિરોનો લોકાર્પણ સમારોહ ૨૦૦૪માં જ ભવ્ય રીતે સંપન્ન થયો.

બી.એ.પી.એસ. દ્વારા લંડનમાં ૧૯૮૫ની સાલમાં અને ન્યૂ જર્સીમાં ૧૯૯૧ની સાલમાં ભારતના ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ યોજાયા હતા. ભારતની અદ્‌ભુત સંસ્કૃતિ અને કલા સમૃદ્ધ વારસાનો સંદેશ વિદેશથી સફળતાપૂર્વક પ્રસારિત કરાયો હતો.

સ્વામીશ્રીના માર્ગદર્શન હેઠળ અને તેમની પ્રેરણાથી હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ વ્યાપક ફલકને આવરી લે છે. આમાં દુષ્કાળ-રાહત, પશુ સેવા કેન્દ્રો (કેટલ કેમ્પ), ભૂકંપ-રાહતની કામગીરી, સાક્ષરતા અભિયાન, છાત્રાલયો, રોગનિદાન કેમ્પ, હૉસ્પિટલ, ફરતાં દવાખાનાં, બ્લડ ડોનેશન કેમ્પ, કુટેવોમાંથી મુક્તિ માટેની ઝુંબેશ, બાળકો અને યુવાનોનો

સર્વાંગી વિકાસ વગેરે ઘણીબધી બાબતો આવી જાય. આધ્યાત્મિક ઉન્નતિ માટેના પ્રયાસ તો કેન્દ્રમાં ખરા જ.

વેકેશનના સમયમાં ઘણાબધા યુવાનો સ્વામીશ્રી સાથે પ્રવાસમાં જોડાય છે અને તેમનાં ઉદ્‌બોધનોને માણવાની તક લે છે. તેઓશ્રી યુવાનોમાં વ્યક્તિગત રસ લે છે. તેમની ને યુવાનો વચ્ચે સ્નેહની સાંકળ રચાય છે. પરિણામ એ કે યુવાનો તેમની પાસેથી વધુ મજબૂત અને આત્મવિશ્વાસથી છલકાતા થઈને નીકળે છે.

૯૩ વર્ષે પણ સ્વામીશ્રીના રોજના ભરચક સમયપત્રકમાં કોઈ ફેરફાર નથી !



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, એટલાન્ટા

# ૩. દુનિયાભરમાં હિન્દુ ધર્મનો પ્રચાર

## લંડનનું સ્વામિનારાયણ મંદિર : વિશ્વ પ્રસિદ્ધ અજાયબી

પ્રમુખસ્વામી મહારાજ દુનિયાભરમાં હિંદુ ધર્મના પ્રચાર પર ખાસ ધ્યાન આપી રહ્યા છે. હિંદુ ધર્મ એટલે એવી જીવન-પદ્ધતિ જેમાં ભગવાનની ભક્તિનો મોટો મહિમા હોય, જેની પાછળ સંસ્કાર, સહિષ્ણુતા, પારિવારિક ગાંઠની મોટી મૂડી પડેલી હોય. આ એવી બાબતો છે જે ‘એકાન્તિક ધર્મ’નો ભાગ છે, જેના પાયા પર સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય ઊભો છે. આનો પ્રભાવ એટલો મોટો છે કે દરિયાપારના દેશોમાં પ્રમુખસ્વામી મહારાજ હિંદુ ધર્મના વિશિષ્ટ અગ્રણી તરીકે જાણીતા બન્યા છે. તેમનાં વિચરણ તેમને ભારતમાં ને ભારતની બહાર, જ્યાં જ્યાં ગુજરાતીઓ વસતા હોય ત્યાં ત્યાં લઈ ગયાં છે અને ગુજરાતીઓ તો આખી દુનિયામાં છે. આફ્રિકાથી યુરોપ, અમેરિકાથી કેનેડા, ઑસ્ટ્રેલિયા, બધે જ ફેલાયેલા છે. સ્વામિનારાયણનો ભક્ત-સમૂહ પ્રથમ સત્સંગ માટેનું કેન્દ્ર શરૂ કરે છે. એમાંથી પછી મંદિર સર્જાય છે, જેનો આધાર ભક્તોની સંખ્યા પર હોય છે. આવાં કેન્દ્રો તથા મંદિરો મોટા આકર્ષણનાં કેન્દ્ર બની જાય છે. તે માત્ર ભક્તિનાં સ્થાનો જ નહીં, પણ આધ્યાત્મિક મૂલ્યોને પ્રાણવાન બનાવવાના કેન્દ્રો બની જાય છે. અહીં સમાજની ધાર્મિક વિધિઓ થાય છે અને યુવાન પેઢીને હિંદુ ધર્મની, ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયની, સાંસ્કૃતિક ભૂમિકાની સમજ અને તાલીમ અપાય છે.

નીચેના ફકરાઓમાં લંડનના નિસડન મંદિરની વાત કરી છે, જેના પરથી બી.એ.પી.એસ. સંસ્થાની વિદેશમાં ચાલતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આવશે. મંદિરની યોજના કઈ રીતે આરંભાઈ અને કઈ રીતે તે યુરોપના હિંદુઓનું મહત્ત્વનું કેન્દ્ર બની ગયું તેની આ અદ્‌ભુત પણ સંક્ષિપ્ત ગાથા છે. બીજાં અનેક સ્થળોએ આવી જ ઘટનાઓનાં પુનરાવર્તન થયાં છે. અલબત્ત, નિસડન ખાતેના મંદિરની ભવ્યતા તો ઓર જ છે. બધાં કેન્દ્રો આવો દાવો કરી શકે નહીં.

## યોગીજી મહારાજે લંડનના નિસડનમાં ૧૯૫૦માં સત્સંગનો છોડ રોપ્યો

આ એક માનવીની આસ્થા, સમર્પણ અને દૈવીકૃપાની માન્યામાં ન આવે એવી ગાથા છે. નાનકડા બીજમાંથી કેવું વિશાળ વટવૃક્ષ થયું એની દાસ્તાન છે. યોગીજી મહારાજે ૧૯૭૦ની સાલમાં લંડનના પરા નિસડનમાં એક નાનું મંદિર બાંધ્યું હતું, સત્સંગનો પ્રભાવ એટલો વધ્યો કે આજે તે હિંદુ ધર્મના ભક્તોનું મોટું કેન્દ્ર બની ગયું છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી નાનકડો છોડ વિશાળ વૃક્ષ બનીને ઊભો છે.

લંડનમાં સ્વામિનારાયણ હિંદુ મિશનનાં મૂળ આમ તો પચાસના દાયકાના આરંભમાં દેખાય છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો તરતનો એ સમય હતો. યુદ્ધની મહાવિનાશક વિભિષિકામાંથી લંડન માંડ બેઠું થઈ રહ્યું હતું. નાનો ભારતીય સમૂહ વેરવિખેર હતો. આમાં કેટલાક ભગવાન સ્વામિનારાયણના ભક્તો પણ હતા. તેઓ જ શાસ્ત્રીજી મહારાજ અને મંત્રીજી મહારાજની આજ્ઞાથી સ્વામિનારાયણ હિંદુ મિશનના પ્રયોજક બન્યા.

૧૯૫૦ના વર્ષમાં શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ સાથે મહેન્દ્રભાઈ પટેલ (બેરિસ્ટર), પુરુષોત્તમભાઈ પટેલ અને અન્ય ભક્તોએ લંડનમાં સત્સંગ માટે અવારનવાર મળવાનું શરૂ કર્યું. મહેન્દ્રભાઈ લખે છે : ‘હું વધુ અભ્યાસ માટે ૧૯૫૦માં લંડન પહોંચ્યો. યોગીજી મહારાજે મને શાસ્ત્રીજી મહારાજના ભક્ત એવા પુરુષોત્તમભાઈનું સરનામું આપ્યું હતું. તેઓ લંડનના પરગણા કેન્ટમાં રહેતા હતા.

ધીમે ધીમે ભારતીય સમૂહ વધતો ગયો. લંડનમાં શ્રી ડી. ડી. મેઘાણી, તેમના ભાઈઓ અને મિત્રો ૧૯૫૩ની સાલથી તેમની ઑફિસમાં જ સત્સંગ સભાઓ યોજતા. પછીથી ભારત અને પૂર્વ આફ્રિકાથી આવેલ નવીનભાઈ સ્વામિનારાયણ, પ્રફુલ્લભાઈ પટેલ, ચિત્તરંજનભાઈ અને બીજાઓ એમાં જોડાયા. ૧૯૫૮માં પ્રહ્લાદભાઈના ઘેર અઠવાડિક સભાઓ શરૂ થઈ.’

પ્રહ્લાદભાઈનું નિવાસસ્થાન બેકર સ્ટેશન પાસેના સેમોર પ્લેસમાં હતું. શનિવારે સાંજે સભા થતી. બીજા પણ ભક્તો એમાં આકર્ષાતા ગયા. સભામાં કીર્તન થાય, ધૂન બોલાવાય અને પછી કોઈ પણ એક ભક્તના આધ્યાત્મિક પ્રવચન સાથે સભા પૂરી થાય. વર્ષો સુધી તેમના ઘેર જ દર વર્ષે અન્નકૂટ મહોત્સવ પણ ઉજવાતો રહ્યો.

૧૯૫૯ની ગ્રીષ્મ ઋતુમાં સત્સંગ મંડળનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. મંડળની નોંધણી ‘સ્વામિનારાયણ હિંદુ મિશન, લંડન ફેલોશીપ સેન્ટર’ તરીકે કરાવવામાં આવી. મિશનના પ્રથમ અધ્યક્ષ તરીકે શ્રી ડી. ડી. મેઘાણીની નિમણૂક કરવામાં આવી. ઉપાધ્યક્ષ



શ્રી સ્વામિનારાયણ મંદિર, નિશડન, લંડન



તરીકે શ્રી મહેન્દ્રભાઈ (બેરિસ્ટર), સેક્રેટરી તરીકે શ્રી પ્રફુલ્લભાઈ પટેલ અને ખજાનચી તરીકે શ્રી ચંદ્રકાન્ત એન. ધૂપેલિયા નિમાયા. સત્સંગ સભાઓમાં શ્રી નવીનભાઈ સ્વામિનારાયણે આધ્યાત્મિક પ્રવચનો અને પોતાના અનુભવોની લ્હાણી કરવાનું ચાલુ રાખ્યું.

ઈઝલિંગ્ટન ખાતે બંધાયેલા પ્રથમ મંદિરનું ઉદ્‌ઘાટન રવિવાર તા. ૧૪ જૂન, ૧૯૭૦ના રોજ યોગીજી મહારાજના શુભ હસ્તે થયું. શ્રી પ્રભુદાસ લાલાજી કંપાલા (યુગાન્ડા)થી કેટલીક પવિત્ર મૂર્તિઓ લઈ આવેલા. યોગીજી મહારાજના હસ્તે ધાર્મિક પૂજા-વિધિ થઈ, યજ્ઞ થયો ને પછી આ મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી. હજારો ભક્તો-સત્સંગીઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો.

૧૯૭૨ની સાલમાં, યુગાન્ડાથી કાઢી મુકાયેલા કેટલાય ભક્તો ઇંગ્લૅન્ડમાં સ્થળાંતર કરી આવ્યા. ભક્તોનો ધસારો એટલો મોટો હતો કે ઈઝલિંગ્ટનનું મંદિર નાનું પડવા માંડ્યું. શ્રી જી. ડી. પટેલ તેમનાં આધ્યાત્મિક પ્રવચનોથી મોટી ને મોટી થતી જતી સભાઓને પ્રભાવિત કરી રહ્યા હતા. ઉત્સવના પ્રસંગોએ એટલી ભીડ થતી કે લોકોએ મંદિરની બહાર શેરીઓમાં ઊભા રહેવું પડતું. સંમેલનો એટલાં મોટાં થતાં.

૧૯૭૪માં, પ્રમુખસ્વામી મહારાજે ઈઝલિંગ્ટન મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને રાધાકૃષ્ણની વિરાટ પ્રતિમાઓની સ્થાપના કરી. યુગાન્ડામાંથી બધા એશિયનોને દેશનિકાલ કરી દેવાયા ત્યારે ત્યાંના ટોરોરો મંદિરમાંથી આ મૂર્તિઓ મેળવી લેવાઈ હતી.

## પ્રમુખસ્વામી મહારાજે મંદિરની શિલારોપણવિધિ કરી પ્રણાલિકાગત શિખરબદ્ધ હિન્દુ મંદિર બાંધવાની પ્રેરણા આપી

પ્રમુખસ્વામી મહારાજે ૧૯૮૦ની ૨૦મી જુલાઈએ મંદિરની શિલારોપણ વિધિ કરી. ૧૯૮૨માં મંદિર ખુલ્લું મુકાયું. લગભગ આ જ અરસામાં પ્રમુખસ્વામી મહારાજે સૌ પ્રથમ એક નવો વિચાર મૂક્યો. શિખર સાથેના પ્રણાલિકાગત હિંદુ મંદિરના જેવું જ શિખરબદ્ધ મંદિર લંડનમાં પણ બાંધવું, જ્યાં દિવસમાં પાંચ વખત આરતી થતી હોય. મૂળ યોજના મેડોગર્થના સ્થળે જ મંદિર બાંધવાની હતી, પણ પછી ઇજનેરો અને સ્થપતિઓ સાથેની ચર્ચા પછી લાગ્યું કે હાલની જગ્યા ઘણી નાની પડશે અને એ બરાબર નથી.

દરમિયાન, સત્સંગનું વર્તુળ વિસ્તરતું જતું હતું. લેસ્ટર, વેલીંગબરો, પ્રેસ્ટન, આસ્ટન, બર્મિંગહામ, કોવેન્ટ્રી, લ્યુટન અને ક્રોલી ખાતે કેન્દ્રો ધમધમવા માંડ્યાં હતાં. આ વિકાસમાં અને મિશનને વિસ્તારવામાં યુ.કે. સત્સંગ મંડળના તત્કાલીન અધ્યક્ષ સ્વ. શ્રી સી. એમ. પટેલે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

૧૯૮૯માં, નિસડન મંદિરથી બે કિલોમીટર દૂર નિસડન હાઈસ્કૂલ પાસેથી જમીન મેળવવામાં આવી. સ્થાનિક કાઉન્સિલે હરિમંદિરનો પ્લાન મંજૂર કર્યો. સન્ ૧૯૯૦ની ૨૦મી જૂને પ્રમુખસ્વામી મહારાજે નિસડન હાઈસ્કૂલના મેદાન પરના મંદિર માટે શિલારોપણ વિધિ કરી. કાર્યક્રમ બાદ, તેઓ જઈ રહ્યા હતા ત્યાં મેડોગર્થના મંદિર નજીકની આરલિંગ્ટનની જગ્યાએ તેમણે 'ફોર સેલ'નું સાઈન બોર્ડ જોયું. બધાના આશ્ચર્ય વચ્ચે તેમણે ચંદુભાઈ દાલિયાને જમીનની તપાસ કરવાનું કહ્યું. છેવટે તે જગ્યા ખરીદી લેવામાં આવી. ત્યાં ૧૯૯૧ની ૭મી જુલાઈએ સ્વામીશ્રીએ નવા શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. ૧૯૯૨ના નવેમ્બરમાં મંદિરનું કામ શરૂ થયું અને આશ્ચર્યજનક રીતે માત્ર અઢી વર્ષના ગાળામાં સુવર્ણ કળશ સાથેના મંદિરનું બધું જ કામ પૂર્ણ થઈ ગયું. પ્રમુખસ્વામી મહારાજે તેનું ઉદ્ઘાટન કર્યું.

૧૯૯૨ના પ્રારંભમાં, સામેના બ્રેન્ટફિલ્ડ રોડ પરની સ્લેડબ્રુક શાળા મેળવી લેવામાં આવી. એમાં સુધારા-વધારા કર્યા અને ૧૯૯૨ના ઑગસ્ટમાં ત્યાં 'સ્વામિનારાયણ ઈન્ડિપેન્ડન્ટ ડે સ્કૂલ'નો આરંભ થયો. યુરોપમાં આ સર્વપ્રથમ હિંદુ શાળા છે.

પાંચ દાયકા પહેલાં મુઠ્ઠીભર ભક્તો હતા એમાંથી સામાજિક-આધ્યાત્મિક મહા-સંસ્થા તરીકે અક્ષર પુરુષોત્તમ સત્સંગનો વિકાસ થયો. સ્વામિનારાયણ મંદિર, સાત કળશવાળું મહા-મંદિર, હકીકત બની ગયું. સતત ઘર્ષણ, સતત સંઘર્ષો, સતત પીછેહઠથી ખરડાયેલા ઈતિહાસમાં આ મંદિર ઝળહળતી સિદ્ધિ સમું છે. ૧૯૯૫ની ૨૦મી ઑગસ્ટે મંદિરનું ઉદ્ઘાટન થયું. સ્વામીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, સ્થાનિક સમૂહે સ્વૈચ્છિક રીતે જ મોટા પ્રમાણમાં ભૌતિક અને નાણાંકીય સાધનો ઊભાં કર્યાં, એ માટે સખત મહેનત કરી, તેનો આ સુંદર પરિપાકછે.

## સ્વૈચ્છિક પુરુષાર્થ દ્વારા વિક્રમ :
## ટૂંકા સમયમાં વિશ્વવિક્રમરૂપ અદ્ભુત ચમત્કાર સર્જાયો

'વીસમી સદીની એક અદ્ભુત ચમત્કૃતિ' તરીકે 'ગિનીસ બુક'માં શિખરબદ્ધ નિસડન મંદિરની નોંધ લેવામાં આવી છે ને બિરદાવાયું છે. 'રીડર્સ ડાઈજેસ્ટે' વીસમી સદીની ૭૦ અદ્ભુત અજાયબીઓમાં આ મંદિરને સ્થાન આપ્યું છે. ખાસ એટલા માટે કે માત્ર સ્વૈચ્છિક પુરુષાર્થનું આ પ્રાગટ્ય છે. ખૂબ મહત્ત્વની વાત એ કે આખાયે સ્થાપત્યમાં હજારો સ્વયંસેવકોની ઊંડી લાગણી અને પ્રેમનાં સિંચન થયેલાં છે. વિક્રમ ટૂંકા સમયમાં કામ પૂરું કરવા તેમણે નર્યો પરસેવો પાડ્યોછે.

## કચરામાં ફેંકી દીધેલો ટનબંધ એલ્યુમિનિયમના કેન અને ફોઈલ્સ વીણ્યા, ભેગા કર્યા, વેચીને ફંડ એકઠું કર્યું

- મંદિરની યોજનામાં ભાગ લેવા માટે સ્વયંસેવકોએ સારી સારી નોકરીઓ છોડી દીધી હતી. કેટલાકે એમના સાપ્તાહિક 'હોલી ડે' કાપી નાખ્યા હતા. કેટલાક એવા પણ હતા જેમણે પોતાની બધીયે બચત આ મહાકાર્યમાં સમર્પી દીધી હતી અને વધુ આપવાની પણ તૈયારી બતાવી હતી. બાળકો પણ બાકાત નહોતા. ભંડોળમાં ફાળો આપવા તેમણે તેમની 'પીગી બૅન્કો' (બચતપેટીઓ) ખાલી કરી નાખી હતી. નવપરિણીત દંપતીઓએ તેમના વિદેશનાં હનીમૂન માંડી વાળ્યાં હતાં. હૉટલોમાંથી રિફંડ મળ્યું તે બધું મંદિરના ફંડમાં આપી દીધું હતું. ઘણાંબધાં બાળકો તેમના વડીલો સાથે મારબલને પૉલિશ કરવાના કામમાં લાગી ગયાં હતાં.
- એક ભક્તે વચન આપેલું તે પ્રમાણે નાણાં આપ્યાં. એ માટે તેમનાં પત્નીએ દાગીના વેચી દીધા. પ્રતિબદ્ધ દાતાને એટલાથી સંતોષ ન થયો. તેણે સ્વામીશ્રીનો સંપર્ક સાધીને પૂછ્યું કે શું દુકાનમાંથી વેતન તરીકે મળતા ૬૦૦ પાઉન્ડ તે ફંડમાં આપી શકે' ? પ્રમુખસ્વામી મહારાજે સંમત થવું પડ્યું.
- એક ભાઈએ સ્વામીશ્રીનો સંપર્ક સાધ્યો ને કહ્યું, 'મારી બહેન તેણે લગ્ન માટે ખરીદેલા દાગીના આ મહાકાર્યમાં આપી દેવા ઇચ્છે છે.' લગ્ન પહેલાંની આ વાત છે. સ્વામીશ્રીએ એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેમણે સાંભળ્યું નહીં.
- 'હું મારા શેર વેચી દેવા માગું છું, એ બધાં નાણાં મંદિરમાં આપવાં છે', એક ભક્તે સ્વામીશ્રીને કહ્યું. 'પણ બજાર પડેલી છે, તમને અત્યારે સારા ભાવ નહીં મળે', તેમણે કહ્યું. ભક્તનો જવાબ હતો, 'જો હું સારા ભાવની રાહ જોઈને બેસી રહું, તો મારી સેવામાંથી ચૂકી જાઉં !'
- યોજના માટે નાણાં પૂરાં પાડવા એલ્યુમિનિયમે સોનાનું સ્થાન લીધું. કેમ એલ્યુમિનિયમ ? દર વર્ષે સાડા ત્રણ કરોડ ડૉલરનાં એલ્યુમિનિયમનાં વિવિધ પીણાંઓનાં નાનકડાં કેન (ડબ્બા) ફેંકી દેવામાં આવે છે, તેમનો કંઈ જ ઉપયોગ નથી ને પર્યાવરણ માટે હાનિકારક હોય છે. બ્રિટનમાં આલ્કન રિસાઈક્લિંગ કંપની એ રિ-સાઈક્લિંગનું કામ કરતી મોટામાં મોટી કંપની છે. વપરાયેલાં કેનનાં નાણાં આપવા તે તૈયાર હતી. ભંડોળ ઊભું કરવા આ એક મોટી તક હતી અને તરત કેન ભેગાં કરવાની ઝુંબેશ ચાલી. ભક્તોએ જૂના મંદિરના વાડામાં એલ્યુમિનિયમનાં

કેનના ઢગલા કરવા માંડ્યા. એ દેશમાં આટલા મોટા પાયા પર આ પ્રકારની ઝુંબેશ પહેલી જ વાર હાથ ધરાઈ હતી. યુવાનો અને વૃદ્ધો બધા ઉત્સાહભેર કામમાં મચી પડ્યા હતા. કુણાલ પટેલ (૧૧), તરુણ પટેલ (૧૧) અને ધ્રુવ કાલાન (૧૧) – આ બાળ સભ્યો 'બ્રિટિશ ટેલિકોમ એન્વાયરમેન્ટ ઍવોર્ડ' જીતી લીધો. સ્વામિનારાયણ હિન્દુ મિશન સન્ડે સ્કૂલને એક અઠવાડિયામાં ૧,૫૦,૦૦૦ કેન ભેગાં કરવા માટે પ્રમાણપત્ર મળ્યું અને ૧૦૦ પાઉન્ડનું ઇનામ પણ મળ્યું.

- બર્મિંગહામના ૭૪ વર્ષના સુખભાઈ રોજ ત્રણ કલાક ફરીને એલ્યુમિનિયમનાં કેન ભેગાં કરતા હતા. દર અઠવાડિયે બે બસ બદલીને મંદિરે આવતા ને બે થેલીઓ જમા કરાવતા.
- કેન ભેગાં કરનાર એક ભાઈ તો પોતાની પાસે લોહચુંબક પણ રાખતા હતા, જેથી ભૂલમાં લોખંડનાં કેન ન આવી જાય. મજાની વાત એ છે કે આ ભાઈને લોકો ગરીબ ઝાડુ વાળનાર સમજી બેસતા ને કોઈ ભીખ આપવાની ઉદારતા પણ દર્શાવતા ! ક્રાઉલીના ચીમનભાઈએ જ્યારે પોતાની ઝુંબેશનું રહસ્ય સમજાવ્યું ત્યારે પછી અનેક સજ્જનો તેમને રોકડ દાન આપવા માંડ્યા. એકલા હાથે ચીમનભાઈએ ૧,૨૫,૦૦૦ કેન ભેગાં કરી આપ્યાં હતાં.
- ઉઘરાણી કરનારાઓનું કામ આસાન નહોતું. એક વખત તો એક ફૂટબૉલના શોખીને એક સ્વયંસેવકના માથા પર બિયરની બાટલી ખાલી કરી નાખી. સ્વંયસેવકે એમના પ્રત્યે 'થેન્ક યુ' કહીને આભાર વ્યક્ત કર્યો !
- વર્ષોના ગાળામાં ૭૦ લાખ કેન અને ૨૧ ટન એલ્યુમિનિયમ ફોઇલ એકઠાં થયાં. બ્રિટનમાં કોઈ પણ સેવાભાવી સંસ્થાએ ભેગો કરેલો આ મોટામાં મોટો જથ્થો હતો.
- 'કેર' નામનો ભંડોળ ઊભું કરવાનો પ્રોજેક્ટ એ પ્રમુખસ્વામી મહારાજનું માનસ-સંતાન હતું. ૧૯૯૪માં એની શરૂઆત થઈ. પ્રોજેક્ટ હેઠળ રંગરંગીન ચોપાનિયાં-બ્રોશર - બહાર પાડવામાં આવ્યાં, જેમાં નશા-વિરોધી ઝુંબેશ, પર્યાવરણ-મૈત્રી, પરિવારનાં મૂલ્યો અને મૂલ્ય-આધારિત શિક્ષણના ક્ષેત્રે મંદિર તરફથી કેટલું મોટું કામ થઈ રહ્યું છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. વધુ સારી જીવનપદ્ધતિ માટેનાં આ ચોપાનિયાં દાતાઓને આપવામાં આવતાં હતાં. ભક્તો ઘેર ઘેર ફરતા. ખરાબ હવામાન હોય, હડધૂત થતા હોય તો પણ થાકતા નહીં. સમગ્ર સ્થાનિક બ્રિટિશ સમાજને ચોપાનિયાં પાછળની ફિલસૂફી સમજાવવાની ભરચક કોશિશ કરતા. પરિણામ એ કે ભંડોળનું કદ ઘણું વધી ગયું.

- મંદિરના બાંધકામમાં કુશળ અને અર્ધ-કુશળ સ્વયંસેવકોએ ખૂબ મહેનત કરી. મંદિરનું કામ પૂરું થયું ત્યાં સુધી 'આરામ' શું ચીજ છે એ તેઓ ભૂલી ગયા હતા. રાત-દિવસ કામ કર્યા પછી તેઓ થોડા કલાકની ઊંઘ ખેંચી કાઢતા. પછી સ્નાન કરતા, પૂજા કરતા ને પાછા મંદિરના કામ પર ચડી જતા. ત્રણ વર્ષ આ ઘટમાળ ચાલ્યા કરી. મંદિરનું નિર્માણ થતું રહ્યું.

## સ્વયંસેવકો રજા, આરામ અને ઊંઘ ભૂલી ગયા : ટેક્નોક્રેટોએ ખાડા ખોદ્યા - ઈંટો ઉપાડી

- સાપ્તાહિક રજાઓ અને 'હોલી ડે' દરમિયાન બ્રિટનના જુદા જુદા ભાગોમાંથી નિસડેન મંદિરે સ્વયંસેવકો ઊમટતા જ રહેતા. આ બધા સમૂહો એટલા મોટા હતા કે તેમનાં કેન્દ્રોને ચોક્કસ દિવસોએ ચોક્કસ સમય ફાળવવો પડતો. દુનિયાના બીજા ભાગોમાંથી પણ સ્વયંસેવકોનો પ્રવાહ આવતો હતો. તેઓ બિન-ભારતીય હતા. સ્થાનિક બ્રિટિશ લોકો પણ શ્રમયજ્ઞમાં જોડાઈ ગયા હતા.
- ચંદ્રકાન્તભાઈ પટેલ (૧૮) અને ચંદ્રેશ પટેલ (૧૮) સ્વયંસેવકો તરીકે ૧૯૯૩ના ફેબ્રુઆરીમાં જોડાયેલા. તમામ પ્રકારનું કામ કર્યું. ૧૯૯૪થી તો તેઓ મંદિરના સ્થળે જ રહેતા, કે જેથી વધુ સેવા આપી શકે. તેમણે ૨૫,૦૦૦ ખાડા ખોદ્યા. કોઈ કોન્ટ્રાક્ટરને કામ સોંપ્યું હોય તો એક ખાડો એક પાઉંડનો થાય. ચંદ્રકાન્તભાઈ કહે છે, 'જ્યારે જ્યારે હું મંદિરને જોઉં છું ત્યારે ત્યારે સ્વામીશ્રીના સંકલ્પની વાસ્તવિકતા સમજાય છે ને મારી ચાહના વધતી જાય છે. હું માનું છું કે વિશ્વનું આ સુંદરતમ સ્થળ છે અને તે બધું સ્વામીશ્રીને આભારી છે.'
- ૨૨ વર્ષના જયેશ પટેલ કોમ્પ્યૂટર ટેક્નોક્રેટ છે. તેઓ મારબલના કોતરેલા નમૂનાઓને પૉલિશ કરવાનું કામ કરતા હતા. એક વખત તેમના ઘૂંટણ પર એક ઈંટ પડી. એક્સ-રે કઢાવ્યો. એમાં જણાયું કંઈ તૂટ્યું નથી, માત્ર અંદરના ભાગે ઉઝરડો થયો છે. તે દિવસ પછી, જ્યારે જ્યારે સ્વામીશ્રી એમને જુએ છે ત્યારે ત્યારે 'પગે કેમ છે' એવું અચૂક પૂછે છે.
- અનુપસિંહ વખતસિંહ ઝાલા (૭૫) ૧૯૯૩ના મે માસથી કામના સ્થળે આવતા થયા હતા. તેઓ ટાઈલ્સને પૉલિશ કરતા ને ચોક્ખી કરતા. 'મારી દીકરીએ મને ૧૯૯૧ની સાલમાં બોલાવ્યો ને કહ્યું કે લંડનમાં એક નવું મંદિર બંધાઈ રહ્યું છે. તે વખતે હું આફ્રિકા હતો અને ભારત જવા વિચારતો હતો. પછી કાર્યક્રમ બદલીને અહીં જ આવવાનું ને મદદરૂપ થવાનું નક્કી કરી નાખ્યું.'

## હિંદુ ધર્મની સમજણ આપતું
## કાયમી વૈજ્ઞાનિક પ્રદર્શન

અહીં 'હિંદુ ધર્મની સમજ' પરનું કાયમી વૈજ્ઞાનિક પ્રદર્શન સનાતન ધર્મની જાહોજલાલી અને મહાનતાનું દર્શન કરાવે છે. મંદિરના ભોંયતળિયે ૨,૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં પ્રદર્શન પથરાયેલું છે. ભારતની પ્રાચીન ભૂમિનું જ્ઞાન દૃશ્ય અસરો, પેઈન્ટિંગ, ટેબ્લો અને પરંપરાગત કારીગરી વડે દર્શાવાયું છે. હિંદુ ધર્મનું મૂળ, તેની માન્યતાઓ, ઉજ્જ્વળ ઈતિહાસ તેમ જ શિક્ષણ અને ધર્મમાં તેનું પ્રદાન, બધાનો ખ્યાલ અપાયો છે. ભારતીય સંસ્કૃતિના સુપ્રસિદ્ધ નાયક-નાયિકાઓ જેવા કે, નચિકેતા, શ્રવણ, રંતિદેવ, સીતા વગેરેને રંગીન ૩-ડી મિનિએચર ડાયોરેયામાં દર્શાવાયાં છે. હિંદુ સંસ્કૃતિનાં મૂળભૂત મૂલ્યો અને તત્ત્વો અહીં પ્રતિબિંબિત થાય છે, જેવા કે –

- હિંદુ ધર્મનો ઉદ્ભવ કઈ રીતે થયો ને કઈ રીતે તે ફેલાયો.
- જીવનના માર્ગ તરીકે ધર્મના પ્રમુખ સિદ્ધાંતો.
- સીતા, શ્રવણ, નચિકેતા અને અન્ય વિભૂતિઓનાં દર્શન.
- તમામ ભાષાઓની જનેતા એવી સંસ્કૃત ભાષાની ગૌરવગાથા.
- ભગવાન સ્વામિનારાયણ અને તેમના આધ્યાત્મિક વારસદારોનાં જીવન અને ફિલસૂફી.
- શિક્ષણ, ગણિત, જ્યોતિષવિદ્યા અને સર્જરીના ક્ષેત્રે ભારતનું મહા-પ્રદાન.
- બી.એ.પી.એસ. - બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની વિશ્વવ્યાપી સામાજિક - આધ્યાત્મિક પ્રવૃત્તિઓ.

## શ્રવણની કથા :
## માતાપિતાની ભક્તિનું ઉમદા ઉદાહરણ

શ્રવણ એક યુવાન હતો. એક વખત એનાં માતાપિતાએ જાત્રાએ જવાની ઈચ્છા વ્યક્ત કરી. બંને અંધ હતાં, વયોવૃદ્ધ હતાં, ચાલવાની સ્થિતિમાં જ નહોતાં. વળી, તેઓ એટલાં ગરીબ હતાં કે મુસાફરી માટે ગાડાનો ખર્ચ પણ કાઢી શકે એમ નહોતા. શ્રવણે આમ છતાં નિશ્ચય કર્યો અને પોતાના ખભે કાવડ મૂકી તેનાં બે પલ્લાંમાં માતાપિતાને બેસાડી તેમને યાત્રાનાં બધા સ્થળોએ ફેરવ્યાં. તેમની ઈચ્છા પરિપૂર્ણ કરી. લાંબાં અંતર, દુર્ગમ પ્રદેશો, ખરાબ હવામાન અને વિપરીત પરિસ્થિતિની જરા પણ પરવા ન કરી. આજે પણ શ્રવણ માતાપિતાની પરમ ભક્તિનું ઝળહળતું ઉદાહરણ છે.



શ્રી સ્વામીનારાયણ મંદિર, નૈરોબી (પૂર્વ આફ્રિકા) હિંદુત્વનો પ્રસાર

## ભારતે શૂન્યની શોધ કરી

'શૂન્ય'ની શોધ ભારતમાં થઈ છે. ભારતમાં (ઇ.સ.પૂર્વે ૫૮૫-૫૮૬), ગુજરાતમાં સંખેડાની તાંબાની પ્લેટો પર 'શૂન્ય'નું આલેખન ખૂબ લાંબા સમય પહેલાં થયેલું નોંધાયું છે સાતમી સદીમાં 'બ્રહ્મગુપ્તના બ્રહ્મ-ફુતા-સિદ્ધાંત'માં શૂન્યનું મહત્ત્વ વિગતવાર સમજાવાયું છે. તે પછી આરબોએ તેની નકલ કરી અને પછી ૮મી સદીમાં 'શૂન્ય'ને યુરોપ લઈ ગયા.

## સર્જરીનાં સાધનો

સર્જરી-શસ્ત્રક્રિયા-માં હિંદુઓ (ભારતીયો) એટલા બધા આગળ વધેલા હતા અને એવાં સાધનો વિકસાવ્યાં હતાં કે વાળ જેટલી બારીક શસ્ત્રક્રિયા પણ કરી શકે. સુશ્રૂત એ સમયના મહાન સર્જન હતા. તેમણે જુદા જુદા ૧૨૫ સાધનો તૈયાર કર્યાં હતાં, જેમાં દાક્તરી છરી, સોય, પેશાબ ઉતારવાનું સાધન વગેરેનો સમાવેશ થતો હતો. આ બધાં સાધનની જરૂરી પકડ આવે એ માટે તે પશુપંખીઓનાં જડબાંમાંથી તૈયાર કરાયાં હતાં.

હિંદુ સંસ્કૃતિ એ ખૂબ જૂની સંસ્કૃતિ છે – ઇજિપ્ત, મેસોપોટેમિયા અને ચીનના કરતાં પણ ઘણી જૂની. 'સમય'નો ખ્યાલ જન્મ્યો એની પણ પહેલાં ઋષિ-મુનિઓએ દિવ્ય લોકમાંથી થયેલી સરવાણીઓના આધારે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. હિંદુ જ્યોતિર્વિદો આકાશને માપતા હતા. તબીબો અદ્ભુત શસ્ત્રક્રિયાઓ કરતા હતા. આ એ સમય હતો જ્યારે હાલનું યુરોપ અંધારા તબક્કામાં ડૂબેલું હતું.

નિસડન મંદિરના મહંત પૂજ્ય આત્મસ્વરૂપ સ્વામીએ આ લેખકને મંદિર વિશે જુદાં જુદાં પ્રકાશનોમાં આવેલાં નિરીક્ષણો બતાવ્યાં. મુલાકાત-ડાયરીની નોંધો પણ બતાવી.

વિશ્વ વિક્રમ અંગેની 'ગિનીસ બુક'ની ૨૦૦૦ની સાલની 'મિલેનિયમ એડિશન'માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને 'માસ્ટર બિલ્ડર' તરીકે બિરદાવ્યા છે. પાના ૩૬ પર, જાણકારી વિભાગની આર્કિટેક્ટ્સ અને માસ્ટર બિલ્ડર કેટેગરીમાં સ્વામીશ્રી અને લંડન મંદિરના રંગીન ફોટા છપાયા છે અને તે સાથે મંદિરની ટૂંકી વિગતો પણ અપાઈ છે. લેખ જણાવે છે કે બ્રિટનમાં નિસડેનનું શ્રી સ્વામિનારાયણ મંદિર, ભારતની બહાર બંધાયેલું મોટામાં મોટું હિંદુ મંદિર છે. ૭૯ વર્ષના ભારતીય સાધુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામીએ તે બંધાવ્યું છે. મંદિરના બાંધકામમાં ૨,૮૨૮ ટન બલ્ગેરિયાના ચૂના-પથ્થર અને ૨,૦૦૦ ટન ઇટાલિયન મારબલનો ઉપયોગ થયો છે. આ બધું પ્રથમ જહાજ દ્વારા ભારત મોકલવામાં આવ્યું હતું, જ્યાં ૧,૫૨૬ શિલ્પીઓની ટુકડીએ તેમાં નકશીકામ કર્યું હતું. મંદિરનો ખર્ચ ૧૨૦ લાખ પાઉન્ડ થયો હતો.

## જિઓલોજિકલ સોસાયટી

'જિઓલોજિકલ સોસાયટી' નામના જાણીતા સામયિકમાં શ્રી સ્ટોને લખ્યું :

- બાંધકામ ઉદ્યોગમાં ભાર સહન કરવાની ક્ષમતાવાળું ચણતર એટલે એવું ચણતર જે બાંધકામનો બોજ ઉપાડી શકે અને/અથવા તેના વજન કરતાં વધારાના બોજ ઉપાડવામાં મર્યાદા હોય. 'સેલ્ફ-સપોર્ટિંગ કોસનરી' એટલે એવું ચણતર, જે તેના વજન જેટલા જ બોજને ટકાવે. અલબત્ત, વારંવાર તેણે પવનનાં તોફાનોનો સામનો કરવો પડે. બ્રિટનમાં લંડન ખાતેનું નિસડન મંદિર જવલ્લે જ હોય એવો દાખલો છે. આખું મંદિર બલ્ગેરિયાના ચૂનાના પથ્થરના બ્લોકથી બંધાયેલું છે. પ્લીન્થનું કામ સાર્ડિનિયન ગ્રેનાઇટથી થયું છે, જ્યારે અંદરનું લાઈનિંગનું કામ સરસ રીતે નકશી કરાયેલા ભારત અને ઇટાલીના મારબલમાં થયું છે.

## 'ઈવનિંગ સ્ટાન્ડર્ડ' દૈનિકે લખ્યું :
## મંદિર શાંતિ અને સંવાદિતાની ધાર્મિક સુવાસ ફેલાવે છે

- રિચર્ડ હોલીડે અને એલન રામસેએ શુક્રવાર, તા. ૧૮ ઑગસ્ટ, ૧૯૯૫ના રોજ 'ઈવનિંગ સ્ટાન્ડર્ડ' લખ્યું: ગઈ કાલે સાંજે રંગરંગીન ૧૭ દેવ-પ્રતિમાઓ મધ્ય લંડનની શેરીઓમાં હાઇડ પાર્કથી ટ્રાફાલ્ગર સ્કવેર સુધી ફેરવવામાં આવી. આ પ્રતિમાઓ નિસડેનના અસાધારણ હિંદુ મંદિરથી આવી હતી. લંડનના હૃદયસમા વિસ્તારમાં તેમને વિહાર કરાવાયો અને નવા નિવાસે તેમનું ભવ્ય સ્વાગત થયું.
- નિસડનનું નવું મંદિર સૌંદર્યનાં કોઈ પણ ધોરણમાં નોંધપાત્ર ઈમારત છે અને સંભવતઃ તે લંડનની એક જોવાલાયક જગ્યા બની જશે.
- મંદિરમાં વપરાયેલો માલસામાન ૩૦ લાખ પાઉન્ડથી વધારે નથી. પણ તેમાં જે મજૂરીકામ થયું તેનો પશ્ચિમની બજારના દરોમાં ગણીએ તો ઘણી મોટી રકમ થઈ જાય. એ બધી સ્વયંસેવકોની મહેનત હતી ને એ જ આ સંપ્રદાયની ખરી મૂડી છે.
- છેલ્લા કેટલાક દાયકાઓમાં આખી દુનિયામાં ઘણો મોટો ધાર્મિક જુવાળ ઊભો થયેલો દેખાય છે. આમાં અવારનવાર હિંસક ઘટનાઓ અને તોફાનો પણ થયાં છે. આમ તો દુનિયાની કોઈ પણ લડાઈમાં ધાર્મિક પરિબળ ન સંકળાયું હોય એવું ભાગ્યે જ બન્યું છે, પરંતુ નિસડન મંદિરની મોટામાં મોટી વિશિષ્ટતા એ છે કે તેમાં માત્ર શાંતિ અને સંવાદિતાની ધાર્મિક સુવાસ જ ભરપૂર હતી.

- આ મંદિર પરિવારનાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરતું યાદગાર સ્મારક છે. કૌટુંબિક જીવન જાળવવામાં અને મજબૂત બનાવવામાં ધર્મનો મહત્ત્વનો હિસ્સો છે. કુટુંબો એવાં માધ્યમ છે જેના દ્વારા ધાર્મિક શ્રદ્ધા અને લાગણીઓ સામાન્યતઃ વિસ્તરતા હોય છે.

## 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ જોયું : બ્રિટનના ગૃહ સચિવ મંદિરમાં 'જય સ્વામિનારાયણ' બોલે છે

'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં ૧૯૯૫ની ૨૨મી ઑગસ્ટે એક લેખ છપાયો. તેમાં લખ્યું હતું : બ્રિટનના ગૃહ સચિવ તેમની સાપ્તાહિક રજા છોડીને એક હિંદુ મંદિરનું બાંધકામ જોવા જાય છે. ત્યાં ઉપસ્થિત સમૂહને તેઓ 'જય સ્વામિનારાયણ' બોલીને વધાવે છે એટલું જ નહીં, ભગવદ્‌ગીતાના શ્લોકો પણ વાંચે છે. બહુવિધ સંસ્કૃતિવાદમાં તેમણે મહત્ત્વનું પ્રદાન કર્યું.

ગૃહ સચિવ માઈકલ હાવર્ડની આ ચેષ્ટાથી ભવ્ય મંદિરના સાંનિધ્યમાં ભેગા મળેલા હજારો ભક્તજનો ખુશખુશાલ થઈ ગયા. લંડનની આ જોવાલાયક જગ્યા બની ગઈ છે.

ભારતીય હાઈકમિશનર ડૉ. એલ. એમ. સિંઘવીએ આ પ્રસંગે જણાવ્યું કે, 'આ મંદિર એ બ્રિટનને પ્રમુખસ્વામી મહારાજની ભેટ છે. વિવિધ ધર્મો વચ્ચેની સમજણનો એ સેતુ બની રહેશે.' તેમણે ભારતના તે વખતના તે સમયના વડાપ્રધાન નરસિંહરાવનો શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવ્યો હતો.

સ્વામિનારાયણ મંદિરનો અર્પણવિધિ એ વર્ષો અગાઉ શિકાગોમાં સ્વામી વિવેકાનંદે કરેલા ઉદ્‌બોધન જેવો જ મહત્ત્વનો પ્રસંગ હતો, જેણે આખી દુનિયાને હિંદુધર્મની નોંધ લેવાની ફરજ પાડી હતી.

પ્રમુખસ્વામી મહારાજે વિશાળ સમૂહને આશીર્વાદ આપ્યા અને અનુયાયીઓને સખત મહેનત તેમજ સેવાથી ભરેલું સાદું જીવન જીવવાનો અનુરોધ કર્યો. કહ્યું કે, આવું જીવન જ આંતરિક શાંતિ અને સંવાદિતા લાવી શકે.

સ્વામીશ્રીના ભક્તોએ હિંદુ ધર્મનો સૌમ્ય ચહેરો રજૂ કર્યો, જેને બ્રિટનના અખબારોમાં સારી એવી પ્રસિદ્ધિ મળી. મંદિર દરેક ક્ષેત્રના મુલાકાતીઓને આકર્ષે છે.


## મંદિરની મુલાકાતથી પ્રિન્સ ચાર્લ્સ - પ્રિન્સેસ ડાયેના, ટોની બ્લેર, આર્ક બિશપ કેરી, જિમિ કાર્ટર પ્રસન્ન થઈ ઊઠ્યા

- **પ્રિન્સ ચાર્લ્સે** લખ્યું, 'લંડનના ભૂમિ-પટ પર આ એક ઉત્કૃષ્ટ અવનવો ઉમેરો છે. આપ સૌને એનું ખરેખર ગૌરવ હોવું જોઈએ. આ સાંજે પેલી ગલીના ખૂણેથી આ તરફ



▲ પ્રમુખસ્વામી મહારાજ અને
અમેરિકાના પૂર્વ પ્રમુખ ક્લિન્ટન

▼ સ્વામીશ્રી અને બ્રિટનના પૂર્વ વડા પ્રધાન ટોની બ્લેર



વળતાં અને ગલીના અંતે આ ચમકતું શુભ્ર સંસ્થાપન જોતાં હું આનંદવિભોર થઈ ગયો છું. આવું મહાન નિર્માણ તમે તમારી જાતે કરી શક્યા એનો મને સૌથી વધારે આંનદ છે. બ્રિટનના અને દુનિયાભરના હજારો લોકોએ તેમના હજારો કલાક સમર્પિત કર્યા છે, પૂરો પ્રેમ, પૂરો ભોગ અને પૂરી કુશળતા સાથે દિવસોથી મચ્યા રહ્યા છે અને તેના પરિણામે જ આ મહાન ભવનનું નિર્માણ થઈ શક્યું છે.'

- **ટોની બ્લેર, બ્રિટનના પૂર્વ વડાપ્રધાન :** 'આના જેવો શિલ્પકામનો અદ્‌ભુત નમૂનો મેં ક્યારેય જોયો નથી. ગણ્યા ગણાય નહીં એટલા બધા લોકોના પ્રેમ અને સમર્પણના કારણે જ આ ભવ્ય મંદિર રચાયું છે. આ સૌંદર્યનું મોટું સ્થાનક છે. મોટો પ્રેરણા-સ્રોત છે. શાંતિ અને સંકલ્પનું સાચું પ્રતિબિંબ છે.'

- **પ્રિન્સેસ ડાયેના :** 'મંદિરમાં પ્રવેશી એ પહેલાં જ હિંદુધર્મના આ ભવ્ય પ્રાર્થના-ધામના નિર્માણ પાછળ કેટલો બધો નિર્વ્યાજ સ્નેહ પડ્યો છે એની પ્રતીતિ થયા વગર રહેતી નથી. મંદિરના પ્રવેશદ્વારમાંથી પસાર થતાં જ મને પરમ શાંતિનો અનુભવ થયો. માત્ર ત્રણ જ વર્ષના ગાળામાં સૌંદર્યની આવી પ્રતિકૃતિ ઊભી થઈ શકી એનું મોટું વિસ્મય છે. મારી અહીંની મુલાકાતે મને ઘણું શીખવાડ્યું છે, જે હું ક્યારેય ભૂલીશ નહીં. આ મહાન નિર્માણ શક્ય બનાવવામાં જે કોઈ મદદરૂપ થયા છે તે તમામને મારી હૃદયપૂર્વકની તમામ શુભેચ્છાઓ પાઠવું છું.'

- **ડૉ. જ્યોજ કેરી, કેન્ટરબરીના આર્કબિશપ :** 'આ મંદિરના બાંધકામ પાછળ જે પ્રેમ અને કાળજી દર્શાવાયાં છે અને સુંદર કામગીરીનો આવિર્ભાવ થયો છે તેનાથી હું ખૂબ પ્રભાવિત થયો છું.'

- **લોલી એબોથૉલ, ગ્રાફિક ડિઝાઈનર :** 'આ સ્થાન શાંતિ, સૌંદર્ય અને આધ્યાત્મિક ઔદાર્યનો સુભગ સમન્વય છે.'

- **જિમિ કાર્ટર, અમેરિકાના પૂર્વ પ્રમુખ :** 'ખૂબ સુંદર અને પ્રેરણાદાયી સ્થાન... મેં ક્યારેય ન જોયું હોય એવી અનુભૂતિ થઈ... જિંદગીમાં ક્યારેય હું આ ભૂલીશ નહીં.'

- **રિચર્ડ બ્રેનસન, અધ્યક્ષ, વર્જિન ગ્રુપ :** 'આ અદ્‌ભુત મંદિર, આલમની મોટી અજાયબી છે. બ્રિટનમાં હિંદુ ધર્મનો પ્રભાવ પાંગરવાની હજુ તો શરૂઆત થઈ છે. હું ખૂબ ખુશ છું ને મને ગૌરવ છે કે આ અદ્‌ભુત સ્થાપત્ય બ્રેન્ટમાં બંધાયું છે. દુનિયાભરના હિંદુઓ માટે આ મોટું યાત્રાધામ બની રહેશે. અહીં તેઓ બ્રેન્ટની વૈવિધ્યસભર સંસ્કૃતિનું પણ દર્શન કરશે. સમગ્ર વિશ્વ માટે આ ઘટના શાંતિ અને વિશ્વાસનો સંદેશ વ્યક્ત કરે છે.'

- **આર. વેંકટરામન્, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ :** 'મેં ઘણાં મંદિરો જોયાં છે, પણ આટલી સુંદરતા બીજે ક્યાંય જોઈ નથી. આવું મંદિર બાંધવું એ માણસના હાથની વાત નથી. ઈશ્વરના પરમ આશિષ વગર આ શક્ય જ નથી.'
- **એલિઝાબેથ બોન્ડ, ઓપેરા ગાયક :** 'ધર્મ અને સંસ્કૃતિનું આવું દર્શન મોહ પમાડે છે. લંડનની મધ્યમાં આ હોવું જોઈએ. જુદા જુદા પ્રકારના અને જુદી જુદી વયના લોકો, ખાસ કરીને આટલા બધા યુવાનોએ અદ્‌ભુત પુરુષાર્થ કર્યો છે. અહીં આપણું ઉષ્માભર્યું સ્વાગત થયું એની સરાહના કરીએ છીએ. આપ સૌની ઉદારતા અને સમભાવ આશ્ચર્યપ્રેરક છે. એક સક્રિય ખ્રિસ્તી તરીકે, આપના ધર્મસમભાવ વલણથી હું ખાસ પ્રભાવિત થયો છું.'

## 'રીડર ડાયજેસ્ટ'એ વખાણ્યું : તાજમહેલની સ્પર્ધા કરતું હિંદુ મંદિર

આવાં તો ઘણાંબધાં ઉત્સાહપ્રેરક વિધાનો વિઝિટર્સ-બુકમાં નોંધાયાં છે.

મંદિર અંગે એક સૌથી રસપ્રદ લેખ ઈઆન પીંડરે લખ્યો છે, જે 'રીડર્સ ડાઈજેસ્ટ'ના નવેમ્બર (૧૯૯૬)ના અંકમાં છપાયો હતો. લેખક એમાં લખે છે કે, કઈ રીતે એક સમાજે એક જૂટ થઈને લંડનમાં તાજમહેલનો જવાબ આપ્યો. લેખનું શીર્ષક આ પ્રમાણે છે : 'દુનિયાની આઠમી અજાયબી - નિસડન'. લેખનો કેટલોક ઉતારો નીચે પ્રમાણે છે :

'લંડનમાં સુંદર મંદિરનું નિર્માણ કરવાની વાતનું મૂળ છેક ૧૯૭૦ના અરસામાં છે. ત્યારે ભારતના એક રાજ્ય ગુજરાતમાંના સૌથી મોટી ધાર્મિક ઝુંબેશના આધ્યાત્મિક નેતાએ સૌ પ્રથમ બ્રિટનની મુલાકાત લીધી હતી. સ્વામિનારાયણ હિંદુ મિશન તરીકે જાણીતા આ સંપ્રદાયમાં હાલ બ્રિટનના હજારો ગુજરાતીઓ પૈકી ચુસ્ત કુટુંબો ૨૦૦૦ છે.

મિશનના ગુરુ છે દિવ્ય અને પવિત્ર પ્રમુખસ્વામી મહારાજ. ૭૫ વર્ષના આ મહાનુભાવ સ્વામીશ્રી તરીકે ઓળખાય છે. આખી દુનિયામાં તેઓ ફરે છે ને સામાજિક-આધ્યાત્મિક પુનરુત્થાનની યોજનાઓ માટે પ્રેરણા આપે છે. તેઓ નામદાર પોપ અને કેન્ટરબરીના ભૂતપૂર્વ આર્કબિશપના મહેમાન બની ચૂક્યા છે. ૧૯૮૮ની સાલમાં બ્રિટનની સંસદે શુભ કાર્ય બદલ તેમને ખાસ સન્માન્યા હતા.

'ઘણાખરા લોકો ૭૫ વર્ષની ઉંમરે તેમણે કમાયેલાં નાણાં અને કીર્તિને વાગોળતા બેઠા હોય છે', 'ફિલાડેલ્ફિયા ઈન્ક્વાયરર'ના સન્ડે ઍડિટર રોનાલ્ડ પટેલ લખે છે, 'સ્વામીશ્રી

પાસે કંઈ નાણાં નથી, પણ એમણે જે સન્માન અને સમર્પણની પ્રાપ્તિ કરી છે, એટલી સંપત્તિ કોઈ ભેગી કરી શકે નહીં.'

ભારતની બહાર તેમણે સર્વ પ્રથમ પ્રણાલીગત હિંદુ મંદિરનું નિર્માણ કર્યું એટલું જ નહીં, સૌંદર્ય અને વ્યાપમાં તાજમહેલની સાથે સ્પર્ધા કરતું ભવન બાંધ્યું. વળી, નજીકમાં જ ઘણું મોટું સાંસ્કૃતિક સંકુલ પણ ઊભું કર્યું છે, જ્યાં બિન-હિંદુઓને હિંદુ ધર્મનો સુપેરે ખ્યાલ આપતું કાયમી પ્રદર્શન સમાવાયું છે.

## એક કરોડ ડૉલરના ખર્ચે બંધાયું શિલ્પકલાના સુંદર નમૂનારૂપ સાંસ્કૃતિક સંકુલ

સમગ્ર સાંસ્કૃતિક સંકુલ શિલ્પકલાનો સુંદર નમૂનો છે. પણ તેનો ખર્ચ એક કરોડ ડૉલર થયો. ક્યાંથી આવી આટલી બધી રકમ ? સ્વામીશ્રીએ એક ધનવાન દાતાની તમામ ખર્ચ ઉપાડી લેવાની ઑફરનો અસ્વીકાર કર્યો હતો. તેઓએ ભંડોળ ઊભું કરવાની બધી જવાબદારી ભક્તજનો પર જ નાખી. નિશ્ચિત સમયમાં કામ પૂરું કરવાનું હતું. સ્વામીશ્રીએ ૧૯૯૫ની ૨૦ ઑગસ્ટની તારીખ આપેલી. નિશ્ચિત મુદતમાં કામ પૂરું કરવા માટે મજબૂત સંકલ્પ સાથે મચી પડ્યા વગર છૂટકો જ નહોતો.

પ્રથમ તો, મિશનના સભ્યોએ તેઓ જે કંઈ આપી શકે તે આપ્યું. પછી, ૧૯૯૨ના જુલાઈમાં દેશ આખામાં ભંડોળ ઊભું કરવાની અવિરામ ઝુંબેશ આરંભી. બે વર્ષ સુધીમાં ભક્તોએ ઘેરઘેર ફરીને લગભગ ૧૪ લાખ પાઉન્ડ ઊભા કર્યા. શરૂઆત સારી હતી, પણ હજુ ઘણું બાકી હતું.

પછી અનુયાયીઓએ, યુવાન અને વડીલો બધાએ ઠેર ઠેર પદયાત્રાઓ કાઢી. લેસ્ટર, બર્મિંગહામ અને અન્ય હિંદુ કેન્દ્રોમાં અનુયાયીઓને ઢંઢોળ્યા. સંખ્યાબંધ માણસો એલ્યુમિનિયમનાં કેન ભેગાં કરવાની મોટી ઝુંબેશમાં જોડાયા. એલ્યુમિનિયમ કેનના રિ-સાઇકલિંગની બ્રિટનની આ મોટામાં મોટી ઝુંબેશ હતી.'

ભારતીય સ્થપતિ સી. પી. સોમપુરા મંદિરના નિર્માણને ઘાટ આપી રહ્યા હતા. મિશને સાંસ્કૃતિક કેન્દ્રના ડિઝાઇનિંગ માટે બ્રિટિશ પેઢી ટ્રીઆડ આર્કિટેક્ટ્સને પણ નિમંત્ર્યા હતા. જ્યારે મદદનીશ કીથ મેનેલે પહેલાં જગ્યા જોઈ ત્યારે તેમણે મોઢું બગાડ્યું હતું : 'આવું સુંદર મંદિર બાંધવા માટે આ બહુ ખરાબ જગ્યા છે.'

પાયો ખોદવાની શરૂઆત કરી એ પહેલાં કેટલોય પ્રદૂષિત કચરો ખાસ લૉરીઓ કરીને દૂર લઈ જવો પડ્યો હતો. મેદાનમાં પાણી ભરાયેલું રહેતું અને ખોદકામ દરમિયાન ઘણીયે

વાર તળિયે ફેલાઈ જતું, પણ ૧૯૯૨ના નવેમ્બર સુધીમાં ૧૯૪ કોન્ક્રેટના ઢગલા મેદાનમાં ૩૦ ફૂટ પાથરી દેવાયા.

પછી, બંધના બાંધકામના અનુભવી એક ઈજનેરે ૨૨,૬૦૦ ફૂટના ફાઉન્ડેશન સ્લેબ માટે ખાસ પ્રકારનું કોન્ક્રિટનું મિશ્રણ તૈયાર કર્યું. શિયાળાનો આરંભ થાય એ પહેલાં જ તેમાં પડ કરી દેવાના હતા. એ માટે એક જ દિવસે ૪,૫૦૦ ટન ભરેલો ૨૨૫ ટ્રક-લોડ માલ બધો ત્યાં ઠાલવી દેવાનો હતો. ૧૯૯૨ના નવેમ્બરમાં મોટો સ્લેબ માટીથી ભરી દેવામાં આવ્યો ને પછી પાંચ મહિના એમ ને એમ રહેવા દેવામાં આવ્યો, જેથી બરાબર જામી જાય.

હિંદુ ધર્મગ્રંથોમાં લખ્યું છે કે મંદિર બાંધવામાં ઈશ્વરે સર્જેલી ચીજવસ્તુઓ જ વપરાય. એટલે કોઈ ધાતુનો ઉપયોગ કરવાનો સવાલ જ નહોતો. મંદિરનો વિશાળ કેન્દ્રીય ગુંબજ (ડોમ) જે આસમાનનું પ્રતિનિધિત્વ કરે છે તેનું ચણતર પૂર્ણપણે એક ઉપર એક પથ્થર મૂકીને કરવામાં આવ્યું હતું. આખા દેશમાં આ પ્રકારનો આ એકમાત્ર ગુંબજ છે, જેમાં ટેકા માટે સ્ટીલનો જરાયે ઉપયોગ થયો નથી.

બ્રિટનથી ૨,૨૮૨ ટન જેટલા ચૂનાના પથ્થર જહાજમાં ગુજરાતના કંડલા બંદરે મોકલાયા હતા. અહીં ૪૫૦ જેટલા પેઢી-દર પેઢીના કામના માહેર કડિયા-કારીગરો તેમને ઘાટ આપવામાં ને કોતરકામમાં મચી પડ્યા હતા.

લગભગ સાડા આઠ મહિના થયા અને તે પછી વ્યક્તિગત નંબર આપ્યા પ્રમાણેના ૨૬,૩૮૦થી વધુ પથ્થરો પાછા લંડન રવાના કરાયા. ૧૯૯૩ના જૂન સુધીમાં પાયાનો પ્રથમ સ્થંભ - કુંભી - તૈયાર કરાયો. એક પછી એક પથ્થરોના થર એકસાથે ગોઠવાતા રહ્યા. અંતે સર્વ ભક્તોએ જોયું કે એમનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. સૌના સહિયારા પ્રયાસનું આ સુફળ હતું. બેન્કરો ઈલેક્ટ્રિશિયન બનેલા, વકીલોએ ઝાડુ માર્યાં હતાં, એકાઉન્ટન્ટોએ ગટરકામ કર્યું હતું...!

## નિયત સમયમાં અસંભવ લાગતું ભગીરથ કાર્ય ૧૫૦૦ સ્વયંસેવકોએ પૂરું કર્યું

છ દિવસના મોટા ઉદ્‌ઘાટન સમારંભના બે અઠવાડિયાં પહેલાં હજુ ઘણું કામ કરવાનું બાકી હતું. પછી ભારતથી સાધુઓનું આગમન થયું અને તેમણે કામ સંભાળી લીધું. કેઈથ મેનલે એમાંના એકને બાજુએ બોલાવીને ચિંતા વ્યક્ત કરી : 'બધું કેવી રીતે પૂરું થશે ?' સાધુએ સ્મિત સાથે કહ્યું, 'બધું થઈ જશે. ઉદ્‌ઘાટન સમયસર જ થશે.' અને એ પ્રમાણે

થશે જ, તમારે એમના વિશ્વાસની સરાહના કરવી જોઈએ. એ વાત મેનલના મગજમાં ઠસી ગઈ.

પણ સાધુઓમાં તો નકરા વિશ્વાસ કરતાંય કંઈક વધારે હતું. મંદિરોના બાંધકામના આયોજનમાં કેટલાક તો ૩૫ વર્ષના અનુભવીઓ હતા. પ્રાચીન પરંપરા સાથે છેડો ધરાવતા હોવા છતાં, એ બધા એક આધુનિક 'ટાસ્ક ફોર્સ' હતા. રોજેરોજ તેઓ બાંધકામની જગ્યાએ સતત ફેરા કરતા, મશીનોની ગડગડાટી વચ્ચે મોબાઈલ ફોન દ્વારા સતત કંઈ ને કંઈ સૂચનાઓ આપતા રહેતા. ગમે તેમ કરીને તેમણે વધુ ૧,૫૦૦ સ્વયંસેવકોને કામમાં લગાડી દીધા અને પછી તો એકાએક બધું જ શક્ય બની ગયું.

ઉદ્‌ઘાટનના આગળના દિવસોમાં, મેનલે સમય કાઢીને વળી એક વાર મંદિરનું નિરીક્ષણ કર્યું. તે વખતે તો તેનું શિખર સ્વચ્છ નીલા આસમાનને આંબી રહ્યું હતું. તેમની નજર સમગ્ર મંદિર પર ફરતી ગઈ અને જોયું તો સરસ ચમકતા મારબલની સીડીને કઠેરો નથી. સલામતીના નિયમોનું પાલન થાય અને મંદિર ખુલ્લું મૂકી શકાય એ માટે ટેકારૂપ થાંભલા મૂકી દેવાયા હતા. પણ બીજા જ દિવસે મેનલ ફરી મંદિરમાં આવ્યા તો જોયું કે સરસ રીતે તૈયાર કરાયેલો કઠેરો સીડી પર મુકાઈ ગયો હતો. રાતોરાત બધું થઈ ગયું હતું. કાર્યકરોના દૃઢ નિર્ધારે મેનલને ફરી ખોટા પાડ્યા.

સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લેનાર કોઈનું પણ સારી રીતે સ્વાગત કરાય છે. મંદિરના છ ઘુમ્મટ અને નવ શિખરો નિસડનના સમગ્ર સંકુલ પર ચમકી રહ્યા છે. અંદરના ભાગમાં સરસ રીતે કોતરેલા આરસના સ્થંભ છે, જેના પર ભારતીય ધર્મગ્રંથોની જુદી જુદી કથાઓ અંકિત કરવામાં આવી છે.

આગળ વધો એટલે તમે ગર્ભદ્વારમાં પહોંચો છો, જ્યાં દેવોની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. ઉપર ઊંચા ગુંબજમાંથી સૂર્યનો હળવો પ્રકાશ ચળાઈને નીચે પરાવર્તન પામે છે. કેન્દ્રમાં અનુયાયીઓ જેમને પરમ પ્રભુ ગણે છે તે ભગવાન સ્વામિનારાયણની પ્રતિમા છે.

સ્વામિનારાયણની પ્રતિમાની બંને બાજુએ તેમનાં અન્ય સ્વરૂપો અને તેમના સાથી ગુરુજનોની પ્રતિમાઓ છે. શીતળ આંખોથી તેઓ નીરખી રહ્યા છે. હથેળી આપણા પર આશિષ વરસાવતી ઊઠેલી છે. ચમકતા લાલ-સોનેરી રંગના વસ્ત્રાભૂષણથી તેઓશ્રી સજ્જ છે. તેમનાં દર્શન જ જીવનના આનંદ-ઉત્સવની ઉજવણીનો અહેસાસ કરાવે છે.

આજે શાળાના વિદ્યાર્થીઓનાં જૂથ અહીં પ્રવાસે આવે છે, બીજા પ્રવાસીઓ આવે છે અને પ્રિન્સ ઑફ વેલ્સે જેને 'લંડનની ભૂમિ-પટ પર સુંદર, ઉત્તેજનાપૂર્ણ ઉમેરો' ગણાવ્યો




લંડનના નિસડન ખાતે હિંદુત્વ ગેલેરીની સમજ



તે મહા-મંદિર અને સાંસ્કૃતિક સંકુલને નિહાળીને કૃતાર્થ થાય છે. સ્થાનિક લોકો પણ ઘણા અભિભૂત થાય છે. પાલ કુપર ૬૫ વર્ષના છે અને ૨૦ વર્ષથી નિસડનમાં રહે છે. તેમનું નાનકડું મકાન મંદિરની જગ્યાની સામે જ છે. મંદિરને પાયાથી શરૂ કરીને બંધાતું તેમણે સતત જોયું છે. તેઓ કહે છે કે બાંધકામ દરમિયાન ઘણો બધો ઘોંઘાટ સહન કરવો પડ્યો હતો. મહિનાઓ સુધી હેરાનગતિ ચાલુ રહી. પછી મંદિરના ભક્તોએ આ બહેનને શાના માટે આ બધું થઈ રહ્યું હતું એ જોવા નિમત્ર્યાં. જોયા પછી એમનું હૃદય ધબકારો ચૂકી ગયું. તેઓ અનુભૂતિ વ્યક્ત કરતાં કહે છે, 'એનાથી વિમુખ રહી શકાય એવું છે જ નહીં. બહુ સુંદર મંદિર પ્રકટ્યું છે.' લાન પિન્ડર ફરી કહે છે, 'તમામ ધર્મના લોકો, નાસ્તિકો પણ અહીં આવે છે અને એકબીજાને પ્રતિભાવ આપ્યા વગર રહી શકતા નથી. હા, મંદિર ખૂબ જ સુંદર છે અને આ તો હજુ શરૂઆત છે.'

## આકાશમાં ભગવાનની દુહાઈ બોલતાં મંદિર નિર્માણ દ્વારા પવિત્ર પુરુષનું મહાન સ્વપ્ન પૂરું થયું

બીજી અંજલિ કેથરીન રાસ્તની છે. તેણી વર્ણવે છે, 'નિસડનનો ચમત્કાર – એક ખ્રિસ્તી મહિલાની અંજલિ.'

અંજલિના શબ્દો નીચે પ્રમાણે છે :

'લંડન શહેરના એક ઔદ્યોગિક જિલ્લા નિસડનમાં ખૂબ જાણીતા પવિત્ર પુરુષ સ્વામીશ્રી મહારાજ પધાર્યા. તેમનું સ્વપ્ન અદ્‌ભુત હતું. તેમણે એક મંદિરની કલ્પના કરી – પ્રણાલિકાગત હિંદુ વિધિએ તૈયાર કરેલું મંદિર, જ્યાં બ્રિટનના હિંદુઓ આવે અને પ્રાર્થના કરે. મંદિરમાં આરસનો જ ઉપયોગ કરવાનો, જે હજારો વર્ષ સુધી ટકી રહે એવો સાબૂત હોય ! ઈટાલિયન માર્બલ (આરસ) અને બલ્ગેરિયાનો ગ્રેનાઈટ ભારત મોકલાયો, જ્યાં તેના પર અદ્‌ભુત કોતરકામ થાય અને સુંદર ઘાટ અપાય. બીજી બાજુ, લંડનમાં જગ્યા તૈયાર થઈ ગઈ. પાયો નંખાયો. કોઈ પ્રયાસ બાકી ન રખાયો.

કામ કરનારા માણસો ક્યાંથી આવશે ? આ પ્રશ્ન જ ન રહ્યો. ઢગલાબંધ સ્વયંસેવકો ઊમટી પડ્યા – તેમના પ્રિય ગુરુના સમર્થનમાં. (ભારતમાં પથ્થર કોતરનારા પણ પાછળ ન રહ્યા.) ભંડોળની જરૂર હતી, તો ભંડોળ ઊભું કરનારાઓએ રોકડના ઢગલા ઊભા કરી દીધા. નાની-મોટી ભેટોનો ખડકલો થઈ ગયો. પુરુષો-સ્ત્રીઓ, બાળકો બધાં જ વપરાયેલાં એલ્યુમિનિયમ કેન ભેગાં કરવામાં લાગી ગયાં. અને તમે માનશો? એલ્યુમિનિયમ કેનના રિ-સાઈક્લિંગમાંથી જે નાણાં ઊભાં થયાં તેનો શરૂઆતથી જ કુલ ભંડોળમાં મોટો હિસ્સો રહ્યો હતો.



કોસંબાના દરિયાકાંઠે મંદિર

મંદિર હવે પૂર્ણ થઈ ગયું છે. ઘણીબધી આશંકાઓ છતાં માત્ર ત્રણ વર્ષમાં જ લક્ષ્ય સિદ્ધ થઈ ગયું. મંદિરના ઘુમ્મટ, મંદિરના સ્થંભ અને મંદિરનાં શિખર ઊંચા આસમાનમાં ભગવાનની દુહાઈ બોલાવી રહ્યા છે. અહીં માત્ર હિંદુઓ માટે જ વાવટા નથી ફરકી રહ્યા, સ્વામીશ્રીનું હૃદય સમગ્ર વિશ્વ જેવું વિશાળ છે. મંદિરના બાંધકામના પ્રારંભમાં જ તેમણે તમામ પંથના, તમામ ધર્મના, તમામ કોમના લોકોના સ્વાગતનું બીજ રોપ્યું છે. આજે મંદિર ખડું છે તેના સંપૂર્ણ કીર્તિમાન સાથે, સંપૂર્ણ પ્રભુત્વ સાથે. 'પવિત્ર પુરુષનું મહાન સ્વપ્ન' અહીં સંપૂર્ણ રીતે મૂર્તિમંત થઈ ચૂક્યું છે.'

લંડનનું મંદિર એક ઉદાહરણરૂપ કથા છે. સ્થાનિકમાં આવી કથાઓ અક્ષરધામ, ગાંધીનગર, કોસંબા-તિથલ-વલસાડ, ઝાડેશ્વર, ભરૂચ અને બીજે બધે સાકાર થઈ ચૂકી છે. આવા દરેક કેન્દ્ર સાથે સ્વામીશ્રીના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ સાથે મળીને કામ કરતા સમર્પિત અનુયાયીઓની કથાઓ વણાયેલી છે. આવું જ વિશ્વનાં અન્ય કેન્દ્રો - નૈરોબી-કેન્યા, ડર્બન-દક્ષિણ આફ્રિકા, ઓકલૅન્ડ-ન્યુઝીલૅન્ડ, અમેરિકામાં ન્યૂ જર્સી અને લૉસ એન્જેલસમાં છે. બે વિશિષ્ટ કેન્દ્રો અને મંદિરો અમેરિકામાં શિકાગો અને હ્યુસ્ટન ખાતે ઊભાં કરાયાં છે.

## અમેરિકા અને કેનેડામાં નવાં ભવ્ય મંદિરો

### ટોરેન્ટો મંદિર :
### 'અદ્‌ભૂત - સ્થાપત્યકલાનો ચમત્કાર'

પ્રમુખસ્વામી મહારાજે ૨૦૦૭માં બે નવા પરંપરિત 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરો બાંધ્યા. એક ટોરોન્ટોમાં અને બીજું ઉત્તર અમેરિકાના એટલાન્ટામાં. ટોરોન્ટો મંદિરનું ઉદ્‌ઘાટન ૨૩મી જુલાઈએ કરવામાં આવ્યું. ઘણા અખબારોના મથાળામાં તેની સ્થાપત્યકીય ભવ્યતા અને નિર્માણના જુસ્સાને બિરદાવતા શબ્દો છપાયા : 'અદ્‌ભૂત મંદિર, સ્થાપત્ય કલાનો ચમત્કાર.' કેનેડાના અખબારોએ પ્રશંસા કરી, તેમાં 'ધ ગાડીઅન'માં લખાયું : 'ટોરેન્ટોનું ઘરેણું' (ટોરોન્ટો સન) : 'ટોરોન્ટોના હિન્દુ મંદિરમાં ગૂંથાયું ટોરેન્ટોની વેલ-બુટ્ટીનું ભરતકામ' (ગ્લોબ એન્ડ મેઈલ); '૧,૦૦૦ વર્ષ સુધી ટકી રહે એવા ટોરેન્ટોમાં બંધાયેલા પથ્થરના ભવ્ય મંદિરમાં ખરેખર પુરાતન અને અર્વાચીન કલાનું સંયોજન' (ધ રેકોર્ડ).

કેનેડાના તત્કાલીન વડાપ્રધાન માન સ્ટીફન હાર્પિસે આ મંદિરને 'કેનેડાના સીમાચિહ્ન' તરીકે વર્ણવ્યું. કેનેડાના સ્થાપત્ય વિષયના કટાર લેખક ક્રિસ્ટોફર હ્યુમે લખ્યું : ''ત્રણ વર્ષે પૂરું થયેલું આ નવું મંદિર તેના નાજૂક નકશીકામમાં યુરોપના સૌથી વિસ્તૃત કેથડ્રેલોની પણ સ્પર્ધા કરે છે. તે આ દેશમાં જોવા મળતા સૌથી અસામાન્ય સ્થાપત્યોમાંનું એક છે.''

## એટલાન્ટા મંદિર :
## ઉત્તર અમેરિકાનું સૌથી મોટું મંદિર

પ્રમુખસ્વામી મહારાજે ૨૬ ઓગષ્ટ, ૨૦૦૭માં એટલાન્ટામાં 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરી. તે અમેરિકામાં ત્રીજું 'બી.એ.પી.એસ.' શિખરબંધી મંદિર છે અને ઉત્તર અમેરિકામાં સૌથી મોટું છે. આ પ્રસંગે સ્વામીશ્રીએ કહ્યું, "આ મંદિર માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય માટે નથી, એ બધાને માટે છે. કોઈપણ વ્યક્તિ જેટલી વધુ મંદિરની મુલાકાત લેશે અને જેટલો વધુ સત્સંગમાં ભાગ લેશે એટલી વધુ અંતરની શાંતિનો તેને અનુભવ થશે. ગીતા, ઉપનિષદો, ભાગવત અને બીજા શાસ્ત્રોનો આદર કરો. તમારા ધર્મમાં અડગ રહ્યો અને બીજાઓના ધર્મની કદિ ટીકા ન કરો."

મંદિર નિર્માણમાં સેવા આપનાર તમામ ૧૪૦ કારીગરોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું, "તમે સૌએ સત્સંગના કાર્યમાં ફાળો આપ્યો છે અને સાથે સાથે આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું છે. તમે બધાએ સારી સેવા કરી છે. અમે ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ છીએ કે, તમે અને તમારા કુટુંબોને શાંતિ મળે અને તમે આ રીતે સંસ્થાની સેવા કરતા રહો. તમે સૌએ પૂરા દિલથી સેવા આપી છે એટલે ભગવાન તમારી રક્ષા કરશે."

## સીનો હિલ્સ, સી.એ. :
## યુ.એસ.એ.નું ભવ્ય શિખરબદ્ધ મંદિર

ડિસેમ્બર ૨૦૧૨માં આ શિખરબદ્ધ મંદિરનું ભવ્ય ઉદ્‌ઘાટન થયું. આ દ્વારા અમેરિકામાં સત્સંગ પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તરાતો ગયો.

## ત્રીજું 'અક્ષરધામ' :
## યુ.એસ.એ.માં ઐતિહાસિક રચના

પ્રથમ 'અક્ષરધામ' ગુજરાત રાજ્યની રાજધાની ગાંધીનગરની ધરતી પર રચાયું. તે પછી વિશ્વની અજાયબી સમાન બીજું 'અક્ષરધામ' ભારતની રાજધાની નવી દિલ્હી ખાતે રચાયું.

વિશ્વની અજાયબી સમાન ત્રીજું 'અક્ષરધામ' રોબીન્સ વીલા, ન્યુ જર્સી ખાતે આકાર લઈ રહ્યું છે. આ મંદિરની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૨૨ જુલાઈ, ૨૦૧૨ના રોજ શાહીબાગ મંદિર, અમદાવાદ ખાતે મંગલમય દિવ્ય વાતાવરણમાં દબદબાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ખૂબ જ ટૂંકા ગાળામાં તૈયાર થનારું આ મંદિર વિશ્વની એક અપ્રતિમ કૃતિ હશે, જે આધ્યાત્મિકતા પ્રેરિત વિશ્વશાંતિના આલ્હાદ દ્વારા માનવ સંસ્કૃતિને ઉજાગર કરનાર નિવડશે.

આ તો મોટાં મોટાં કેન્દ્રોની વાત થઈ, નાનાં નાનાં તો સંખ્યાબંધ કેન્દ્રો ભારતમાં અને આ બધા દેશોમાં પણ છે. સ્વામીશ્રીની ઉંમર થઈ હોવા છતાં અને આરોગ્યના પ્રશ્નો છતાં તેઓ નિયમિત રીતે નાનાં ને મોટાં કેન્દ્રોમાં વિચરણ કરતા જ રહે છે.

આ બધાં પ્રાર્થના-કેન્દ્રો શાંતિ, સંવાદ અને પ્રેમનું પ્રસારણ કરે છે. સ્વામીશ્રીનો સંદેશ આ જ છે. અહીં ધર્મઝનૂનની, ધિક્કારવૃત્તિની કે ભૌતિક સગવડો આપીને લોભથી ધર્માન્તરની કોઈ વાત નથી. દરેક કેન્દ્રમાં પુરુષો-સ્ત્રીઓ-બાળકો બધાં અધ્યાત્મના પાઠ ભણે છે. શાંતિ-પ્રિય સમૂહો સાથે મળીને હિંદુ માર્ગનું સરળ જીવન જીવે છે.


સદીઓ પહેલાં હિંદુધર્મ દેશની સરહદો પાર કરીને બહાર વિસ્તર્યો હતો. વિદેશી ભૂમિ પર તેની પ્રભાવક અસરો પડી હતી. કમ્બોડિયા, લાઓસ, ઇન્ડોનેશિયા વગેરે દક્ષિણ-પૂર્વ એશિયાના અનેક દેશોમાં હિંદુ મંદિરો મળી આવે છે. તાજેતરના સમયમાં પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ.ની પદ્ધતિસરની ઝુંબેશના પરિણામે દુનિયાના ૪૪ દેશોમાં મંદિરો અને કેન્દ્રો ખૂલી ગયાં છે. અલબત્ત, ભક્તજનોમાં મુખ્યત્વે દેશથી સ્થળાંતર કરી ગયેલા ભારતીયો છે. પણ નિસડન મંદિરના પ્રકરણમાં જોયું એમ સ્થાનિક વસતી પણ પ્રભાવિત થતી ગઈ છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે આ ઝુંબેશના પરિણામે આપણાં કુટુંબો અને નવી પેઢી પર પશ્ચિમી ભૌતિકવાદની સંસ્કૃતિનું આક્રમણ ખાળી શકાયું છે. પ્રાચીન આધ્યાત્મિક મૂલ્યોની ફરી પ્રતિષ્ઠા થઈ છે. આ બધાં જ મંદિરો, એમ કહી શકાય કે સ્થાનિક વસતીના યોગદાનથી જ ઊભાં થયાં છે. એ બધાએ સંપૂર્ણ દિલથી સહયોગ આપ્યો છે.

સ્વામીશ્રીની રાહબરી હેઠળ, જીવનનો હિંદુ માર્ગ, તેનું આધ્યાત્મિક તત્ત્વ, તેની સહિષ્ણુતા અને શાંત વલણો, કુટુંબમાં એકતા, માતાપિતા અને વડીલો પ્રત્યે માનની લાગણી અને સમાજ માટે આત્મભોગ – આ બધી જ સારી વાતો દુનિયા આખીમાં ફેલાઈ છે.


• • •




સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ –
(બી.એ.પી.એસ.) બાલોત્સવની સુવર્ણ જયંતી પ્રસંગે
અક્ષરધામ, ગાંધીનગર ખાતે બાળકો સાથે



રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામનું
અભિવાદન કરતા સ્વામીશ્રી



ભારતના વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહનું
અભિવાદન કરતા સ્વામીશ્રી



ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ સાથે સ્વામીશ્રી

# ૪. બાળસંસ્કાર દ્વારા ભાવિ સમાજ નિર્માણ

## ડૉ. અબ્દુલ કલામ, અડવાણીજી, નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગાંધીનગર 'અક્ષરધામ' ખાતે મહોત્સવની ઉજવણી

બાળક એ માનવજાતનો પિતા છે. કુટુંબમાં બાળકોનો ઉછેર ખૂબ મહત્ત્વનો છે કારણ, કુટુંબનું ભવિષ્ય જ બાળક કે બાળકી મોટાં થઈને કેવાં થાય છે તેના પર અવલંબે છે. આ જ બાબત સમગ્ર સમાજ માટે પણ સાચી છે, પરંતુ ઘણી વાર બાળઉછેરની બાબત તરફ 'આંખ આડા કાન' કરાય છે - ખાસ કરીને આજના આધુનિક જમાનામાં, જેને આપણે 'કળિયુગ' કહીએ છીએ.

પ્રમુખસ્વામી મહારાજે ભાવિ સમાજના નિર્માણ માટે વારંવાર આધ્યાત્મિક મૂલ્યોના વિકાસ પર ભાર મૂક્યો છે. તેઓશ્રીની પ્રેરણા હેઠળ કેટલાંયે શિશુ-કેન્દ્રો ઊભાં થયાં છે. ખૂબ વ્યસ્ત રહેતા હોવા છતાં સ્વામીશ્રી આ કેન્દ્રોની મુલાકાત લઈ બાળકોને મળવાનો અને તેમના સવાલોના જવાબ આપવાનો સમય કાઢે જ છે.

નીચેના પાનાઓમાં 'બી.એ.પી.એસ.' (બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) દ્વારા આયોજિત 'બાળમહોત્સવ'ની વિગતો અપાઈ છે. ગાંધીનગર ખાતેના 'અક્ષરધામ'માં આ મહોત્સવ યોજાયો હતો. ૨૦૦૪ના ફેબ્રુઆરીમાં 'બી.એ.પી.એસ. બાળ કલ્યાણ પ્રવૃત્તિ'ને ૫૦ વર્ષ પૂરાં થયાં તેના ભાગરૂપે ઉજવણી થઈ હતી.

તે દિવસે અક્ષરધામમાં ૨૦,૦૦૦ બાળકો ભેગાં થયાં હતાં અને નારંગી, લીલા અને સફેદ રંગનાં ૨૦,૦૦૦ બલૂન આકાશમાં ઉડાડ્યાં હતાં. બાળપ્રવૃત્તિના આદ્યસ્થાપક બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને ભવ્ય અંજલિ આપતી આ ઉજવણી હતી.

મહોત્સવમાં ભાગ લેનારાં બધાં ૧૪ વર્ષની નીચેનાં બાળકો હતાં. સમગ્ર ગુજરાતમાં આવેલાં બી.એ.પી.એસ.નાં શિશુ-કેન્દ્રોમાંથી એમની પસંદગી કરાઈ હતી. ખુદ પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ મુખ્ય મહેમાન તરીકે મહોત્સવમાં ભાગ લેવા આવ્યા હતા. અન્ય મહાનુભાવોમાં તે વખતના નાયબ વડાપ્રધાન શ્રી એલ. કે. અડવાણી, રાજ્યના

રાજ્યપાલ શ્રી કૈલાસપતિ મિશ્ર અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો સમાવેશ થતો હતો.

## નૈતિક મૂલ્યો અને દેશભક્તિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક

આખોય કાર્યક્રમ નૈતિક મૂલ્યો અને દેશભક્તિ પર જ હતો. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ભારતના રાષ્ટ્રપતિ સાથે બાળકોની પ્રશ્નોત્તરી બેઠક પણ યોજાઈ હતી.

કાર્યક્રમનો આરંભ બે છોકરાઓની કથા સાથે થયો. એક માછીમારનો દીકરો (ભારતના રાષ્ટ્રપતિ) હતો અને એક ખેડૂતનો દીકરો (પ્રમુખસ્વામી મહારાજ) હતો. પછી બાળકોનાં દેશભક્તિનાં ગીતો અને નૃત્યનો કાર્યક્રમ હતો. તે પછી દુનિયાભરમાં સ્થપાયેલાં 'ચિલ્ડ્રન ફોરમ' (શિશુ-કેન્દ્રો) કઈ રીતે કામ કરે છે એની રજૂઆત ગીત-નૃત્ય-સંવાદ દ્વારા થઈ. ગીતના શબ્દો હતા : 'હમ બાલસભામેં જાતે હૈ - જીવન કો ધન્ય બનાને'.

ફૂલો અને પક્ષીઓના સ્વાંગમાં પછી બાળકોની રંગરંગીન રજૂઆત થઈ. તેઓ નાચતા હતા, ગાતા હતા અને બાળકોના ફોરમનો ઉદ્દેશ રજૂ કરી રહ્યા હતા. આમાં સારું ચારિત્ર્ય, શિક્ષણ, આરોગ્ય અને નૈતિકતાનો મહિમા દર્શાવાયો હતો.

મહોત્સવનો બીજો પ્રસંગ હતો જીવંત રજૂઆતનો - બાળકોની વ્યસનવિરોધી રેલી નીકળી. વ્યસનવિરોધી સૂત્રો ઉચ્ચારતા અને ગીતો ગાતા બધા સભાની વચ્ચેથી કૂચ કરી ગયા.

એ પછી બાળ - ફોરમના ભૂતપૂર્વ સભ્યો, જેમણે કંઈ સિદ્ધિ મેળવી હોય એમના બહુમાનનો કાર્યક્રમ હતો. આવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર કેટલાક સભ્યોની વિગત નીચે આપી છે. (બાળ ફોરમમાં તેમના જોડાવાનું વર્ષ કૌંસમાં દર્શાવ્યું છે.)

**યશવંત જેઠવા** (૧૯૭૪) - તેણે બાળ વયમાં જ પિતા ગુમાવ્યા. નીચલા મધ્યમ વર્ગનું તેનું કુટુંબ હતું. યુવાન આગળ વધી આઈ.પી.એસ. (ઇન્ડિયન પોલીસ સર્વિસ) માં જોડાયો અને મધ્ય પ્રદેશમાં ડી.એસ.પી. (ડિસ્ટ્રિક્ટ સુપ્રિટેન્ડન્ટ ઑફ પોલીસ)ની પદવી સુધી પહોંચ્યા છે.

**રાજેશ ધાનકા (૧૯૭૨)** - તે ૧૯૮૦માં ભારતીય હવાઈ દળમાં જોડાયા. હાલમાં જોઈન્ટ ડિરેક્ટર, પર્સનલ તરીકે કામગીરી બજાવે છે.

**મિનેશ પટેલ (૧૯૭૭)** - લંડનના ફોરમમાં તે જોડાયા હતો. હાલમાં બ્રિટિશ એરવેઝમાં ફ્લીટ-મેનેજર છે. એરફોર્સ ૧, જેમાં બ્રિટિશ વડા પ્રધાન સફર કરે છે, એ વિમાન ઉડાડે છે.

**ડૉ. હરિકૃષ્ણ દોશી** (૧૯૭૭) - ૧૯૭૯માં આંતરરાષ્ટ્રીય બાળ મહોત્સવમાં તેણે ૧૦

ઍવોર્ડ જીત્યા હતા. તે બ્રિટનમાં ખૂબ જાણીતા હૃદયરોગ નિષ્ણાત છે. માત્ર ૩૩ વર્ષની ઉંમરે સ્કોટલૅન્ડમાં ૮૦૦ થી વધુ ઓપન હાર્ટ ઑપરેશનો કરી ચૂક્યા છે.

**ગિરીશ પટેલ (૧૯૬૦)** - તે લંડનના ફોરમમાં જોડાયા હતો. માત્ર ૧૯ વર્ષની ઉંમરે તે આંતરરાષ્ટ્રીય 'પોલ વૉલ્ટર' બન્યો. બ્રિટનની ઑલિમ્પિક ટીમમાં પણ એનો સમાવેશ છે.

**દિવ્યેશ ટેઈલર (૧૯૭૮)** - લાખ્ખો રૂપિયાની પ્રોપર્ટી ડેવલપમેન્ટ કંપનીમાં ઉદ્યોગ-સાહસિક તરીકે તેમનો વિકાસ થયો. ૨૯ વર્ષની વયે તેમને '૨૦૦૪ની યંગ પ્રોપર્ટી પર્સનાલિટી' તરીકે નવાજવામાં આવ્યા હતા.

**વિપુલ વાઘેલા (૧૯૮૧)** - અમદાવાદમાં 'ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન'માં (ઇસરો) તે સીનિયર વૈજ્ઞાનિક હતા. દેશમાં વિકસાવાતા ઉપગ્રહો અને રિમોટ સેન્સિંગ ટેક્નોલૉજી પર તેઓ કામ કરી રહ્યા હતા. હાલમાં તેઓ બી.એ.પી.એસ. સંસ્થાના અમદાવાદના વડા મથક અક્ષરપીઠ પ્રકાશન સંસ્થાને પૂર્ણ સમય સેવાઓ આપી રહ્યા છે.

ઉપર નામ આપ્યાં છે એમાંના ઘણાખરા નીચલા મધ્યમ વર્ગીય કુટુંબોમાંથી આવે છે અને ગ્રામ વિસ્તારના છે. બીજા પણ ઘણા છે જેમના દાખલા આપી શકાય એમ છે. દરેકને નૈતિક મૂલ્યોમાં પૂરો વિશ્વાસ હતો. જીવનમાં જે કાંઈ સિદ્ધ કરવાનો સંકલ્પ કર્યો હતો તે પ્રત્યે પૂરી પ્રતિબદ્ધતા હતી.

## ડૉ. કલામે દર્શાવી
## સુંદર-સમૃદ્ધ-સલામત ભારતની કલ્પના

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામે બાળકોને સંબોધતાં કહ્યું હતું :

"નમસ્તે મિત્રો, મને અત્યારે સુપ્રસિદ્ધ સંત ત્યાગરાજે તેલુગુમાં લખેલા કીર્તનની પંક્તિ યાદ આવે છે - 'એન્ડારો મહાનુભાવુલુ અન્ડારીકી ના વંદના માલુ.' એનો અર્થ થાય — 'અનેક મહાન પ્રતિભાઓ અહીં હાજર છે અને તેમને મારા વંદન છે.' એ મહાન સંતે કહ્યું હતું એમ જ હું પણ તમને બધાને સલામ કરું છું. તમામ 'મહાનુભાવુલુ' - તમામ બાળકોનું — હું અભિવાદન કરું છું.

"મિત્રો, જ્યારે હું અહીં પ્રમુખસ્વામીના પ્રમુખપદે યોજાયેલી સભામાં અને ભગવાન સ્વામિનારાયણના મંદિરમાં હાજર છું ત્યારે કેવું સુંદર વાતાવરણ છે એ તો જુઓ ! ખૂબ જ સુંદર, દિવ્ય વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. ક્યાંથી આવ્યું આ સુંદર વાતાવરણ ? જ્યારે પણ કંઈ સુંદર હોય, ત્યારે સુંદર વાતાવરણ જ સર્જનનું સર્જક બની


પ્રાર્થનાસભામાં બાળકો

રહે છે. એક કલાકથી હું અહીં બેઠો છું ને લોકોને, બાળકોને જોઈ રહ્યો છું. કેટલા ઉદ્યમી છે આ બધાં ! અહીં ઉપસ્થિત છે તે તમામ ૨૫,૦૦૦ બાળકો અને આજનો આ પ્રસંગ ટી.વી. ચેનલો પર જોઈ રહેલાં બીજાં પાંચ લાખથી વધુ બાળકોને, જ્યાં પણ તે હોય ત્યાં, મારા ખાસ અભિનંદન આપું છું. મારી દુવાઓ અને ભગવાનની કૃપા તમારી સાથે જ છે.

“મિત્રો, હું જોઉં છું કે એક સુંદર ઘટના સાકાર થઈ છે - ‘બી.એ.પી.એસ.’નાં ૫૦ વર્ષ અને બાળકોને તેણે આપેલી સેવાઓ. મેં એ પણ જોયું કે સંસ્થાએ સર્જેલી મહાન હસ્તીઓમાં કેવો ઉત્સાહ ફેલાયો છે. આજના આ મહાન પ્રસંગ માટે પ્રમુખસ્વામી મહારાજનું હું ખાસ અભિવાદન કરું છું. દિવ્ય વાતાવરણમાં આજનો આ દિવસ શક્ય બન્યો એ તેમને જ આભારી છે.

“તમને કદાચ ખ્યાલ નહીં હોય, પણ સ્વામીશ્રીને હું ૨૦૦૧ની ૧૩મી જૂને મળ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ સાથેની એ સુંદર મુલાકાત હતી. અમે લગભગ ૯૦ મિનિટથી વધારે સાથે રહ્યા હતા. એ વખતે અમે ‘ભારત-૨૦૨૦’નો નકશો તૈયાર કરી રહ્યા હતા. ભારત-૨૦૨૦ એટલે શું? એનો અર્થ શો ? અર્થ એ છે કે તમે બધાં જ્યારે ૨૫ વર્ષનાં થાઓ, ૩૦ વર્ષનાં થાઓ, ત્યારે તમે એક સુંદર ભારતને જુઓ, સુખી ભારતને જુઓ. સમૃદ્ધ, સલામત ભારતને જુઓ.”

## વિકાસ માટેના આયોજનમાં પ્રમુખસ્વામીએ સૂચવેલા નૈતિકતા-આધ્યાત્મિકતાના સમાવેશનો સ્વીકાર કર્યો

તેમણે કહ્યું, “મારી પાસે દેશના ૫૦૦ નિષ્ણાતોએ તૈયાર કરેલો નકશો હતો એ નકશો લઈને પ્રમુખસ્વામી સાથે હું લગભગ બે કલાક બેઠો હતો. ભારત કઈ રીતે વિકસિત રાષ્ટ્રમાં રૂપાંતર થાય એ હું તેમને કહી રહ્યો હતો. લગભગ ૨૬ કરોડ લોકો ગરીબી રેખાની નીચે જીવન ગુજારે છે તેમને ઉપર લાવવાના છે. આપણા દેશનો આર્થિક વિકાસ (જીડીપી-ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) ૧૦ ટકાએ પહોંચવો જોઈએ અને દસ વર્ષ સુધી એ સપાટીએ ટકવો જોઈએ.

“પ્રમુખસ્વામી મહારાજે મને શાંતિથી સાંભળ્યો. પછી તેમણે પૂછ્યું, ‘કયાં એવાં ઓજારો છે, કયાં એવાં સાધનો છે જે દેશ આખામાં સમૃદ્ધિ લાવી શકે ?’ મેં તેમને કહ્યું, ‘પાંચ ક્ષેત્રો દ્વારા એકસાથે સંકલિત રીતે સમૃદ્ધિ આવશે. પાંચ ક્ષેત્રો તે આ : આરોગ્ય અને શિક્ષણ એકસાથે, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ એકસાથે અને પછી ખૂબ મહત્ત્વનું ક્ષેત્ર તે માળખાકીય સુવિધાઓ (ઇન્ફ્રાસ્ટ્રક્ચર) અને વીજળી ઉત્પાદન- ૩,૦૦,૦૦૦ મે. વૉ.

વીજળી ઉત્પાદન તેમજ નદીઓમાં જોડાણ. આ બધાં મહત્ત્વનાં ક્ષેત્રો છે અને પાંચમું ક્ષેત્ર તે ચાવીરૂપ ટેક્નોલૉજીમાં આત્મ-નિર્ભરતા'.

"મેં મારાં બધાં પુસ્તકો, ગ્રાફ અને કોમ્પ્યૂટરમાંથી જે કાંઈ કાઢ્યું હતું તે બધું તેમની સમક્ષ ધરી દીધું. આ બધાની હું તેમની સાથે ચર્ચા કરી રહ્યો હતો અને... પછી તેઓશ્રીએ મને એક પ્રશ્ન પૂછ્યો. એ એક પ્રશ્ન ખરેખર આજે પણ મને પડઘાયા કરે છે.

સ્વામીએ કહ્યું, 'કલામ, વિકાસનાં આ પાંચ ક્ષેત્રોમાં હજુ કંઈ ખૂટે છે.'

મેં સ્વામીશ્રીને પૂછ્યું, 'શું ખૂટે છે ?'

તેમણે કહ્યું, 'તમારે આ પાંચ ક્ષેત્રો સાથે નૈતિક-આધ્યાત્મિક હિસ્સાનો પણ સમાવેશ કરવો જોઈએ.'

"હવે, આ કઈ રીતે કરવું ? આજે આપણે બધા વિકસિત ભારત માટે કામ કરી રહ્યા છીએ. વિકસિત ભારત તમે કઈ રીતે બનાવશો ? પ્રમુખસ્વામીને મળ્યા પછી મેં નિર્ણય કર્યો. ભારતનો મહાન વારસો, મહાન સંસ્કૃતિ, કેટલાંક મૂળભૂત મૂલ્યોની પ્રતિષ્ઠાના કારણે છે. આધુનિક સમયમાં પણ વિકાસની પ્રક્રિયામાં મૂલ્યોની પ્રતિષ્ઠા અત્યંત મહત્ત્વની બનવી જોઈએ. મને દર્શન થયું કે સૌથી વધારે મહત્ત્વની વાત સારો નાગરિક, વિદ્વાન અને જાણકારીથી સમૃદ્ધ નાગરિક ઊભો કરવાની છે. આવા એક નહીં, અબજો નાગરિકો આ દેશમાં ઊભા થવા જોઈએ."

## ભૂ-ખંડમાં શાંતિ અને વિકાસની પ્રાપ્તિ માટે મૂલ્ય આધારિત શિક્ષણ અનિવાર્ય

ડૉ. કલામે વધુમાં કહ્યું, "આજે જ્યારે આ ભવ્ય પ્રસંગ માટે હું અહીં આવ્યો છું ત્યારે મારા મનમાં જરાયે શંકા નથી કે ખરી જરૂર શાંતિ અને વિકાસની પ્રાપ્તિ માટે બહુવિધ વલણ અપનાવવાની છે. માત્ર ભારત માટે જ નહીં, આખાયે ભૂ-ખંડ માટે આ જરૂરી છે. આ આપણે કઈ રીતે કરીશું ? સૌ પ્રથમ વાત એ છે કે શિક્ષણ મૂલ્ય-આધારિત થવું જોઈએ. હું ક્યાંય પણ જાઉં છું તો જોઉં છું કે જ્યાં પણ કોઈ આધ્યાત્મિક પ્રતિભા ઉપસ્થિત હોય ત્યાં એ પ્રકારની અધ્યાત્મ પદ્ધતિ અને સેવાઓ હોય જ છે. મેં જોયું છે કે, વર્ગોમાં કોઈ શિક્ષણ અપાયું ન હોય તો પણ, વાતાવરણ પોતે જ બાળકોને મૂલ્યોની પદ્ધતિના પાઠ ભણાવી દે છે.

"આ જ બાબત આજે આ સ્થળે, આ કેમ્પસમાં, મેં જોઈ છે. પાંચ લાખ બાળકો જ્યાં પણ ભણતા હોય ત્યાં, તમામ શિક્ષણના લાભ મેળવી રહ્યા છે, તે સાથે મૂલ્યોનો મહિમા પણ સારી પેઠે ગાંઠે બાંધી રહ્યા છે. આ મહાકાર્ય માટે સ્વામિનારાયણ મંદિરના તમામ હોદ્દેદારોને જેટલા અભિનંદન અપાય એટલા ઓછા છે.

"ખાસ કરીને આપણા માટે, ભારત માટે, તમે જાણો છો એમ આ દેશમાં ૫૪ કરોડ યુવાનો છે. બીજા કોઈ પણ લોકશાહી રાષ્ટ્રમાં ૨૫ વર્ષથી નીચેના હોય એવાં આટલાં બધાં યુવાન-યુવતીઓ છે જ નહીં. આ ભારતની મોટી સંપત્તિ છે. મજબૂત, શક્તિશાળી સંપત્તિ છે, જેને પ્રયોજવામાં આવે તો ધરતી પર, ધરતીની ઉપર ને ધરતીની નીચે, એના જેટલું મોટું શક્તિશાળી પરિબળ બીજું કોઈ નથી. ભારતમાં તો ચોક્કસપણે આ બધા યુવાનો ભાવિ ભારતના નિર્માણના મજબૂત સ્તંભો જ છે. મારે ખુલ્લા દિલે કહેવું જોઈએ કે આ ભવ્ય સ્થળે, જે કાંઈ કામ થઈ રહ્યું છે તે સમગ્ર રાષ્ટ્રના વિકાસ માટે ઘણું મહત્ત્વનું છે.

"ઈશ્વરે સુંદર સૃષ્ટિ સર્જી છે. આ સુંદર સૃષ્ટિ પરના દરેક નાગરિકની જવાબદારી છે કે તે સુંદર નાગરિક બની રહે. સુંદર નાગરિક તમે કઈ રીતે બનશો ? બહુશ્રુત નાગરિક કઈ રીતે બનશો ? આનો એક જ જવાબ છે - મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને શિક્ષણથી જ આવા નાગરિક બને. ખૂબ મહત્ત્વની બાબત મૂલ્યોના શિક્ષણની છે. મને ખાતરી છે કે આ સંસ્થા 'બી.એ.પી.એસ.' આ દિશામાં મહાન કામગીરી કરી રહી છે. વહાલાં બાળકો, તમે સારા માનવી બની જ શકો. યુવાન વયે મૂલ્યોના પાઠ બરાબર ભણ્યા હોવ તો સુંદર નાગરિક ચોક્કસ બની શકો."

## સ્વામીશ્રીનો ઉપદેશ :
## "ઈશ્વર-સમર્પણ દ્વારા આત્માની મોક્ષ પ્રાપ્તિ કરો"

પૂજ્ય પ્રમુખસ્વામીએ આ પ્રસંગે સંબોધન કરતાં કહ્યું કે, "આપણી ભારતીય સંસ્કૃતિ અને ફિલસૂફીની સમજણ ઘોડિયામાંથી જ શરૂ થઈ જવી જોઈએ. પહેલાં તો વ્યક્તિએ વ્યક્તિનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ, કારણ કે આપણે તો માત્ર ભૌતિક શરીર જોઈને એને જ સાચું સ્વરૂપ સમજી બેસીએ છીએ. શરીર નાશવંત છે, તે મટી જાય છે, આપણે આ જોઈએ જ છીએ છતાં એનો મોહ છોડી શકતા નથી. આના કારણે આપણે ધંધામાં અને બીજાં અનેક કામોમાં ઘણી મુશ્કેલીઓ ને અવરોધોનો સામનો કરવો પડે છે. ધર્મગ્રંથો કહે છે કે આપણું કામ, પછી એ રાજકીય, સામાજિક, ધંધાકીય કે ગમે તે પ્રકારનું હોય, એમાં દેશ પ્રત્યેની પ્રતિબદ્ધતા હોવી જ જોઈએ. આપણે ઈશ્વરમાં શ્રદ્ધા


રાખીએ અને ધર્મગ્રંથોમાંથી શીખીએ. ધર્મગ્રંથો આપણને શીખવે છે કે, 'હું આત્મા છું, અને ઈશ્વર પ્રત્યેના સમર્પણથી મારે મોક્ષની પ્રાપ્તિ કરવાની છે.' બીજી જે વાત શીખવે છે તે એ કે, આપણને મળેલું શરીર આપણે મોક્ષની પ્રાપ્તિ માટે, સમગ્ર માનવજાતના વિકાસ અને શ્રેય માટે વાપરવાનું છે.

"આ મુદ્દા પર, ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે, 'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણમ્, વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા' - જાતને ત્રણ શરીરથી અલગ બ્રહ્મસ્વરૂપ ગણવી અને ભગવાન (શ્રીકૃષ્ણ)ની ભક્તિમાં લીન થઈ જવું, સમર્પિત થઈ જવું. હું શરીર નથી, હું આત્મા છું, આત્મા અનંત, અવિનાશી અને સુખથી ભરપૂર છે એ વિશ્વાસ દૃઢ બનાવો. આત્માને 'અહમ્' નથી, ઈર્ષા નથી, 'મારા'-'તારા'ની કોઈ વૃત્તિ નથી. એ અવિનાશી છે. ક્યારેય એનો નાશ થતો નથી. શરીરનો ત્યાગ કર્યા પછી જો સારાં કર્મ કર્યાં હશે તો તે પરમાત્મામાં ભળી જશે. સારાં કર્મ નહીં હોય તો ફરી જન્મ-મરણના ફેરામાં જવું પડશે. ટૂંકમાં, જો આપણે આપણા ધર્મગ્રંથોની ભાષા બરાબર સમજીએ તો આપણાં બધાં જ કામ આસાનીથી કરી શકીએ. ધર્મગ્રંથો આપણો પાયો છે.

## યોગીજી મહારાજ જેવો જ
## ડૉ. કલામનો બાળકો પ્રત્યેનો પ્રેમ

યોગીજી મહારાજ ગામડાંમાં ફરતા ત્યારે સાંજે આરતી માટે બાળકોને ભેગાં કરતા. ઢોલ વગાડવા, ઘંટનાદ કરવા અને પછી પ્રસાદ ખાવા બાળકો હોંશેહોંશે મંદિરમાં આવતાં. આ રીતે યોગીજી મહારાજ રોજ ગામનાં પચાસેક બાળકો સાથે બેસતા અને આ શીખ આપતા : જીવનનો હેતુ ઈશ્વરની ભક્તિ કરવાનો છે. ઈશ્વરને સમર્પિત થાઓ. તેઓ તેમને યાદ કરાવતા : 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, આત્મા અને પરમાત્મા.' બાળકો પ્રત્યે તેઓને ખૂબ જ પ્રેમ હતો. નાના-મોટાનો તેમને કોઈ ભેદ નહોતો. બાળકોની સાથે જ બેસી જતા ને તેમની સાથે વાતો કરતાં. જે કોઈ આવે એને આ જ વાત કરતા અને એ રીતે જ્ઞાનનો પ્રસાર થતો રહેતો.

"આજે આ જ સિદ્ધાંત આપણે આપણા રાષ્ટ્રપતિ કલામ સાહેબના જીવનમાં જોઈએ છીએ. રાષ્ટ્રની સેવામાં સતત વ્યસ્ત રહેતા હોવા છતાં તેઓશ્રી આ બાળકોના કાર્યક્રમમાં ખાસ પધાર્યા છે. બીજાં કામ બાજુ પર મૂકીને આપણા માટે સમય ફાળવ્યો છે. તેમણે જરાયે વિચાર્યું નથી કે, 'હું તો રાષ્ટ્રપતિ છું, બાળકો સાથે મારે શું વાત કરવાની? શા માટે હું જાઉં ?' બધાં જ કામ બાજુ પર મૂકીને તેમણે અહીં આવવાનો સમય કાઢ્યો છે. બાળકો સાથેની પ્રશ્નોત્તરી બેઠકમાં ખૂબ પ્રેમ અને લાગણીથી પ્રશ્નોના જવાબ આપ્યા છે.



સનાતમ ધર્મનાં નગારાં-યુવાનોના સમૂહમાં સ્વામીશ્રી

બાળકોની મૂંઝવણમાં રસ્તા બતાવ્યા છે અને આ ઘણી મોટી વાત છે. સામાન્યતઃ ખૂબ ઊંચા હોદ્દા પર બેઠા હોય એમને બાળકોના પ્રશ્નોમાં કોઈ રસ ન હોય, પણ કલામ સાહેબને તો બાળકો માટે ઉમદા લાગણી છે. તેઓ હંમેશ બાળકોને મળવા અને તેમની સાથે વાતો કરવા આતુર હોય છે. બાળકોના દેશપ્રેમને તેઓ બિરદાવે છે અને દેશના હિતમાં પ્રશ્નોના જવાબ આપવા સતત ઉત્સુક હોય છે. ૨૦૨૦ની સાલ સુધીમાં, તેઓ ભારતને એક વિકસિત રાષ્ટ્ર તરીકે જોવા ઈચ્છે છે. તેમના લક્ષ્યાંકો ઘણા ઊંચા છે. સંપત્તિ અને સમૃદ્ધિના રૂપમાં ભારતનો વિકાસ થવો જોઈએ અને એ જરૂરી છે. પણ ભૌતિક પ્રગતિ સાથે નૈતિક મૂલ્યોનો વિકાસ પણ એટલો જ જરૂરી છે. આપણામાંની નૈતિકતા એ જ આપણી મોટી મૂડી છે. આ સંપત્તિ જાળવવી રહી. બાહરી વિકાસની સાથોસાથ આપણો આંતરિક વિકાસ પણ થવો જોઈએ અને એમ થાય તો આજે જુદા જુદા લોકો વચ્ચે પૂર્વગ્રહ, ગમા-અણગમા, 'મારા'-'તારા'ની લાગણી વગેરે બધું મટી જાય. આપણામાંની બધી અધૂરપો આપણે નિવારવી જોઈએ અને મૂલ્યનિષ્ઠ થવું જોઈએ. દરેકમાં સદ્ગુણ હોય છે - કોઈમાં એક, કોઈમાં બે, કોઈમાં પાંચ. એવા જ અવગુણો પણ હોય છે, પણ એનાથી ગભરાવાની કાંઈ જરૂર નથી. આપણે વિકાસ સાધવો છે, એટલે દરેકમાં કંઈક સારું જ શોધીએ. નાના-મોટા બધાના સદ્ગુણોનો સરવાળો કરીશું તો આપણે ઘણુંબધું પામીશું. એને બદલે જો આપણે બીજાના અવગુણ જ જોયા કરીશું તો જે સદ્ગુણ હશે તેનો પણ લોપ થઈ જશે. અવગુણોના જ ગુણાકાર થશે.

## બાળકો ભગવાન સ્વામિનારાયણનો સંદેશો ફેલાવે - દરેક બાળક પાંચ લોકોને વ્યસનમુક્ત કરે

"ભગવાન સ્વામિનારાયણે ૫૦૦ સાધુઓ તૈયાર કર્યા હતા ને દરેકને કહ્યું હતું, 'જ્યારે તમે ગામડાંમાં જશો ત્યારે લોકો તમને જાકારો આપશે, અવગણના કરશે, ગાળો વરસાવશે અને મારશે પણ ખરા. આ બધું તમારે સહન કરવાનું, કારણ કે તમે લોકોને સહાયરૂપ થવા, એમને મુક્તિ આપવા જન્મ્યા છો. વ્યસનોથી મુક્ત, નીતિમત્તાવાળું જીવન જીવવાની તમારે એમને પ્રેરણા આપવાની છે.' ભગવાન સ્વામિનારાયણે તમામ સાધુઓને આ સૂચના આપી હતી અને આજે આપણા રાષ્ટ્રપતિએ બાળકોને આવી જ શિખામણ આપી : દરેક બાળક કમ-સે-કમ પાંચ લોકોને વ્યસનમુક્ત કરે.

"આજના વાતાવરણમાં વ્યસનોથી દૂર રહેવાનું ઘણું મુશ્કેલ છે. આમ છતાં, બાળકોએ તેમની ઝુંબેશમાં આ માટે પ્રયાસ કર્યો જ છે. કેટલાંક બાળકોએ માર પણ ખાધો, છતાં પ્રયાસ છોડ્યા નથી. ભગવાન સ્વામિનારાયણના સમયમાં સાધુઓને વારંવાર માર ખાવાનો

વારો આવ્યો હતો, પણ તેઓએ લોકોને વ્યસન-મુક્ત કરવાનું કામ સતત ચાલુ જ રાખ્યું હતું. પરિણામે હજારો લોકો વ્યસન-મુક્ત બનીને સારી રીતે જિંદગી જીવતા થયા હતા. એ જ રીતે અહીં બાળકોએ વ્યસનની પકડમાંથી લોકોને મુક્ત કરાવવાનો ઉમદા મનસૂબો કર્યો છે. ભારતના રાષ્ટ્રપતિએ આ દિશામાં આપણને પ્રોત્સાહન મળે એવા વિચારો વ્યક્ત કર્યા છે.

ભારત આપણો દેશ છે. ઘણાબધા મહાન પુરુષો ને અવતારો અહીં જન્મ્યા છે. તેમની પ્રેરણાદાયી વાણીનો આપણને લાભ મળ્યો છે. આજે, આપણે ભલે ગમે એટલી મુશ્કેલીઓમાંથી પસાર થતા હોઈએ, પણ આપણી સંસ્કૃતિ અને આપણાં મૂલ્યો જળવાયાં છે, કારણ એમના શબ્દો પેઢીઓની પેઢીઓ સુધી પહોંચ્યા છે ને અસરો જન્માવી છે. આપણા જીવનમાં તેમના એકાદ બે શબ્દો પહોંચે તોય આપણને ટકી રહેવાનું સામર્થ્ય મળે. આપણને થાય અને પૂછીએ પણ ખરા કે આવી વાતોની શું અસર થાય ? પણ આપણને જો શ્રદ્ધા હોય અને તેમની વાતોને સ્વીકારીએ, તો નિશ્ચિત છે કે આપણો દેશ પ્રગતિ કરશે, નૈતિક ને ભૌતિક બધી રીતે સમૃદ્ધ થશે. દેશમાં શાંતિ પણ આવશે, ને વિકાસ પણ.''

સમગ્ર કાર્યક્રમ ખૂબ યાદગાર હતો. 'બી.એ.પી.એસ.' સાથે સંકળાયેલાં બાળકોના બધા કાર્યક્રમ આ રીતે જ રજૂ થતા હોય છે. જે બધાં ભાગ લે છે કે જુએ છે તેઓ ઘણુંબધું શીખે છે, તેઓ બાળકો હોય કે માતાપિતા કે શિક્ષકો કે ગમે તે હોય. બાળકોમાં નીતિનાં મૂલ્યો વિકસે એ પ્રમુખસ્વામી મહારાજને ખાસ ગમતી વાત છે.

## 'બી.એ.પી.એસ.' બાળ ફોરમનાં સુવર્ણ વર્ષની ઊજવણી

'બી.એ.પી.એસ.'નું બાળકોનું ફોરમ સૌ પ્રથમ ૧૯૫૪માં અસ્તિત્વમાં આવ્યું. આ પ્રવૃત્તિએ કઈ રીતે મહત્ત્વ મેળવ્યું અને મુખ્ય પ્રવૃત્તિ બની ગઈ એની ટૂંકી વિગતો નીચે આપી છે. નીતિમય જીવન તરફ જવા બાળકોને પ્રેરવાં, તેમનામાં આત્મવિશ્વાસ ઊભો કરવો અને જીવનમાં આગળ વધવા મજબૂત ઇચ્છા-શક્તિ ઊભી કરવી એ બધું ખૂબ મહત્ત્વનું છે. આ રસ્તે આગળ વધતાં બાળકો જીવનનાં તમામ ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરે છે. કૌટુંબિક મૂલ્યોને બરાબર સાચવે છે. માતા-પિતા પ્રત્યે પૂરું માન ધરાવે છે ને એવું જ માન સમાજના અન્ય લોકો તરફ પણ રાખે છે.

૧૯૫૪ : યોગીજી મહારાજે મુંબઈમાં માટુંગા ખાતે વાલી-મંડળ સ્થાપ્યું.

૧૯૫૫ : અટલાદરા ખાતે મળેલા 'બી.એ.પી.એસ.'ના યુવક અધિવેશનમાં બાળકોની પ્રવૃત્તિને વેગ આપવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ.

૧૯૫૬ : નૈરોબી, કેન્યામાં પ્રથમ બાળ-અધિવેશન.

૧૯૫૭ : મોમ્બાસા, કેન્યામાં બીજું બાળ-અધિવેશન.

૧૯૬૨ : યુગાન્ડામાં કમ્પાલા ખાતે ત્રીજું બાળ-અધિવેશન.

૧૯૬૪ : ટાન્ઝાનિયામાં વાન્ઝા ખાતે ચોથું બાળ-અધિવેશન.

૧૯૬૬ : બાળકો માટેનું પ્રથમ શૈક્ષણિક સાહસ - ગોંડલમાં 'ગુરુકુળ નિવાસી શાળા'ની સ્થાપના.

૧૯૬૯ : અટલાદરામાં પ્રથમ અખિલ ભારત બાળ-યુવક અધિવેશન.

૧૯૭૦ : નૈરોબી અને કમ્પાલામાં બાળ-યુવક અધિવેશન.

૧૯૭૦ : બ્રિટનમાં લંડન બાળ-મંડળ સ્થપાયું.

૧૯૭૧ : ગોંડલમાં બીજું બાળ-યુવક અધિવેશન.

૧૯૭૨ : બાળકો અને યુવાનો માટે સત્સંગ કસોટીઓ દાખલ થઈ.

૧૯૭૩ : સેલવાસ, દાદરા-નગર હવેલીમાં બાળકોની પ્રવૃત્તિઓનો આરંભ.

૧૯૭૪ : લંડનમાં પ્રથમ બાળ-યુવક અધિવેશન.

૧૯૭૪ : ન્યૂયોર્ક, યુ.એસ.એ.માં બાળ-મંડળ સ્થપાયું.

૧૯૭૬ : વલ્લભ વિદ્યાનગરમાં ત્રીજું આંતર્રાષ્ટ્રીય બાળ-યુવક અધિવેશન.

૧૯૭૮ : ગોંડલમાં અખિલ ભારત બાળ-યુવક અધિવેશન.

૧૯૭૯ : બી.એ.પી.એસ.ની બાળ-પ્રવૃત્તિઓની રજત જયંતી ઉજવાઈ. આ દરમિયાન અભ્યાસ-ઝુંબેશ ચલાવાઈ. સાંસ્કૃતિક કાર્યક્રમો થયા. લંડનના બાળ-મંડળને રાષ્ટ્ર સંઘની માન્યતા મળી. જનજાગૃતિ ઝુંબેશ ચલાવાઈ. આરોગ્ય અંગે જાગૃતિ અને બાળકો માટેના નિદાન કેમ્પ થયા. જુદી જુદી સ્પર્ધાઓ યોજાઈ અને પ્રકાશનો પણ થયાં.

૧૯૭૯ : 'આંતર્રાષ્ટ્રીય બાળ-વર્ષ'ની ઉજવણી નિમિત્તે વિદ્યાનગરમાં આંતર્રાષ્ટ્રીય બાળ-મહોત્સવ યોજાયો. ૩,૦૦૦ જેટલાં પસંદ કરેલાં બાળકોએ ભાગ લીધો.

૧૯૮૦ : યુ.કે.માં રાષ્ટ્રીય બાળ-યુવક અધિવેશન.

૧૯૮૧ : બાળકોનાં ફોરમની પ્રવૃત્તિઓના સંકલન માટે અમદાવાદમાં 'બાળ-પ્રવૃત્તિ કેન્દ્ર'ની કચેરી સ્થપાઈ.

૧૯૮૪ : અમેરિકામાં પ્રથમ રાષ્ટ્રીય બાળ-યુવક અધિવેશન.

૧૯૮૫ : અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની અર્ધશતાબ્દી દરમિયાન, અમદાવાદમાં યોજાયેલી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ (યોગ-યજ્ઞ)માં હજારો બાળકોએ ભાગ લીધો.

૧૯૮૮ : બાળકોના ફોરમના સ્વયંસેવકોને માર્ગદર્શન મળે એ માટે 'બાળ ઘનશ્યામ' પત્રિકાનો આરંભ થયો.

૧૯૮૯ : વિદ્યાનગરમાં બીજો આંતર્રાષ્ટ્રીય બાળ-મહોત્સવ - ૧૫,૦૦૦ બાળક-બાલિકાઓએ ભાગ લીધો.

૧૯૯૧ : અમેરિકામાં ન્યૂ જર્સી, એડિસન ખાતે ભારતના સાંસ્કૃતિક મહોત્સવ દરમિયાન બાળકોએ પોતાનો કાર્યક્રમ રજૂ કર્યો.

૧૯૯૧ : મધ્ય પૂર્વ ઑસ્ટ્રેલિયા, ન્યૂઝિલૅન્ડ અને દૂર પૂર્વના દેશોમાં બાળકોની પ્રવૃત્તિઓ આરંભાઈ.

૧૯૯૨ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ગાંધીનગરમાં શતાબ્દી ઉજવણી દરમિયાન, તાલીમ પામેલા પાંચ બાળકોએ આખી 'બાલનગરી' (ચિલ્ડ્રન્સ વન્ડરલૅન્ડ) અને તેના ૨૮ વિભાગોનું સારી રીતે સંચાલન કર્યું. 'બાળનગરી'ની મુલાકાત ૩,૫૦૦,૦૦૦ લોકોએ લીધી. આ પ્રસંગે 'બી.એ.પી.એસ.' સંસ્થાએ બાળકો અને તેમના પ્રશિક્ષકો સાથે મળીને અત્યાર સુધીની મોટામાં મોટી વ્યસન-મુક્તિ ઝુંબેશ ચલાવી.

૧૯૯૩ : વાર્ષિક પ્રાદેશિક બાળ અધિવેશનનો પ્રારંભ.

૧૯૯૩ : અમેરિકા અને બ્રિટનનાં બાળ મંડળોએ ભારતની વાર્ષિક સાંસ્કૃતિક મુલાકાતનું આયોજન શરૂ કર્યું.

૧૯૯૩ : પર્યાવરણ સંબંધમાં જાગૃતિ ઊભી કરવાના હેતુથી બ્રિટનનાં ૫૦૦થી વધુ બાળ - બાલિકાઓએ ત્રણ વર્ષ સુધી નકામા કેન (પીપડાં) ભેગાં કરવાની કામગીરી કરી. આવાં ૨૫ લાખ એલ્યુમિનિયમનાં કેન ભેગાં કર્યાં.

૧૯૯૪ : મુંબઈમાં બાળકોનાં ૫૦ જૂથોએ જુદી જુદી હૉસ્પિટલોના દર્દીઓની મુલાકાત લીધી. તેમને સાંત્વન આપ્યું અને જલદી સારા થઈ જાય એવી પ્રાર્થના કરી. તેમણે ૭૧૧ લોકોને વ્યસન-મુક્ત પણ કરાવ્યા.

૧૯૯૪ : પસંદ કરેલાં બાળકોને નિષ્ણાતોએ જાહેર વક્તૃત્વની ખાસ તાલીમ આપી.

૧૯૯૪ : વિદ્યાનગરમાં પ્રથમ બાળ-બાલિકા કાર્યકર તાલીમ-શિક્ષકોનું અધિવેશન યોજાયું. ૧,૬૧૩ કાર્યકરોએ ભાગ લીધો.

૧૯૯૫ : વાર્તા-કથન બેઠકો - દીવાળીની રજાઓમાં મુંબઈમાં ૭૫૦ વાર્તા-કથન બેઠકો યોજાઈ, જેમાં ૭૧,૨૫૦ બાળકોએ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠીમાં ૨૨,૫૦૦ વાર્તાઓ કહી.

૧૯૯૫ : 'પ્રમુખસ્વામી મહારાજના અમૃત મહોત્સવ' દરમિયાન, ૧,૬૦૦ તાલીમબદ્ધ બાળકોએ વિશાળ 'બાળનગરી' અને તેના ૨૫ વિભાગોની વ્યવસ્થા કરી.

૧૯૯૫ : લંડનમાં નિસડનના નવા મંદિરના ઉદ્‌ઘાટન દરમિયાન, ૨૫૦થી વધુ તાલીમબદ્ધ બાળક-બાલિકાઓએ 'બાળનગરી'નું સંચાલન કર્યું. ૧૦,૦૦૦થી વધુ લોકોએ બાળનગરીની મુલાકાત લીધી.

૧૯૯૫ : ગુજરાતમાં અને મુંબઈમાં ૭૫,૧૩૧ બાળકોએ વ્યસન-મુક્ત જીવનનો સંદેશ આપવા ૧,૨૨,૩૧૬ લોકોનો સંપર્ક કર્યો.

૧૯૯૬ : અમેરિકા અને કેનેડામાં રાષ્ટ્રીય બાળ-અધિવેશન યોજાયાં.

૧૯૯૭ : પ્રાદેશિક બાળ-અધિવેશનો. જુદા જુદા ૧૦૦ પ્રદેશના ૨૦,૦૦૦થી વધુ બાળકોએ ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોની ૫૩ જગ્યાઓએ ૧૪ સ્પર્ધાઓમાં ભાગ લીધો.

૧૯૯૭ : એક હજાર સાતસો પસંદગીનાં બાળક-બાલિકાઓએ વાર્તા-કથન સ્પર્ધામાં ભાગ લીધો. ૫૬૦ બાળકોએ જાહેર વક્તૃત્વની તાલીમ શિબિરમાં હાજરી આપી.

૧૯૯૭ : ૩૫ કેન્દ્રોનાં બાળકોએ પાંચ સ્થળોએ મળેલાં પ્રાદેશિક બાળ-અધિવેશનોમાં ભાગ લીધો.

૧૯૯૮ : બોચાસણ ખાતે યોજાયેલ પ્રથમ બાળ-કાર્યક્રમ અધિવેશન. ૪૨૫ વરિષ્ઠ કાર્યકરોએ તાલીમ પૂરી કરી.

૧૯૯૮ : જુદાં જુદાં ૨૪ સ્થળોએ આંતર્‌રાષ્ટ્રીય વિભાગીય બાળ-પ્રવૃત્તિ કાર્યકર અધિવેશન યોજાયાં. ૨,૦૦૦થી વધુ કાર્યકરોએ ભાગ લીધો.

૧૯૯૯ : જુદાં જુદાં ૨૧૮ શહેરો અને ગામોમાં ત્રણસો ત્યાંશી તાલીમબદ્ધ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા. ૨,૩૬,૪૦૦ લોકોને વ્યસન-મુક્ત થવા અને સારું જીવન જીવવા પ્રેરણા આપી.

૧૯૯૯ : યુ.કે. અને યુ.એસ.એ.માં અંગ્રેજીમાં 'બાળ ઘનશ્યામ'નો પ્રારંભ.

૨૦૦૦ : ૧૦,૦૦૦ તાલીમબદ્ધ બાળક-બાલિકાઓએ તેમની ઉનાળાની રજાઓ દરમિયાન વ્યસન-મુક્તિ ઝુંબેશ ચલાવી. ગુજરાતનાં શહેરો અને ગામડાંમાં બધા ફરી વળ્યા અને ૮,૦૦,૦૦૦ લોકોને મળીને તેમને વ્યસન-મુક્ત થવા સમજાવ્યા.

૨૦૦૦ : 'બી.એ.પી.એસ.'ની 'ચિલ્ડ્રન્સ વિંગ'નું સમાજની તેની સેવાઓ બદલ ગુજરાતના રાજ્યપાલશ્રીએ સન્માન કર્યું.

૨૦૦૦ : અમેરિકાની રાષ્ટ્રીય શિબિરમાં આઠસો પસંદગીનાં બાળકોએ ભાગ લીધો.

૨૦૦૧ : યુ.કે. માં રાષ્ટ્રીય બાળ પ્રવૃત્તિ કાર્યકર શિબિર - ૧૩૦થી વધુ કાર્યકરોએ ભાગ લીધો.

૨૦૦૧ : યુ.કે.ની રાષ્ટ્રીય બાલશિબિરમાં ૨૦ કેન્દ્રોના બાળકોએ હાજરી આપી. ૫૮૦ માતા-પિતાએ તેમની તાલીમ માટેના સેમિનારમાં ભાગ લીધો.

૨૦૦૧ : ૧,૨૭૫થી વધુ બાળકોએ બાળ-બાલિકા શિબિરમાં હાજરી આપી. ૩૬૦થી વધુ બાળક-બાલિકાઓએ અધિવેશનમાં સ્પર્ધા કરી.

૨૦૦૨ : 'સ્વામિનારાયણ બાળ-પ્રકાશ' – બાળકોને નીતિના પાઠ શીખવવાનું સર્વપ્રથમ મેગેઝીન શરૂ કર્યું.

૨૦૦૨ : યુ.એન. - યુનિસેફ તરફથી ન્યૂયોર્કના સેમિનારમાં ભાગ લેવા 'બી.એ.પી. એસ.'ને નિમંત્રણ મળ્યું.

૨૦૦૩ : 'સ્વામિનારાયણ બાળ-પ્રકાશ'ની અંગ્રેજી આવૃત્તિ શરૂ થઈ.

૨૦૦૩ : લંડનમાં સર્વ પ્રથમ શિશુ-અધિવેશન યોજાયું, જેમાં પાંચ સ્પર્ધામાં ૩ થી ૫ વર્ષનાં ૧૦૦ બાળકોએ ભાગ લીધો.

૨૦૦૩ : બી.એ.પી.એસ. ચિલ્ડ્રન ફોરમની સુવર્ણ જયંતીની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમો યોજાયા.

૨૦૦૪ : અક્ષરધામ, ગાંધીનગર ખાતે યોજાયેલ ભવ્ય સુવર્ણ જયંતી સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે હાજરી આપી. ૨૦,૦૦૦ બાળકો ઉપસ્થિત હતાં.

'બી.એ.પી.એસ.'ના તમામ કેન્દ્રો, એ જ્યાં હોય ત્યાં, દર વર્ષે આવા કાર્યક્રમો યોજાય છે. તેનાથી બાળકો પોતાના ચારિત્ર્ય ઘડતરની દિશામાં પ્રેરિત થાય છે, પડકારો ઝીલવાની હિંમત પ્રાપ્ત કરે છે અને આજ્ઞાકિંત બને છે.

## યુવા પ્રવૃત્તિ દ્વારા યુવાનોમાં સંસ્કાર સિંચનની અવિરત ધારા

૧૯૫૨માં બ્રહ્મસ્વરૂપ પૂજ્ય યોગીજી મહારાજ દ્વારા સ્થાપિત યુવા પ્રવૃત્તિનો ષષ્ટીપૂર્તિ મહોત્સવ ૬ જાન્યુઆરી, ૨૦૧૩માં સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે ખૂબ જ દબદબાપૂર્વક યોજવામાં આવ્યો. દેશવિદેશ અને ભારતના ગામેગામથી આવેલા ૬૦,૦૦૦ થી વધુ યુવકો-યુવતીઓએ તેમાં ભાગ લીધો. વિવિધ કાર્યક્રમો દ્વારા સંસ્કારી સમાજના ઘડતર દ્વારા શું ન થઈ શકે, વિવિધ રજૂઆતો અને રચનાઓ દ્વારા તેની ઝાંખી કરાવવામાં આવી.

આપણે જોઈએ છીએ કે ઘણા યુવાન લોકો તેમનાં માતા-પિતાને વિદેશ બોલાવે છે – વૅકેશન માટે નહીં, તેમની સેવા કરવા માટે. ખોરાક રાંધવાનો, બાળકોને ઉછેરવાનાં – આ બધું કામ મા-બાપ પર છોડવામાં આવે છે. યુવાનો પછી મુક્ત રહીને પશ્ચિમી ઢબનું જીવન માણી શકે. વિદેશ રહેતા આપણા લોકો પર પશ્ચિમના સંસ્કારની આ અસર છે. અલબત્ત, પશ્ચિમનાં માતાપિતા અમુક હદથી વધુ તેમનાં સંતાનોની કોઈ દરકાર કરતાં નથી. આ લેખકે વિદેશના આપણાં કુટુંબો પર ‘બી.એ.પી.એસ.’ના કેન્દ્રોના નૈતિક માર્ગદર્શનની અસર સ્પષ્ટ જોઈ છે. જ્યારે પણ તેઓ વિદેશ ગયા અને આવાં કુટુંબો સાથે રહ્યા ત્યારે આ અનુભવ થયો છે. લંડનમાં અજિતભાઈ અને દક્ષાબહેન પટેલને ત્યાં તેમજ ડલાસમાં ડૉ. દવેને ત્યાં રહ્યા ત્યારે આવી જ અનુભૂતિ થઈ. આ બધાં કુટુંબો સંગઠિત રહી શક્યા છે, જ્યારે બીજાં અનેક કુટુંબો ધાર્મિક હોવા છતાં, પરંપરાગત કૌટુંબિક મૂલ્યોથી વિમુખ થઈ ગયાં છે, સંતાનો માબાપને છોડી ગયાં છે. સત્સંગી કુટુંબોમાં માબાપની પૂરી કાળજી લેવાય છે અને સંતાનો મહેમાનોનો પણ સારો આદર-સત્કાર કરે છે. આપણે ત્યાં, અહીં પણ, આ સાચું જ છે. સંતાનોનું વર્તન વધારે સારું હોય છે અને આત્મવિશ્વાસ છલકાતો હોય છે. તેઓ કંઈ ને કંઈ સિદ્ધિ મેળવે જ છે. ભાવિ પેઢી માટે આ મોટું મૂડીરોકાણ છે ને એમાં પ્રમુખસ્વામી મહારાજની જ પ્રેરણા છે.

• • •





# ૫. ગુજરાતમાં ભૂકંપ - એકલવીરોની રાહત બ્રિગેડ

## સ્વામીશ્રીએ માનવતાની સહાયની નવી વ્યાખ્યા આપી : ૧૦૦ થી વધુ ગામડાઓમાં રાહત અને પુનઃસ્થાપન કાર્ય

શિયાળાની ઠંડી રાત... સમય રાતના ૧૧.૫૦... ભૂજમાંના 'બી.એ.પી.એસ.' ભૂકંપ રાહત કેમ્પમાં ભૂકંપગ્રસ્તોને રાહત પહોંચાડવામાં સતત લાગેલા રહેલા સ્વયંસેવકો અને સાધુઓ થોડો આરામ કરી રહ્યા હતા. પણ ટેલિફોનની ઘંટડી વાગી ત્યારે કેટલાક તો સતર્ક જ હતા. ફોનમાં અવાજ આવ્યો :

'હેલો, આજે કેટલા માણસોને જમાડ્યા ?'

'ત્રેવીસ હજાર, સ્વામીશ્રી' બ્રહ્મવિહારી સ્વામીએ જવાબ આપ્યો.

'ભચાઉ, રાપર, અંજાર અને ખાવડામાં તાકીદે ખોરાકની જરૂર છે. ગરમ ભોજન આપવા માટે આપણે તાત્કાલિક સ્થળ પર રસોડાં શરૂ કરવાં પડશે...'

'પણ એ શક્ય નહીં બને.'

'કેમ ?'

'કારણ ત્યાં પાણી, વીજળી કે બીજી કોઈ સગવડ નથી. એટલે બીજી સંસ્થાઓની જેમ આપણે પણ ફૂડ પેકેટ વહેંચીએ છીએ...'

'ફૂડ પેકેટ તો બરાબર છે, પણ એ ઠંડાં હોય છે. જો લોકોને ગરમ ખોરાક આપી શકીએ તો એમને સારું લાગશે. માતા ભલે **દિવસમાં ત્રણ વાર**, પણ ઠંડો ખોરાક આપતી હોય તો કુટુંબના સભ્યોને લાગે કે માને એમની પ્રત્યે પ્રેમ નથી, દરકાર નથી. એ સામે, તમે માત્ર એક કપ ગરમ દૂધ આપો તો પણ ઘણો ફરક પડી જાય.'

આ સંવાદથી માનવજાતની સેવાની વ્યાખ્યાએ જ નવો અર્થ ધારણ કર્યો. તે રાત્રે પ્રમુખસ્વામી મહારાજના એક ટેલિફોને માનવીય સેવાનો નવો સંદર્ભ આપી દીધો. બીજા જ દિવસે ચાર નવાં સામૂહિક રસોડાં શરૂ થયાં અને ઉપરના વિસ્તારોમાં ગરમ ભોજન પીરસાવા માંડ્યું.

કુદરતી હોનારતથી ત્રસ્ત થયેલા લોકોને સહાય માટે સ્વૈચ્છિક સેવાની સરવાણી ઊભી કરી એ સ્વામીશ્રીનું ઘણું મોટું પ્રદાન હતું. સામાન્યતઃ રાહત-કામ એ સરકારની જવાબદારી ગણાય છે. તેઓશ્રીએ તેમની સંસ્થામાં જ કોઈ પણ માનવીય કે કુદરતી આપત્તિમાં તત્કાળ મદદે દોડી જાય એવું કાયમી તંત્ર ઊભું કર્યું. જ્યારે પણ કોઈ આફત આવે છે ત્યારે 'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકો સૌ પ્રથમ રાહત માટે દોડી જતા હોય છે. નાત-જાતના કોઈ ભેદ વગર તેમનો સહાયનો પ્રવાહ વહેતો હોયછે.

સ્વામીશ્રીએ રાહત-કામને નવું પરિમાણ આપ્યું. ખોરાક અને આશ્રયની કામચલાઉ વ્યવસ્થા કરવામાં જ તે પૂરું નથી થતું, કુટુંબોનો કાયમી પુનર્વસવાટ થાય એવું આર્થિક-સામાજિક માળખું ઊભું કરવા સુધી તે વિસ્તરે છે.

ઉપરની ટેલિફોનિક વાતચીત એ ગુજરાતમાં ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ સવારે ૮-૪૬ કલાકે ત્રાટકેલા મહાવિનાશક ભૂકંપ પછી ઘણા મોટા પાયા પર હાથ ધરાયેલી રાહત કામગીરીનો એક ભાગ હતો. પડકાર ખૂબ મોટો હતો અને 'બી.એ.પી.એસ.' સંસ્થાએ સ્વામીશ્રીના માર્ગદર્શન હેઠળ પૂરી તાકાતથી તે ઉપાડી લીધો હતો. અત્યંત કરુણ ઘટના હતી, લોકોને ભયંકર આઘાતની સ્તબ્ધતામાંથી બહાર લાવવાના હતા. એ માટે શારીરિક અને માનસિક બંને રીતે મોટો આધાર આપવાનો હતો. સંસ્થાએ ૧૦૦ થી વધુ ગામડાંમાં તમામ પ્રકારની રાહત અને પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓ હાથ ધરી. એકલા હાથે આટલી બેનમૂન કામગીરી કરનાર આ એકમાત્ર સંસ્થા હતી. સ્વામીશ્રીની પ્રેરણાથી ચાલતી સ્વૈચ્છિક સેવાની ઝલક દર્શાવવા આ કામગીરીનો નક્કર દાખલો અપાયછે.

## ભૂકંપ – જાન્યુઆરી, ૨૦૦૧ના આઘાત પછી આપત્તિગ્રસ્ત વિસ્તારો ફરી પૂર્વવત્ ધબકતા થયાં

જાન્યુઆરી માસનો એ દિવસ, ગુજરાતના ઈતિહાસમાં ખરાબમાં ખરાબ દિવસ તરીકે નોંધાયો છે. પ્રજાસત્તાક દિનની ઉજવણી પૂરબહારમાં ચાલતી હતી એ જ વખતે આ ભયંકરતા ત્રાટકી અને જાણે ધરતીને કરવતથી વહેરી નાખી. લોકો સાવ ઊંઘતા ઝડપાયા. અમદાવાદ અને ભૂજ જેવાં મોટાં શહેરોમાં તબાહી બોલી ગઈ. રાજ્યભરનાં હજારો ગામડાંમાં માતમ ફેલાયો.

ગણતરીની ક્ષણોમાં ૨૦,૦૦૦ માણસોની લાશો ઢળી ગઈ. લાખ્ખો ઘાયલ થયા. કચ્છ તો ભૂકંપનું કેન્દ્ર હતું. ૧૮,૦૦૦ થી વધુ માણસો અહીં મોતને ભેટી ગયા. ત્યાંનાં મુખ્ય શહેરો ભૂજ, અંજાર, ભચાઉ, રાપર અને ૯૦૦ થી વધુ ગામડાં જાણે કાળના ખપ્પરમાં આવી ગયાં. માલ-મિલકત અને જાનની ખુવારીનો પાર ન રહ્યો.

આજે કચ્છ જિલ્લો ફરી ગુજરાતના અન્ય જિલ્લા જેવો સામાન્ય બની ગયો હોય અને


BROTHER
BAPS

પહેલાંના જેટલા જ વેગથી ધબકતો હોય તો એમાં 'બી.એ.પી.એસ.'ના તનતોડ રાહત-પ્રયાસોનો ઘણો મોટો ફાળો છે.

## 'બી.એ.પી.એસ.' સ્વયંસેવકોએ ૪૫ દિવસ ૨૪ કલાક રસોડાં ચાલુ રાખ્યા, ભોજન પીરસ્યાં

પ્રમુખસ્વામી મહારાજ કલાકે-કલાકે રાહત-કામગીરીની દોરવણી સતત આપતા હતા.

- ભયંકર ઘટનાથી ભારે દુઃખ, શોક અને માંદગીમાં સરી પડેલા હતપ્રભ લોકોને તેઓશ્રીએ અદ્ભુત શામક સ્પર્શ આપ્યો. દુર્ઘટના બની એ પછી ૭૫ મિનિટમાં તો ભૂજના 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરનું રાહત-રસોડું તૈયાર હતું. પ્રથમ ગાળામાં જ ૪,૦૦૦ લોકોને ગરમ ભોજન પૂરું પાડવામાં આવ્યું. એ વખતે ખરેખરી ભયંકરતાનો તો કોઈને બહુ ખ્યાલ પણ નહોતો. 'બી.એ.પી.એસ.'ના સાધુઓ અને સ્વયંસેવકો મિનિટોમાં તૈયાર થઈ ગયા અને રાહતની સામગ્રી સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. તે પછી તો 'બી.એ.પી.એસ.'નાં રાહત-રસોડાં સતત ૪૫ દિવસ ચાલ્યાં. રોજ ૪૫,૦૦૦ લોકો જમતા રહ્યા. ભૂજ, અંજાર, રાપર, ભચાઉ, ખાવડા અને બધે રાહત-રસોડાં સતત ધમધમતાં રહ્યાં હતાં.
- આ લેખકના ઍડવોકેટ પુત્ર મિતુલ તેમના બીજા વકીલ મિત્રો સાથે રાહતની સામગ્રી વહેંચવા કચ્છ પહોંચી ગયા હતા. ગુજરાત હાઈકોર્ટ બાર ઍસોસિયેશનના પ્રતિનિધિ




ધરતીકંપના અસરગ્રસ્તો માટે ભોજન-પ્રબંધ

તરીકે તેઓ ગયા હતા. પહેલા તેઓ રાપર ગયા અને જોયું કે કેવી હૃદયદ્રાવક સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક વહીવટીતંત્ર પાસેથી તેમણે રાહત-સામગ્રી પહોંચાડવા માટે ગામોની યાદી મેળવી. ગામે-ગામ ફરતા હતા ત્યારે જરા આરામ માટે તેમણે એક જગ્યા પસંદ કરી. એ તૂટી ગયેલું મંદિર હતું. કોઈ ત્યાં હતું નહીં. સાંજે જ્યારે તેઓ રાપર પાછા ફર્યા ત્યારે જોયું તો સમગ્ર સંસ્થાની યુવા પ્રવૃત્તિના કન્વીનર ઈશ્વરચરણ સ્વામી સ્વંયસેવકોની ટુકડી સાથે આવી પહોંચ્યા હતા. તંબુ નંખાઈ ગયો હતો ને રસોડાની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. રોટલી સાથે ખીચડી અને શાકનું ગરમાગરમ ભોજન બધાને પીરસાયું. સ્વામીશ્રીનો સંદેશ પહોંચી ગયો હતો અને તેનો તાત્કાલિક અમલ થઈ ગયો હતો.

- કડકડતી ઠંડીની મોસમ છતાં, સાધુઓ અને સ્વયંસેવકો સવારે વહેલા ઊઠી જતા અને રાત્રે મોડે સુધી કામમાં પરોવાયેલા રહેતા. ખોરાક અને આશ્રય માટે લોકોનો ધસારો સતત વધતો હતો. દિવસભર રસોડાના ચૂલા સળગતા રહેતા. સ્વયંસેવકો કામના ભારે બોજમાં લદાયેલા હોવા છતાં ક્યારેય નારાજ ન થતા કે કોઈને ના પાડતા નહીં. ખૂબ ધીરજથી ને પ્રેમથી દરેકને ગરમ ખોરાક પીરસતા રહેતા. ભૂજમાં ઘણાં એવાં પણ કુટુંબો હતાં, જે ઊંચા ઘરનાં ગણાતાં હતાં. તેઓ રાહત-રસોડામાં ખાવા જવાનું ટાળતાં. પોતાનાં પડી ભાંગેલાં મકાનોમાં બેસી રહેતાં. જ્યારે 'બી.એ.પી.એસ.'ના સાધુઓ ખોરાકનાં કન્ટેઈનર લઈને રૂબરૂ ગયા અને તેમને ગરમ ખોરાક ખવડાવ્યો ત્યારે આ બધા દિલથી હાલી ગયા ને એકદમ ઋણી થઈ ગયા. ઘણા સરકારી કર્મચારીઓને પણ આ જ પ્રકારની સવલત અપાઈ હતી, જેઓ જુદાં જુદાં સ્થળોએ અહીં રાહત-કામગીરી માટે આવ્યા હતા. મહિનાઓ સુધી ૧,૩૦૦ સેવકો-સેવિકાઓ તેમને ટિફીન પહોંચાડતા રહ્યા હતા.
- ભચાઉમાં વહેલી સવારથી મોડી રાત સુધી ચા-નાસ્તો અપાતા રહેતા. સવારના નાસ્તામાં ચા-કૉફી અને બ્રેડ, બિસ્કિટ, ગાંઠિયા, ચેવડો વગેરે અપાતા. બપોરના ખાણામાં દાળ-ભાત-રોટલી-શાક તેમજ સાંજે ગરમાગરમ ખીચડી-કઢી પીરસાતાં.
- 'બી.એ.પી.એસ.' તરફથી રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં ભદ્રનાં અસરગ્રસ્ત સ્થળોએ પણ રાહત-રસોડાં ચાલ્યાં હતાં.
- કાતિલ ઠંડી છતાં, સ્વયંસેવકો ખરા દિલથી લોકોની સેવા કરતા હતા. તેઓ તેમના રોજના નિયમ, પૂજા-આરતી વગેરે પણ ચુસ્તીથી પાળતા.
- મોટા આશ્ચર્યની વાત તો એ હતી કે કચ્છના ઘણા ભક્તજનો, જેમણે અંગત રીતે ઘણું સહન કરવું પડ્યું હતું, તેઓ પણ સ્વયંસેવકો તરીકે સેવામાં જોડાઈ ગયા હતા.

એમાંના ૮૦ ટકાનાં ઘર ભૂકંપમાં નાશ પામ્યાં હતાં. ઘણાખરાએ પોતાનાં સ્વજનો ગુમાવી દીધાં હતાં.

## વિદેશીઓ 'બી.એ.પી.એસ.' સ્વયંસેવકો સાથે સેવામાં જોડાયા : સહનશીલતા અને મદદની ભાવના હૃદયને સ્પર્શી ગઈ

'ધરતીકંપે સર્જેલી ભારે તબાહીના સમાચારો બધાં અખબારોમાં ભરપૂર આવતા હતા. મેં ત્યાં જવાનું ને સ્વયંસેવક તરીકે કામ કરવાનું નક્કી કર્યું.' ફિલીપ વાયોલેટે કહ્યું. આ ફિલીપ અમેરિકામાં સાન ફ્રાન્સિસ્કો શહેરના રહેવાસી હતા. રજા ગાળવા ભારત આવેલા ને ધરતીકંપ થયો ત્યારે ગોવામાં હતા. ત્યાં સમાચાર મળતાં જ તેમના આ પ્રત્યાઘાત હતા : "જ્યારે હું મુંબઈની અમેરિકન કોન્સ્યુલેટમાં ગયો ત્યારે ત્યાંથી મને ચેતવવામાં આવ્યો, 'નહીં જતા. ત્યાં જવામાં ને એ રીતે સેવા કરવામાં મોટું જોખમ છે.' એ વખતે એક અમેરિકન અધિકારી જેઓ ભૂજથી એ જ વખતે પાછા ફરેલા તેમણે મને કહ્યું, 'તમારે ખરેખર સેવા કરવી હોય તો 'બી.એ.પી.એસ.' નામની એક સંસ્થા ખૂબ સારું કામ કરે છે, ત્યાં જાઓ અને તેમને મળો.' મેં આ સંસ્થાનું કામ જોવાનું નક્કી કર્યું અને ત્યાં પહોંચ્યો."

"બી.એ.પી.એસ.નો રાહત-કેમ્પ મોટો હતો. નિરંતર ચોવીસ કલાક તેનું કામ સતત ચાલતું રહેતું. ખટારાઓમાં રાહતની સામગ્રી ભરવાની ને ઉતારવાની, શાકભાજી સમારવાનાં, રાહત-સામગ્રી પહોંચાડવા ગામડાઓમાં ફરવું, આ બધું કામ ચાલ્યા જ કરતું. આઠ દિવસ હું ત્યાં રહ્યો. મને સૌથી વધુ સ્પર્શી ગયેલી બાબત તે લોકોની સહનશીલતા અને ફરી ઊભા થઈ જવાની હિંમત. મને તો પાછળથી ખબર પડી કે જે એક સ્વયંસેવક મારી સાથે સેવામાં હતો એણે ધરતીકંપમાં તેના પિતા અને પુત્ર બંને ગુમાવ્યા હતા. મારી સાથે એવી મહાદુઃખદ ઘટના બની હોત તો હું તો આઘાતમાંથી ઊંચો જ ન આવ્યો હોત. એ સ્વયંસેવકની સહનશીલતા, વિશ્વાસ અને દુઃખીને મદદ કરવાના ઉત્સાહે મારા હૃદયને અજવાળી દીધું. મને લાગ્યું કે હું જ્યારે અમેરિકા પાછો ફરીશ ત્યારે હું એવો ને એવો નહીં હોઉં."

## સ્વિટ્ઝર્લૅન્ડના પત્રકારે જન્મદિવસની ભેટ તરીકે રાહતકાર્ય માટે ફાળો આપ્યો

ભૂજમાં રાષ્ટ્રીય અને આંતર્રાષ્ટ્રીય માધ્યમોના પ્રતિનિધિઓ ઊભરાઈ ગયા હતા. વિદેશી પત્રકારો પણ મોટા પ્રમાણમાં આવી ગયા હતા.

"હું આપને થોડા પ્રશ્ન પૂછી શકું ? મારું નામ કાર્લ છે. હું સ્વિટ્ઝર્લૅન્ડથી આવું છું ને ત્યાંના સોન્નટગેસ બ્લીક દૈનિકનો ચીફ રિપોર્ટર છું."

"જરૂર, પણ પહેલાં એમ કરો. આ રાહતની સામગ્રી ખટારામાં ભરવામાં જરા મદદ કરો," 'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકે કહ્યું. કાર્લ સેવકો સાથે જોડાઈ ગયો. એ રાત એણે 'બી.એ.પી.એસ.'ના રાહત-કેમ્પના તંબુમાં જ પસાર કરી. બીજા દિવસે કાર્લ ફરી સેવકો સાથે જોડાયો. એ બધા ૨૦ ખટારામાં ફૂડ પેકેટ, પાણીના પાઉચ અને ધાબળા ભરીને નીકળતા હતા. બધો માલ ભૂકંપગ્રસ્ત ગામડાંમાં વહેંચીને સાંજે બધા પાછા ફર્યા. આખા દિવસના સખત કામથી કાર્લ થાકીને લોથપોથ થઈ ગયો હતો. તે સીધો મંદિરમાં 'બી.એ.પી.એસ.'ના રાહતના તંત્રની કચેરીમાં ગયો અને રૂ. ૧૦,૦૦૦ આપ્યા. કહ્યું, "આજે મારો જન્મદિવસ છે. આપ સૌએ મને જન્મદિવસની અદ્‌ભુત ભેટ આપી છે – અન્યોને સહાય કરવાના આપના પ્રયાસોમાં સહાયભૂત થવાની." સ્વયંસેવકોએ જોયું તો કાર્લની આંખો ભીની હતી. ભૂકંપગ્રસ્તો પ્રત્યેની સહાનુભૂતિ અને તેમને મદદરૂપ થવાનો આનંદ એમાં તરવરતો હતો.

સૂર્ય અસ્તાચળે જવાની તૈયારીમાં હતો. ભૂકંપ પછીનો એ બીજો દિવસ હતો. સુખપર ગામની બધીયે શેરીઓ શાંત હતી. લગભગ બધાં જ ઘર ભોંયભેગાં થઈ ગયાં હતાં. ભારે મોટી તારાજીનું કમકમાટી થાય એવું એ દૃશ્ય હતું.

## એક વૃદ્ધનો આત્મવિશ્વાસ : 'આપણે ફરી બેઠા થઈ જશું'

આવી શેરીઓમાં એક વૃદ્ધ માણસ તેના ધ્રુજતા હાથમાં સિમેન્ટની થેલી અને લેલુ લઈને ચાલતો હતો. કેટલાક સાધુઓએ એને જોયો ને પૂછ્યું, "ક્યાં જઈ રહ્યા છો ?"

"મારું ઘર ફરી બાંધવા માટે", વૃદ્ધજને કહ્યું.

વૃદ્ધના આત્મવિશ્વાસભર્યા આ શબ્દોએ બધાનાં હૃદયને હલાવી નાખ્યાં. સાધુઓએ કહ્યું, "આવો, આપણે જરા બેસીએ. અમે તમારા દુઃખમાં ભાગીદાર થવા જ આવ્યા છીએ."

"અરે, આમાં દુઃખની ક્યાં વાત છે ? કોઈ માણસે તો આ કર્યું નથી. આ તો ઈશ્વરે જ કર્યું છે. કોઈ વ્યક્તિએ આ કર્યું હોય તો ફરિયાદ થાય, પણ ઈશ્વરની ઇચ્છાથી જ આ બધું થયું હોય તો પછી શોક શો કરવો? ઈશ્વરની જે ઇચ્છા હોય તે... આપણે ફરીથી ઊભા થઈ જશું", બોલતાં બોલતાં એ વડીલે સાધુઓ તરફ જોયું ને સ્મિત કર્યું. સાધુઓને પ્રતીતિ થઈ : ભલે સૂર્ય આકાશમાં અસ્તાચળે જતો હોય, કેટલીક વ્યક્તિઓના જીવનમાં ક્યારેય સૂર્યાસ્ત થતો નથી. એમનું શહૂર એવું હોય છે.

'બી.એ.પી.એસ.'નાં રાહતકામોથી પ્રભાવિત થનારાઓમાં કાર્લ એકલો નહોતો. જે કોઈ સ્વયંસેવકોના સંપર્કમાં આવતા એ બધાને સેવાની સુવાસ સ્પર્શી જતી. ગામડે ગામડે ફરવું ને લાંબા અંતરો કાપીને રાહત પહોંચાડવી એ મહામોટું કામ હતું. સેવકો ખાતરી

રાખતા કે કોઈ પણ સ્ત્રી-પુરુષ બાકાત ન રહી જાય. ગામના દૂર દૂરના ખૂણાઓમાં રહેલા અસરગ્રસ્તોને પણ પુરવઠો બરાબર પહોંચે.

## પાકિસ્તાનની સરહદ પાસેના ગામોના કેમ્પો સુધી મદદ પહોંચાડી

રોજ સવારે ૭ વાગે ભૂજના રાહતકેન્દ્રથી ૧૮-૨૦ ખટારા ઊપડતા અને દૂરનાં અસરગ્રસ્ત ગામો તરફ જતાં. 'બી.એ.પી.એસ.' તરફથી વહેંચાતી સામગ્રીમાં ધાબળા, કપડાં, ટારપોલીન, તંબુ, ટોર્ચ, વાસણો, ટૂથબ્રશ-ટૂથપેસ્ટ, તેલના લેમ્પ, મીણબત્તી, દીવાસળી, પગરખાં ને એવી અનેક આઇટમોનો સમાવેશ થતો હતો. દરેક અસરગ્રસ્તને ફૂડપેકેટ પહોંચતાં કરાતાં ને રાંધવાનો સામાન પણ.

ખેદાન-મેદાન થઈ ગયેલાં ગામોની મોજણી દરમિયાન, સાધુઓ અને સેવકો ગામનાં સરપંચને મળતા અને કેટલા લોકો બચી ગયા છે, તેમના પરિવાર કેટલા મોટા છે તેની વિગતો મેળવતા. તે પછી કુટુંબના સભ્યોની સંખ્યા અને જરૂરિયાત પ્રમાણે તેમને રાહતનો માલ પહોંચતો કરાતો.

નખત્રાણા, અબડાસા, માંડવી જેવા તાલુકા અને વાંઢ, ચાંગોન, રત્નાપર, નારોડી, કોટડી અને બીજાં કેટલાંય ગામોમાં 'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકો રાહત-સામગ્રી લઈને પહોંચ્યા એ પહેલાં ત્યાં કશું જ મળ્યું નહોતું.

ભારત-પાકિસ્તાન સરહદે આવેલાં ગામોમાં પણ અર્ધ-લશ્કરી દળોની સહાય લઈને સ્વયંસેવકો ગયા અને દરેક પ્રકારની મદદ પૂરી પાડી.

વહેંચણીનું કામ પરોઢ થતાં જ શરૂ થતું ને મોડી રાત સુધી ચાલતું. કેમ્પમાં પાછા ફરે ત્યારે તો બધા થાકીને લોથ થઈ જતા. સમગ્ર કામગીરી દરમિયાન હજારો માણસોને બચાવ્યાનો અને સહાય આપીને ટકાવ્યોનો જ મોટો આનંદ હતો.

## શાહીબાગ મંદિર સંકલનનું મુખ્ય કેન્દ્ર : 'ટીમ વર્ક'નો જાદુ

અમદાવાદમાં શાહીબાગનું સ્વામિનારાયણ મંદિર રાહત-કામોની સમગ્ર કામગીરીના સંકલનનું મુખ્ય કેન્દ્ર હતું. રાહત-સામગ્રી માટે ટહેલ નાખવી, બધું ભેગું કરવું અને ટ્રાન્સપોર્ટમાં ભૂજ પહોંચાડવું - આ પ્રક્રિયા વેગથી ચાલ્યા કરતી. ઈશ્વરચરણ સ્વામી સમગ્ર કામગીરી સંભાળી રહ્યા હતા. ગુજરાત ઉપરાંત નવી દિલ્હી, મુંબઈ, કોલકાતા અને દક્ષિણ ભારતમાં બધે 'બી.એ.પી.એસ.'ના સાધુઓ અને સેવકો પૂરા પ્રવૃત્ત હતા. આ બધેથી વેપ ારીઓ, ઉદ્યોગપતિઓ,, વેપાર-ધંધાનાં મંડળો, કોર્પોરેટ ગૃહો પાસેથી રાહત અને પુનર્સ્થાપનના

કામ માટે શક્ય એટલી વધુ સહાય અને સાધન-સામગ્રી ભેગી કરવામાં લાગી ગયા હતા.

રાહતની કામગીરી એ ઘણો મોટો 'ટીમ એફર્ટ' હતો. સાધુઓ, અનેક સ્ત્રી-પુરુષ સેવકો, ભક્તો, બાળકો સુદ્ધાં જોડાઈ ગયાં હતાં. ઘેર ઘેર ફરીને ફંડફાળો અને રાહત-સામગ્રી ઉઘરાવવાની વ્યાપક ઝુંબેશ ચલાવી હતી. ઘણાં ઉદ્યોગ-ગૃહોની સાંકળ અને વેપાર-ઉદ્યોગ સંસ્થાઓએ પોતાની રીતે રાહત-સામગ્રી એકઠી કરી હતી ને પછી વિતરણ માટે 'બી.એ.પી.એસ.'ને સોંપી હતી. બ્રિટનમાં આત્મસ્વરૂપ સ્વામી તેમજ બીજા સાધુઓ અને સ્વયંસેવકોએ ફંડ ઊભું કરવા ખૂબ મહેનત કરી હતી. પ્રિન્સ ચાર્લ્સે નિસડન મંદિરમાં 'સ્પોન્સર અ હોમ સ્કીમ'નો આરંભ કરતાં ભૂકંપગ્રસ્તોને સહાયરૂપ થવા સર્વેને આહ્‌વાન કર્યું હતું. અમેરિકામાં પણ યજ્ઞવલ્લભ સ્વામી, સાધુઓ અને સ્વયંસેવકોએ રાહત-ભંડોળ ઊભું કરવા ખૂબ તનતોડ મહેનત કરી હતી.

પ્રારંભના સાડા ચાર મહિનાના રાહતકામ પછી, 'બી.એ.પી.એસ.' તરફથી કાયમી પુનઃસ્થાપનની યોજના શરૂ કરાઈ. ગુણાતીતપુર ગામને ફરીથી બાંધવાના પ્રકરણે બતાવ્યું એમ આ કપરો પડકાર હતો. ગામનાં ખંડિયેર જેવું જ રહ્યું હતું, એમાંથી ફરી ગામ ઊભું કરવાનું હતું. પણ રણના જેવા વાતાવરણમાં યોગ્ય વાતાવરણ વિકસાવવાની મુશ્કેલી હતી. બાંધકામ ફરી શરૂ થયું એ વખતે ગામમાં એપ્રોચ રોડ પણ નહોતો. ખાડા-ટેકરાવાળી જમીન પર જરૂરી કાચો માલ લઈ જવાનું પણ મુશ્કેલ હતું. વારંવાર પવનના સૂસવાટા અવરોધ ઊભા કરતા. સ્વયંસેવકો ને કર્મચારીઓના તંબુ ઉખડી જતાં. ગરમી પણ અસહ્ય હતી. વધારામાં, મચ્છરો સતત પરેશાન કરી મૂકતા. એક વખત તો એવો આવ્યો કે ૨૫૮ પૈકી ૧૧૦ જેટલા સ્વયંસેવકો મેલેરિયાના તાવમાં પટકાઈ ગયા! આટલું પૂરતું ન હોય એમ સાપ અને વીંછીથી પણ સતત બચતા રહેવું પડતું. ધરતીકંપ પછીના આંચકા પણ આવ્યા કરતા. આ બધી જ તકલીફો છતાં સ્વયંસેવકો હિંમત હાર્યા નહીં. તેઓ મચેલા જ રહ્યા અને પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બધું કામ સંપૂર્ણ કર્યું.

"આ સાધુઓને અમારી સાથે કંઈ લાગતુંવળગતું નહોતું, છતાં તેમણે અમને ટેકો આપવામાં અને બધી સગવડો પૂરી પાડવામાં પાછું વાળીને જોયું નથી. તેઓશ્રીએ જે કંઈ કર્યું એનો આભાર માનવાના અમારી પાસે શબ્દો નથી." સંસ્થાના સાધુઓ અને સેવકોની ઉમદા સેવાનો લાભ પ્રાપ્ત કરનારા સૌ લાભાર્થીઓનો આ હૃદયનો ઉદ્‌ગાર હતો.

## ઈશ્વરચરણ સ્વામી અને અન્ય સાધુઓનું સતત માર્ગદર્શન

'બી.એ.પી.એસ.'ની તમામ પ્રવૃત્તિઓની જેમ અહીં પણ ઉત્તમ કક્ષાના 'ટીમ વર્ક'નો

જ જાદુ હતો. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ સમગ્ર રાહત-કામગીરીનું સંકલન કર્યું હતું. 'બી.એ.પી.એસ.'ના અન્ય વરિષ્ઠ સાધુઓ – પૂજ્ય ડૉક્ટર સ્વામી, મહંત સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, કોઠારી સ્વામી અને બીજાઓએ કિંમતી માર્ગદર્શન અને સહાય આપ્યાં. વિદેશી દાતાઓ પાસેથી શક્ય એટલી વધુ સહાય મેળવવા આત્મસ્વરૂપ સ્વામી અને યજ્ઞવલ્લભ સ્વામીએ ખૂબ મહેનત કરી હતી. ભૂજના 'બી.એ.પી.એસ.' મંદિરના મહંત દેવચરણ સ્વામી અને અન્ય સ્થાનિક સાધુઓએ ભારે જવાબદારી ઉપાડી હતી. અહીં જ્ઞાનપ્રસાદ સ્વામી, જ્ઞાનેશ્વર સ્વામી, અક્ષયમુનિ સ્વામી, નિખિલેશ સ્વામી, વેદાંગ સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી, બ્રહ્મપ્રકાશ સ્વામી, ઋષિરાજ સ્વામી, બ્રહ્મતીર્થ સ્વામી, ભક્તેશમુનિ સ્વામી અને બધા મળીને ૧૮૦ સાધુઓએ રાહત અને પુનર્સ્થાપનના કામમાં ઘણું મોટું પ્રદાન કર્યું હતું. રાજકોટ અને જામનગરમાં પણ, યોગીસ્વરૂપ સ્વામી, જ્ઞાનવત્સલ સ્વામી, ધર્મકુંવર સ્વામી, કપિલેશ્વર સ્વામી, ધર્મનિધિ સ્વામી, યોગીવત્સલ સ્વામી, સાધુવલ્લભ સ્વામી, સંતસ્વરૂપ સ્વામી, અમૃતચરણ સ્વામી અને બીજાઓએ ઘણી મોટી કામગીરીનું સંકલન સાધ્યું હતું.

કેટલાક દાતાઓ જાતે કચ્છની મુલાકાતે ગયેલા. એ જોવા કે વિતરણનું કામ કેવી રીતે ચાલે છે. એ બધાએ તેમના દ્વારા અપાયેલા દાન અને રાહત-સામગ્રીનો ઈષ્ટતમ ઉપયોગ થતો જોઈને બી.એ.પી.એસ.ને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

## કારીગરો-ખેડૂતો-મહિલાઓનું કામના સાધનો આપી પુનરુત્થાન

હિંમત એ કચ્છના લોકોનો ધ્રુવમંત્ર છે. એટલે જ તેઓ ઝડપથી પાછા પોતાના પગ પર ઊભા થઈ શક્યા. 'બી.એ.પી.એસ.' સંસ્થાએ તેમને ઓજારો આપ્યા અને તેમણે જાતે જ નવેસરથી ઘડતર કરી લીધું.

પ્રમુખસ્વામી મહારાજે ભૂજના વિખ્યાત હસ્તકલા-કારીગરોને તેમના ધંધા માટે જરૂરી – સીવવાનાં મશીન, એમ્બ્રોઇડરી કામનાં મશીન, સોનીઓનાં ઓજારો, મોચીભાઈઓનાં ઓજારો, સુથારીભાઈઓનાં સાધનો વગેરે બધું મળી રહે એ ખાસ જોયું હતું. ખેડૂતોને પણ જરૂરી સહાય અપાઈ હતી. ધરતીકંપ પછીના ચોમાસાએ કચ્છમાં દસ વર્ષનો સૌથી વધુ વરસાદ વરસાવ્યો.

ગામડાઓમાં શિક્ષિત મહિલાઓ અને પુરુષોને રોજી-રોટી મળી રહે એ માટે ખાસ તાલીમ-કેમ્પ ચલાવાયા હતા. આ બધાના પરિણામે આજે હજારો કુટુંબો તેમના પગ પર ઊભાં છે. ભરંડીયારામાં વણકરોને સુધારેલી હાથસાળ પૂરી પાડવામાં આવી. તેમને અન્ય કુશળ વણકરો દ્વારા તાલીમ પણ અપાઈ. ઉત્પાદન માટે જરૂરી કાચો માલ પણ અપાયો.

દુકાનોમાં વેપારીઓને પણ તેમના માલનો પૂરતો પુરવઠો ભરી અપાયો, જેથી તેઓ રોજના રૂ. ૧૦૦-૧૫૦ કમાઈ શકે.

'બી.એ.પી.એસ.' તરફથી ટપક સિંચાઈ આધારિત કીચન-ગાર્ડન પણ ઊભાં કરાયાં. આ યોજના હેઠળ લાભાર્થીઓને રોજના ઉપયોગ માટેનાં લીલાં શાકભાજી વાવવા પ્રોત્સાહિત કરાયા હતા. પર્યાવરણને શુદ્ધ કરવામાં એ મદદરૂપ થયું. શાળાઓમાં વિદ્યાર્થીઓને પણ કીચન-ગાર્ડન શરૂ કરવા પ્રોત્સાહિત કરાતા. જુદાં જુદાં ૫૦ ગામોને ધંધાકીય માર્ગદર્શન પૂરું પાડતાં પહેલાં ઘણીબધી તૈયારી કરી હતીઃ

૧. સૌ પ્રથમ લાભાર્થીઓ, તેમની જરૂરિયાત અને કુશળતાનો ખ્યાલ મેળવાયો.
૨. નવેસરથી શરૂઆત કરવા માટે તેમને ઓજારોની 'કીટ' પૂરી પાડવામાં આવી.
૩. મોટા પાયા પરના પુનઃસ્થાપનના કામમાંથી ઊભી થનારી જરૂરિયાતો સાથે તેમને જોડવામાં આવ્યા.
૪. બધાને દુઃખ અને આઘાતમાંથી બહાર લાવવા અધ્યાત્મનો આધાર અપાયો. તેમના કસબ-કારીગરી-કુશળતાને વધુ સારી બનાવવા પ્રયાસ થયો.

## આઘાત અને નિઃસહાયતા અનુભવતા વિદ્યાર્થીઓને સહાય-સાંત્વન

વિદ્યાર્થી સમૂહને મદદરૂપ થવા સ્વામીશ્રીએ ખાસ યોજના બનાવી. ઘણીબધી શાળાઓ જમીનદોસ્ત થઈ ગઈ હતી. કેટલીક શાળાઓ બચી ગઈ હોય તો પણ ત્યાં વિદ્યાર્થીઓના માનસમાં અભ્યાસનો કોઈ ઉત્સાહ જ નહોતો. કેટલાકે સાવ નજીકનાં સગાંવહાલાં ગુમાવી દીધાં હતાં. મન-મસ્તિષ્ક શૂન્ય બની ગયાં હતાં. પણ આ સ્થિતિ તો લાંબી કેવી રીતે ચાલે ? સમગ્ર યુવાન પેઢીના ભાવિનો સવાલ હતો. એટલે પછી 'બી.એ.પી.એસ.' તરફથી કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાની ૪૯ શાળાઓ દત્તક લેવામાં આવી. ૧૬,૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને ફરી અભ્યાસ શરૂ કરવા તમામ સવલતો આપી. જે તે ગામની વસતી અને ભાવિ જરૂરિયાતોનો ખ્યાલ કરીને ત્યાં શાળાઓ બાંધવાના નકશા તૈયાર કરાયા. ભૂકંપ સામે ભવિષ્યમાં ટકી શકે એવી ડિઝાઇનની મદદથી શાળાઓ બાંધવામાં આવી. શાળાના દરેક ઓરડામાં પંખા, ટ્યુબ-લાઇટ, ખુરશી, બેન્ચ વગેરે બધું પૂરું પાડવામાં આવ્યું હતું. દરેક ઓરડામાં કુદરતી હવા-ઉજાસ પુષ્કળ પ્રમાણમાં રહે એની કાળજી લેવાઈ હતી. શાળાની ડિઝાઇન એવી પસંદ કરાઈ હતી કે જરૂર પડે તો ઉપર બીજો માળ લઈ શકાય. આવી શાળાઓના અર્પણવિધિ કાર્યક્રમ વેળાએ સ્થાનિક રહીશો અને દાતાઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને ગણવેશ, સ્કૂલ-બૅગ, પુસ્તકો અને જરૂરી સ્ટેશનરી ભેટ આપવામાં આવી હતી.

પ્રમુખસ્વામી મહારાજની કચ્છની એક મુલાકાત દરમિયાન, તેઓ રાત્રે સૂવાની તૈયારી કરી રહ્યા હતા. થાકેલા પણ હતા. દૂર દૂરનાં ગામોએ ફરવામાં આખો દિવસ ગાળેલો. એ જ વખતે ટેલિફોનની ઘંટડી વાગી. કોઈ વિદ્યાર્થી હતો.

'હું અમદાવાદથી બોલું છું', વિદ્યાર્થીનો અવાજ ધ્રૂજતો હતો. આઘાત અને ભયથી એ ભાંગી પડેલો ને અભ્યાસ છોડી દેવાનું ગંભીરપણે વિચારતો હતો.

'મારું શું થશે ? શું હું અમદાવાદ છોડી દઉં ?'

'સાંભળ બેટા', સ્વામીજીએ મધુર અવાજે કહ્યું ને વિદ્યાર્થી હળવો થયો. 'ધરતીકંપ બધે જ આવે છે. લંડન, અમેરિકા, જાપાન, ગમે ત્યાં. છતાં ત્યાં બધા જીવે જ છે. એટલે એમાંથી જરાપણ ગભરાવાનું નહીં. શ્રીજી મહારાજને યાદ કર. તને ચોક્કસ હિંમત મળશે.'

સ્વામીજીએ આટલું સમજાવ્યો છતાં પેલા યુવાનનો ડર દૂર ન થયો. એ એની મજબૂરી જ વ્યક્ત કર્યા કરતો હતો. સ્વામીશ્રીએ એને વચ્ચે જ રોક્યો ને કહ્યું, 'સાંભળ ! તને મદદ કરવા અમે બેઠા છીએ. ચિંતા શા માટે કરે છે?' સ્વામીશ્રીના આવા ભારપૂર્વકનાં સ્પષ્ટ વિધાનથી યુવાનનો બધો ડર દૂર થયો ને ફરીથી અભ્યાસમાં લાગી જવાનો નિર્ણય કર્યો.

## પ્રમુખસ્વામીના નામાભિધાન સાથે તંબુમાં હૉસ્પિટલ શરૂ કરી સારવાર અપાઈ

ધરતીકંપ થયો એ જ દિવસ – ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરી – થી કચ્છ, અમદાવાદ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં આરોગ્ય સેવાઓ શરૂ કરી દેવાઈ હતી. રાત-દિવસ ૫૨ ડૉક્ટરો, ૩૬ પેરા-મેડિકલ સ્ટાફ અને ૧૪ સ્વયંસેવકો ખડે પગે ફરજ બજાવતા હતા. પેલા કારમા દિવસે જ ૩૦૦ દર્દીઓને સારવાર અપાઈ હતી શરૂઆતના થોડા દિવસોમાં ૫,૬૦૦ દર્દીઓને તાકીદના ધોરણે સારવાર મળી હતી. ગંભીર રોગના દર્દીઓને ખાસ વાહનોમાં રાજકોટ ને અમદાવાદની હૉસ્પિટલોમાં ખસેડ્યા. પ્રાથમિક સહાય અને તાકીદની સારવાર ઉપરાંત, ભૂજમાં 'બી.એ.પી.એસ.'ના રાહત-કેમ્પમાં જ છઠ્ઠી ફેબ્રુઆરીએ નાના પાયા પર હૉસ્પિટલ-સેવાઓ પણ શરૂ કરી દેવાઈ.

દબાણથી ફુલાવેલા તંબુમાં પ્રમુખસ્વામી મહારાજના નામાભિધાન સાથે શરૂ કરાયેલી હૉસ્પિટલમાં એક્સરે, પેથોલૉજી લેબોરેટરી, નાનું ઑપરેશન થિયેટર અને અન્ય સવલતોને આવરી લેવામાં આવી હતી. ગુજરાતના, સમગ્ર દેશના અને વિદેશના તબીબોએ પણ આ સેવાકાર્યમાં તેમના સહયોગની ઑફરો કરી હતી. બે જ સપ્તાહમાં આ હૉસ્પિટલે ૨,૧૦૦ ભૂકંપગ્રસ્ત દર્દીઓની સારવાર કરી.

રોગચાળો ફેલાવાના મોટા ભયના સંદર્ભમાં ડૉક્ટરોની ટુકડીએ જિલ્લા આરોગ્ય અધિકારીના તંત્ર સાથે મળીને રસીકરણનો મોટો કાર્યક્રમ હાથ ધર્યો. નિદાન-કેમ્પનું આયોજન થયું. નેત્ર-યજ્ઞ યોજાયા. જ્યાં ચશ્માં વિના મૂલ્યે આપવામાં આવ્યાં. મેલેરિયા, કમળો, ગેસ્ટ્રોએન્ટ્રાઈટીસ વગેરે રોગોનો સામનો કરવા 'આરોગ્ય જાગૃતિ ઝુંબેશ'નાં પણ આયોજન થયાં.

## ડૉક્ટર સ્વામી અને અન્ય સાધુઓએ પ્રાર્થના સહિત આઘાતગ્રસ્તોને હિંમત અપાવી

ચીજવસ્તુઓ અને તબીબી સહાય ઉપરાંત ભૂકંપગ્રસ્ત લોકોને ખૂબ જરૂરી એવો સહાનુભૂતિનો અને આધ્યાત્મિક ટેકો પણ સાધુઓએ પૂરો પાડ્યો. જે કમભાગી વ્યક્તિઓએ તેમનાં સગાં, તેમનાં ઘરબાર અને જીવનનિર્વાહના આધાર ગુમાવી દીધા હતા તેમને પ્રમુખસ્વામી મહારાજ વ્યક્તિગત રીતે મળ્યા, સાંત્વના આપી અને તાકાતનું સિંચન કર્યું. તેમણે પ્રાર્થનાઓ કરી અને બધાને પ્રાર્થના કરવાનો અનુરોધ કર્યો. કુદરતી ભયંકરતાનો સામનો ઠંડી તાકાત અને દૃઢ નિરધારથી કરવા દરેકને સાબદા કર્યા.

ડૉક્ટર સ્વામી અને અન્ય સાધુઓ ભૂજ અને બીજા પાયમાલ થયેલા સ્થળોએ ગયા. વ્યક્તિગત રીતે સાંત્વના આપીને અસરગ્રસ્તોને ફરી ટટ્ટાર કર્યા. ઠેર ઠેર સત્સંગ સભાઓ અને પ્રાર્થનાઓ યોજી.

સતીષ ભરતવાલા પ્રણાલિગત ભરતકામના ૩૫ વર્ષ જૂના નિષ્ણાત હતા. ધરતીકંપે તેમને લગભગ મારી જ નાખેલા. ૨૦૦૧ની ૨૭મી જાન્યુઆરીએ તેમને કાટમાળમાં દટાયેલા તે બહાર કાઢવામાં આવ્યા અને મરેલા જ માની લેવામાં આવ્યા. ભૂજના જ્યુબીલી મેદાનમાં અંતિમ સંસ્કાર માટેનાં મડદાં પડ્યાં હતાં એમાં એમને પણ મૂકી દેવાયા. બાજુમાં જ એમનાં માતા, પત્ની અને પુત્રના મૃતદેહ પણ લાવીને મુકાયા. સત્તાવાળાઓ મૃતદેહોનો નિકાલ કઈ રીતે કરવો એની ચર્ચા કરી રહ્યા હતા ત્યાં જ એકાએક સતીષને ભાન આવ્યું. તેમને ખબર પડી ગઈ કે એમના અંતિમ સંસ્કારની વિધિ વિચારાઈ રહી છે. તેમણે ચીસ પાડવાનો પ્રયત્ન કર્યો, ઘણો પ્રયત્ન કર્યો, પણ મોંમાંથી અવાજ નીકળ્યો જ નહીં.

'બી.એ.પી.એસ.'ના એક સેવકની નજર પડી ને લાગ્યું કે સતીષ મર્યો નથી. તેણે તરત જ કેટલાક ધાબળા સતીષને ઓઢાડી દીધા. પછી તેમને બી.એ.પી.એસ.ના રાહત-કેમ્પમાં લઈ આવ્યા. ત્યાં પૂરી સારવાર થઈ. થોડા દિવસમાં સતીષ એકદમ સાજો થઈ ગયા. આખું કુટુંબ નાશ પામેલું ને તેનો ઘણો મોટો આઘાત હતો, છતાં એમાંથી પણ માનસિક રીતે તે સ્વસ્થ થવા માંડ્યો. ભૂજ ખાતેના બી.એ.પી.એસ.ના સાધુઓની સતત કાળજીથી થોડા દિવસમાં એનો આત્મવિશ્વાસ વધ્યો અને પછી સામાન્ય જીવન જીવવા પોતાના ઘરનું જે કંઈ બચ્યું હતું ત્યાં પાછો ફર્યા.

## ભવિષ્યની જરૂરિયાત મુજબની ડિઝાઇન મુજબ ગામડાંઓનું પુનઃનિર્માણ

સૌથી મોટો પડકાર નવાં ગામ બાંધવાનો હતો. કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ છે. ગામડાના લોકોની જે પ્રણાલીઓ હોય તે જાળવીને જ કામ કરવાનો નિર્ણય લેવાયો. આ હેતુ માટે સ્વયંસેવકો ગામલોકોને મળ્યા અને તેમનાં દૃષ્ટિબિંદુ, તેમની જરૂરિયાતો સમજવાનો પ્રયત્ન કર્યો.

પ્રાથમિક મોજણી પછી, બાંધકામની નવી જગ્યા પસંદ કરવામાં આવી. સાધુઓ અને સેવકોએ નિષ્ણાત ઈજનેરો અને સ્થપતિઓ સાથે ઝીણવટથી બધી ચર્ચા કરી અને પછી આખરી પ્લાન તૈયાર થયા. દરેક તબક્કે સ્થાનિક લોકોને વિશ્વાસમાં લેવાના હતા.

નવાં ગામોની ડિઝાઈન ભાવિ જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને તૈયાર કરાઈ હતી. ગ્રામજનોનો મુખ્ય વ્યવસાય, પાણીની સુવિધા, વીજળી, રસ્તા વગેરે બધું ગણતરીમાં લેવાયું હતું. ગામની પંચાયત કચેરી, કોમ્યુનિટી હૉલ, શાળા, રમતનું મેદાન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાણીની ટાંકી, પ્રાર્થના ખંડ, મંદિર, ગટર વ્યવસ્થા, શોપિંગ સેન્ટર વગેરે બધી જ વ્યવસ્થા થઈ હતી.

જ્યાં પણ જરૂર પડી ત્યાં વધારની જમીન ખરીદાઈ. એ પછી શિલાન્યાસના કાર્યક્રમો શરૂ થયા. ૨૦૦૧ના માર્ચ સુધીમાં ગામોનું પુનઃનિર્માણ શરૂ થઈ ગયું.

બી.એ.પી.એસ.ની ટુકડી સાથે વિખ્યાત ‘વાસ્તુશિલ્પ ફાઉન્ડેશન ફોર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઈન એન્વીરન્મેન્ટ ડિઝાઈન’ નામની સંસ્થા પણ જોડાઈ. નવી ટેક્નિકથી ભૂકંપનો પ્રતિકાર કરી શકે એ રીતનું બધું બાંધકામ થયું. છતમાં મેંગલોરી ટાઇલ્સ વપરાયા. ઘણીબધી મુશ્કેલીઓ છતાં ઈજનેરો અને સેવકોએ મંડ્યા રહીને લગભગ બધાં જ ગામોમાં સમયસર બધું જ બાંધકામ પૂરું કરી નાખ્યું.

આવા પ્રયાસોના પરિણામે, કચ્છ અને અન્ય સ્થળોએ નષ્ટ થયેલા વિસ્તારોના બાકીના રહેવાસીઓએ પણ એક વર્ષમાં તેમનું સામાન્ય જીવન ફરી શરૂ કર્યું. પૂર્વવત્ જીવન ઝડપથી સ્થપાયું એ વાત જ અહીંના લોકોના જોમ-જુસ્સા માટે ઘણુંબધું કહી જાય છે. સરકારી અધિકારીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ – ભારતની અને વિદેશની – બંનેએ એવો પુરુષાર્થ કર્યો કે ધરતીકંપ એ ભૂતકાળની ઘટના બની જાય.

રાજ્ય સરકારે ખૂબ ઉદાર પુનઃસ્થાપનની વિવિધ યોજનાઓ જાહેર કરી હતી. એમાં ગૃહનિર્માણ, આર્થિક પ્રવૃત્તિઓ વગેરે બધાનો સમાવેશ થતો હતો. પણ એના કરતાંય, બધાથી ચડિયાતી વાત તો પડકારો ઝીલી લેવાનું લોકોનું ખમીર હતું અને તેના કારણે જ ઝડપથી બધું થાળે પડી શક્યું.

## ‘બી.એ.પી.એસ.’ની કામગીરી આંકડામાં

‘બી.એ.પી.એસ.’ માટે કુદરતી આફતો કોઈ નવી વાત નથી, પરંતુ જાન્યુઆરીના ભૂકંપની ભયંકરતા અને તબાહી તો ઘણાં વધારે હતાં.

નીચેના ફકરાઓમાં ‘બી.એ.પી.એસ.’ તરફથી લોકો અને પશુ કલ્યાણ કેન્દ્રો માટે થયેલી સેવા-પ્રવૃત્તિની ઝલક આપી છે :

- ૨૦૦૦ની સાલમાં ‘બી.એ.પી.એસ.’ સંસ્થાએ ૨૦૯ ગામોના ૪૦,૬૪૦ અસરગ્રસ્ત



બી.એ.પી.એસ. દ્વારા કચ્છી પ્રણાલિઓ બાંધવામાં આવેલા ભૂંગા (નિવાસ)



બી.એ.પી.એસ. તરફથી કચ્છના અસરગ્રસ્તો માટે બંધાયેલ એક શાળા અને ઘર



લોકોને ૨૪૫ ટન સુખડી (પોષણ આહાર) વહેંચી. ૧૯,૦૦૦ પશુઓ માટે ખાણની વ્યવસ્થા કરી. ૨૦૦૧માં ગુજરાતમાં છ મહિના સુધી ૧૫,૦૦૦ પશુઓ માટે પાંચ ઢોરવાડા ચલાવ્યા.

- ૧૯૯૩માં, મહારાષ્ટ્રમાં ધરતીકંપના આંચકા આવ્યા હતા અને તેમાં અસર પામેલા સમુદ્રાલ ગામનું નવનિર્માણ કરાયું હતું. ૬૦૦ ઘર બાંધવામાં આવેલાં, જેમાં નર્સરી, શાળા, દવાખાનાં, પાણીની ટાંકીઓ, બગીચા, કોમ્યુનિટી સેન્ટર વગેરે બધી વ્યવસ્થા કરાઈ હતી. એકસો સાઈઠ ટન ખોરાક, ૨૬,૦૦૦ કાપડના પીસ, ૫,૦૦૦ વાસણો વહેંચાયાં હતાં. સ્થાનિક લોકોને ૨,૧૫૦ જેટલા રોજગાર પણ પૂરા પાડ્યા હતા.
- સુરતમાં ૧૯૯૮માં આવેલા પૂર પછી ૩૦,૦૦૦થી વધુ ફૂડ પેકેટ, ૨૦,૦૦૦ કિલો આટો અને અનાજ, ૫,૦૦૦ ધાબળા અને ૧,૦૦૦ વાસણોના સેટ વહેંચવામાં આવ્યા હતા. એકસો બે મેડિકલ કેમ્પ સેવાભાવી ડૉક્ટરો દ્વારા યોજાયેલા.
- ગુજરાતના ૧૯૯૮ના વાવાઝોડા પછી ૧૨ ગામોના ૫,૦૦૦ લોકોને ટ્રકો ભરીને અનાજ અને કપડાં પૂરાં પાડ્યાં હતાં. કચ્છમાં રૂ. ૫,૦૦,૦૦૦ની દવાઓ વહેંચી હતી. જામનગર જિલ્લાનાં છ ગામોમાં દસ શાળાનાં મકાનો ફરી બાંધી આપ્યાં હતાં.
- દક્ષિણ ભારતના કાંઠા વિસ્તારમાં સુનામી ત્રાટક્યું એના સમાચાર મળતાં તરત જ 'બી.એ.પી.એસ.'ની રાહત ટુકડી કામે લાગી ગઈ હતી. ૨૦૦૫ની ૪થી જાન્યુઆરી સુધીમાં ૧૦૦ થી વધુ સ્વયંસેવકો સક્રિય થઈ ગયા હતા. મહાબલીપુરમ્‌ના માર્ગે રસોડાં શરૂ કરી દેવાયા હતાં. આઠ અસરગ્રસ્ત ગામોની તપાસ કરી ત્યાં અનાજ અને ઘરવખરીની ચીજોની વહેંચણી શરૂ કરાઈ હતી ને કામચલાઉ આશ્રયસ્થાનો ઊભાં કરવા માટેનો સામાન પણ મોકલાયો હતો. તામિલનાડુ, આંદામાન, નિકોબાર અને શ્રીલંકામાં પણ અસરગ્રસ્ત લોકોની રાહત માટેનું વિસ્તૃત આયોજન 'બી.એ.પી.એસ.' સંસ્થાએ તૈયાર કરી દીધું હતું.

સંસ્થાએ હોનારતમાં કામગીરી કરી એનું કેલેન્ડર આ રહ્યું :

વર્ષ ૨૦૦૫ના ઑગસ્ટમાં સંસ્થાએ ગુજરાતના અતિવૃષ્ટિ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારો - આણંદ, ખેડા, વડોદરા, અમદાવાદ, સુરત - માં તુરત જ સહાય ગોઠવી. આવી જ અને આનાથી કંઈક વધારે મોટી કુદરતી આપત્તિ ઑગસ્ટમાં અમેરિકાના ન્યૂ ઓર્લિએન્સમાં દરિયાઈ વાવાઝોડારૂપે ત્રાટકી. લાખો લોકો બેઘર બન્યા. બી.એ.પી. એસ.ના સ્વસંસેવકો તુરત જ કાર્યરત થયા અને લોકોને આશ્રય આપવાની, દવાકીય અને વૈદ્યકીય સહાય અને ફૂડપેકેટ્સની વ્યવસ્થા અમલમાં મૂકી.

૧૯૭૪ : ગુજરાતનો દુકાળ

૧૯૭૪ : મહારાષ્ટ્રનો દુકાળ

| | | |
|---|---|---|
| ૧૯૭૫ | : | ગુજરાતનો દુકાળ |
| ૧૯૭૫ | : | મહારાષ્ટ્રનો દુકાળ |
| ૧૯૭૭ | : | આંધ્ર પ્રદેશમાં દરિયાઈ વાવાઝોડું |
| ૧૯૭૯ | : | મોરબીમાં પૂર |
| ૧૯૮૨ | : | સૌરાષ્ટ્રમાં પૂર |
| ૧૯૮૩ | : | સૌરાષ્ટ્રમાં પૂર |
| ૧૯૮૪ | : | ઈથોપીઆમાં દુકાળ |
| ૧૯૮૭ | : | ગુજરાતમાં દુકાળ |
| ૧૯૯૨ | : | જામનગરમાં અછત |
| ૧૯૯૩ | : | લાતુરમાં ભૂકંપ |
| ૧૯૯૪ | : | લૉસ એન્જેલસમાં ભૂકંપ |
| ૧૯૯૪ | : | સુરતમાં રોગચાળો |
| ૧૯૯૫ | : | પશ્ચિમ બંગાળમાં પૂર |
| ૧૯૯૬ | : | આંધ્ર પ્રદેશમાં વાવાઝોડું |
| ૧૯૯૭ | : | ગુજરાતમાં પૂર |
| ૧૯૯૮ | : | કંડલામાં વાવાઝોડું |
| ૧૯૯૮ | : | નૈરોબીમાં બૉમ્બ દુર્ઘટના |
| ૧૯૯૮ | : | મ્વાન્ઝામાં હોડી દુર્ઘટના |
| ૧૯૯૮ | : | સુરતમાં પૂર |
| ૧૯૯૯ | : | મોઝામ્બિકમાં પૂર |
| ૧૯૯૯ | : | ઓરિસ્સામાં ભયંકર વાવાઝોડું |
| ૨૦૦૦ | : | ગુજરાતમાં દુકાળ |
| ૨૦૦૧ | : | ગુજરાતમાં ધરતીકંપ |
| ૨૦૦૧ | : | ગુજરાતમાં દુકાળ |
| ૨૦૦૧ | : | ઓરિસ્સામાં પૂર |
| ૨૦૦૧ | : | ન્યૂયોર્કમાં ડબ્લ્યુ.ટી.સી. દુર્ઘટના |
| ૨૦૦૪ | : | દક્ષિણ ભારતમાં ત્સુનામી |
| ૨૦૦૫ | : | ગુજરાતમાં અતિ-વૃષ્ટિ અને પૂરની આફત,<br>અમેરિકામાં ન્યૂ ઓર્લિએન્સમાં દરિયાઈ વાવાઝોડાની આફત |
| ૨૦૦૬ | : | ગુજરાતમાં તાપી નદીમાં ભારે પૂરથી અસરગ્રસ્ત સુરત શહેર અને આજુબાજુના વિસ્તારોના લોકોને સહાય |

'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકો ઉત્સાહી અને પ્રતિબદ્ધ છે. તેઓ જીવનના બધાં ક્ષેત્રોમાંથી આવે છે અને કશાયે મહેનતાણા વગર કામમાં મચી પડે છે. સ્વામીશ્રી પોતે જ જીવતુ જાગતું ઉદાહરણ છે. વ્યક્તિગત પ્રવાસો મારફત તેઓ રાત-દિવસ સેવાઓ આપતા સાધુઓ અને સેવકો સાથે જીવંત સંપર્ક રાખે છે.

સ્વામીશ્રીએ ધાર્મિક સંસ્થાઓ અને ધર્મને નવો જ અર્થ આપ્યો છે. ધર્મ એટલે માત્ર મંદિરોમાં જઈને પ્રાર્થના કરવી એ જ નહીં, ઉપદેશો આપવા એ જ નહીં, પણ એનો અર્થ એ કે જરૂરિયાતના સમયે લોકોની સેવા માટે દોડી જવું. પછી તેઓ ભક્તજનો છે કે નહીં, આપણા ધર્મના છે કે બીજા, એ કંઈ જ જોવાનું નહીં. રાહતનું કામ માત્ર ખોરાકનાં પેકેટ વહેંચવાથી પતી જતું નથી. લોકો પૂર્વવત્ જીવન પ્રાપ્ત કરે એ માટે તેમને સહાયરૂપ થવાનું હોય છે. આર્થિક પ્રવૃત્તિ ફરી ધમધમે એ માટે પ્રયાસ કરવાના હોય છે. પ્રથમ પગલા તરીકે, હોનારતમાં ઘર પડી ગયું હોય એ ફરી બાંધી આપવાનું હોય છે. આ બધી જ પ્રવૃત્તિઓમાં સાધુઓ શામક સ્પર્શ આપે છે.

પ્રમુખસ્વામી મહારાજે જાહેર જીવનને પણ એક નવી દિશા આપી છે. 'બી.એ.પી.એસ.'નું જ ઉદાહરણ છે. ચોક્કસ સમયે સમાજની જરૂરિયાતોની નાડ સ્વામીશ્રી બરાબર પારખે છે. ઝડપી પ્રગતિ માટે તેમણે આધુનિક પદ્ધતિઓ અપનાવી છે, પણ તેનો પાયો અધ્યાત્મનો જ છે. જરૂરિયાતના સમયે બીજાને મદદરૂપ થવાની આપણી અંદર જ પ ડેલી વૃત્તિને જગાડવાની અજબ હથોટી છે તેઓશ્રી પાસે. જીવનને એ નવો જ અર્થ આપે છે. જે વિશ્વ, સામાન્યતઃ પોતાના વ્યક્તિગત સ્વાર્થના કુંડાળામાં જ ફરતું રહેતું હોય છે, તે આપણા વિશ્વને પ્રમુખસ્વામી મહારાજની આ મોટી દેન છે.

• • •




જુદા જુદા દેશના એલચીઓ સાથે લંડનના નિસડન મંદિરમાં યોજાયેલી પ્રાર્થનાસભામાં 'સુનામી'ના અસરગ્રસ્તો માટે બી.એ.પી.એસ.ની ટહેલ

બી.એ.પી.એસ.નું સુનામી રાહતકામ





શીતળ સ્પર્શ ... એક યાદગાર ક્ષણ

# ૬. પ્રેરણાનો પુંજ

પ્રમુખસ્વામી મહારાજ તમામ વર્ગના લોકોને સતત મળતા રહેતા હોય છે. એમના નિત્ય ક્રમનો આ ભાગ જ થઈ ગયો છે. તેમના વિચરણ દરમિયાન તેઓ બાળકો, યુવાનો, વયે પહોંચેલા લોકો તેમ જ સમાજના જુદા જુદા વર્ગના લોકોને આનંદથી મળતા હોય છે.

બાળકો, યુવાનો, ધંધાદારી લોકો, સત્સંગીઓ અને સાધુઓ, બધાની સાથે વાત કરવાની એમની પદ્ધતિ અલગ અલગ છે. બધાને માટે સંદેશ જો કે સમાન છે. "ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. બીજાનું ભલુ કરો." તેઓશ્રી જુદી જુદી રીતે કેવી પ્રેરણા આપે છે એના કેટલાક સારામાં સારા દાખલા વીણીને રજૂ કરવાનો અહીં પ્રયાસ થયો છે. આમાંની કેટલીક વિગતો સ્વામિનારાયણ અક્ષરપીઠ તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તક 'ફ્રેન્ડ્સ ઑફ ફ્રેન્ડસ'માંથી, બાળકો સાથેની તેમની વાતોમાંથી, જ્યારે કેટલીક વિગતો 'બ્લીસ' સામયિકના જુદા જુદા અંકોમાંથી તેમજ કેટલીક સાધુઓ, સત્સંગીઓ અને જુદા જુદા વર્ગના લોકોએ વર્ણવેલા અનુભવોમાંથી લીધી છે.

પ્રમુખસ્વામી મહારાજ, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી, પ્રમુખસ્વામી, સ્વામીશ્રી, બાપા, સ્વામીબાપા વગેરે જુદા જુદા નામે ઓળખાય છે. જુદા જુદા લોકો સાથેના એમના સંબંધ અનુસાર તેઓશ્રી પોતાને વિવિધરૂપે વ્યક્ત કરે છે :

### તેઓ જાણે છે...

એક સવારે સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હતા.

ઘણા હરિભક્તો એમનાં દર્શન પામી રહ્યા હતા.

સાધુઓ કીર્તન ગાઈ રહ્યા હતા.

સ્વામીશ્રીએ તેમના કપાળે નારંગી રંગનું તિલક કર્યું.

વચ્ચે લાલ ચાંદલો કર્યો.

એક નાના બાળક, શ્વેતાંશુને જરા જિજ્ઞાસા થઈ.

તેને પણ તેના કપાળે ચાંદલો કરવાની ઈચ્છા થઈ.

ધીમેથી તે સ્વામીશ્રી તરફ સરક્યો.

એક પણ શબ્દ બોલ્યા વગર નજીક જઈને ઊભો રહ્યો.

બધાને નવાઈ લાગી કે આને શું કરવું છે.

અલબત્ત, સ્વામીશ્રીને ખબર હતી, એને શું જોઈએ છે.

તેમણે શ્વેતાંશુના કપાળે સુંદર તિલક કર્યું, પણ શ્વેતાંશુ ગયો નહિ. તેની આંખો આમતેમ કંઈ શોધતી રહી.

હવે બધાને વધારે નવાઈ લાગી. હજુ આને શું જોઈએ છે !

સ્વામીશ્રીને ખબર હતી. તેમણે નાનો અરીસો ઉપાડ્યો ને તેના ચહેરા આગળ ધર્યો.

શ્વેતાંશુના ચહેરા પર સ્મિત ફેલાઈ ગયું.

આ જ એને જોઈતું હતું.

ચાંદલા સાથે પોતે કેવો લાગે છે એ જોવું હતું.

અને સ્વામીશ્રીએ તે બતાવ્યું. તે મોટો માણસ લાગતો હતો.

નાના બાળકને કેવી લાગણીઓ થતી હોય તે સ્વામીશ્રી બરાબર જાણે છે.

## શ્રેષ્ઠ ખોરાક

સાધુઓ અને હરિભક્તો સ્વામીશ્રી માટે જે ભોજન તૈયાર કરે છે, તે બધું

સ્વામીશ્રી પ્રથમ ઈશ્વરને અર્પણ કરે છે.

હંમેશાં તેઓ હરિકૃષ્ણ મહારાજને થાળ ધરે છે.

એક વખત જાપાનમાં કોઈએ શિરો બનાવ્યો, પણ એમાં ખાંડ નાખવાને બદલે ભૂલથી મીઠું નાખી દીધું.

પુડીંગમાં મીઠું નાખવા જેવું થયું. આઈસ્ક્રીમમાં મીઠું નાખેલું હોય તો તમે એ ખાઓ ખરા ?

ઓહ ! મીઠાવાળો શીરો એવો જ હતો !

સ્વામીશ્રી ભોજન લેવા બેઠા.

તેમને રોટલી, શાક અને પેલો ખારો શીરો પણ પીરસાયો.

પણ પાછળથી એક સાધુએ શીરો ખાધો ત્યાં સુધી કોઈને ખબર જ ન પડી કે શું થયું હતું !

તેમણે તો તરત કહ્યું,

બાપ રે ! આ શીરો તો ખારો છે ! પણ પછી તરત તેણે વિચાર્યું... સ્વામીશ્રીને કંઈ સ્વાદમાં ખબર નથી પડતી એવું તો નથી પણ તેમણે તો કશું કહ્યું નહિ. કશો બબડાટ પણ ન કર્યો. મોઢુંય ન બગાડ્યું. વાટકો આઘોપાછોય ન કર્યો.

સાધુઓએ પછી સ્વામીશ્રીને પૂછ્યું કે તેમણે કેમ કશું કહ્યું નહિ ?

સ્વામીશ્રીનો જવાબ આ હતો : ઠાકોરજીને જે કંઈ ધરાવાયું હોય એ આપણે સ્વીકારવાનું હોય.

ક્યારેક કોઈ રાંધવામાં ભૂલ કરે, એથી ફરિયાદ શું કરવાની ?

સ્વામીશ્રીને ક્યારેય અમુક વસ્તુ ભાવે ને અમુક ન ભાવે એવું નથી. જે ભોજન પીરસાયું હોય એમાં ક્યારેય ખોડ કાઢતા નથી.

થાળમાં જે કંઈ મુકાયું હોય તે સ્વીકારી લે છે.

સ્વામીશ્રી માટે ઠાકોરજીનો થાળ એ જ શ્રેષ્ઠ ભોજન છે.

## સેવાથી સભર જીવન

એક વખત સ્વામીશ્રી બોચાસણ હતા.

બોચાસણ એટલે એ શહેર, જ્યાં શાસ્ત્રીજી મહારાજે પ્રથમ શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર બાંધ્યું હતું.

આજે ત્યાં ઘણા સાધુઓ રહે છે. સુંદર મંદિર છે.

સ્વામીશ્રી વરિષ્ઠ સાધુઓના ઓરડાની મુલાકાત લેતા હતા.

આ એમનો રોજનો ક્રમ હતો. સ્વામીશ્રી હંમેશાં વરિષ્ઠોને માન આપતા.

એક વખત તેઓ બાથરૂમ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમની બારીક નજરે જોયું કે લાદીઓ થોડી ગંદી હતી.

સારી રીતે ધોવાની જરૂર હતી.

તે વખતે અનેક સાધુનો અને ભક્તો તેમની આસપાસ હતા.

સ્વામીશ્રી કોઈને પણ લાદીઓ ચોકખી કરવાનું કહી શક્યા હોત.

પણ... નહિ ! સ્વામીશ્રી ત્યાં ગયા, અંદરથી દરવાજો બંધ કર્યો.

બધાને એમ જ હતું કે તેઓ બાથરૂમ ગયા છે.

પણ, અંદર જુદી જ વાત બની રહી હતી.

સ્વામીશ્રીએ ધોતિયું સહેજ ઘૂંટણ સુધી લીધું, અને

બ્રશ લઈને લાદીઓ ઘસવા મંડી પડ્યા.

સ્વામીશ્રી ઘસતા રહ્યા, ઘસતા રહ્યા, બધી લાદીઓ ચોકખીચણાક થઈ ત્યાં સુધી ઘસતા રહ્યા.

જ્યારે તેઓ ઓરડીમાંથી બહાર આવ્યા ત્યારે જાતે સેવા કર્યાનો આનંદ મોં પર છલકાતો હતો.

સ્વામીશ્રીને સ્વચ્છતા ગમે છે, અને સેવા પણ ગમે છે.

નાનામાં નાનું કામ પણ તેમને ઘણો આનંદ આપે છે. તેમનું આખું જીવન જ સેવાથી સભર છે.

## એક વિશિષ્ઠ પ્રમુખ

સ્વામીશ્રીને આપણે 'પ્રમુખસ્વામી' કહીએ છીએ.

કારણ કે તેઓ આપણી સંસ્થાના પ્રમુખ છે.

શાસ્ત્રીજી મહારાજે તેમની સંસ્થા-પ્રમુખ તરીકે નિમણૂંક કરી છે.

તેમણે કહ્યું હતું : "જેમ રામાનંદ સ્વામીએ તેમના વારસ તરીકે નીલકંઠ વર્ણીની નિમણૂક કરેલી, એ જ રીતે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને મેં સંસ્થાન પ્રમુખ તરીકે નીમ્યા છે."

તે વખતે સ્વામીશ્રી માત્ર ૨૮ વર્ષના હતા. તે જ દિવસથી બધા એમને પ્રેમપૂર્વક 'પ્રમુખસ્વામી' તરીકે ઓળખે છે.

સ્વામીશ્રીએ એ ખાસ દિવસે બે વિશિષ્ટ કામ કર્યાં :

૧. બહુ જ નમ્ર પણે તેઓએ પ્રમુખ તરીકે પોતાની નિમણૂંકને બિલકુલ સહજ પણે લીધી. સહેજ પણ ફુલાયા વગર તેમણે ગુરુ શાસ્ત્રીજી મહારાજની વંદના કરી ને પ્રાર્થ્યું કે જ્યાં સુધી પોતે જીવે ત્યાં સુધી અક્ષરપુરુષોત્તમના મિશનને પૂરા ઉત્સાહ ને પ્રતિબદ્ધતા સાથે આગળ વધારવાની ક્ષમતા અને તાકાત પોતાને મળે.

૨. પ્રમુખ-વરણીનો યાદગાર કાર્યક્રમ પૂરો થયો પછી તમામ ભક્તોએ સારું ભોજન લીધું. પછી બધા વિખરાયા, ત્યારે માત્ર એક જ વ્યક્તિ જાગતા હતા, ને કાર્યરત હતા ! કોણ હશે એ? કલ્પના આવે છે ? પ્રમુખસ્વામી. નવા નિમાયેલા પ્રમુખશ્રી.

તેઓ શું કરતા હતા ? સ્વામીશ્રી રસોડાનાં વાસણ ઊટકીને સ્વચ્છ કરતા હતા. મોટાં વાસણ, તપેલાં, લોટા, પ્યાલા બધું. બધી થાળીઓ ઘસીને ધોઈ નાખી.

પ્રમુખ તરીકે કોઈને પણ આ કામ કરવાનું તેઓ કહી શક્યા હોત, પણ તેમણે કહ્યું નહિ. નવા પ્રમુખ તરીકેની સત્તાનો જરા પણ ઉપયોગ ન કર્યો. મદદ માટે કોઈને આરામમાંથી જગાડ્યા નહિ. પછીયે કોઈને વાત સરખી ન કરી. સ્વામીશ્રી કોઈ પણ કામ બાકી છોડવામાં માનતા જ નહોતા.

તેમણે બધું ધોયું ને ચોકખું કર્યું. એટલે જ સ્વામીશ્રી એક વિશિષ્ટ પ્રમુખ છે. ઘણીબધી સત્તાઓ છે એમની પાસે, અને છતાં હંમેશ તેઓશ્રી નમ્ર જ રહે છે. આપણાં શાસ્ત્રો કહે છે. "ઈશ્વરનો નિવાસ નમ્ર, અહમ્‌થી મુક્ત માનવીના હૃદયમાં છે."

સ્વામીશ્રી અહમ્‌થી સંપૂર્ણ મુક્ત એવા સંતવર્ય છે.

## સંપૂર્ણ સમર્પણ

સ્વામીશ્રી સવારની પૂજા કરતા હોય એ દૃશ્ય દરેકના માટે શ્રેષ્ઠ, શાંતિદાયક અને દિવ્ય હોય છે.

સ્વામીશ્રીએ પૂજા ન કરી હોય એવો એક પણ દિવસ હોતો નથી.

સ્વામીશ્રીનો દિવસ જ પૂજા સાથે આરંભાય છે.

પ્રાતઃસ્નાન પછી, સૌ પ્રથમ સ્વામીશ્રી પૂજા કરતા હોય છે.

રોજની પૂજા થઈ જાય એ પહેલાં તેઓ કંઈ જ ખાતા-પીતા નથી.

સંદેશ એ છે કે આપણે બધાએ આમ જ કરવું જોઈએ.

સ્વામીશ્રીની પૂજાનું દર્શન બહુ શાંત, મનોહર હોય છે.

સ્વામીશ્રી પૂજા કરતા હોય ત્યારે સાધુઓ ભજનો ગાતાં હોય.

ભક્તો પૂરા ભાવથી સ્વામીશ્રીના દર્શન કરી રહ્યા હોય.

સમગ્ર પૂજાવિધિ દરમિયાન સ્વામીશ્રી તો ઠાકોરજી સામે જોવામાં જ મગ્ન હોય.

બધા સ્વામીશ્રી સામે જોતા હોય, પણ સ્વામીશ્રીનું ધ્યાન ઠાકોરજીમાં જ હોય.

સ્વામીશ્રીનું સંપૂર્ણ લક્ષ્ય જ ઠાકોરજી છે.

પ્રકાશ બરાબર ન હોય, તો સ્વામીશ્રી કોઈને સરખો કરવા આદેશ આપે,

કે જેથી તેઓ ઠાકોરજીના વધુ સારાં દર્શન કરી શકે.


લંડનના નિસડન મંદિરમાં અન્નકૂટ

સ્વામીશ્રીને મન ઠાકોરજી એ ધાતુની મૂર્તિ કે છાપેલા કાગળમાંની છબી નથી, પણ સાક્ષાત્ ભગવાન જ છે.

એક વખત કોઈ સ્વામીશ્રીની પૂજા માટે સુંદર મોટો રંગીન હાર લઈ આવ્યું.

ઠાકોરજીને પહેરાવવા સ્વામીશ્રીને આપ્યો.

સ્વામીશ્રીને લાગ્યું કે ગુલાબ ભીનાં છે.

એટલે તેમણે હારને હળવાશથી તેમના ઉપવસ્ત્ર ધરી તેમાં એ હાર વીટીં રાખ્યો, કે જેથી કપડામાં પાણી શોષાઈ જાય.

થોડીવારમાં પછી તેમણે તે ઠાકોરજીને ધરાવ્યો.

આપણે પણ ભીનાં ફૂલ ઠાકોરજીને ધરાવવાં જોઈએ નહિ.

ભગવાનને સ્વામીશ્રીનું સમર્પણ સંપૂર્ણ હતું. નાનામાં નાની બાબત પણ તેઓ ભૂલતા નથી.

કેન્યાના પૂર્વ પ્રમુખ જોમો કેન્યાટાએ એક વાર સ્વામીશ્રીને (હરિકૃષ્ણ મહારાજ તરફ આંગળી ચીંધીને) પૂછ્યું, ‘‘આ કોની પ્રતિમા છે ?’’

સ્વામીશ્રીએ કહ્યું, ‘‘એ પ્રતિમા નથી, સ્વયં ભગવાન છે.’’

## એક નાનો અવાજ

સ્વામીશ્રી આખી દુનિયામાં સૌથી વધુ કામગરી વ્યક્તિઓ પૈકીના એક છે, પણ ખૂબ જ વ્યસ્ત રહેતા હોવા છતાં તેમણે ક્યારેય કહ્યું નથી કે ‘‘મારી પાસે સમય નથી.’’

કારણ એ કે, તેઓ સમયનું સારી રીતે આયોજન કરે છે

અને તેથી યુવાન અને વૃદ્ધ બંને માટે સ્વામીશ્રી પાસે સમય હોય જ છે.

સ્વામીશ્રી હંમેશ બાળકોના પ્રશ્નોના જવાબ આપવા આતુર હોય છે.

તેઓ ઘણા મહાન છે, છતાં બાળકોની નાનામાં નાની વાતનો પણ પ્રતિભાવ આપે છે.

સ્વામીશ્રીને દાંતનું ચોકઠું (ડેન્ચર) છે.

ખાધા પછી દરેક વખત તેઓ ચોકઠું કાઢીને બ્રશથી સાફ કરે છે.

એક વખત જમ્યા પછી સ્વામીશ્રીએ ચોકઠું કાઢ્યું.

એક સાધુએ તે સાફ કર્યું અને સ્વામીશ્રીને પાછું આપ્યું.

ચોકઠું મોંમાં મૂક્યા પછી તેમણે હાથ ધોઈ નાખ્યા. એક નાનકડું બાળક આ જોતું હતું.

સ્વામીશ્રીના ખોટા દાંત જોવાની જિજ્ઞાસાથી તેણે વિનંતિ કરી, ‘‘સ્વામીશ્રી, મને તમારા દાંત બતાવો.’’

એક ક્ષણ પણ અચકાયા વગર સ્વામીશ્રીએ ચોકઠું કાઢ્યું અને હસીને કહ્યું, ‘‘લે, આ જો.’’ બાળક બહુ ખુશ થયો. સ્વામીશ્રીએ એને ના ન પાડી. એની વાત માની.

પછી ફરીથી તેમણે ચોકઠું ધોયું ને પછી હાથ પણ ધોયા.

આ બધું તેમણે એક બાળકની પ્રેમાળ જિજ્ઞાસા સંતોષવા કર્યું. પોતે જેમને ચાહે છે તે બાળકો માટે સ્વામીશ્રી થોડું વધારે જ કરશે.

એક જગાએ એક બાળકે પૂછ્યું, ‘સ્વામીશ્રી, મેં સાંભળ્યું છે કે તમે કંઈ મોટું ઑપરેશન કરાવ્યું છે. મારે એનો મોટો કાપો જોવો છે. ક્યાં છે ?’ તરત સ્વામીશ્રીએ એમનું ઉપવસ્ત્ર ઊંચું કર્યું, સહેજ ફર્યા અને ઑપરેશનમાં કાપો થયેલો એ ભાગ આંગળી મૂકીને બતાવ્યો. બાળક આશ્ચર્યચકિત થઈ ગયું. આનંદથી પોતે શું જોયું તે બીજા મિત્રોને કહેવા દોડ્યો.

જરા વિચાર કરો, હજારો માણસો સ્વામીશ્રીને જોવા ને મળવા આવતાં હોય ત્યારે પણ એક નાનકડા બાળકની જિજ્ઞાસા સંતોષવાની તેમની લાગણી હોય જ છે.

સ્વામીશ્રી હંમેશ નાના બાળકોનો અવાજ સાંભળવા આતુર હોય છે.

સ્વામીશ્રી બાળકોને વરેલા છે. એટલે જ તેઓ આપણા સ્વામીશ્રી છે !

## સંપૂર્ણ સજ્જતા

સ્વામીશ્રી એક વાત ખૂબ પસંદ કરે છે - સંપૂર્ણ સજ્જતા. તેઓ ઈચ્છે છે કે આપણે બધા મન, શરીર અને આત્માથી સંપૂર્ણ સજ્જ રહીએ.

સ્વામીશ્રી જ્યારે સાળંગપુર હતા, ત્યારે એક ૧૦ વર્ષનો છોકરો તેમનાં દર્શને આવ્યો.

આટલી ઉંમરે એનું શરીર ઘણું ભારે અને વજનદાર હતું.

સ્વામીશ્રીએ તેને એ અંગે પૂછ્યું.

છોકરાએ કહ્યું, ‘‘દિવસમાં એક જ વાર ખાઉં છું તો પણ આ સ્થિતિ છે. ક્યારેક ખૂબ ભૂખ્યો થાઉં તો પણ રાત્રે ફળ કે નાસ્તો જ કરુ છું.’’

‘‘નાસ્તામાં શું લો છો ?’’ સ્વામીશ્રીએ પૂછ્યું.

‘‘ફ્રાઈઝ (ચીપ્સ)’’

‘‘કેટલું ખાઓ છો ?’’

‘‘માત્ર થોડુંક જ.’’

"બીજા સમયે બીજું કંઈ ખાઓ છો ?"

"ના, માત્ર પાણી પીઉં છું."

"તો પછી તમારું વજન કેમ નથી ઓછું થતું ?"

છોકરાએ ખભા હલાવ્યા, "ઓહ, મને ખબર નથી."

સ્વામીશ્રીએ એને ઉત્સાહ આપ્યો,

"રોજ સવારે વહેલા ઊઠો ને દોડવા જાઓ. થોડી કસરત કરો. અત્યારથી જ થોડી કાળજી લેશો તો મોટા થશો ત્યાં સુધીમાં શરીર સરસ થઈ જશે."

## સારામાં સારું તમારી પાસે છે ?

એક બાળકે સ્વામીશ્રીને પૂછ્યું, "તમને સૌથી વધારે શું ગમે ?"

સ્વામીશ્રીએ જવાબ આપ્યો, "તમે બધા ભજન અને ભક્તિ કરો તે. તમે બધા બાળ-મંડળમાં આવો, પ્રાર્થના અને ભક્તિ કરો, શાળાના અભ્યાસમાં સખત મહેનત કરો એ મને ખૂબ ગમે. હવે તું કહે તને શું ગમે?"

"સેવા કરવાનું", તેણે કહ્યું.

"સરસ, ઈશ્વરની અને તેમના સાધુની સેવા કરો."

"સ્વામીજી, તમારે કોઈ દિવસ રજા હોય ખરી ?" બીજા બાળકે પૂછ્યું.

"ભગવાનની ભક્તિમાં કોઈ રજા ન હોય, જેમ ખાવામાં રજા નથી હોતી એમ."

"બ્રહ્મરૂપનો શો અર્થ ?" વળી એક બાળકે પૂછ્યું.

સ્વામીશ્રીએ સમજાવ્યું, "બ્રહ્મરૂપનો અર્થ એ કે, આપણામાં કોઈ ખરાબ ટેવો ન હોય. ખોટી અપેક્ષાઓ ન હોય. ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ સમર્પિત હોઈએ. અનંત આનંદ અને ઈશ્વરભક્તિમાં લીન રહીએ."


## મહાન રસોયો !

હા, તેઓ એ જ છે.

સ્વામીશ્રી માટે રાંધવું એ કોઈ નાની વાત નથી.

તેઓ સ્પષ્ટ માને છે કે ઈશ્વર પ્રીત્યર્થે કરેલું કોઈ પણ કામ મહાન જ છે. સત્સંગ, ઑફિસનું કામ, ઉપદેશ, આવકાર, ખેતી, રસોઈ, સફાઈ – દરેક કામનું એકસરખું મહત્ત્વ છે.

કંઈ પણ નાનું નથી. કંઈ પણ મોટું નથી.



સ્વામીશ્રી નવા પાઠમાં - રસોઈકળામાં નિષ્ણાત

ફરક આવે છે તે આપણી ભાવનાઓમાં, આપણાં વલણોમાં જ છે.

સેવાની પ્રવૃત્તિમાં આપણે કઈ ભાવનાથી જોડાઈએ છીએ ?

જો ઈશ્વરને રાજી કરવાની જ આપણી ભાવના હોય તો ગમે તે રૂપે સેવા કરીએ, એ મોટું કામ જ છે.

કેટલાક દાયકાઓ પહેલાં સ્વામીશ્રી રાજસ્થાનના ગરમ અને સૂકા રણ વિસ્તારમાં જતા. ત્યાંની પથ્થરની ખાણોમાંથી તેઓ આપણા મંદિરો માટે આરસની પસંદગી કરતા. વહેલી સવારથી મોડી સાંજ સુધી સ્વામીશ્રી આકરા તાપમાં મહેનત કરતા. નિવાસસ્થાને પાછા ફરે ત્યારે પાછો રોજનો ક્રમ તો ખરો. તેઓ ૨૦૦ ફીટ ઊંડા કૂવામાંથી પાણી ખેંચતા. પછી ચૂલા પર રોટલી ને દાળ રાંધી નાખતા. ઠાકોરજીને થાળ ધર્યા પછી અન્ય સાધુઓ સાથે ભોજન માટે બેસતા. પછી, અલબત્ત, રસોડાનાં વાસણ અને રસોડું સાફ કરવાનું કામ શરૂ થતું.

## નોબેલ પ્રાઈઝ

સ્વામીશ્રી વિદ્યાનગરમાં હતા.

ત્યાં સંસ્થાનું મોટું છાત્રાલય છે.

ઘણાબધા છોકરાઓ રહે છે અને સ્વામીશ્રીની આજ્ઞાથી સંતો તેનું સંચાલન કરે છે.

તેઓ આપણી સંસ્કૃતિ, આપણો ધર્મ, આપણી વિરાસતના પાઠ છાત્રોને શીખવે છે. વિદ્યાર્થીઓ પણ નિયમિત કૉલેજોમાં જાય છે અને સ્નાતક બને છે.

આ બધા છાત્રો સત્સંગમાં પરોવાયેલા છે. જ્યારે જ્યારે તેઓ સ્વામીશ્રીને મળે ત્યારે ત્યારે આનંદ અને તૃપ્તિની લાગણી અનુભવે છે.

સ્વામીશ્રી તેમની સંભાળ રાખે છે ને તેમને ચાહે છે. છોકરાઓ પણ સ્વામીશ્રીને ખૂબ ચાહે છે.

એક વખત, સ્વામીશ્રી સાંજનું ભોજન લઈ રહ્યા હતા. કેટલાક યુવાનો જુદા જુદા મુદ્દાઓની ચર્ચા કરી રહ્યા હતા.

સ્વામીશ્રી સાંભળી રહ્યા હતા. સ્વામીશ્રી હંમેશાં ઘણુંબધું સાંભળતા હોય છે.

કદાચ એટલે જ તેઓ વધારે જાણે છે ને વધારે સમજે છે.

અચાનક આખી ચર્ચા 'નોબલ પ્રાઈઝ' તરફ વળી, 'નોબલ પ્રાઈઝ' દુનિયામાં ખૂબ પ્રતિષ્ઠાભર્યો એવોર્ડ ગણાય છે, જે વિદ્વાનો, વૈજ્ઞાનિકો, સામાજિક કાર્યકરો અને નેતાઓને

અપાય છે, જેમણે કોઈ મહાન શોધ-સંશોધન કર્યાં હોય અગર સમાજની સેવામાં ખૂબ મહત્ત્વનું પ્રદાન કર્યું હોય.

નોબલ પ્રાઇઝ મેળવનાર કોઈ પણ વ્યક્તિ આખી દુનિયામાં માનપાત્ર બની જાય છે. ટેલિવિઝન પર, રેડિયો પર, અખબારોમાં, સામયિકોમાં બધે જ તેની બોલબાલા થાય છે. ખૂબ બધી પ્રસિદ્ધિ તેને મળે છે. નોબલ પ્રાઇઝ મેળવવું એ કોઈની પણ અંતરતમ ઈચ્છા હોય છે.

રક્ષિત નામના એક વિદ્યાર્થીએ વાતવાતમાં કહ્યું, "હવે નોબલ પ્રાઇઝ સ્વામીશ્રીને મળવું જોઈએ. સ્વામીશ્રીએ માનવતા માટે એવું કાર્ય કર્યું છે, જે આજ સુધી કોઈએ કર્યું નથી."

સાચી જ વાત છે કે સ્વામીશ્રીએ લાખ્ખો માણસો માટે ઘણુંબધું કર્યું છે. સ્વામીશ્રીનું સમગ્ર જીવન લોકોના ભલા માટે જ ખર્ચાયું છે. માટે સ્વામીશ્રીને ઈનામ મળવું જ જોઈએ.

સુરેશે સ્વામીશ્રીને પૂછ્યું, "આપ શું વિચારો છો, સ્વામીશ્રી ?"

"મારા માટે, તમે બધા છો. આ યુવાન સમૂહ છે, આ સાધુઓ છે. મારા માટે આ જ નોબલ પ્રાઇઝ છે. આપણે ઈશ્વર પ્રત્યે સમર્પિત છીએ - આ પણ નોબેલ પ્રાઇઝ જ છે."

કેટલીયે આંખો આંસુભીની થઈ. બાળકો માટે આનાથી મોટું શિક્ષણ બીજું શું હોય ! અને યુવાનો માટે પણ સ્વામીશ્રીની આવી લાગણીથી મોટું શું હોય! તેઓ આપણને એમનું 'નોબલ પ્રાઇઝ' સમજે છે. 'નોબલ પ્રાઇઝ' કરતાંય સ્વામીશ્રી આપણને વધારે પ્રેમ કરે છે. માટે જ, સ્વામીશ્રી 'નોબલ'ના પણ 'નોબલ' છે. સ્વામીશ્રી પાસે હૃદયોના ઉપહાર છે. તમારું હૃદય, મારું હૃદય, લાખ્ખો હૃદય !

## સ્વામીશ્રી પાસે ભગવાન છે.

૧૨ જુલાઈ, ૧૯૯૪ - સ્વામીશ્રી ડલાસ (અમેરિકા)માં હતા.

બાળકો સાથે વિનોદ કરી રહ્યા હતા.

"સ્વામીશ્રી, તમારા માટે દિવસની સારામાં સારી ક્ષણ કઈ હોય ?"

એક બાળકે પૂછ્યું.

પ્રશ્ન જરા મૂંઝવણભર્યો હતો. કોઈ એમ કહી દે કે 'આપણાં કોઈએ વખાણ કર્યા હોય એ ક્ષણ સારામાં સારી.' અથવા 'આપણે કંઈ મોટું ને સારું કામ કર્યું હોય એ સારામાં સારી ક્ષણ.'



માઉન્ટ આબુ ખાતેની શાળાના બાળકો સાથે સ્વામીશ્રી

અને એવા ઘણા દિવસ જાય છે, જ્યારે આપણી પાસે કોઈ સારામાં સારી ક્ષણ હોતી નથી. એક પણ !

પરંતુ, સ્વામીશ્રી માટે તો બધા દિવસ, દરેક દિવસ, સારી ક્ષણોનો ભરેલો હોય છે.

પણ સારામાં સારી કંઈ ?

સ્વામીશ્રીએ કહ્યું, 'આપણી બધી જ ગતિવિધિ, દિવસના ચોવીસે ચોવીસ કલાક શ્રીજી મહારાજ સાથે હોય છે તે.'

એટલે બધી જ ક્ષણો ઉત્તમ, ન્હાતાં, ખાતાં, આપણા દરેક કામમાં આપણે ભગવાનને યાદ રાખીએ છીએ. શ્રીજી મહારાજ સાથે સ્વામીશ્રીનો અતૂટ સંબંધ છે.

• • •

૪ મે, ૧૯૮૮ - સ્વામીશ્રી પેરિસમાં હતા.

તેમના નિવાસની ગોઠવણ માટે તેમ જ વિવિધ કાર્યક્રમોના આયોજનમાં પ્રવીણભાઈ અને તેમના પરિવારે અથાક્ મહેનત કરી હતી.

સ્વામીશ્રી તેમની સેવાથી પ્રસન્ન થઈ ગયા હતા.

વિદાય લેતી વેળાએ સ્વામીશ્રીએ કહ્યું, "તમે બધાએ ખૂબ સારી સેવા કરી છે. બદલામાં તમને બીજું તો શું આપું? ભગવાન મારી સાથે છે અને તે હું તમને આપું છું."

કેવો દિવ્ય આશીર્વાદ !

• • •

સ્વામીશ્રી ૧૯૭૪માં મોમ્બાસામાં (આફ્રિકા) હતા. ત્યાં મંદિરમાં હંમેશ જુદી જુદી સેવા આપતા એક યુવાનનાં લગ્ન થઈ રહ્યાં હતાં. સ્વામીશ્રી લગ્નમાં ખાસ હાજર રહ્યા. યુવાનનું નામ ભરત.

સ્વામીશ્રીએ તેને શ્રીજીમહારાજનો ફોટો આપ્યો.

તેમણે કહ્યું, "તમારા મહેમાનો તમને બીજી ભેટો આપશે, પણ મારી પાસે તો ભગવાન જ છે અને તે હું તમને ભેટ આપું છું."

ભરતે એ વિશિષ્ટ ભેટને ખજાનાની જેમ સાચવી રાખી છે. રોજિંદા જીવનમાં ઈશ્વરની સેવાનો જ મહિમા કરી દીધો છે.

તમારી પાસે કંઈ હોય તો જ કોઈને કંઈ ભેટ તરીકે આપી શકો.

સ્વામીશ્રીના તનમાં, મનમાં અને આત્મામાં ભગવાન જ વસી રહ્યા છે.

સ્વામીશ્રીમાં ભગવાન છે અને તેથી જ તેઓ આપણને બધાને તેની લ્હાણી કરે છે.

## ભગવાનનો સાક્ષાત્કાર

સુરતના સ્થાનિક દૈનિક 'ગુજરાત મિત્ર'ના રિપોર્ટર હરીશ જાનીએ સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

જાની : અયોધ્યાના મહંતને સ્વપ્નમાં શ્રીરામ દેખાયા. તેમણે તેમને શિલા-ન્યાસ વિધિ કરવાનું કહ્યું. શું આ વાત સાચી હોઈ શકે ?

સ્વામીશ્રી : હા, આપણા ઋષિઓને આવા સાક્ષાત્કાર થતા હતા. આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચેલા મહાનુભાવોને ભગવાનની પ્રેરણા મળે છે ને ભગવાનનો અવાજ પણ સંભળાય છે. આપણા ઋષિઓ કડક નિયમો પાળતા. તેમણે આત્મ-જ્ઞાનની સ્થિતિ પ્રાપ્ત કરી હતી.

જાની : તમને કદી સાક્ષાત્કાર થયો છે ?

સ્વામીશ્રી : જ્યારથી ભગવાનને મળ્યો ત્યારથી સાક્ષાત્કાર થયેલો જ છે. ગુરુ મારફત મેં ભગવાનને જાણ્યા અને એ રીતે સાક્ષાત્કાર થયો.

જાની : સ્વર્ગમાં જવાનો એકદમ સીધો રસ્તો કયો ?

સ્વામીશ્રી : સીધામાં સીધો રસ્તો ભગવાનના શરણે જવાનો જ છે. એ માટે ભગવાનની આજ્ઞાઓ માનવી પડે. સાચા સાધુના સંસર્ગમાં રહેવું પડે.

## આંતરિક શુદ્ધિ

વિદ્યાનગરના 'અક્ષરપુરુષોત્તમ છાત્રાલય'માં રહેતા રમેશ નામના એક સત્સંગી યુવાને એક વાર સ્વામીશ્રી સમક્ષ પોતાની નબળાઈઓની કબૂલાત કરી. તેણે કહ્યું, "સ્વામીશ્રી, મને ફિલ્મો જોવી ગમે છે. સિનેમા જોવાનું બંધ કરી દઈશ એવું વચન આપેલું, પણ તે પાળી શક્યો નથી. સિનેમા જોયા વગર રહી શક્તો નથી."

તેના એક મિત્રએ વળી ઉમેર્યું, "છેલ્લામાં છેલ્લી ફેશન પ્રમાણે એ એના વાળની ને દાઢીની સ્ટાઈલમાં ફેરફાર કર્યે જાય છે. સારાં સારાં કપડાંનો પણ શોખ છે. દર પંદર દિવસે નવાં કપડાં લીધા કરે છે."

રમેશે એ વાત સ્વીકારી અને પછી વિનંતિ કરી," સ્વામી, મને એવો કોઈ નિયમ આપો કે જેથી જીવનમાં બધું જ સારી રીતે થઈ શકે."

સ્વામીશ્રીએ રમેશને આશીર્વાદ આપ્યા ને સોનાની સલાહ પણ આપી, "તને સારા દેખાવાની ઇચ્છા છે, એવી પણ ઇચ્છા છે કે બધા તારા સામે જુએ ને આકર્ષાય. આ ઇચ્છા તું સંપૂર્ણપણે છોડી દે. આ બધાની કંઈ જરૂર જ નથી. એના વગર તું ચલાવી જ શકે. અમારી સામે જો. મહિનામાં એક વાર અમે દાઢી કરીએ છીએ. છતાં પણ લોકો અમને જોવા આવે છે. વધારે પડતો દેખાવ કરવાની કશી જરૂર નહિ. સૌથી વધારે મહત્ત્વનું એ છે કે તમે અંદરથી વધારે સારા થાઓ. ભૌતિક ચીજો માટેની આંતરિક ઇચ્છાથી દરેકે પોતાની જાતને મુક્ત કરવી પડે. બદલાતી જતી ફૅશન સાથે તાલ મિલાવવાના પ્રયાસમાં સમય અને નાણાંની બરબાદી છે. સિનેમા જોવાથી, તમે દુન્યવી ચીજો માટે અંદર જ વધુ ખેંચાણ ઊભું કરતા હોવ એવું નથી થતું ? ઇચ્છાઓ દૂર કરવાની જરૂર છે, એના બદલે તમે એને મગજમાં જામવા દો છો. ફિલ્મો જોવાનું છોડી જ દો. ડીસ્કો ને જુદી જુદી પાર્ટીઓમાં જવાનું બંધ કરો. આ બધું જ છોડી દેવાનો મજબૂત સંકલ્પ કરો."

રમેશ સંમત થયો અને તેણે સ્વામીશ્રીના શુભાશિષ મેળવ્યા.

## આધ્યાત્મિક જ્ઞાનની ચાવી

એક સાધુએ સ્વામીશ્રીને પૂછ્યું, "વિજ્ઞાન દરેક બાબતને તર્કથી સમજાવે છે. જ્યારે આધ્યાત્મિકતા એ વિશ્વાસની બાબત છે. કોઈ તાર્કિક પ્રક્રિયા બતાવાતી નથી. બસ, માની લેવાનું જ કહેવામાં આવે છે. આ સ્વીકારવાનું જરા મુશ્કેલ છે."

સ્વામીશ્રીએ નજીકના એક લેમ્પશેડ તરફ આંગળી ચીંધીને પૂછ્યું, 'આ વીજળીના દીવાની શોધ કોણે કરી?"

"એડિસન."

"વીજળીના દીવાની શોધ કરતાં કેટલો સમય લાગ્યો હતો ?" સ્વામીશ્રીએ પૂછ્યું.

"દસ હજાર પ્રયોગો." સાધુએ જવાબ આપ્યો.

સ્વામીશ્રીએ સમજાવ્યું, "એટલે ૧૦,૦૦૦ પ્રયોગો કર્યા પછી વીજળીના દીવાની શોધ થઈ. આજે આપણે સ્વીચ દબાવીએ ને તરત લાઇટ થાય છે. પણ જરા વિચારો કે આ શોધ પાછળ કેટલી બધી જહેમત લેવાઈ હશે, કેટલી બધી મથામણ કરાઈ હશે."

"આપણા સમર્થ ઋષિઓએ પણ આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચવામાં હજારો વર્ષ ગાળ્યા છે ને તે પછી ભગવાનને પામ્યા છે. એ દિવ્ય અવસ્થામાં એમણે ધર્મગ્રંથો લખ્યા છે. તેમણે જે માર્ગ સૂચવ્યો છે તેના પર આપણે પૂરા વિશ્વાસથી, પૂરી પ્રતિબદ્ધતાથી ચાલીએ, તો મોક્ષની પ્રાપ્તિ જરૂર થાય."

સ્વામીશ્રીએ સમજાવ્યું કે ધર્મના માર્ગે સતત મથવું એ જ આધ્યાત્મિક જ્ઞાનનું મુખ્ય હાર્દ છે.

## કર્તાહર્તા ભગવાન જ

પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતી એક કંપની 'અટોફિના'ના જનરલ મેનેજર સર્જ લોરેક અને તેમના નાયબ જનરલ મેનેજર ફ્રેડી ક્વેક સ્વામીશ્રીને મળવા આવ્યા હતા. ૨૦૦૨ના જાન્યુઆરીમાં સ્વામીશ્રી સિંગાપોર ગયા ત્યાંની વાતછે.

લોરેકે પૂછ્યું, "તમે માબાપોને તેમના બાળકો સાથેના પ્રશ્નો અંગે માર્ગદર્શન આપો છો, પણ તમે આ કઈ રીતે કરી શકો ? તમને તો કુટુંબની સમસ્યાઓનો કોઈ અનુભવ જ નથી."

સ્વામીશ્રી : માર્ગદર્શન હું નહિ, ભગવાન આપે છે. પ્રશ્નો સાંભળ્યા પછી હું ભગવાનને યાદ કરું છું, પ્રાર્થના કરું છું ને પછી જવાબ આપું છું. આવી બાબતોમાં મારો કોઈ અનુભવ નથી એ સમજાય એવું છે, કારણ યુવાન વયમાં જ હું સાધુ થઈ ગયો હતો. પણ ભગવાનને તો આખી દુનિયાનો, બધા આત્માઓનો અનુભવ છે. એટલે હું એમને યાદ કરું છું ને જવાબો આપું છું. લોકોને સંતોષ થાય છે."

ફ્રેડી ક્વેક : લોકો કેટલી બધી નાણાકીય ને બીજી સમસ્યાઓમાં ઘેરાયેલા છે ! આમાં કોઈ ભગવાનમાં માનતું હોય એ પણ તેની શ્રદ્ધા અને ભક્તિ કઈ રીતે ટકાવી શકે ?

સ્વામીશ્રી : આખું જીવન સમસ્યાઓથી ભરેલું છે. સુખ-દુઃખનું ચક્ર ચાલ્યા કરે છે. આ બધું ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થાય છે એમ જ માનવું જોઈએ. જ્યારે પણ આપત્તિ આવે ત્યારે ઈશ્વરને યાદ કરો. એ જે કંઈ કરે છે તે તમારા ભલા માટે જ હશે એમ માનો. દુઃખના અનુભવમાં પણ તમારું કંઈક સારું જ હશે. ઈશ્વર કંઈ પણ આપે છે અગર નથી આપતો એ બધું આપણા ભલા માટે જ છે. ઈશ્વર જ કર્તાહર્તા છે એમ માનવાથી, એનામાંની આપણી શ્રદ્ધા અટલ રહેશે.

## પ્રામાણિક પગલાં

૨૦૦૨ના જાન્યુઆરીમાં સ્વામીશ્રી પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં પર્થ ખાતે હતા ત્યાં એકસન-મોબાઈલ કંપનીના ઑપરેશન્સ મેનેજર લિઆમ મેલોન સ્વામીશ્રીને મળવા આવ્યા. વાતચીત દરમિયાન એમણે પ્રશ્ન કર્યો, "આખું વિશ્વ આજે ઘણીબધી સમસ્યાઓથી ઘેરાયેલું છે. આમાં સારા ભાવિની કોઈ આશા રાખી શકાય ખરી ?

સ્વામીશ્રી : દુનિયામાં ઘણી અશાંતિ છે, પણ ભગવાન જ એને બચાવશે. ભવિષ્ય

સારું જ છે. જીવનમાં સુખદુઃખની ઘટમાળ તો ચાલ્યા કરવાની. દુઃખ પછી સુખ પછી દુઃખ આવ્યા કરવાનાં.

સિઆમ : અમારી એક આંતર્રાષ્ટ્રીય કંપની છે. જ્યાં પણ અમે જઈએ છીએ ત્યાં લોકોના લાભ માટે સતત પ્રયાસ કરીએ છીએ. આરોગ્ય કેન્દ્રો ને શાળાઓ ઊભી કરીએ છીએ, ને છતાં લોકો અમારી ટીકા કર્યા જ કરે છે. આનો શું રસ્તો ?

સ્વામીશ્રી : તમે ખરેખર ગંભીરતાથી અને પ્રામાણિકતાથી કામ કરતા હશો તો તમારી કંપની જરૂર પ્રગતિ કરશે. તમારા પ્રામાણિક પ્રયાસોનો પડઘો પડશે જ. લોકો ભલે તમારી ટીકાઓ કરતા હોય, પણ તમારા પ્રયાસો પ્રામાણિક હશે તો ઈશ્વરની કૃપા ઊતરવાની. નીતિથી કામ કરશો તો દરેકને લાભ થવાનો છે. એટલે તમારી કંપની વિશે કોઈ ગમેતેમ બોલતું હોય એની ચિંતા ન કરો. તમારા ઈરાદા, તમારાં લક્ષ્ય દેશના ભલા માટેનાં છે, તમારા કર્મચારીઓ અને લોકોના હિતમાં છે, માટે જ તમારી કંપનીએ આટલી પ્રગતિ કરી છે ને ઈશ્વરની કૃપા તમારા પર છે. જ્યાં જ્યાં પણ સારા ઉદ્દેશો અને સારી નૈતિકતા હોય ત્યાં સહાય કરવા ભગવાન બેઠો જ છે.''

## વૈમનસ્યનું નિવારણ

પર્થના જ ઈમીગ્રેશન ઑફિસર જ્હૉન વિલિયમ્સ સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રીની સામાજિક- આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી તેઓ પ્રભાવિત હતા. સ્વામીશ્રીને કહ્યું, ''આપની કામગીરી જુદાં જુદાં અનેક ક્ષેત્રોમાં ફેલાઈ છે, આમ છતાં, આપ કઈ રીતે લોકોમાં આટલો રસ લઈ શકો છો અને દોરવણી આપી શકો છો?''

સ્વામીશ્રી : ઈશ્વરની કૃપાથી અને મારા ગુરુના આશીર્વાદથી જ બધું થાય છે. અમે જે કંઈ કરીએ છીએ તે બધામાં ભગવાનની જ પ્રેરણા છે. એના કારણે જ ભક્તો અને સ્વયંસેવકો સારું એવું કામ કરી શકે છે.

જ્હૉન : વ્યક્તિઓ વચ્ચે વૈમનસ્ય-ઘૃણા-ની લાગણી દૂર કરવા શું કરવું જોઈએ ?

સ્વામીશ્રી : ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા અને તેની આજ્ઞાઓના પાલનના પરિણામે કોઈ પણ વ્યક્તિને સમગ્રના હિત માટે સારું કરવાની જ પ્રેરણા મળશે. દરેક વ્યક્તિમાં ભગવાન વસે છે એની પ્રતીતિ થશે, પછી એને કોઈની સાથે વૈમનસ્ય કે ઘૃણાની લાગણી નહિ રહે.

## અધ્યાત્મનો સાચો રંગ

રાત્રે ૧૦:૧૫નો સમય... ઑસ્ટ્રેલિયામાં સિડનીની મુલાકાત દરમિયાન, સ્વામીશ્રી રાત્રે સૂવા માટે જાય એ પહેલાં ઘણાબધા બાળક, કિશોરો, યુવાનો દરવાજે એમનાં દર્શન માટે ઊભા હતા.

એક સાધુએ એક બાળકને પેલું લોકપ્રિય ભજન ગાવાનું કહ્યું, ‘તું રંગાઈ જાને રંગમાં...’ પણ ગુજરાતી બરાબર જાણતું નહિ હોવાથી બાળક બરાબર ગાઈ ન શક્યું. પછી કિશોર વયનાં બાળકોએ આખું ભજન બરાબર ગાયું.

સ્વામીશ્રીએ પછી કહ્યું, “હવે ગાઓ, હું રંગાઈ જાને રંગમાં...” કારણ કે ‘તું’ કહીને તમે બીજાઓને અધ્યાત્મના રંગે રંગાઈ જવાનું કહો છો. તમારે ગાવું જોઈએ કે ‘હું રંગાઈ જઈશ.’ તમે સાધુનાં ભગવાં કપડાં પહેરો છો કે નહિ તે મહત્ત્વનું નથી. આધ્યાત્મિક મૂલ્યોનું રસપાન કરો અને સંપૂર્ણ શ્રદ્ધા હોય, તો તમે સત્સંગના રંગે બરાબર રંગાઈ જાઓ અને મોક્ષની પ્રાપ્તિ કરો, પણ આમાં ઈશ્વરના દિવ્ય રંગે બરાબર રંગાઈ જવું પડે. રંગાઈ જવું એટલે પ્રાર્થનામાં મગ્ન થઈ જવું. નૈતિક મૂલ્યો, જ્ઞાન, ત્યાગ અને ભક્તિમાં રમમાણ થઈ જવું. રંગાઈ જવું એટલે ભગવાન જ આધાર છે, બીજે ક્યાંય કશું સુખ નથી, એમ માનવું. ભગવાનમાં પરમ શ્રદ્ધા રાખવી. તમારા જીવનમાં ક્યા પ્રકારનાં સુખદુઃખ આવે છે એની તમા રાખ્યા વગર ઈશ્વર જે કરશે તે સારું જ કરશે એવું દૃઢપણે માનવું.”

## ભગવાનનું તેજ

સવારની પ્રાર્થના દરમિયાન, એક યુવાન સત્સંગી કીર્તને શ્લોક ઉચ્ચાર્યો, ‘ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ...’ પછી એક સાધુએ કીર્તનને પૂછ્યું કે તેના પિતા કોણ છે ? કીર્તને નજીક બેઠેલા પિતા તરફ આંગળી બતાવી. સ્વામીશ્રીએ પછી કીર્તનને સમજાવ્યું, “આપણાં સાચાં માતા-પિતા સ્વયં ભગવાન જ છે. દુનિયાની નજરે તારાં મા-બાપે તને જન્મ આપ્યો, પણ આ શરીર તને ઈશ્વરે આપ્યું છે. તારા પિતાશ્રીએ તારા શરીરને ઘાટ નથી આપ્યો. તારાં હાથ, પગ, નાક, કાન બધાને ઈશ્વરે ઘાટ આપ્યો છે. ઈશ્વર ઘાટ આપે પછી જ દરેકનો જન્મ થાય છે. આવા મહાન સર્જક તમને બીજે ક્યાંય મળે નહિ. આપણી સુંદર આંખો, નાક, મોઢું, હાથ-પગ, દાંત વગેરે કેટલું સરસ બનાવ્યું છે ! ઈશ્વરે તમારું સર્જન કર્યું છે. એટલે તમારા આત્માનાં માતા-પિતા ઈશ્વર છે, જ્યારે તમારાં માતા-પિતા તમારા શરીરનાં માતા-પિતા છે. તમે બધાં બાળકો ગાતાં નથી? ‘ઘનશ્યામ, ઘનશ્યામ કમ એન્ડ પ્લે વીથ અસ...’ શ્લોક કહે છે, ‘ત્વમેવ સર્વમ્...’ એટલે કે ઈશ્વર જ આપણા માટે સર્વ કંઈ છે.”

સ્વામીશ્રીએ સમજાવ્યું કે દરેક માટે ઈશ્વર જ બધું છે - માતા, પિતા, ભાઈ, મિત્ર બધું જ.

## ઈશ્વરની દિવ્યતામાં શ્રદ્ધા

એક સમર્પિત ભક્ત હર્ષદભાઈ રાણાએ સ્વામીશ્રીને પ્રશ્ન કર્યો.

હર્ષદભાઈ રાણા : ઈશ્વર પોતામાં માણસનાં લક્ષણો - મનુષ્યભાવ શા માટે બતાવે છે ?

સ્વામીશ્રી : એક સમર્પિત ભક્તને ભગવાનના મનુષ્ય જેવા ચરિત્રોમાં પણ દિવ્યતાની જ અનુભૂતિ થાય છે, જ્યારે બીજાઓ એમાં શંકા કરે છે, ને ભ્રમિત થાય છે. તેઓ કહે છે, 'ભગવાન કૃપા કરે છે, પણ કશું થતું નથી, જ્યારે તમારા જેવા ભક્તો માને છે કે જે કંઈ થાય છે તે બધું સારા માટે જ છે. સાચો ભક્ત કોઈ શંકા નહિ કરે અને ભ્રમમાં પણ નહિ રહે. અને બીજાઓ મનુષ્ય ભાવ જ લેશે, શંકાઓ જ કરશે.

રાણા : આ બધું સમજવા માટે શું કરવું જોઈએ ?

સ્વામીશ્રી : તમે ધનિક કઈ રીતે થયા ? શું કોઈ પ્રયાસ વગર થયું છે ?

રાણા : આપની કૃપાથી.

સ્વામીશ્રી : કૃપા તો પછી આવે. પહેલાં તો તમારે પુરુષાર્થ કરવો પડે. દૃઢ માન્યતા રાખવી જોઈએ કે, ઈશ્વર જે કંઈ કરે છે એ સારું અને યોગ્ય જ છે.

## ઈશ્વર ક્ષમા આપતા હોય, તો પછી 'નર્ક' શા માટે ?

જય પંડ્યા નામના એક દસ વર્ષના બાળકે સ્વામીશ્રીને પૂછ્યું, "જો ઈશ્વર બધાના ગુના માફ કરતા હોય તો પછી નર્ક શા માટે હોય ?"

સ્વામીશ્રી : નર્ક એમના માટે નથી, જેમના ગુના ભગવાને માફ કર્યા હોય.

જય : તો પછી નર્ક કોના માટે છે ?

સ્વામીશ્રી : નર્ક એમના માટે છે, જેઓ ભગવાનને માનતા જ નથી, જેઓ સતત ખોટાં કામ કરે છે ને બીજાઓને ભારે દુઃખ અને પરેશાનીમાં મૂકી દે છે. અલબત્ત, જેઓ ભગવાનના શરણે જાય છે, તેમની ક્ષમા ચાહે છે, તેમને સમર્પિત થઈ જાય છે, એમણે ખોટાં કામ કર્યાં હોય તોય ભગવાન ક્ષમા આપે છે. નર્ક એમના માટે છે, જેમને જીવનમાં સાચાં નૈતિક મૂલ્યોનું કોઈ મહત્ત્વ નથી.

## એક ઈશ્વર

મયૂર રાવલ સાડા પાંચ વર્ષનો જ છે. તેણે કાલીઘેલી ભાષામાં સ્વામીશ્રીને કહ્યું, "ભગવાન બે છે, એક ઠાકોરજી અને બીજા સ્વામીશ્રી."

સ્વામીશ્રીએ એને સમજાવ્યું, "ભગવાન બે નથી, એક ઠાકોરજી જ છે. હું તો એમનો સેવક છું. સમજે છે ને તું? ભગવાન માત્ર શ્રીજી મહારાજ. આપણે બધા તો એમના ભક્તો."

## અનંત આશિષ

અંકિત પરમાર નામનો યુવાન ભજન ગાતો હતો, "બળતો ઝુળતો આત્મા સંત સરોવર જાય..." અને પછી સ્વામીશ્રીને કહું, "સ્વામીશ્રી, અમારા પર હંમેશ આપના આશિષ વરસે એવી પ્રાર્થના છે."

સ્વામીશ્રીએ જવાબમાં કહ્યું, "તમારા બધા પર આશીર્વાદ છે જ, પણ એ હંમેશ ટકી રહે એ માટે સારો સ્વભાવ અને ભગવાનની ભક્તિ અત્યંત જરૂરી છે. તમારો ખરાબ સ્વભાવ છોડશો તો ભગવાનના આશીર્વાદ રહેવાના જ છે. પણ સ્વભાવ બદલીએ નહિ તો પછી મુશ્કેલી થાય. ખરાબ સ્વભાવ બદલી નાખો. ભગવાનમાં તન્મય થઈ જાઓ. તમારા પર આશીર્વાદ વરસતા જ રહેશે."

## શિક્ષણના સિદ્ધાંત

ઑકલૅન્ડમાં ફિસિનો સ્કૂલના હેડમાસ્તર માર્ક બ્રોડવીથ સ્વામીશ્રીને મળ્યા ત્યારે તેમનું સ્વાગત કર્યું અને પૂરા સન્માનની લાગણી વ્યક્ત કરી. ફિસિનો સ્કૂલની વિશેષતા એ છે કે ત્યાં સંસ્કૃત ભણાવાય છે. બપોરના ભોજનમાં શાકાહારી ખોરાક જ હોય છે. મૂલ્ય-આધારિત શિક્ષણ પર ખાસ ભાર મુકાય છે. તેમણે સ્વામીશ્રીને કહ્યું, "અમારા ત્રણ સિદ્ધાંતો છે. એક તો એ કે, વિદ્યાર્થીઓને ઈશ્વર-સ્મરણ માટે પ્રેરવા, બીજું સર્જનહારના સુંદર નિયમો પ્રમાણે જ જીવવા તેમને પ્રોત્સાહિત કરવા, અને ત્રીજું, ભગવાન તરફ જ તેમની ગતિ રહે એ જોવું. સિદ્ધાંતો તો બરાબર છે, પણ તેનું પાલન કઈ રીતે કરાવવું એ મોટો પડકાર છે, કારણ બાળકો જુદાં જુદાં અનેક પ્રકારના કુટુંબોમાંથી આવતાં હોય છે."

સ્વામીશ્રીએ તેમને કહ્યું, "પડકાર તો હોય જ, પણ તમે જે સિદ્ધાંતો અપનાવ્યા છે તે સારા જ છે. તે અનુસાર ચાલવાનો પ્રયત્ન કરતા જ રહો. બાળકો ધીમે ધીમે સારાં મૂલ્યો પચાવતાં શીખી જ જશે."

માર્ક : આપના મતે શિક્ષણના સિદ્ધાંત એટલે શું ?

સ્વામીશ્રી : નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો.

## આંતરિક શાંતિ

રાત્રે વિરામ માટે જતાં પહેલાં સ્વામીશ્રીએ તેમના ઓરડાની બહાર ઊભેલા કેટલાક યુવાનો અને કિશોરોને જોયા.

"બધું બરાબર છે ને ?" સ્વામીશ્રીએ પૂછ્યું.

"હા જી, બધું સરસ છે", દરેકે કહ્યું.

"શરીર સરસ છે, પણ મહત્ત્વનું એ છે કે આત્મા પણ સારો હોય", કોઈએ ઉમેર્યું.

સ્વામીશ્રીએ આ સાંભળ્યું ને પછી સમજાવ્યું, "હું એ જ માગી રહ્યો છું. તમારો આત્મા સુંદર છે કે નહિ? શરીર સાજું-માંદું ભલે હોય, પણ આત્મા તો સારો જ જોઈએ. આને માટે તમારે ખાસ પ્રયત્ન કરવા પડે. શરીર માટે તો ખોરાક, દૂધ બધું છે. પણ આત્માની આંતરિક શાંતિ એ ખૂબ મહત્ત્વની બાબત છે. આવી શાંતિ સત્સંગ-કીર્તનથી આવે, અધ્યાત્મિક લાભ લેવાથી, સારાં પુસ્તકો વાંચવાથી આવે. શ્રીજી મહારાજની શિક્ષાઓના પાલનમાંથી આવે. આટલું થાય તો પછી સુખ અને શાંતિ જ હોય. ભગવાનનું આપેલું સુખ અનંત છે."

## નિવારણ – ક્રોધનું, આળસનું

સ્વામીશ્રી સિંગાપોર એરલાઇનમાં ઑકલૅન્ડથી સિંગાપોર સફર કરી રહ્યા હતા. વિમાનમાં જ કીર્તન નામના તેર વર્ષના બાળકે સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

કીર્તન : હું બહુ ગુસ્સે થઈ જાઉં છું. ગુસ્સા પર કાબૂ કઈ રીતે મેળવવો ?

સ્વામીશ્રી : જ્યારે જ્યારે ગુસ્સો આવે ત્યારે શ્રીજી મહારાજ અને યોગીજી મહારાજને યાદ કરવાના અને મનમાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ'નું રટણ કરવાનું. ભગવાનનું સ્મરણ કરશે તો ગુસ્સો ઊતરી જશે. હવે જરા વિચાર કર, ગુસ્સો થવાની જરૂર જ ક્યાં છે ? કોઈના પર પણ ગુસ્સે થવાનો કશો અર્થ નથી. એનાથી કશું મળતું નથી. તમે ગુસ્સે થાઓ એટલે તમારું કામ બગડે. સામો માણસ દુઃખી અને હતાશ થાય. સ્તોત્ર ગાવાથી, 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' રટણ કરવાથી, સામા માણસની હતાશા દૂર થાય છે, તમારી પણ.

કીર્તન : હું બહુ આળસુ પણ છું. મારી બેદરકારી કઈ રીતે દૂર કરી શકું ?

સ્વામીશ્રી : આ તો હોવું જ ન જોઈએ. આટલી યુવાન વયે તમારામાં આળસ કઈ રીતે હોય? અત્યારે જ જો આળસુ બની રહો તો અભ્યાસમાં આગળ ન વધી શકો. ક્યારેય

સારું કામ પણ ન મળે. આળસ તમારો દુશ્મન જ છે. આ વિચારો અને વહેલામાં વહેલા એનાથી મુક્ત થઈ જાઓ.

સવારે વહેલા ઊઠો, પ્રાર્થના કરો ને અભ્યાસમાં પરોવાઈ જાઓ. કોઈ પણ પ્રકારના કામમાં આળસ હોવી જ ન જોઈએ. ક્યારેય 'પછી' ન કહો. કરવાનું કામ 'અત્યારે જ' કરો. તમારો અભ્યાસ, તમારું લેસન, તમારી પ્રાર્થના ક્યારેય 'પછી' કે કાલ પર ન છોડો. આજે જ કરો. અત્યારે જ કરો.

થોડી વાર પછી સ્વામીશ્રીએ કીર્તનને પૂછ્યું, "હવે હું તને એક સવાલ પુછું. શું તું મોટો થઈશ ત્યારે અત્યારે છે એવો જ સારો રહીશ ? બાળકો મોટાં થતાં જાય એમ બગડતાં જાય છે. પ્રાર્થના સભામાં આવતાં નથી. પૂજા કરતાં નથી. ખરાબ સોબતમાં સરી પડે છે. જીવનમાં સદાય સત્સંગ સભામાં હાજરી આપવાનું ચાલુ રાખીશ તો ભગવાન રાજી થશે અને તારા માટે મુક્તિનો માર્ગ મોકળો કરશે." 'કીર્તને વચન આપ્યું કે તે જીવનભર સત્સંગ સભાઓમાં હાજરી આપતો રહેશે.'

## સામાજિક ઉત્થાનના આવાહક

"બીજાના સુખમાં આપણું સુખ સમાયેલું છે,
બીજાઓની પ્રગતિમાં આપણી પ્રગતિ છે,
બીજાઓના શ્રેયમાં આપણું શ્રેય સમાયેલું છે."
"નીતિમત્તા અપનાવો, નીતિમત્તા આચરો."

સ્વામીશ્રીના આ શબ્દો એમનો આદર્શ છે. એટલે જ તેઓ સતત નક્કર મજબૂત સમાજના નિર્માણમાં લાગેલા રહે છે. એવો સમાજ, જેનાં ચોક્કસ નૈતિક મૂલ્યો હોય, સારી રીતભાત હોય, ઈશ્વર પ્રત્યેનું સમર્પણ હોય.

સમાજમાં નવચેતન પૂરવા તેમણે વ્યસન-મુક્તિ ઝુંબેશ અને સામાજિક સુધારાને સતત પ્રોત્સાહન આપ્યું છે. પરિણામે ઘણા બધા લોકોએ વ્યસનો તેમ જ દારુ, માદક દ્રવ્યોનું સેવન, ધૂમ્રપાન અને જુગાર જેવી ખરાબ આદતો છોડી દીધી છે.

૧૯૮૫માં અમદાવાદમાં 'સુંદર જીવન'ના વિષય પર એક આંતર્રાષ્ટ્રીય પરિષદ યોજાયેલી. કેન્યાના જમીન અને સેટલમેન્ટ માટેના નાયબ મંત્રી જોસેફ મુટુરિઆ હાજર રહ્યા હતા. તેમણે જાહેરમાં કહ્યું, "હું મારા ઘેર આવ્યો હોઉં એવું લાગે છે. ખ્રિસ્તી તરીકે અમને દારૂ પીવાનો કોઈ બાધ નથી, તેમ છતાં, આજે હું પ્રતિજ્ઞા લઉં છું કે આજથી જ કોઈ પણ પ્રકારનું માદક પીણું પીવાનું છોડી દઈશ."

## ઢોર ક્યાં જાય ?

નાનીબોરુના એક વયોવૃદ્ધ કેશુભાભા સ્વામીશ્રી પાસે દિલ ખોલીને રડી પડ્યા, "સ્વામીશ્રી, અમારું ગામ ભાલ પ્રદેશમાં છે. ત્યાં અમારા બધા માટે પણ પાણીની ભારે અછત છે એમાં ઢોરની કાળજી કઈ રીતે લેવી? પાણી વગર ઢોરનો તરફડાટ જોયો જતો નથી. એમ થાય છે કે અમારા ઘેર રહીને તેઓ મોતના મુખમાં જતાં રહે એના કરતાં એમને વેચી નાખીએ. એમની અસહ્ય હાલત જોવામાંથી તો છૂટકારો થાય."

સ્વામીશ્રીએ તેમને સાંત્વન આપ્યું, "ના, તમારાં ઢોરને વેચી નાખવાનો વિચાર પણ ન કરતા. ગમે તેમ કરીને કસોટીના દિવસો કાઢી નાખો. ગામમાં બીજા કોઈ આવું વિચારતા હોય એમને પણ અટકાવજો. નહિતર, આવતા વર્ષે તમારી બધાની આર્થિક મુશ્કેલી ઘણી વધી જશે. અમે ટૂંક સમયમાં જ તમારી મદદે આવીશું."

અને એ જ દિવસે સાંજે... ગોંડલ વિસ્તારનો એક મધ્યવયનો ભક્ત આવીને સ્વામીશ્રીના ચરણે પડી ગયો. તૂટક તૂટક અવાજમાં બોલ્યો, "સ્વામીશ્રી, હું બધે ફર્યો. મારી પાસે ઢોર છે, પણ ક્યાંય ઘાસચારો નથી. ખબર નથી પડતી કે શું કરું, એટલે આપની પાસે આવ્યો છું."

સ્વામીશ્રીએ હાથ આપીને એને ઊભો કર્યો, ને કહ્યું, "ચિંતા ન કરો. તમારાં ઢોરને બચાવવાનું આયોજન અમે વિચારી લીધું છે. કોઈપણ હિસાબે તેમને બચાવી લેવાશે. કોઈ તકલીફ નહિ રહે."

અને પછી તો તરત જુદાં જુદાં સ્થળોએ ઢોરની સંભાળ માટે ઢોરવાડાનાં આયોજન થઈ ગયાં.

## નિષ્ણાત સલાહકાર

તેઓની પાસે શક્ય હોય તે બધું જ હતું. સુંદર વૈભવી આવાસ, કાર, નોકરોનો કાફલો, બધું હતું.

એ છતાં, કંઈક ખૂટતું હતું. ખાલીપણાની ભાવના અને અસંતોષ એમના જીવનને ઘેરી વળ્યો હતો. આધુનિક જીવનનાં દબાણ શરૂ થયાં હતાં અને કુટુંબની અંદર તેની વરવી છાયા પડી હતી. પતિ અને પત્ની તેમ જ કુટુંબના અન્ય સભ્યો વચ્ચે ખટરાગ શરૂ થઈ ગયો હતો. સગાંસંબંધીઓને પણ છાંટા ઊડતા હતા. ઉચ્ચ શિક્ષણ, નાણાં અને સત્તાના મદથી એમનું અહમ્ ઉભરાઈ ગયું હતું. કુટુંબના કોઈ સભ્ય એકબીજા સામે નમતું મૂકવાની વાત જ ન કરતા.

આવા વાતાવરણમાં, એક કાગળ પર લખેલા, સ્વામીશ્રીના શાણપણના શબ્દો આ ઘેર પહોંચ્યા.

"દરેક મનુષ્યને તેનો પોતાનો સ્વભાવ હોય છે, પણ આપણે દરેકની સાથે મેળ પાડીને રહેતાં શીખવું જોઈએ... એ જ મહત્ત્વનું છે. વેપાર-ધંધો તો છે... પણ જરા સમય કાઢીને કુટુંબની જરૂરિયાતોની પણ કાળજી લો... એકમેકને મદદરૂપ થવાની જરૂરિયાત છે.

"ઘરમાં, બધી જ વ્યક્તિઓ એક પરિવારનો ભાગ છે. કોઈ એકબીજાથી જુદાં છે એવો વિચાર જ ન કરો. એવી રીતે બોલો ને એવી રીતે વર્તો કે પરસ્પર મૈત્રી અને પ્રેમભાવ જ વિકસે. બાળકો મોટાં થયાં છે. સારામાં સારી રીતે એમને તમારો પ્રેમ આપો. એવી રીતે વર્તો કે એમને પણ તમારા માટે પ્રેમ ઊભો થાય."

આ એક પત્ર જ પરિવારની તંગદિલી અને ઘર્ષણ ઓછાં કરવા માટે પૂરતો હતો. આ પત્રએ કુટુંબના સભ્યોને પરસ્પર સારો વ્યવહાર રાખવા સારી પેઠે પ્રોત્સાહિત કર્યા.

આમા ઘરનું વાતાવરણ ઉલ્લાસ ને સહકારની ભાવનામાં બદલાઈ ગયું. આજે પણ પરિવારે સ્વામીશ્રીનો એ પત્ર ખાસ ફ્રેમમાં મઢાવીને સાચવી રાખ્યો છે. દિવાલ પર એ રીતે ટાંગ્યો છે, જે કોઈ પણ વાંચે એને એમાંથી પ્રેરણા મળે જ છે.

• • •

બીજો એક પ્રસંગ પણ જોવા જેવો છે. સૌરાષ્ટ્રના સત્સંગી પરિવારની એક છોકરી સફાઇ કામદારને પરણી. કલ્પનામાં પણ ન આવે એવા પ્રેમલગ્નના સમાચાર એટલા બધા સ્ફોટક હતા કે છોકરીનું કુટુંબ કિંકર્તવ્ય મૂઢ થઈ ગયું. સામાજિક વર્તુળોમાં ખૂબ માનપાત્ર ગણાતા કુટુંબને શરમથી મરી જવા જેવી વાત હતી. વળી, ઘા પર મીઠું ભભરાવાતું હોય એમ આખા કુટુંબને ન્યાતબહાર મૂકી દેવાયું. અકથ્ય મૂંઝવણમાં મુકાયેલા પરિવારે છેવટે સ્વામીશ્રીને પત્ર લખ્યો.

"મારી મા આખો દિવસ રડ્યા કરે છે. અમે કોઈને પણ અમારું મોઢું કઈ રીતે બતાવીએ ! આ તો ઈજ્જતનો સવાલ છે. મા અને પિતાશ્રી સાથે કોઈ વાત કરવાની પણ દરકાર કરતું નથી... અમારી બહેને જે કર્યું એનાં પરિણામો માને ભોગવવાં પડે છે. સ્વામીશ્રી ! અમારાથી આ મોટું દુઃખ હવે સહન નથી થતું... અમારે હવે આપનો જ એક આધાર છે. તમે જ અમારું જીવન છો... મહેરબાની કરીને કંઈ માર્ગ બતાવો. મા તો બે મહિનાથી ઘરની બહાર પણ નીકળી નથી... આપ જાણો છો કે અમને સ્વીકારવાનું બીજાઓ માટે હવે મુશ્કેલ છે."

સ્વામીશ્રીએ આ પત્રનો જવાબ આપ્યો :

"તમારી બહેને લગ્ન કરી જ લીધું છે - એમાં દુઃખી થવાની કોઈ જરૂર નથી. જે કંઈ નિર્માયું હશે એ જ થયું છે. તમે તમારી ફરજ તરીકે જે કરવાનું હતું એ કર્યું. એટલે, હવે જે કંઈ બની ચૂક્યું છે એને મહારાજની ઇચ્છા ગણીને સ્વીકારી લો... ઉત્સાહમાં રહો. સમાજમાં કે સત્સંગમાં આવવામાં સહેજ પણ શરમ ન રાખો. લોકો થોડા દિવસ બોલશે, પણ ટૂંકમાં જ તેઓ બધું ભૂલી જશે. થોડો વખત કોઈ તમારી સાથે વાત ન કરે તો પણ ચિંતા ન કરો. હાલના સમયમાં આવી ઘટનાઓ ભલભલાં મોટાં કહેવાતાં કુટુંબોમાં પણ બને છે... એટલે દુઃખી થવાની કંઈ જરૂર નથી. મહારાજની ઇચ્છા પ્રમાણે અંતે બધું સારું જ થશે."

સામાજિક પ્રણાલિકાના ભંગ બદલ મોટો આઘાત પામી રહેલા કુટુંબે કટોકટીની વસમી વેળાએ સ્વામીશ્રીનો આશરો લીધો અને સ્વામીશ્રીના માર્ગદર્શને, એમના શબ્દોએ જાદુઈ અસર કરી. બહુ થોડા જ સમયમાં કુટુંબના સામાજિક સંબંધો રાબેતા મુજબના થઈ ગયા. તેમનાં જીવન પૂર્વવત્ બની ગયાં.

## ચમત્કાર ?

હિતેશ પટેલ નામનો લંડનનો એક યુવાન ભારતમાં સ્વામીશ્રી સાથે એકાદ વર્ષથી ફરી રહ્યો હતો.

૧૯૮૬ની પાંચમી સપ્ટેમ્બરે લંડન પાછા ફરવા માટે પાન-એમ એરલાઈનમાં તેનું બુકિંગ હતું. એની આગલી રાત્રે સ્વામીશ્રીએ એને દર્શન આપ્યાં ને કહ્યું, "આ બુકિંગ રદ કરાવી નાખ. બીજા કોઈ પણ દિવસનું બુકિંગ કરાવી લે." બીજા દિવસે હિતેશે પેલું બુકિંગ રદ કરાવીને ૭મી સપ્ટેમ્બરનું બુકિંગ કરાવ્યું.

આખી દુનિયાને પછી જાણ થઈ કે પાંચમી સપ્ટેમ્બરે પાન-એમ એરલાઈનના વિમાનને 'હાઈ જેક' કરીને પાકિસ્તાનમાં કરાંચી ખાતે લઈ જવાયું છે ! વિમાનનું અપહરણ કરી જનારાઓએ ૧૬ કલાક સુધી તમામ ૪૦૦ ઉતારુઓને બાનમાં રાખ્યા. તેમને છોડાવવાનો પ્રયાસ થયો એમાં લોહીની નદીઓ વહી. ૨૧ માણસો કાળનો કોળિયો થઈ ગયા. ૧૨૦ને ઈજાઓ થઈ. લંડન પહોંચ્યા પછી હિતેશે સ્વામીશ્રીને પત્ર લખીને બધી વાત કરી. પોતાના રક્ષણ માટે સ્વામીશ્રીનો ખાસ આભાર માન્યો.

• • •

શિકાગોના વિષ્ણુભાઈએ પણ સ્વામીશ્રી પરના એક પત્રમાં તેમના અનુભવો વર્ણવ્યા છે.

"મારી દુકાન એવી જગ્યાએ છે કે થોડી વાર માટે પણ ધ્યાન ન રહે તો માલની ચોરી થઈ જ જાય. પડોશમાં બધી ગુનાખોરોની જમાત છે. શુક્રવારે સાંજે દુકાન બંધ કરીને નીકળ્યો, પણ ભૂલમાં ને ભૂલમાં ચાવી તાળામાં જ રહી ગઈ ! શનિવારે ને રવિવારે તો દુકાન બંધ હોય એટલે સ્વાભાવિક રીતે જ ચાવીનો વિચાર પણ ન આવ્યો."

સોમવારે સવારે વિષ્ણુભાઈએ ચાવી શોધવા માંડી ત્યારે જ તેમને વાતનો ખ્યાલ આવ્યો. હવે તો બધું જ ખતમ થઈ ગયું હશે એવા પાકા ધ્રાસ્કા સાથે તેઓ સીધા દુકાને દોડ્યા અને પરમ આશ્ચર્ય સાથે જોયું તો ચાવી દરવાજામાં જ હતી. દરવાજો ખોલીને દુકાનમાં અંદર ગયા તો બધું સલામત! શુક્રવારે જેવું મૂકીને ગયેલા એવું જ !

પત્રમાં તેઓ લખે છે :

"સોમવારે જ્યારે હું દુકાને આવ્યો ત્યારે મારા એક નિયમિત ગ્રાહકે કહ્યું, 'શુક્રવારે રાત્રે અહિંથી પસાર થતો હતો ત્યારે એક ભગવાં કપડાં પહેરેલા માણસને તમારી દુકાનનું રક્ષણ કરવા ઊભેલો જોયો હતો, પણ એ દિવસે હું જરા પીધેલો હતો એટલે એ મારી કલ્પના જ હશે એમ માનેલું પણ પછીના દિવસે અહીંથી જતો હતો ત્યારે પણ આશ્ચર્ય સાથે જોયું તો એ જ 'વૉચમેન' હાજર હતો.

"...એક મહિલાએ પણ આવીને મને કહ્યું કે મારી દુકાન પર ભગવાં કપડાં પહેરેલા સલામતી રક્ષકને તેણે જોયેલો. મેં તેને દુકાનમાં આપનો ફોટોગ્રાફ હોય છે તે બતાવ્યો. એ જોતાં જ તે બોલી ઊઠી... 'હા હા, આ જ... ફોટામાં છે એ જ માણસ હતો...!'

"સાચેસાચ કહું છું કે, આપશ્રી જો રક્ષણ ન કરતા હોત તો મારી દુકાન ચોક્કસ લુંટાઈ ગઈ હોત અને અમારી હાલત ખૂબ કફોડી થઈ જાત."

સ્વામીશ્રીએ એક જ વાક્યમાં પત્રનો જવાબ આપ્યો :

"કંઈ પણ કરવાવાળા આપણે કોણ ? શ્રીજી મહારાજ જ ખરા રક્ષક છે... તેઓ જ બધું કરે છે..."

આવી ઘટનાઓ અંગે સ્વામીશ્રી કહે છે, "આ જગતમાં જે કંઈ બને છે એ શ્રીજી મહારાજની જ કારીગરી છે. આપણે તો એમના સેવકો છીએ. સ્વતંત્ર રીતે, આપણે આપણી ઇચ્છા પ્રમાણે આપણો હાથ પણ હલાવી શક્તા નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મહાન અને ખૂબ સક્ષમ ગુરુઓ હતા. છતાં, તેમણે ક્યારેય તેમની સત્તાનું ખોટું પ્રદર્શન નથી કર્યું, તમામ સમયે તેઓ ભગવાનના આદર્શ સેવક જ રહ્યા. આપણે પણ, જીવનની દરેક ક્ષણમાં માનવાનું કે સ્વયં મહારાજ જ કર્તા-હર્તા છે."

## અક્ષરધામથી

૧૯ જૂન, ૧૯૮૮ - મુંબઈમાં સ્વામીશ્રી અને સાતેક વર્ષના બાળક નીલકંઠ વચ્ચેની એક વાતચીત

નીલકંઠ : "સ્વામીશ્રી ! અમને બધાને આનંદમાં રાખવા આપ આટલી બધી તકલીફ શું કામ ઉઠાવો છો?"

સ્વામીશ્રી : "બધું બાજુ પર મૂકીને તમે તમારા ઘેરથી આટલે દૂર સુધી આવ્યા છો, એટલે અમારે તમને આનંદમાં રાખવા જ જોઈએ ને ?"

નીલકંઠ : "મારું ઘર તો નજીકમાં જ છે. ખરેખર તો આપ પોતે છેક રાજકોટથી અહીં સુધી આવ્યા છો."

સ્વામીશ્રી : "આપણે બધા અક્ષરધામથી આટલે સુધી આવ્યા છીએ."

• • •

૩, જૂન, ૧૯૯૪ - અમેરિકાના પોકોનો પર્વત ખાતે બાળકોનું અધિવેશન

પ્રશ્ન : "સ્વામીશ્રી, આપ ક્યાંથી આવો છો ?"

સ્વામીશ્રી : "અમે ભારતથી આવીએ છીએ, પણ..."

તરુણ : "પણ દરેક જણ કહે છે કે આપ અક્ષરધામથી આવો છો ?"

સ્વામીશ્રી : "આવું કોણે કહ્યું ?"

તરુણ : "મારા પપ્પાએ."

સ્વામીશ્રી : "તું તારા પપ્પાને માને છે ?"

તરુણ : "હા."

સ્વામીશ્રી : "તો પછી આ પપ્પાને (પોતાના તરફ હાથ કરીને) પણ માન."

## એક દૃષ્ટિ

સ્વામીશ્રી મુંબઈથી લંડન વિમાનમાં જઈ રહ્યા હતા. તેમનું વિમાન મધ્ય પૂર્વના રણ વિસ્તાર પરથી પસાર થઈ રહ્યું હતું. વિવેકસાગર સ્વામીએ સ્વામીશ્રીને વિનંતિ કરી, "આપ ચશ્માં ચડાવી લો અને જરા નીચે જુઓ. આપને શું દેખાય છે ?"

સ્વામીશ્રીએ સ્વાભાવિક સરળતાથી ચશ્માં પહેર્યાં, પણ વિવેકસાગર સ્વામીનું કહેવું જુદું

હતું. સ્વામીશ્રી પોતાની દિવ્ય દૃષ્ટિનાં ચશ્માંથી જુએ એવું ઇચ્છતા હતા. તેમણે કહ્યું, ''આ ચશ્માં નહિ, 'આપના ચશ્માં...' સ્વામીશ્રીએ સ્વાભાવિક નિર્દોષતાથી કહ્યું, ''એ ચશ્માંથી તો અક્ષરધામ સિવાય બીજું કંઈ દેખાતું નથી.''

## તમારી જાતે જુઓ

૧૯૯૪ની ૩જી મેના રોજ સ્વામીશ્રી ઇંગ્લૅન્ડમાં વેલિંગબરો ખાતે હતા. ત્યાં મિલ્ટન કીન્સના કિશોર રાજેન્દ્રને તેમણે પૂછ્યું, ''તમે કેમ વધારે આવતા નથી? પહેલાં તો તમે પ્રવચનો આપતા ને બધું કરતા.''

તેણે જવાબ આપ્યો, ''સ્વામીશ્રી, આપને 'અક્ષર' તરીકે ઓળખવામાં મને મુશ્કેલી પડે છે. હું શું કરું?''

''કોણે કહ્યું તમને આવું ?'' સ્વામીશ્રીએ સ્મિત કરતાં પૂછ્યું.

વિવેકસાગર સ્વામીને જિજ્ઞાસા થઈ. તેમણે ૧૩ વર્ષના કિશોરને પૂછ્યું : ''અક્ષરને સમજવામાં તમને ખરેખર શું મુશ્કેલી પડે છે ?''

રાજેન્દ્રએ સમજાવ્યું : ''આપ અક્ષર હો, અને અક્ષરના એક એક સંવાદે અનંતકોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે છે, એવી વચનામૃતની વાત છે. તે આપના સ્વરૂપમાં સમજાતી નથી !

કિશોર પ્રત્યેના પૂરા સદ્‌ભાવ સાથે સ્વામીશ્રીએ કહ્યું, ''અત્યારે તમે કિશોર અવસ્થામાં છો. જેમ જેમ મોટા થશો અને આધ્યાત્મિક વિકાસ થતો જશે એમ સમય જતાં તમને તમારી મેળે બધું સમજાઈ જશે.''

## જંગલનો અધિષ્ઠાતા

''૧૯૭૩ની પાંચમી જૂનનો દિવસ હું ક્યારેય ભૂલીશ નહીં'', મિ. પટેલ વાત કરી રહ્યા હતા.

સાંજે ૪-૩૦ વાગે ઊંટવાડા છોડેલું ને જંગલ માર્ગે જૂનાગઢ જઈ રહ્યા હતા. અમારી કારમાં સ્વામીશ્રીની સાથે ડૉક્ટર સ્વામી, અનુપમ ભગત (હાલમાં ભગવત્પ્રિય સ્વામી), દેવચરણ સ્વામી, પ્રગટ ભગત, એ.પી. પટેલ, બીજા બે ભક્તો અને હું પોતે, આટલા બેઠા હતા. ગીરના જંગલમાંથી રસ્તો હતો. જંગલમાં પ્રવેશ્યા ને થોડી વારમાં એક નાના બંધના ત્રિભેટે આવીને ઊભા રહ્યા. અમારામાંથી કોઈને ખબર નહોતી કે હવે કયો રસ્તો પકડવો. એટલે ડ્રાઇવર દાજીભાઈએ ગાડી ઊભી રાખી ને સ્વામીશ્રીને પૂછ્યું, ''આપણે કયો રસ્તો લઈશું?''

''ડાબી બાજુએ લઈ લો.'' સ્વામીશ્રીએ કહ્યું.

પટેલે આમ કહ્યું : 'મને ખબર નથી, દાજીભાઈએ બરાબર સાંભળ્યું કે કેમ, પણ એમણે તો સીધું જ હંકાર્યું. કોઈએ કશું કહ્યું નહિ. આગળ વધતા ગયા. રાત ઘેરાતી હતી. જંગલ વધુ ગાઢું થતું જતું હતું. આશ્ચર્યની વાત એ કે રસ્તાની સૂચના આપતું સાઈન બોર્ડ ક્યાંય હતું જ નહિ. બધા બહુ અસ્વસ્થ થઈ ગયા હતા. હવે તો બહાર બિલકુલ અંધારું હતું. લાંબા સમયથી બીજી કોઈ ગાડી કે માણસ અમને દેખાયાં નહોતાં, રસ્તો વધારે ખરાબ થતો જતો હતો અને અમને કોઈને કશી ખબર નહોતી પડતી કે ક્યાં જઈ રહ્યા છીએ. એટલે અકળામણ ઘણી વધી ગઈ. પણ દાજીભાઈ તો ફૂલ સ્પીડમાં આગળ વધ્યે જતા હતા.

ઓચિંતી કોઈએ બૂમ પાડી, 'સિંહ ! સિંહ !' બારીમાંથી અમે જોયું તો એક સિંહ ગાડીની સાથે ને સાથે દોડી રહ્યો હતો. ગાડીની બધી બારીઓ બરાબર બંધ છે એની ખાતરી કર્યા પછી, દાજીભાઈએ ગાડી ધીમી કરી, કે જેથી અમે સિંહને બરાબર જોઈ શકીએ. ભરાવદાર કેશવાળી સાથેનો યુવાન સિંહ બરાબર અમારી ગાડીની સામે ઊભો હતો. પછી એ જમણી તરફ વળ્યો અને બરાબર સ્વામીશ્રીના દરવાજા પાસે આવીને ઊભો રહ્યો. અમારાં હૃદય જોરથી ધડકતાં હતાં, તે સિવાય બિલકુલ શાંતિ હતી. સિંહે પગ ઊંચા કર્યા અને તેનું ડોકું બરાબર બારી પાસે આવ્યું. અમારા બધાના શ્વાસ એકદમ અદ્ધર થઈ ગયા. પણ અમારા ભારે આઘાત અને આશ્ચર્ય સાથે જોયું તો સ્વામીશ્રી બારી ખોલી રહ્યા હતા ! સ્વામીશ્રીએ અને સિંહે એકબીજા તરફ મીટ માંડી. એક આખી મિનિટ પસાર થઈ અને પછી સિંહ સરળતાથી પાછો ફર્યો ને જંગલમાં અદૃશ્ય થઈ ગયો !

## "...અને પછી થોડું વધારે"

૨૭ એપ્રિલ, ૧૯૭૪, સ્વામીજી નડિયાદ હતા. નજીકના ખાત્રજ ગામના ભક્તોએ તેમના ગામે સભા કરવા સ્વામીશ્રીને કહ્યું. સ્વામીશ્રી સંમત થયા. તેમણે ખાસ સૂચના આપી, "લગભગ ૫૦ ભક્તો માટે પૂરતા ભોજનની ગોઠવણ કરજો."

સાંજની સભામાં નજીકના ગામથી પણ ઘણા ભક્તો આવેલા. સભા પૂરી થવા પર હતી ત્યાં જ સ્વામીશ્રીએ અણધારી જાહેરાત કરી, "કોઈએ પ્રસાદ લીધા વગર અહીંથી જવાનું નથી."

ખાત્રજના એક અગ્રણી ભક્ત ભીખુભાઈ દોડતા સ્વામીશ્રી પાસે આવ્યા, "પણ સ્વામીશ્રી, આપણે તો મર્યાદિત પ્રમાણમાં રાંધેલું છે. આપે પચાસેક માટે વ્યવસ્થા રાખવાનું કહેલું, પણ કેટલાક ભક્તોએ એમના મહેમાનોને પણ બોલાવ્યા છે. અત્યાર સુધીમાં સોએક માણસોને જમાડી દીધા છે. હવે વધારે કંઈ છે જ નહિ." ભીખુભાઈની ચિંતા જોઈ સ્વામીશ્રી હસ્યા. એનાથી ભીખુભાઈ વળી વધારે અકળાયા.

સ્વામીશ્રી ઊભા થયા અને વિશ્વાસપૂર્વક કહ્યું, "ચાલો, જરા રસોડામાં જઈએ." ત્યાં સ્વામીશ્રીએ મૂર્તિઓ સમક્ષ દીવો પ્રગટાવ્યો. હાથ જોડ્યા, આંખો બંધ કરી અને શાંતિથી પ્રાર્થના કરી.

ભોજનમાં મુખ્ય વાનગી દૂધપાકની હતી. "પીરસવાનું શરૂ કરો", સ્વામીશ્રીએ કહ્યું અને જાતે જ દૂધપાકનું કમંડળ લઈને પ્રેમપૂર્વક છૂટથી ભક્તોના વાટકા ભરવા માંડ્યા.

એક સ્થાનિક ભક્ત ખોરાક ખૂટી પડવાની વાતથી વિશેષ ચિંતિત હતો. ભક્તો જમવા બેસે એની સંખ્યા ગણ્યા જ કરતો. "૧૦૦, ૨૦૦, ૩૦૦..."

બધા જ ભક્તોએ જમી લીધું તે પછી સ્વામીશ્રી સાધુઓ સાથે જમવા બેઠા. એ રાતે મોડેથી વળી બે ટ્રેક્ટર ભરેલા ભક્તો આવી પહોંચ્યા. એ બધાને પણ આનંદથી જમાડાયા. છેલ્લે, ગણતરી થયેલી તે અનુસાર મૂળ માત્ર ૧૦૦ ભક્તો માટે તૈયાર કરેલા ભોજન ૭૦૦ ભક્તો સુધી ચાલ્યું!

## બીજાઓના આનંદમાં...

લંડનમાં ૧૯૯૦ની શિયાળાની એક રાત...

નિસડન મંદિરમાં સ્વામીશ્રીનો ઓરડો...

મધ્યરાત્રિ પછી લગભગ બે-ત્રણ કલાકે... સ્વામીશ્રીની સેવામાં રહેનાર સાધુ નારાયણચરણ સ્વામી ઓચિંતા જાગી ગયા.

ઝાંખા અજવાળામાં એમણે જોયું તો એક આકૃતિ પથારીમાં બેઠી છે. તેમણે આંખો ચોળી. ના, એ સ્વપ્નમાં નહોતા. એ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ જ હતા. જરા નજીક જઈને જોયું તો સ્વામીશ્રી આંખો બંધ કરી બે હાથ જોડી શાંત ભાવે પ્રાર્થનામાં જોડાયેલા હતા. નારાયણચરણ સ્વામીએ પણ પ્રાર્થના શરૂ કરી.

પ્રાર્થના પૂરી થાય એમાં ખાસ્સી ૩૦ મિનિટ પસાર થઈ ગઈ. નારાયણચરણ સ્વામીના ચહેરા પર જિજ્ઞાસા ડોકાતી હતી. તેમણે પૂછ્યું, "આપ શાના માટે પ્રાર્થના કરી રહ્યા હતા ?"

"આપણે ત્યાં, ગુજરાતમાં મોટો દુકાળ ડોકાઈ રહ્યો છે. લોકો પાણી વગર તરફડે છે. મેઘરાજાને હું પ્રાર્થના કરતો હતો કે તેઓ પધારે અને ગુજરાતના લોકોને, પશુધનને મોટી આફતમાંથી બચાવી લે." સ્વામીશ્રીનો આ જવાબ હતો !

નારાયણચરણ સ્વામીએ જરા વધારે પૃચ્છા કરી, "ક્યારથી અને કેટલી વાર આપ આ રીતે પ્રાર્થના કરતા રહ્યા છો ?"

તેમને જવાબ ન મળ્યો, ફરી ફરીને તેમણે પૂછ્યું, ત્યારે પરાણે જવાબ મળ્યો. "ઘણીયે વાર રાત્રે હું પ્રાર્થના કરું છું. દિવસના ભાગમાં જે લોકો તેમના પ્રશ્નો સાથે મારી પાસે આવે છે તેમના માટે હું રાત્રે પ્રાર્થના કરું છું. રાત્રે ખૂબ શાંતિ હોય છે જ !"

## અસ્પૃશ્યોનો સ્પર્શ...

સાળંગપુરમાં, સ્વામીશ્રી કેટલાક દૂર ઊભેલા યુવાનોનું ધ્યાન ખેંચવા પ્રયાસ કરી રહ્યા હતા. યુવાનો અચકાતા હતા. "પણ બાપુજી, અમે તો હરિજન છીએ", તેમણે મોટેથી કહ્યું.

સ્વામીશ્રીએ જવાબ વાળ્યો, "અમે પણ 'હરિ' (ઈશ્વર)ના 'જન' (માણસો) છીએ". આપણે બધાએ 'હરિજન' જ બનવાનું છે. તમારું જીવન શુદ્ધ બનાવો, વ્યસન-મુક્ત થાઓ." યુવાનોને તેમણે નજીક બોલાવ્યા ને વ્યક્તિગત રીતે બધાને આશીર્વાદ આપ્યા.

• • •

એક વખત સ્વામીશ્રી એક ગામમાં સભાના પ્રમુખ પદે હતા. દરમિયાન, એક ખેડૂત જેવો લાગતો માણસ ત્યાં આવ્યો. આવ્યો તો ખરો, પણ વધુ નજીક જતાં અચકાતો હતો. સ્વામીશ્રીની નજર એના પર ગઈ. તેમણે તેને પ્રેમથી બોલાવ્યો, "આવ ભાઈ ! અહીં આવ, આ ફૂલ લે. ઈશ્વરે પવિત્ર કરેલાં આ પુષ્પ છે. અહીં, નજીક આવ."

સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિએ તેને સભાના મંચની નજીક આવવા મજબૂર કર્યો. માથું નીચું રાખી, જાણે ખૂબ શરમ અનુભવતો હોય એમ તે સંતની નજીક આવ્યો. સંતના હૃદયમાં એના માટે પ્રેમ જ ભર્યો હતો. ગરીબ માણસે તેનું મસ્તક સ્વામીશ્રીના ચરણમાં ટેકવી દીધું. સૌમ્ય પ્રેમાળ હાથ એના મસ્તકે મૂકાયો. સદીઓ જૂની અસ્પૃશ્યતાની દીવાલ તૂટી પડી. સ્વામીશ્રીના હાથનો સ્પર્શ માત્ર તેને પ્રેમમાં તરબોળ કરી દેવા, તેના આત્માના ઊંડાણમાં સુવાસ પાથરવા પૂરતો હતો.

"ઓહ ! કેટલું શીતળ લાગે છે !", તેણે કહ્યું.

અત્યાર સુધી, જે કોઈએ તેની સાથે વાત કરવાની તકલીફ લીધી હતી એમણે ધૂત્કારની કે હડધૂત કરવાની ભાષામાં જ વાત કરી હતી. જે કોઈએ એની સામે જોયુ એમણે અણગમાથી જ જોયું હતું. જે કોઈ એને સ્પર્શ્યા તે તેને મારવાના ઈરાદાથી જ સ્પર્શ્યા હતા. પણ આજે જુદી જ વાત હતી. સ્વામીજીની નજીક ઊભેલા સાધુએ એ માણસના હાથમાંથી હાર લીધો



આદિવાસી વિસ્તારમાં શિક્ષણ

અને તે સ્વામીશ્રીને આપ્યો. સ્વામીશ્રીએ એ હાર પેલા ભાઈના ગળામાં જ પહેરાવી દીધો. જીવનમાં પહેલી જ વાર, એ ગરીબ વૃદ્ધ માણસે કૃતકૃત્યતાનો અનુભવ કર્યો.

## મહિલાઓનું સન્માન

મહિલાઓ પ્રત્યેના સ્વામીશ્રીના માન અંગે ઘણી વાર ગેરસમજ કરવામાં આવે છે. એ વાત સાચી કે સ્ત્રીઓ તરફનું તેમનું વલણ બીજાઓ કરતાં જુદું છે. પણ તેની પાછળ નર્યાં વ્યવહારુ અને નૈતિક કારણો છે.

ઘણાને નવાઈ લાગે છે, સ્વામીશ્રી, કે જેમણે કોઈ સ્ત્રી સાથે વાત કરવાની તો દૂર રહી, આંખ માંડીને જોયું સુદ્ધાં નથી, તેઓ મહિલા ભક્તોમાં માન્યામાં ન આવે એવી ભક્તિની સરવાણી પ્રેરે છે. વાસ્તવમાં, મહિલાઓની ભક્તિ અને પ્રતિબદ્ધતા, ઘણીબધી રીતે પુરુષો કરતાં ચડિયાતાં છે. શારીરિક રીતે, ભલે મહિલાઓ સ્વામીશ્રીની દૃષ્ટિ-મર્યાદાની બહાર હોય, પણ ભક્તિ દ્વારા, વચનો અને સેવા દ્વારા તેઓ ભગવાનની સમીપ છે અને સ્વામીશ્રીની વિશિષ્ઠ આધ્યાત્મિક શક્તિ અને ઉષ્માનો અનુભવ કરે છે.

સ્વામીશ્રીને લખેલા પત્રમાં એક ડચ મહિલા ભક્ત, મિસીસ જીનેટ કહે છે, "આપ મારા મનનો મહત્ત્વનો ભાગ છો. મારા વિશે આપ બધું જ જાણો છો એવી મારી લાગણી છે. દિવસ દરમિયાન, અને ખાસ કરીને મારી નાની 'પૂજા' દરમિયાન, ખબર નહિ કેવી રીતે, પણ મને લાગે છે કે હું આપની સાથે વાત કરી રહી છું. મારી જિંદગીની ઘનિષ્ઠ મિત્રતા જેવું લાગે છે. હું જાણતી હોઉં એવી બધી જ સારી બાબતો, હું જે જોતી હોઉં તે બધા જ ફૂલ, મારા મન અને હૃદય દ્વારા, ભગવાન સ્વામિનારાયણ માટે હું આપને મોકલાવું છું. લાગણીના વહેણ માટે અંતર એ કોઈ સમસ્યા જ નથી.. મારા મનમંદિરમાં રહેવા બદલ હું આપની આભારી છું..."

## આપનો ફોટોગ્રાફ લઈ શકું ?

૩ એપ્રિલ, ૧૯૮૪, લંડન - પીટર સ્નોડન નામનો એક ફ્રીલાન્સ ફોટોગ્રાફર મંદિરમાં સ્વામીશ્રીને મળવા આવ્યો. વિવેકજીવન સ્વામીએ પૂછ્યું, "તમારે કોઈ પ્રશ્ન પૂછવો છે ?"

"મારે માટે આ તક છે, પણ ખબર નથી પડતી કે શું પૂછું ?" પીટરે કંઈક ગૂંચવણમાં હોય એમ જવાબ આપ્યો, "ખરેખર મારું બહુમાન થયું માનું છું. હું બાપ્ટીસ્ટ છું અને હિંદુ મંદિરમાં આવવામાં વિચિત્ર લાગણી થતી હતી." પછી એણે થોડી ક્ષણ સ્વામીશ્રી સામે એકટક જોયું અને આનંદથી બોલ્યો, "સ્વામીજીનાં નયન! ખરેખર મોહ પમાડે છે ! અદ્‌ભુત છે ! હું એમની આંખોમાં જોઈ શક્તો નથી."

પીટરે સ્વામીશ્રીના થોડા ફોટા લીધા – ખાસ કરીને આંખોના ક્લોઝ-અપ ! પછી પ્રણાલિગત બ્રિટિશ રીતભાત પ્રમાણે ધીમેથી પૂછ્યું, ‘‘શું હું સ્વામીશ્રીને સ્પર્શી શકું ?’’ એ અંગ્રેજે તેના હાથ પહોળા કર્યા ત્યારે સ્વામીશ્રી નિર્દોષતાથી જોતા જ રહ્યા. પીટરે પછી સ્વામીશ્રી સાથે તેના ફોટા પણ પડાવ્યા.

જ્યારે તે ઓરડો છોડીને જતો હતો ત્યારે એને વિશ્વાસ નહોતો બેસતો. ‘‘અદ્‌ભુત અનુભવ! મારું માનસ શાતા અનુભવે છે. તેઓ બહુ જ શાંત છે. હું તેમને વર્ણવી શક્તો નથી. મારા બોસ મને ફોટાનાં નાણાં આપશે કે કેમ એ મહત્ત્વની વાત જ નથી. મને સુંદર અનુભવ થયો છે. કાલે હું દેવળમાં જઈશ અને કોઈ ખાસ અનુભવ અંગે પૂછવામાં આવશે તો સ્વામીશ્રી વિશે જ વાત કરીશ.’’

## આદિવાસીઓને સમર્થન

આદિવાસીઓના સામાજિક અને નૈતિક વિકાસ માટેની પ્રવૃત્તિ છેલ્લાં ત્રીસ વર્ષથી ચાલી રહી છે. સેલવાસ, દાદરા-નગર હવેલી, ડાંગ, સાબરકાંઠા, પંચમહાલ અને સાપુતારામાં આ અંગે સારું એવું કામ થાય છે. ૧૯૯૯ની ૧૬મી ડિસેમ્બરે સ્વામીશ્રીનો ૭૯મો જન્મદિવસ હતો. એ દિવસે વલસાડમાં મોટું આદિવાસી-સંમેલન યોજાયું હતું. રાજ્યના જુદા જુદા જિલ્લામાંથી ૨૫,૦૦૦ આદિવાસીઓ એકઠા થયા હતા. સ્વામીશ્રીના પ્રયાસોના પરિણામે હજારો આદિવાસીઓએ તેમના વ્યસન ને કુટેવો છોડી હતી અને જીવનમાં સત્સંગનો મહિમા સ્વીકાર્યો હતો.

સ્વામીશ્રીએ આદિવાસી-સંમેલનને આશિષ આપતાં કહ્યું, ‘‘તમામ જીવોનો ‘આદિ’ ઈશ્વરે છે અને જેઓ તેની સાથે વાસ કરે છે. તેઓ આદિવાસી છે. આપ સૌ કુદરતના ખોળે રહો છો, તેનું સૌંદર્ય માણો છો, જ્યારે શહેરમાં રહેનારાઓને સ્વચ્છ હવા, પાણી, કુદરતી વાતાવરણનો કોઈ લાભ મળતો નથી. આપ સૌ પર ઈશ્વરના આશીર્વાદ છે. ઈશ્વરની સમીપ રહેવું એટલે એવું જીવન જીવવું કે ઈશ્વર પ્રસન્ન થાય. પરંતુ, અંધશ્રદ્ધાના કારણે, વ્યસનોના કારણે, ખોટા મોજશોખના કારણે, કોઈ ઈશ્વરની નજીક હોય તો પણ એના દિવ્ય સુખને પામી શકતો નથી. જ્યારે કંઈ પણ ખોટું થાય, ત્યારે તમે અંધશ્રદ્ધાના કારણે તરત  એક મરઘીનો ભોગ આપી દો છો. એક પ્રાણીનું મોત નીપજાવો છો અને પછી દારૂના નશામાં ડૂબી જાઓ છો. આ બધું તમારા માટે નુકસાનકારક છે. એનાથી કશો લાભ થતો નથી. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તે તમને નશાથી ને અંધશ્રદ્ધામાંથી છોડાવે. અંધશ્રદ્ધાનું કોઈ કારણ જ નથી. તમને માથુ દુઃખે તો તમારે દવા જ લેવાની હોય, કોઈ પ્રાણીનો ભોગ ન લેવાય.’’

## તમારો પોતાનો ખોરાક ખાઓ

"ક્યારેય માંસ ન ખાઓ", સ્વામીશ્રી પોતાના સંપર્કમાં આવતા અને માંસાહાર કરનાર નવી પેઢીના લોકોને એ વાત કરતાં ક્યારેય થાકતા નથી. માત્ર ગાયનું માંસ ન ખાઓ એમ નહિ, કોઈ પણ પ્રાણીઓના માંસની વાત છે. આમાં માછલી, દરિયાઈ જીવો ને ઈંડાં પણ આવી જાય. ઈશ્વરે માણસને ધરતીની ભેટ આપી છે. જ્યાં વિપુલ પ્રમાણમાં ફળ, અનાજ, કંદમૂળ, શાકભાજી ઉપલબ્ધ છે. ખોરાક માટે કોઈ પ્રાણીને મારી નાખવાની જરૂર જ શી છે ? શું આવી કતલ કરવી જોઈએ ? પશ્ચિમી દુનિયા આરોગ્યના નામે માંસ ખાવાની હિમાયત કરે છે. આનો અર્થ તો એવો જ થાય ને, કે બાકીની દુનિયા રોગિષ્ટ છે !

લંડનના એક યુવકે સ્વામીશ્રીને ડૉકટરનું પ્રિસ્ક્રીપ્શન (દવાનો કાગળ) બતાવ્યું ને કહ્યું કે તેણે ઈંડા ખાવાની જરૂર છે. "ડૉક્ટર તો તને કહેશે, તારા મિત્રો પણ કહેશે", સ્વામીશ્રીએ વાતને પકડી લીધી, "મારી સામે જો. હું એવું કાઈ ખાતો નથી ને છતાં જીવું છું ને ! એ ખાધા વિના. કોઈ મરતું નથી. અમારા ઋષિઓ અર્ધા-ઉઘાડા શરીરે હિમાલયમાં રહેતા ને હજારો વર્ષ જીવ્યા હતા. આ ખબર છે તમને ? પશ્ચિમની સંસ્કૃતિ આપણને બદલવા ચાહે છે, આપણી સંસ્કૃતિ, આપણા સંસ્કાર ભૂલી જઈએ એમ ઇચ્છે છે, અને તેથી આવી સલાહો અપાય છે. ખાવા માટે કેટલી બધી ચીજો પડી છે ! દૂધ અને ઘી પીઓ. ઈંડાં કરતાં એમાં વધારે પોષક તત્ત્વો છે, જે શરીરને મજબૂત બનાવે છે. કોઈ તમારા શરીરને કાપે તો તમને દુઃખ ન થાય ? શું આ પ્રાણીઓને વ્યથા નહિ થતી હોય? આ યુરોપિયનો દોઢસો વર્ષ ભારતમાં રહ્યા. શું તેમણે આપણા કોઈ માર્ગ અપનાવ્યા? અહીં જ પ્રતિજ્ઞા લો... આપણે આપણો વારસો સાચવીશું." તેમણે યુવકના જમણા હાથની હથેળીમાં થોડું પાણી રેડ્યું અને પછી પાણી મુકાવતાં વચન લીધું કે તે માંસ ખાવાનું સદંતર છોડી દેશે.

## ૨૫ ડૉલર

ગુજરાતના ૧૯૮૭-૮૮ના દુઃકાળ દરમિયાન લૉસ એન્જેલસના નિલેશે પશુકેન્દ્ર (કેટલકેમ્પ) માટે સંસ્થાને ૨૫ ડૉલર મોકલ્યા. તેણે લખ્યું :

મેં શાળામાંથી ફંડ ઊભું કર્યું છે. અત્યાર સુધીમાં ૨૫ ડૉલર ભેગા થયા તે મોકલાવું છું. ભૂખ્યા પશુઓના દાણા માટે તેનો ઉપયોગ કરવા વિનંતિ...

તેની સારી ભાવનાનો પડઘો પાડતાં સ્વામીશ્રીએ લખ્યું :

'તમને અમારા ખૂબ ખૂબ અભિનંદન અને આશિષ. યુવાન વયે પણ તમે ઈશ્વરના અનુરાગી છે અને આવી સેવા કરવા તત્પર છો એ ઘણી સારી વાત છે. બીજાઓનું ભલુ ઇચ્છવું એ ઉમદા વિચાર છે. આપણા દેશમાં ગાયોને પૂજ્ય ભાવથી જોવાય છે, જ્યારે ત્યાં

અમેરિકામાં ગાયના માંસને ખોરાક બનાવાય છે. આશા રાખું છું કે હવે તમે શાકાહારી ખોરાક જ ખાશો અને બીજાઓને પણ એમ કરવા સમજાવશો.''

## વિરોધ

'ભારતનો સાંસ્કૃતિક મહોત્સવ' મીડલસસેક્સ કાઉન્ટી કૉલેજ, એડિસન, અમેરિકા ખાતે ૧૯૯૧માં યોજાયેલો. જિમ બરાબર સામેના રસ્તા પર જ રહેતો હતો. રોજ હજારો માણસો મહોત્સવમાં આવતા અને ઘણાખરા તેમનાં વાહનો નજીકની શેરીઓમાં પાર્ક કરતા. આની સામે કેટલાક સ્થાનિક લોકોએ ભેગા થઈને વિરોધ કર્યો. સ્થાનિક અખબારોમાં વિરોધના સમાચારો પણ છપાયા.

સ્વામીશ્રીએ જિમને બોલાવ્યો ત્યારે તેણે જે કહેવાનું હતું તે કહ્યું, ''અમે ખૂબ દિલગીર છીએ. તમારી સામે અમે ઘણો બધો વિરોધ કર્યો, પણ હવે અમને અમારી ભૂલ સમજાઈ છે. હું અમારા સૌ પડોશીઓ વતી આપને અભિનંદન આપવા આવ્યો છું. આપનો આ મહોત્સવ અદ્‌ભુત હતો. ભારતની મહાન સંસ્કૃતિનાં દર્શન કરવાની તક મળી અને અમે ખૂબ પ્રભાવિત થયા છીએ. હું અહીં રોજ આવતો, પણ આજે તો ખાસ દિલગીરી વ્યક્ત કરવા આવ્યો છું. અમારે આટલો બધો ઉપાડો લેવાની કોઈ જરૂર નહોતી. પાછળથી આ ભૂલ સમજાઈ.''

સ્વામીશ્રીએ એને શાંતિથી સાંભળ્યો ને કહ્યું, ''અખબારોએ તમારી દિલગીરી છાપી કે કેમ એ મહત્ત્વનું નથી. તમારી સારી લાગણી જ અમારા માટે પૂરતી છે. ભગવાન પ્રસન્ન થશે અને આપ સૌને શાંતિનો અનુભવ થશે.''

જિમે ઉમેર્યું, ''એક ફ્રેન્ચ કહેવત છે, 'જ્યારે બે માણસો છૂટા પડે, ત્યારે પાછળ જરૂર તેમનું કંઈ છોડી જાય છે.' આપે અમારા હૃદયમાં જે છોડ્યું છે એને અમે કાયમી સાચવી રાખીશું.''

સ્વામીશ્રીએ અનુમોદન આપ્યું : ''એ જ તો ભારતીય સંસ્કૃતિનું હાર્દ છે.''

## ઈશ્વર શું છે ?

''શું તમારી આંખ સામે ઈશ્વર છે ?'', એક યુવાને પૂછ્યું.

''હા, તે મારી આંખ સામે જ છે.''

''તો બતાવો મને.''

''ઈશ્વરનાં દર્શન એમ ન થાય. તમારે આધ્યાત્મિક ગુરુઓનાં વચનમાં શ્રદ્ધા રાખવી જોઈએ અને જાતે જ ઈશ્વરની શોધ કરવી પડે. હું મારા ગુરુમાં સાક્ષાત્ ઈશ્વરને જોઉં

છું. વધારે કંઈ કહેવાની જરૂર ખરી ? ઈશ્વર તો એને ઠીક પડે એ સ્વરૂપે આપણી સમક્ષ આવે છે.''

## જીવનનું ભાથું...

સાળંગપુરમાં એક વખત ૧૨-૪૫ વાગી ગયા, છતાં સ્વામીશ્રી એમના ઓરડામાંથી ભોજન માટે હજુ નીકળ્યા નહોતા. વર્ષોથી એમની રસોઈની જવાબદારી સંભાળી રહેલા કૃષ્ણવલ્લભ સ્વામી ઓરડામાં દાખલ થયા ને બૂમ મારી, ''ચાલો, હવે બહુ થયું, જમવું નથી ?''

સ્વામીશ્રી ત્યારે તેમના સાંજના પ્રવચન માટે 'ભક્તચિંતામણિ'નું એક પ્રકરણ વાંચવામાં લીન હતા. હજુ પણ એમાં જ ધ્યાન પરોવેલું રાખતાં અને પુસ્તક બતાવતાં તેમણે કહ્યું, ''શું આ જ ખોરાક નથી ?''

''એમ ! એવું છે !'' કૃષ્ણવલ્લભ સ્વામીએ ટોળમાં કહ્યું. તેઓ સ્વામીશ્રીના મિત્ર છે અને ખુલ્લા દિલે વાત કરતા હોય છે.

''હા, આમાં ઈશ્વરના દિવ્ય જીવન અને માર્ગદર્શનની વાતો છે. ખોરાક ખાવા કરતાં તેનું ઘણું વધારે મહત્ત્વ છે.''

## આની પાછળ કોણ ?...

યોગીજી મહારાજની શતાબ્દી ઉજવણી દરમિયાન, ભારતીય જનતા પક્ષના નેતા શ્રી એલ. કે. અડવાણી સ્વામીશ્રી પાસે આવ્યા. તેમણે જિજ્ઞાસાથી પૂછ્યું, ''આ તમારી સંસ્થા પણ ખરેખર વિલક્ષણ છે ! મેં લોકોને પૂછ્યું કે આ ભવ્ય મહોત્સવની પાછળ કોણ છે, તો તેમણે કહ્યું કે સ્વયંસેવકો. હું સ્વયંસેવકોને મળ્યો તો તેમણે કહ્યું કે આ બધા સાધુઓનું માર્ગદર્શન અને વ્યવસ્થા છે. સાધુઓ બધા કહે છે, અમે તો કંઈ નથી કર્યું, આ તો બધી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા છે, હવે ખરેખર આ બધું કોણ...?''

સ્વામીશ્રીએ વાક્યની પૂર્તિ કરતાં કહ્યું, ''હકીકતમાં, ભગવાન જ આ બધું કરે છે.''

શ્રી એલ. કે. અડવાણી મૂંઝાઈ ગયા. ક્યારેય તેમણે આવું અકલ્પ્ય કામ જોયું નહોતું, ને પાછું કોઈ એનો યશ લેવાય તૈયાર નહોતું !

## સક્ષમ વહીવટદાર

હરીશ દવે એક એડ્વોકેટ છે અને 'બી.એ.પી.એસ.'નાં સેક્રેટરી તરીકે વહીવટી અને કાયદાકીય સેવાઓ સંભાળે છે. એક સંસ્થાને 'બી.એ.પી.એસ.' સાથે થોડા પ્રશ્નો હતા અને

તેની પતાવટ થાય એ જરૂરી હતું. ઘણાબધાએ પ્રયત્ન કર્યા, પણ સફળ થયા નહોતા. એ સંસ્થાના અધિકૃત વ્યક્તિઓ કોઈ વાતમાં સંમત જ નહોતા થતા. સંમત નહિ થવા માટે દરેક વખત કંઈ ને કંઈ મુદ્દો આગળ ધરી દેતા.

દરેક વખતે તેઓ નવી નવી દલીલો કરતા. લાંબા સમયથી વાત ખેંચાયા કરતી હતી.

"સ્વામીશ્રી, આપ મદદ કરી શકો ?", છેવટે થાકીને એક વાર હરીશભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું.

પછી તરત મુલાકાત ગોઠવવામાં આવી. પેલી સંસ્થાના પ્રતિનિધિઓએ લાંબી લાંબી દલીલો કરી, જૂની ફાઈલોમાંથી મુદ્દાઓ કાઢ્યા અને પોતાનો મોટો કેસ રજૂ કર્યો. સ્વામીશ્રીએ ધ્યાનથી તેમને સાંભળ્યા પછી એમણે નવા જ સંદર્ભમાં આખી વાત સમજાવી અને જાહેર જીવન પર તેની કેવી અસર પડશે એ કહ્યું. પાછલી ઘટનાઓ અને વાતો ટાંકી. કોઈ નોંધ કે ફાઈલનો કશો ઉલ્લેખ ન કર્યો. બધાને ખૂબ નવાઈ લાગી. આટલી બધી જોરદાર યાદશક્તિ ! પાછલી ઘટનાઓની આવી સુંદર સમજાવટ ! આવું વ્યવહારુ વલણ ! મિનિટોમાં તો બધી વાતોનું સમાધાન થઈ ગયું.

સંસ્થાના ટ્રસ્ટીઓએ 'બી.એ.પી.એસ.'ની દરખાસ્ત સ્વીકારી. પાછા ફર્યા ત્યારે દરેકના ચહેરા પર હાસ્ય રમતું હતું !

## વિઠ્ઠલ કોણ છે ?

શાસ્ત્રીજી મહારાજના દેહોત્સર્ગ સ્થળે, તેઓના - 'સ્મૃતિમંદિરે' સ્વામીશ્રી પધાર્યા ત્યારે એમનાં દર્શન માટે સંતો અને ભક્તોની લાઈન લાગી હતી. સ્વામીશ્રી પ્રદક્ષિણા ફરતા હતા, ત્યાં એમની નજર એક સાવ સામાન્ય દેખાતા ગામડિયા પર પડી.

"વિઠ્ઠલ !" સ્વામીશ્રીએ તરત એને નામથી બોલાવ્યો ને એની સાથે થોડી વાત પણ કરી.

સંતોને નવાઈ લાગી ને પૂછ્યું, "આ વિઠ્ઠલ કોણ છે ?"

"કુંભાર છે." સ્વામીશ્રીએ કહ્યું, "હું જ્યારે કોઠારી હતો ત્યારે તે અહીં જ સેવા આપતો હતો."

ચાલીસ વરસ થઈ ગયાં હતાં આ વાતને ! છતાં થોડોક સમય પોતાની સાથે સેવા આપનાર કુંભાર એમને બરાબર યાદ હતો !

## વિનમ્રતા

સુરેશભાઈ શેલત ગુજરાત હાઈકોર્ટમાં એડ્વોકેટ જનરલ છે. 'બી.એ.પી.એસ.' મહત્ત્વની કાયદાકીય બાબતોમાં એમની સલાહ લે છે. એમના આખા કુટુંબને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાથે બહુ જૂના આત્મીય સંબંધો છે.

૧૯૮૫ની સાલમાં એક વાર સુરેશભાઈએ અમદાવાદમાં સૌરભ સોસાયટીમાં એમના બંગલે સ્વામીશ્રીને આમંત્ર્યા. બપોરે બાર વાગ્યાનો સમય નક્કી થયેલો. સુરેશભાઈ કોર્ટના કામે બહાર ગયા હતા ને બાર વાગે પાછા આવી જવાના હતા. સ્વામીશ્રી જરા વહેલા જ આવ્યા. ૧૧ વાગે સુરેશભાઈને ત્યાં પહોંચી ગયા. કુટુંબમાં બધાને મૂંઝવણ થઈ પડી કે હવે શું કરવું ? કઈ રીતે સ્વામીશ્રીને કહેવું કે, સુરેશભાઈ તો બહાર ગયા છે, પણ થોડી વારમાં આવશે. સ્વામીશ્રીએ તરત જ એ બધાની મૂંઝવણ પારખી લીધી. તેમણે સરળતાથી વાતાવરણ હળવું કરતાં કહ્યું, "દુઃખી ન થાઓ, મારે કંઈ ઉતાવળ નથી. હું તો અહીં તમને બધાંને મળવા આવ્યો છું. બેઠો છું."

આવો તો એમનો સરળ સ્વભાવ અને ઉમદા રીતભાત છે !

## વડવાઓ

નૈરોબી,

૨૩, સપ્ટેમ્બર, ૧૯૯૪

સવારે અલ્પાહાર બાદ પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રીએ એમનો હાથ પકડ્યો હોય એવો એક ફોટો ખેંચવાની તેમની ઇચ્છા હતી. તેમણે કહ્યું, "સ્વામીશ્રી, મારો હાથ પકડો."

"આપણે તો તમારા વડવાઓના સમયથી હાથ પકડેલા છે" સ્વામીશ્રીએ જવાબ આપ્યો. "જુઓ, તમે પ્રકાશ છો. તમારા પિતા નવનીતભાઈ. નવનીતભાઈ એ પુરુષોત્તમભાઈના સુપુત્ર. પુરુષોત્તમભાઈ એટલે પ્રહ્લાદભાઈના દીકરા. તેમની પહેલાં હિંમતસિંહ, ને એમની પહેલાં હરિભાઈ. આ હરિભાઈનું નામ તો ભક્તચિંતામણિમાં છે. મેં છેક હરિભાઈ સુધીના તમારા વડવાઓની બધી પેઢીઓ બતાવી દીધી, જે બધા જ ભગવાન સ્વામિનારાયણ સાથે સંકળાયેલા છે."

## સ્વામિનારાયણ અક્ષરપીઠ

શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યા ગુજરાતના અગ્રણી મુદ્રક અને પ્રકાશક હતા. રાજ્યમાં પ્રિન્ટિંગ પ્રેસના આધુનિકીકરણમાં એમનો આગળ પડતો ફાળો છે. તેમના પ્રેસ - સાહિત્ય



**પ્રમુખ સ્વામી મહારાજ ચિદાનંદ સ્વામી તથા સ્વ. વિષ્ણુપ્રસાદ પંડ્યા અને શ્રી શ્રેયસભાઈ પંડ્યા સાથે**

મુદ્રણાલયમાં ૧૯૮૧ની સાલમાં પહેલી જ વાર તેમણે ખૂબ આધુનિક પ્રિન્ટિંગ માટેનું ‘ફોટો ટાઈપ સેટિંગ’ દાખલ કર્યું. એમાં ઉદ્‌ઘાટન માટે સ્વામીશ્રીને નિમંત્ર્યા હતા. સ્વામીશ્રીએ સરળતાથી આમંત્રણ સ્વીકારી લીધું. તેમને પોતાને આધુનિક પદ્ધતિએ પ્રકાશનો પ્રકાશિત કરવામાં અને ભક્તો સુધી પહોંચાડવામાં ખૂબ રસ હતો. તે દિવસે સ્વામીશ્રી આખા પ્રેસમાં ફર્યા અને જુદાં જુદાં સાધનોને ઝીણાવટથી સમજવાનો પ્રયાસ કર્યો.

પછીના ગાળામાં તો ‘બી.એ.પી.એસ.’ તરફથી શ્રેણીબંધ પ્રકાશનો, સામયિકો બહાર પડ્યાં છે. અત્યંત આધુનિક મીડિયા અને ઈન્ફોર્મેશન ટેક્‌નોલૉજી ટેક્‌નિક સાથેનું પોતાનું જ પ્રિન્ટિંગ પ્રેસ ઊભું કર્યું છે. છેલ્લામાં છેલ્લી સ્ટેટ-ઑફ-આર્ટ ટેક્‌નોલૉજીનો ઉપયોગ થયો છે અને ‘સ્વામિનારાયણ અક્ષરપીઠ’ તરીકે ઓળખાતું માતબર પ્રકાશન ગૃહ પણ ઊભું કર્યું છે.

## સ્વામિનારાયણ મહામંત્ર

સ્વામીશ્રીએ જીવનનાં મૂળભૂત મૂલ્યોને માનવજીવનમાં સ્થિર કરવાનો પડકાર ઉપાડ્યો છે. ન્યુઝીલૅન્ડની તેમની મુલાકાત દરમિયાન, એક યુવાન ભક્તે પૂછ્યું, “સ્વામીશ્રી, ‘સ્વામિનારાયણ મંત્ર’નો પાઠ શા માટે કરવો જોઈએ?”

સ્વામીશ્રીએ ત્યારે વિગતે સમજાવ્યું : આધ્યાત્મિકતા અને રહસ્યવાદના માર્ગે અનેક કારણોસર આ મંત્ર અગર એકસ્વરી ઉચ્ચાર અનિવાર્ય છે. સર્વોચ્ચ ભગવાન સ્વામિનારાયણે તેમના ગુરુ રામાનંદ સ્વામીનાં અવસાનના તેરમા દિવસે આ સ્વામિનારાયણ મંત્ર આપ્યો હતો. આ મંત્રમાં આધ્યાત્મિક શક્તિ અને દિવ્યતા છે. એના પ્રતાપે, ભક્તનું હૃદય સાચા જ્ઞાન અને અધ્યાત્મના પ્રકાશ તેમ જ દિવ્ય આશિષથી સભર થઈ જાય છે.

મંત્રના બે શબ્દો છે - 'સ્વામી' અને 'નારાયણ'. આ શબ્દો ભક્ત અને ભગવાનના સંબંધનો મહિમા કરે છે. અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના, એટલે કે આદર્શ ભક્ત અને પરમ પરમેશ્વરનો તે નિર્દેશ કરે છે. 'સ્વામિનારાયણ' મંત્રને આ બે સાચા અર્થમાં સમજાય ત્યારે અર્થ એ નીકળે છે કે સાધકે અક્ષરબ્રહ્મ જેવા થવાનું છે અને સર્વોચ્ચ પરબ્રહ્મની આરાધના કરવાની છે. ટૂંકમાં, અક્ષર અને પુરુષોત્તમ વચ્ચેના અનંત, અતૂટ સંબંધોનું એમાં જ્ઞાન થાય છે.

મોટેથી આ મંત્ર ઉચ્ચારાય ત્યારે દિવ્ય ધ્વનિ ઊઠતો અનુભવાય છે. સતત ઉચ્ચસ્વરે આ મંત્રનો જાપ કરવાથી ધ્યાન અને એકાગ્રતા આવે છે. જીવનમાં અતિ આનંદની લાગણીનો અનુભવ થાયછે.

આ મંત્રમાં ભગવાન અને તેમની દિવ્ય સત્તાનું સાયુજ્ય છે. મંદિરમાં, ભગવાનની મૂર્તિ સમક્ષ, બધા સાથે મળીને સુંદર આલાપથી, સંગીતનાં સાધનો સાથે મંત્રનું રટણ કરવામાં આવે તો મનની તમામ અશુદ્ધિઓ અને વિકાર નીકળી જાય છે. ગાનારાઓની આસાપાસ દિવ્ય વાતાવરણ સર્જાય છે. આમ, 'સ્વામિનારાયણ' મંત્ર ભગવાનનું જ રૂપ બની જાય છે.

આ મંત્રની અસરો ગૂઢ, ભવ્ય અને દૈવી પ્રકારની છે. તે આધ્યાત્મિક પ્રભાવની વ્યાપક ક્ષમતા ધરાવે છે. તેની મહાશક્તિ કોઈ વિદ્વાન કે યોગી જ સમજી શકે. પરંતુ, ભક્તને તો તેની સ્વાભાવિક અનુભૂતિ થયા જ કરે છે. હૃદયમાં અતી આનંદ અને દિવ્યતાની લાગણી અનુભવાય છે. પરિણામે, ભક્તને સંસારના વિષયોમાંથી રસ ઓછો થતો જાય છે. ભૌતિક સુખની બાબતોમાંથી જાતને પાછી ખેંચી લે છે.

'સ્વામિનારાયણ'નો મંત્ર, તેના સાધકને આ જન્મ અને પૂર્વ જન્મમાં, જાણે-અજાણે કરેલાં તમામ પાપમાંથી મુક્તિ આપે છે. આ સર્વોચ્ચ મંત્ર મનના તમામ ગૂંચવાડા દૂર કરે છે અને પવિત્રતાની લાગણી સર્જે છે.

આ મહામંત્રનું એક જ ઉચ્ચારણ, બીજા હજાર મંત્રોના ઉચ્ચારણ બરાબર છે.

આ મહામંત્રના જાપથી તમામ ઇચ્છાઓની પૂર્તિ થાય છે. સારું આરોગ્ય, શાંત જીવન, ભૌતિક સમૃદ્ધિ બધું જ મળી રહે છે. દુન્યવી કામનાઓવાળા માણસને દુન્યવી ડહાપણ પ્રદાન કરે છે. આરોગ્યની જાળવણી કરી માંદગી દૂર કરે છે. મનને તમામ પ્રકારના ભય, દુઃખ, તંગદિલીમાંથી મુક્ત કરે છે. વિવાદો ઉકેલે છે. જીવનની તમામ મુશ્કેલી, તમામ અવરોધો પર કાબૂ આપે છે. દુઃખ અને યાતનાનો અંત લાવવામાં મદદરૂપ થાય છે.

અધ્યાત્મના સાધકને તેના ગુનાઓ, કુટેવો, અધૂરપો પર વિજય મેળવવામાં આ મહામંત્ર સહાય કરે છે. તેના સતત જાપ એકાગ્રતા અને ધ્યાન આપે છે. આ એક જ મંત્ર એવો છે, જે માણસને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ બક્ષે છે.

એકધ્યાને આ મહામંત્રનો જાપ કરવો જોઈએ.'

સ્વામીશ્રીએ આ રીતે આ મહામંત્રનો ઊંડો અર્થ સમજાવ્યો.

## તમારું સરનામું શું ?...

તમારું સરનામું શું ?

ઘણી યે વખત એમને આ પ્રશ્ન પુછાય છે.

પ્રમુખસ્વામી મહારાજનો જવાબ એક સરળ સ્મિત માત્ર હોય છે.

તેઓ સતત ભ્રમણ કરતા રહે છે. એક સ્થળે વધુ વખત રહેતા નથી. કોઈ સ્થળ કે લોકોની હદમાં બંધાતા નથી. બાઈબલ પણ કહે છે, "મારે એક ઘર નથી, ઘણાં ઘર છે." જુદા જુદા સ્થળે ભગવાનનો સંદેશ ફેલાવતા તેઓશ્રી સતત ફરતા જ રહે છે.

સ્વામિનારાયણ અક્ષરધામ – ગાંધીનગર



# ૭. શાંતિનો સમુદ્ર

## સહિષ્ણુતાનો સંદેશ ફેલાવતું બેનમૂન મંદિરઃ ગાંધીનગરનું 'અક્ષરધામ'

હિંદુ ધર્મ ઘણો સહિષ્ણુતાવાળો ધર્મ છે, પરંતુ દેશના ભાગલા પડ્યા ત્યારે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે મોટાં ઘર્ષણ થયાં હતાં. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ધર્મનિરપેક્ષ બંધારણ અમલમાં આવ્યું. દેશની સરકારે ધાર્મિક અને કોમી સુસંવાદનો સંદેશ ફેલાવ્યો. આમ છતાં સામાજિક તંગદિલી અને આર્થિક કારણોસર વખતોવખત દેશમાં કોમી છમકલાં થયા જ કરે છે.

મહાત્મા ગાંધીની પુણ્યભૂમિ ગુજરાતમાં મિશ્ર વસ્તી છે. ગાંધીજીએ તો તમામ માટે શાંતિ અને સદ્ભાવનો સંદેશ ફેલાવ્યો હતો. ધાર્મિક સંવાદિતા માટે ખાસ પ્રયાસ કરેલા. છતાં, ગુજરાતમાં પણ કોમી તનાવ અને ઝઘડા અવારનવાર ડોકાયા જ કરે છે.

આવા એક બનાવમાં, ૨૦૦૨ની ૨૮મી ફેબ્રુઆરીએ ગોધરા સ્ટેશને ૫૦ થી વધુ કાર-સેવકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા. એ બધા અયોધ્યાથી – ભગવાન રામની જન્મભૂમિમાંથી – પાછા ફરી રહ્યા હતા. આ ભયંકર ઘટના પછી આખા ગુજરાતમાં કોમી હુતાશન ફેલાઈ ગયો.

કેટલાક વખત પછી ફરી શાંતિ સ્થપાઈ, આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થઈ અને સામાન્ય જીવન સ્થાપિત થયું. એક આતંકવાદી જૂથે આમાં પોતાની તક જોઈ. તેમની વ્યૂહરચના એવી કે જો ગુજરાતના કોઈ ખૂબ પ્રતિષ્ઠિત મંદિર પર હુમલો બોલાવીએ તો સખત ઝઘડા વળી શરૂ થઈ જાય. એની આગ આખા દેશમાં ફેલાવી શકાય. ભારતના અર્થતંત્રને તોડી નાખવાનો, રાજકીય અસ્થિરતા ઊભી કરી દેવાનો મનસૂબો સફળ થાય.

'અક્ષરધામ' એ આકર્ષણનું મોટું કેન્દ્ર છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં તે નિર્માણ પામ્યું છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા હેઠળ 'બી.એ.પી.એસ.' દ્વારા નિર્માણ થયેલું એ ખૂબ સુંદર મંદિર છે. દર વર્ષે આખી દુનિયામાંથી વીસ લાખથી વધુ લોકો અહીં દર્શને

આવે છે. શાંતિ અને સુસંવાદના અધિષ્ઠાતા ભગવાન સ્વામિનારાયણને અર્પણ થયેલું વિશિષ્ટ સાંસ્કૃતિક સંકુલ છે. એના બાંધકામમાં હજારો માણસોએ મદદ કરી છે. ખાસ નોંધપાત્ર એ છે કે, મંદિરના બાંધકામમાં ને તે સાથે સંબંધિત પ્રવૃત્તિઓમાં ગુજરાતના ને સમગ્ર ભારતના ભક્તોએ કર-સેવા આપી હતી, હજારો યુવાનોએ સ્વૈચ્છિક સેવા પ્રદાન કરી હતી. લગભગ બધા જ ભક્તોએ તેમના કુટુંબના સભ્યોને મંદિરના કામ માટે મોકલ્યા હતા. આ લેખકના પુત્ર વ્રજેશ, જે ઈજનેરીમાં અભ્યાસ કરી રહ્યો હતો, તે આ ઘટનાને એક અદ્‌ભુત અનુભવ તરીકે વર્ણવે છે. આત્મસ્વરૂપ સ્વામીના માર્ગદર્શન હેઠળ કામ કરતાં કરતાં તેને સમાજ સેવાનો આદર્શ પાઠ મળ્યો. તેણે નૈતિક મૂલ્યોનું અનુસરણ કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રોજેક્ટમાં ભાગ લેનાર ઘણાં બધાં આબાલવૃદ્ધ લોકોને કંઈ ને કંઈ શીખવા મળ્યું છે. કંઈ ને કંઈ પ્રાપ્તિનો અનુભવ થયો છે. ગુજરાત માટે આ મહાનિર્માણનું અત્યંત મહત્ત્વ છે. પ્રમુખસ્વામી મહારાજની સતત હાજરીએ કાર્યકરોને નવી દિશા દેખાડી છે ને પ્રોત્સાહિત કર્યા છે. સ્વામીશ્રીએ આ યોજનાને પોતાની ખાસ યોજના ગણી હતી. કામની જગ્યા પર તેમના વિચારો, સૂચનો અને જુસ્સો સતત જોમ પૂરાવતા. મકાનના બાંધકામ માટે એમણે રાજસ્થાનના ગુલાબી પથ્થરો પર પસંદગી ઉતારી હતી. ચોરસ શિખરને અષ્ટકોણી બનાવવાનું તેમણે સૂચવ્યું હતું. સમગ્ર ઈમારતનું મોઢું ઉત્તર તરફ રહેવું જોઈએ. આગળ વિશાળ ખાલી જગ્યા રાખવાનો વિચાર તેમનો જ હતો. મંદિરની સુંદરતામાં એનાથી ઓર વધારો થાય છે. મંદિરમાં રખાયેલું પ્રદર્શન ભારતમાં ઉત્તમ કક્ષાનું અને સમગ્ર વિશ્વમાં ભાત પાડે એવું છે. ભારતીય સંસ્કૃતિ, એનાં પરિવર્તનો, સ્વામિનારાયણ સંપ્રદાયનો વિકાસ, બધું ત્યાં ચિત્રાંકિત થયું છે. અક્ષરધામના નિર્માણમાં સારામાં સારી આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ થયો છે. ધર્મ અને સંસ્કૃતિની સેવામાં વિજ્ઞાનનો ભરપૂર લાભ લેવાયો છે. બાંધકામ થતું હતું ત્યારે સ્વામીશ્રી વારંવાર ડિઝાઈનરો, ઈજનેરો, બિલ્ડરો, કલાકારો અને કામ કરતાં સામાન્ય માણસોને પણ મળતા ને તેમની સાથે વિચાર-વિમર્શ કરતા. તે સિવાય પત્રો દ્વારા અગર ટેલિફોન દ્વારા સતત સંપર્કમાં રહેતા હતા.

## આતંકવાદી હુમલાની હિચકારી ઘટનાઃ વિશ્વ હચમચી ઊઠ્યું

આવાં આ વિશાળ નિર્માણને આતંકવાદીઓએ લક્ષ્ય બનાવ્યું. ૨૦૦૨ની ૨૪મી સપ્ટેમ્બરે મંદિરના ત્રણ નંબરના દરવાજા બહાર એક સફેદ કારમાંથી બે આંતકવાદીઓ ઊતર્યા. સાંજે પોણા પાંચનો સમય... દર્શનાર્થીઓનો સારો એવો ધસારો હતો. તેઓ બાજુની વાડ પરથી કૂદ્યા અને ગોળીઓ વરસાવવા માંડ્યા. પછી મુખ્ય રસ્તે થઈ અંદર

દાખલ થયા. અહીં ઘણા નિર્દોષ મુલાકાતીઓ હતા. તેમની ઉપર પણ ગોળીબાર થયા. આતંકવાદીઓ પછી પ્રદર્શન હૉલમાં પેઠા. અહીં દૃશ્ય-શ્રાવ્ય શૉ જોઈ રહેલા લોકો પર ગોળીઓનો વરસાદ વરસાવ્યો.

ત્યાં સુધીમાં, ભયસૂચક ચેતવણીઓ અપાઈ ચૂકી હતી. પોલીસ તાત્કાલિક સ્થળ પર આવી ગઈ. થોડા વખતમાં જ લશ્કરના કમાન્ડો તેમની સાથે હતા. સામસામી ગોળીઓ ચાલતી હતી. આખરે બંને આતંકવાદીઓને ઢાળી દેવામાં આવ્યા. પણ ઘણું મોટું નુકસાન થઈ ચૂક્યું હતું. ૨૭ વ્યક્તિઓનાં કમોત થયાં. ૭૭ વ્યક્તિઓને ઈજા થઈ. પોલીસો અને કમાન્ડો પણ આમાં આવી જાય. સંસ્થાના સંત પરમેશ્વર સ્વામી યાત્રીઓની રક્ષા કરી રહ્યા હતા અને પોલીસને માર્ગદર્શન આપતા હતા ત્યારે એમની પણ હત્યા થઈ ગઈ !

આખા વિશ્વને આઘાતનો આંચકો લાગ્યો. નાયબ વડા પ્રધાન, જેઓ ગૃહપ્રધાન પણ હતા તે શ્રી લાલકૃષ્ણ અડવાણી કલાકોમાં સ્થળ પર આવી પહોંચ્યા. રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે તેમણે ગંભીર ચર્ચાઓ કરી. આવા બનાવોનું ક્યારેય પુનરાવર્તન ન થાય એવી ખાતરીપૂર્વકની વ્યવસ્થા એ બંનેનો મુખ્ય મુદ્દો હતો.

સામાન્યતઃ આપણે ધીરજવાળા, શાંત, સારા અને સમજુ હોઈએ છીએ, પણ જ્યારે સંયોગો વિપરીત હોય, આપણાં પ્રિયજનો પર કે આપણાં ધર્મના સ્થાનકો પર હુમલો થાય ત્યારે આપણે ભાંગી પડીએ છીએ, સમતુલા ગુમાવી બેસીએ છીએ. તરત ને તરત પ્રતિકાર કરવાની ઇચ્છા થઈ જાય છે. વૃત્તિઓ હિંસક ને સ્ફોટક થઈ જાય છે. આખી કોમમાં જ્યારે આવી લાગણી ફેલાય અને બદલાની ભાવના સળગે ત્યારે ભયંકર પરિણામો આવે છે. આવા હિંસક પ્રત્યાઘાતો પોલીસ કે લશ્કરી દળો દ્વારા સહેલાઈથી ખાળી શકાતા નથી. સમગ્ર સમાજ પર તેની વિપરીત અસર થાય છે.

"તમામની નજર પ્રમુખસ્વામી મહારાજ પર હતી", બ્રહ્મવિહારી સ્વામી લખે છે, "આતંકવાદીઓના હુમલાના સમાચાર એમને સાળંગપુર કેન્દ્રમાં મળ્યા. હુમલો થયાની ગણતરીની મિનિટોમાં વિશ્વવિહારી સ્વામી તેમને મળવા ગયા. તે વખતે તેઓ કચ્છના ભૂકંપ-રાહતના કામની એક મિટિંગમાં હતા. સમાચાર અપાયાં. અદ્ભુત સમતુલા હતી એમના મનની. તેઓશ્રી સ્થિતપ્રજ્ઞ જ હતા. કોઈ વિપરીત લાગણીઓ સ્પર્શી શકે નહીં. તેઓ શાંત રહ્યા અને એ રીતે તરત કામગીરી ઝડપથી શરૂ કરી દીધી."

હાજર તમામને ખૂબ શાંતિથી કહ્યું, "'અક્ષરધામ'માં ત્રાસવાદીઓ પ્રવેશ્યા છે, ઘણા માણસોને મારી નાખ્યા. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે વધુ કોઈ હત્યા ન થાય."

આખું વિશ્વ માન્યામાં ન આવે એવી હિચકારી ઘટનાથી મોટો આઘાત અનુભવી રહ્યું હતું. બધા ત્રસ્ત હતા. નફરતની લાગણી સળગી ઊઠી હતી, પરંતુ સ્વામીશ્રીએ શાંતિથી પ્રાર્થના કરી. તરત જ તેમણે ગુજરાતના અને ભારતના તમામ ભક્તોને, તમામ લોકોને શાંત રહેવા અને કંઈ પણ હિંસક પ્રતિકાર નહીં કરવા હૃદયસ્પર્શી અપીલ કરી.

તેઓશ્રીને ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, નાયબ વડાપ્રધાન, રાજ્યના મુખ્યમંત્રી બધાના ટેલિફોન પહોંચ્યા. સરકારની કામગીરી અંગે તેમણે સંતોષ જાહેર કર્યો અને ફરી શાંતિની અપીલ કરી.

પછીના બે દિવસ- ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે ભારતના લોકોએ 'બંધ' પાળ્યો. ગુજરાત, મુંબઈ અને દેશના અન્ય ભાગોમાં તમામ જાહેર સેવાઓ, કચેરીઓ, ધંધા-રોજગાર બંધ રહ્યા. રાષ્ટ્રવ્યાપી હડતાળના એલાને ચિંતા ઊભી કરી હતી. રાષ્ટ્રીય ધોરણે હિંસા ભડકી ઊઠે એવો ભય હતો, પરંતુ સ્વામીશ્રીની શાંતિની અપીલે જાદુઈ અસર કરી. ગુજરાતમાં કે ક્યાંય, કશી અનિચ્છનીય ઘટના બની નહીં.

પછીના દિવસોમાં પણ દેશ આખામાં શાંતિ પ્રવર્તી રહી. દેશને કોમી આગના હુતાશનમાં ફેંકી દેવાનો આતંકવાદીઓનો દાવ નિષ્ફળ ગયો.

આખી દુનિયામાંથી ને દેશમાંથી પત્રકારોનાં ટોળાં ને ટોળાં અમદાવાદ ને ગાંધીનગર આવી પહોંચ્યાં હતાં. કંઈક વધારે હવે બનશે એવી તેમની ધારણા હતી. ૨૦૦૨ની ૨૮મી ફેબ્રુઆરીની ઘટના પછી, આતંકવાદીઓ ગુજરાતના બીજા મહત્ત્વનાં ધાર્મિક સ્થળો પર હુમલો કરશે કે કેમ એ તેમનો મુખ્ય પ્રશ્ન હતો. પણ એવું કંઈ જ થયું નહીં. 'એસોસિયેટ પ્રેસ'ના દક્ષિણ એશિયાના વડા ટીમ સુલીવાને મંદિરના એક અધિકારીને પૂછ્યું, 'શા માટે ગુજરાત આ વખતે શાંત રહ્યું ? અહીં તો આવું કંઈ પણ બને એટલે હિંસા ભડકી જ ઊઠે છે." અધિકારીનો જવાબ હતો, "પ્રમુખસ્વામી મહારાજે લોકોને શાંત રહેવાની અપીલ કરી છે ને તેનું આ પરિણામ છે."

એક સંસ્થાના વડાએ કહ્યું, "સ્વામી, આપે બીજો કોઈ પણ ઇશારો કર્યો હોત તો પરિસ્થિતિ જુદી જ હોત. આપની અપીલના કારણે જ ગુજરાતમાં ને ભારતમાં શાંતિ રહી છે. આપના પ્રભાવ અને આપની સારપનું જ આ પરિણામ છે."

કૌશિક જોશીએ ૮-૧૦-૨૦૦૨ના રોજ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના તંત્રીને એક પત્ર લખ્યો, "'અક્ષરધામ' પર હુમલા પછી પ્રમુખસ્વામી મહારાજે કોઈને દોષ આપ્યો નથી કે

કશું હેત્વારોપણ કર્યું નથી. પરમ ઉદાત્ત ભાવનાનાં દર્શન તેઓશ્રીએ કરાવ્યા છે. 'અક્ષરધામ' તો તેમનું અતિ અમૂલ્ય અને અદ્‌ભુત સર્જન છે. છતાં તેઓ શાંત જ રહ્યા. તેમનું સાધુત્વ ભલભલાને સ્પર્શી જાય એવું છે.''

'અક્ષરધામ' ખાતે ૨૯ સપ્ટેમ્બરે યોજાયેલી શોકસભામાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, ''જે કંઈ થયું તેનાથી આપણને ખૂબ જ દુઃખ થયું છે. બધાના હૃદયમાં ભારે વ્યથા છે. મૃતાત્માઓ માટે આપણે શાંતિની પ્રાર્થના કરી છે. તેમનાં કુટુંબીજનોને દુઃખ સહન કરવાની આંતરિક તાકાત પ્રભુ આપે એવી પણ આપણી પ્રાર્થના છે. શુભ અને અશુભ પરિબળો વચ્ચે હંમેશ ઘર્ષણ રહે જ છે, પરંતુ અંતે તો શુભનો જ વિજય થાય છે. ઈશ્વર દરેકનો તેના કામ પ્રમાણે ન્યાય કરે છે. પ્રાર્થના એક આધ્યાત્મિક શક્તિ છે. ગાંધીજીને તેમની પ્રાર્થનામાંથી જ ઘણું બળ મળતું હતું. આપણું સુખ, બીજાઓને કષ્ટ આપવામાં નથી, પણ બીજાઓના આનંદ અને પ્રગતિમાં જ છે.''

અને આ રીતે, આટલા મોટા હુમલા પછી લોહીની નદીઓ વહેવાનો મોટો ધ્રાસ્કો હતો, પણ એવું કંઈ થયું નહીં. આખીયે દુર્ઘટનાને ઇતિહાસનો ભાગ થઈ જવા દીધી. મંદિરમાં ઘવાયેલા લોકોને ને અસરગ્રસ્ત કુટુંબોને સરકારની સહાય મળી હતી. તે ઉપરાંત સંસ્થા તરફથી પણ બધી મદદ કરવામાં આવી. આતંકવાદીઓ નિષ્ફળ ગયા. શાંતિ-ચાહક સંતનો વિજય થયો.

## સ્વામીશ્રી વિશ્વ શાંતિ શિખર પરિષદમાં

સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨૦૦૦ના વર્ષની ૨૮મી ઑગસ્ટે ન્યૂયોર્કમાં 'સહસ્રાબ્દી વિશ્વ શાંતિ શિખર પરિષદ'નું આયોજન કર્યું હતું. લગભગ ૧,૮૦૦ જેટલા ધાર્મિક અને આધ્યાત્મિક નેતાઓ, વિદ્વાનો, પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. તમામ સભ્ય દેશો અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ૧૨ મોટા ધર્મના ધુરંધરોનું ત્યાં પ્રતિનિધિત્વ હતું. આંતર્‌રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારની આ પહેલી જ પરિષદ હતી. ભારતમાંથી ૩૦૦ પ્રતિનિધિઓ હતા. સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી સત્યમિત્રાનંદજી વગેરે પ્રમુખ ધર્મપુરુષોનો એમાં સમાવેશ થતો હતો. ૨૯મી ઑગસ્ટે, ઉદ્‌ઘાટનના દિવસે પ્રમુખસ્વામી મહારાજને સંબોધન કરવાનું આમંત્રણ અપાયું. તેઓ ગુજરાતીમાં બોલ્યા, જેનું સાથે ને સાથે અન્ય ભાષાઓમાં ભાષાંતર થતું રહ્યું. ભારતની ધાર્મિક વિરાસત, તેની સંસ્કૃતિ, હિંદુ ધર્મ અને તેની સહિષ્ણુતા, શાંતિપ્રિય વલણો હિંદુ ધર્મે સમગ્ર માનવજાત માટે કરેલા મહાન પ્રદાનની વાતો તેમણે કરી.

હાજર સૌએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

## પ્રમુખસ્વામી મહારાજે કહ્યું :
## ધર્મપુરુષો એકસાથે મળે તો સંવાદિતા વધે છે

"સમગ્ર વિશ્વમાંથી ઉપસ્થિત પરમ પૂજનીય એવા સંતશ્રીઓ અને જુદા જુદા ધર્મના નેતાશ્રીઓ, રાષ્ટ્ર સંઘના મહામંત્રી જનરલ એમ. ઈ. કોફી અન્નાન, પરિષદના માનનીય પ્રમુખ શ્રી ટેડ ટર્નર અને આયોજકો, આજે આટલા બધા ધર્મપુરુષોને એક જ સ્થળે આ રીતે એકઠાં થયેલાં જોવા એ જ ભારે આનંદ અને દિવ્ય અનુભૂતિની ક્ષણ છે. રાષ્ટ્ર સંઘના માર્ગદર્શન હેઠળ આ પ્રકારની આ પ્રથમ પરિષદ યોજાઈ છે. આ હિંમતભર્યાં – પગલાંને આપણે હૃદયપૂર્વક આવકારીએ છીએ. આ બાબત જ પુરવાર કરે છે કે વિશ્વમાં શાંતિની સ્થાપનામાં ધર્મનો કેવો મહત્ત્વનો હિસ્સો છે."

ધર્મો વચ્ચે પરસ્પર વિનિમયની ને સંવાદિતાની ભૂમિકા ઊભી થાય એ આપણી તાકીદની જરૂરિયાત છે. ધાર્મિક નેતાઓએ અવારનવાર મળવું જોઈએ અને અન્ય ધર્મના આગેવાનોને પણ મળતા રહેવું જોઈએ. એકબીજા વચ્ચે મુક્ત સંવાદની સ્થિતિ સ્થપાવી જોઈએ.

જ્યારે ૧૯૮૪ની સાલમાં અમે પોપને મળ્યા ત્યારે ઘણા પત્રકારોએ પૂછેલું, "બે ધર્મના વડાઓની મુલાકાતનું પ્રયોજન શું ?" ત્યારે અમે જવાબ આપેલો, "જ્યારે બે જુદા જુદા ધર્મના વડાઓ મળે ત્યારે મૈત્રી અને સમજણનું સારું વાતાવરણ ઊભું થાય, તે ઉપરાંત બે ધર્મો વચ્ચે સંવાદિતાની ભૂમિકા સર્જાય, બે ય ધર્મના અનુયાયીઓની પરસ્પરની કડવાશ ઓછી થાય, ને સારપને પ્રોત્સાહન મળે." એક જ મુલાકાત, એક સાદો સંવાદ, લાખ્ખો માણસોના મન પર સારી અસર પ્રેરી શકે છે. આપણે ઘણીવાર કહીએ છીએ, 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે, તે જ ધર્મ છે !'

## વિવિધતામાં એકતા એ જ જીવનનો પદાર્થપાઠ,
## સહિયારો વિકાસ એ જ શાંતિનું રહસ્ય

પર્યાવરણ અંગે વધુ જાગૃતિ આવે છે એવા સમયમાં આપણે જીવનનું અને વાતાવરણનું મૂલ્ય સમજ્યા છીએ. દરેક પ્રકારનાં જીવનના સ્વરૂપોને સાચવવા પ્રયત્નશીલ છીએ. તો પછી ધાર્મિક વિવિધતાનું શું ? દરેક ધર્મ ભલે ટકે અને સમૃદ્ધ થાય. કોઈ મોટા ધર્મે નાનાં નાનાં ધાર્મિક જૂથો સામે તલવાર તાણવાની જરૂર નથી. ધર્મનેતાઓએ વિશ્વમાં એક જ ધર્મનું સ્વપ્ન જોવાની જરૂર નથી. એવા વિશ્વને કલ્પો, જેમાં બધા જ ધર્મો એક હોય. વિવિધતામાં એકતા એ જ જીવનનો પદાર્થપાઠ છે. સહિયારો વિકાસ એ જ શાંતિનું રહસ્યછે.

આપણા અનુયાયીઓમાં એકતા હોય તો આપણો ધર્મ મજબૂત અને સ્થિર બને છે,

એ જ રીતે બધા ધર્મો એક થાય તો આપણું બધાનું ભવિષ્ય મજબૂત અને સ્થિર થાય આપણે યાદ રાખીએ આ ધરતી પરની દરેક સંસ્કૃતિ, દરેક ધર્મ એક સોનાની ખાણ છે — મૂલ્યોથી, શાણપણથી અને દૂરદર્શિતાથી ખૂબ સમૃદ્ધ ! આવો, આપણે આ મહાન વિરાસતમાં હિસ્સેદારી કરીએ, મૂલ્યોનો એવો સમાન મંચ ઊભો કરીએ, જેના આધારે સારી યે માનવજાત મજબૂતીથી ઊભી રહી શકે.

ઋગ્વેદના સમયથી, હિંદુઓએ તો એવા વિરાટ વિશ્વની કલ્પના કરી જ છે, જ્યાં ક્યાંય કોઈ સરહદનાં બંધન ન હોય. આ પ્રાર્થના જુઓ — 'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ'. દરેક દિશાઓમાંથી અમને ઉમદા વિચારો પ્રાપ્ત થાઓ.

અમારા ગુરુ યોગીજી મહારાજ અવારનવાર કહેતા : 'મારું એ સારું નહીં, સારું એ મારું.'

ઉપનિષદો કહે છે, 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્, યત્ કિંચ જગત્યામ્ જગત' — દરેક વ્યક્તિમાં, દરેક ચીજમાં ઈશ્વરનો દિવ્ય વાસ છે'. આ આધ્યાત્મિક એકતા આપણને સમગ્ર સૃષ્ટિ સાથે જોડે છે.

વેદો કહે છે, 'અમૃતસ્ય પુત્ર વયમ્' — આપણે બધા ઈશ્વરનાં સંતાનો છીએ.

ભગવાન સ્વામિનારાયણ કહે છે, ''આપણે બધા આત્મન્ છીએ — શુદ્ધ આધ્યાત્મિક હસ્તીઓ. આમાં ધર્મ, જગત, કોમ, દેશનાં કોઈ બંધન નથી.

અને મહાભારત કહે છે, 'આત્મવત્ સર્વ ભૂતેષુ...' તમારી જાતની જેટલા જ બીજાઓને પણ સાચવો.

## અનુયાયીઓ સાથે સંવાદ દ્વારા ઝનૂન અટકાવીએ;
## ભગવાન સ્વામિનારાયણે ખૂંખાર ડાકુનું જીવન બદલી નાંખેલું

ધર્મના વડાઓ જ આપસમાં વાત કરે એ પૂરતું નથી. આપણા પોતાના અનુયાયીઓ સાથેનો સંવાદ પણ ઘણો મહત્ત્વનો છે. ધાર્મિક વડા એકલા તેમના અનુયાયીઓનું માનસ-પરિવર્તન કરી શકે છે. જો દરેક ધર્મ તેમના અનુયાયીઓનું આત્મજ્ઞાન સુધારવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે તો તેમનો ધર્મમાંનો વિશ્વાસ વધે અને ધર્મઝનૂન ઓછું થાય.

આપણા અનુયાયીઓને આપણે શીખવીએ કે ધર્મનો ફેલાવો માત્ર અનુયાયીઓની સંખ્યા પર નહીં, પણ તેમની આધ્યાત્મિકતાની ગુણવત્તા પર આધાર રાખે છે. પહોળાઈ મહત્ત્વની નથી, ઊંડાણ મહત્ત્વનું છે. એક હિંદુએ સારા હિંદુ બનવું જોઈએ. એક યહુદીએ સારા યહુદી, ખ્રિસ્તીએ સારા ખ્રિસ્તી અને એક મુસ્લિમે સારા મુસલમાન બનવું જોઈએ.

જો દરેક ધર્મના અનુયાયીઓ સાચા અને સારા અનુયાયીઓ બનવાની કોશિષ કરે, તો નિઃશંકપણે આપણી દુનિયા વધારે સારી દુનિયા બને. એટલે આપણા અનુયાયીઓને આપણે ઝનૂનના માર્ગે પાછા વાળી, શ્રદ્ધા અને સુંદર જીવન તરફ અભિમુખ કરીએ. ભગવાન સ્વામિનારાયણે જોબન પગી જેવા ખૂંખાર ડાકુની જિંદગી બદલી નાખી હતી. કાઠીની હિંસક અને કાયદાની ઐસીતૈસી કરી નાખનાર ટોળીઓમાં પરિવર્તન લાવ્યા હતા. તેમના આધ્યાત્મિક પ્રભાવ હેઠળ એ બધા શાંતિ-પ્રિય લોકો બન્યા હતા. આ રીતે શસ્ત્રવિહીન ક્રાંતિ દ્વારા, પ્રેમ અને સમર્પણના માધ્યમથી તેઓશ્રીએ લોકોના જીવન પરિવર્તિત કરી નાખ્યાં હતાં. વ્યક્તિગત રીતે જોઈએ તો આપણા પ્રભાવની મર્યાદા છે, પરંતુ આપણે બધા સાથે મળીને કામ કરીએ તો વ્યાપક પાયા પર પરિવર્તન ચોક્કસ લાવી શકીએ.

## સદાચાર એ જ ધર્મ છે :
## સર્વત્ર શાંતિ પ્રવર્તી રહો

છેલ્લે, આપણે આપણી જાત સાથે સંવાદ કરીએ એના જેવી મહત્ત્વની બાબત બીજી કોઈ નથી. જાતને આપણે પૂછવું જોઈએ કે આપણા આદ્યપુરુષોની શિક્ષા આપણે કેટલી પચાવી છે ! પ્રેમ, સત્ય, દયાભાવ, અહિંસા, સુસંવાદ, શ્રદ્ધા અને સમર્પણ જેવી તેમની ફિલસૂફી અને ઉપદેશો આપણે અમલમાં મૂકીએ.

ભગવાન સ્વામિનારાયણે ધર્મની સર્વને સ્પર્શતી સર્વવ્યાપક વ્યાખ્યા આપી છે – ‘ધર્મો જ્ઞેયઃ સદાચારઃ’ – સદાચાર એ જ ધર્મ છે. આપણે આ સદ્‌ગુણને જરાયે નબળો ન પડવા દઈએ. આજનો ધર્મ સામાજિક પણ હોવો જોઈએ અને આધ્યાત્મિક પણ. તે માત્ર તેના અનુયાયીઓને જ નહીં, સર્વ લોકોને લાભકર્તા હોય. માત્ર લોકોને જ નહીં, જીવનના પ્રત્યેક સ્વરૂપને. તેથી જ સંસ્કૃતિના ઉદયકાળથી હિંદુ સતત પ્રાર્થના કરતો રહ્યો છે:

> ‘હે ઈશ્વર ! આકાશ શાંતિમય હો, અવકાશ શાંતિમય હો,
> પૃથ્વી, જળ,વનસ્પતિ, ફૂલછોડ શાંતિમય હો,
> શાંતિ, શાંતિ ને માત્ર શાંતિ જ પ્રવર્તી રહો.’

## બીજાઓના શ્રેયમાં જ આપણું શ્રેય છે,
## બીજાઓના વિકાસમાં જ આપણો વિકાસ છે

આપણે જ્યારે આપણી જાત સાથે શાંતિ અનુભવતા હોઈએ, લોકો સાથે અને આપણી આસપાસના વાતાવરણ સાથે શાંતિ અનુભવતા હોઈએ ત્યારે જ ખરેખરી શાંતિ પ્રાપ્ત થાય છે.

આપણે આપણી જાતને અને આપણા અનુયાયીઓને સૂચવીએ કે માત્ર સહિષ્ણુ નથી થવાનું, બીજાઓના ધર્મને માન પણ આપવાનું છે, અસ્તિત્વ જ નહીં, સહઅસ્તિત્વ રાખવાનું છે ને અન્યોને મદદરૂપ થવાનું છે. બીજાઓના ભોગે આપણે વિકાસ નથી સાધવાનો, પણ બીજાઓના શ્રેય માટે આપણે જાતનો થોડો ભોગ આપવાનો છે, કારણ કે,

બીજાઓના શ્રેયમાં જ આપણું શ્રેય છે.

બીજાઓના વિકાસમાં આપણો વિકાસ છે.

બીજાઓના આનંદમાં આપણો આનંદ સમાયેલો છે.

ફરી એક વાર, આપ સૌનો હું આભાર માનું છું અને પ્રાર્થના કરું છું કે આ પરિષદના આયોજકો, રાષ્ટ્ર સંઘ અને આ ભૂખંડ પરના તમામ લોકો પર ઈશ્વર તરફથી અને તમામ સાધુસંતો તરફથી શાંતિ, ઈશ્વરભાવ અને વિકાસ માટે પૂરા આશીર્વાદની વર્ષા થાય.''

પ્રમુખસ્વામી મહારાજનો આ ઉપદેશ અને તેનો ખરેખર અમલ ઘણો નોંધપાત્ર છે. ઘણી વાર એવા પ્રસંગો બને છે, જ્યારે આ બે વાતો વચ્ચે કોઈ સંબંધ નથી એવું લાગે. દુનિયામાં આજે એવાં ધર્મઝનૂની પરિબળો છે, જેઓ પડદા પાછળથી કોમી નફરત, આતંકવાદની પ્રવૃત્તિઓને ભડકાવે છે. તેમના આવાં કારનામાંમાં સંખ્યાબંધ નિર્દોષ માણસો માર્યા જાય છે. ધર્મ એ વ્યક્તિની માનસિક શાંતિ માટે અને કોમોની સંવાદિતા માટે છે. સ્વામીશ્રીએ પોતાના જ દાખલાથી આની પ્રતીતિ કરાવી છે અને મૂળભૂત સત્ય જીવંત રહે એ માટે સતત મથામણ કરી રહ્યા છે.



સ્વામિનારાયણ અક્ષરધામ – ન્યુ દિલ્હી

# ૮. જ્ઞાન-આધ્યાત્મ-વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ

## સ્વામિનારાયણ અક્ષરધામ - નવી દિલ્હી
## શ્રદ્ધા અને શાંતિસ્થાન

'સ્વામિનારાયણ અક્ષરધામ'-નવી દિલ્હી ભારતના ગૌરવવંતા વારસાના હાર્દરૂપ સત્ત્વોના અનેકવિધ પાસાંઓ અભિવ્યક્ત કરે છે : આધ્યાત્મિકતા, દક્ષતા, જ્ઞાન, કલા, સ્થાપત્ય અને વિજ્ઞાન. એ ભૂતકાળનો ઉત્સવ ઉજવે છે, વર્તમાન સાથે સંવાદ રચે છે અને ભવિષ્યને આકાર અર્પે છે. એ સૌને ઈશ્વરમાં શ્રદ્ધા, શાંતિ અને સુખ, પ્રામાણિકતા-પવિત્રતા અને રાષ્ટ્રીય ગર્વ પ્રત્યે આકર્ષિત કરે છે. એ સ્વૈચ્છિક સેવા, બૌદ્ધિક તેજસ્વિતા અને આધ્યાત્મિક શ્રદ્ધાનું પ્રમાણ છે. આ મંદિરનો પ્રોજેક્ટ પૂરો કરવામાં ૩,૦૦૦ લાખ કલાક કુશળ અને સ્વૈચ્છિક સેવાકાર્યનું યોગદાન કરવામાં આવ્યું હતું.

તેના પ્રેરક શ્રી પ્રમુખસ્વામી મહારાજ કહે છે, "અક્ષરધામ એ શ્રદ્ધાસ્થાન અને શાંતિસ્થાન છે. એ માનવજાતને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં સંયન્નતા અને બળ પૂરા પાડે છે. એ જ્ઞાન, આધ્યાત્મ અને વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ છે."

## ડૉ. અબ્દુલ કલામ :
## અક્ષરધામ વિકસિત ભારતનું સપનું પૂર્ણ કરવામાં પ્રેરક

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે એવી લાગણી વ્યક્ત કરી હતી કે, "મને એવી લાગણી થાય છે કે જાણે હું કોઈ બીજી દુનિયામાં છું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં, નવી દિલ્હીમાં 'સ્વામિનારાયણ અક્ષરધામ સાંસ્કૃતિક સંકુલ'ના લોકાર્પણ સમારંભમાં ભાગ લેતાં હું ખરેખર પ્રસન્નતા અનુભવું છું. આજે જ્યારે મેં 'અક્ષરધામ સાંસ્કૃતિક સંકુલ'માં પ્રવેશ કર્યો ત્યારે મને 'આધ્યામિકતા અને સમાજસેવાનો સુમેળ કઈ રીતે કરી શકાય ?' એ પ્રશ્નનો ઉત્તર મળી ગયો. બન્નેને તમે છૂટાં કેવી રીતે પાડી શકો ? જેઓ પ્રમાણિકપણે સમાજની સેવા કરવા ઈચ્છતા હોય તેમણે આધ્યાત્મિક રીતે પવિત્ર હોવું જ જોઈએ અને જેઓ આધ્યાત્મિક રીતે પવિત્ર હોય તેઓ જ પ્રામાણિકપણે સમાજની સેવા અને દેશની સેવા કરી શકે.

"પૂજા-આરાધનાના નવા મુખ્ય કેન્દ્ર એવા આ સ્વામિનારાયણ અક્ષરધામે ભારતીય સંસ્કૃતિ અને શ્રદ્ધામાં ગૌરવનો ઉમેરો કર્યો છે.

## દિવ્ય બાળ સ્વામિનારાયણનો આત્મા પ્રમુખસ્વામી મહારાજમાં પ્રવેશેલો છે

"પણ એના સર્જક કોણ છે ? સર્જકને આપણે વિશાળ ફિલ્મ થિયેટરમાં જોયો. એક બાળક જે નદીઓ તરે છે, હિમઆચ્છાદિત હિમાલય ઉપર ચઢે છે, પડે છે અને પાછો ઉપર ચઢે છે, ઉપર ને ઉપર ચઢયા જ કરે છે, દેશભરમાં પગપાળા વિચરતો રહે છે... અને ભારતીય સભ્યતાનું પારણું ખોળી કાઢે છે. કોણ છે આ બાળક? એ બાળકને તમે યાદ કરી શકો છો ? અરે, એ તો દિવ્ય બાળક છે, બાળ સ્વામિનારાયણ! એ દિવ્ય બાળકનો આત્મા પ્રમુખસ્વામી મહારાજમાં પ્રવેશ્યો... અને આપણે ભારતીય સભ્યતાના ગતિશીલ સ્વરૂપ રૂપે આપણી સામે 'અક્ષરધામ'નો જન્મ જોઈ રહ્યા છીએ.

"પ્રમુખસ્વામી મહારાજે દેશ અને દુનિયાભરમાં હજારો લોકોને પ્રોત્સાહિત કર્યા છે અને એક સુંદર સાંસ્કૃતિક સંકુલનું નિર્માણ કરવા માટે શ્રેષ્ઠ બુદ્ધિશાળી વ્યક્તિઓને ભેગા કર્યા છે. એ એક શિક્ષણ, અનુભવ અને પ્રબુદ્ધતાનું સ્થળ છે. તેમાં પરંપરિત પથ્થરના નકશીકામ અને સ્થાપત્ય કલા, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા, પ્રાચીન મૂલ્યો અને બુદ્ધિકૌશલ્ય તેમજ આધુનિક માધ્યમો અને ટેક્નોલૉજીનો સર્જનાત્મક સંયોજન થયું છે. આ સંકુલના બહુસ્તરીય આયોજનમાં બુદ્ધિશક્તિ, માનવીય ઈચ્છાશક્તિ, અદમ્ય સામર્થ્ય, અસ્ખલિત કરુણા, વિજ્ઞાન અને તબીબી સુઝનું સંયોજન, જુદી જુદી સંસ્કૃતિઓના વિવિધ રંગ તેમજ આખરી સ્વરૂપમાં જ્ઞાનની શક્તિ અભિવ્યક્ત થાય છે. તત્ત્વતઃ, આ જીવંત પ્રતિમાઓનું ચેતનવંતું સંકુલ છે.

"અત્યારે, સ્વયંસેવકો (અનુયાયીઓ)ની પ્રતિબદ્ધતા અને સર્મપણ ભાવના દ્વારા ૨૧મી સદીની પ્રભાતના સમયે 'અક્ષરધામ' સાકાર થયું છે. 'અક્ષરધામ'માં આજે જે બન્યું છે તે જોઈને મને એવું પ્રોત્સાહન મળ્યું છે અને એવો વિશ્વાસ જન્મ્યો છે કે, આપણે એ કરી શકીએ તેમ છીએ - આપના જેવા લાખો પ્રોત્સાહિત લોકોના બુદ્ધિબળ દ્વારા ૨૦૨૦ પહેલાં વિકસિત ભારતનું નિર્માણ કરવું નિશ્ચિતરૂપે શક્ય છે."




સંગીતમય ફુવારો – અક્ષરધામ, નવી દિલ્હી

ભારતની ૧૨૦ પવિત્ર નદીઓના પવિત્ર જળની પૂજા – અક્ષરધામ, નવી દિલ્હી





સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હીની મુલાકાત દરમિયાન
મંદિરની આગળ કેનેડાના વડા પ્રધાન માનનીય શ્રી સ્ટેફન હાર્પર

## મંદિર : ગુલાબી પથ્થર અને સફેદ આરસની કલાત્મક કોતરણીયુક્ત સ્થાપત્ય

તે સુંદર ગુલાબી પથ્થર અને સફેદ આરસથી બાંધવામાં આવ્યું છે. આ સ્થાપત્યની ઊંચાઈ ૧૪૧ ફુટ અને લંબાઈ ૩૧૬ ફુટ છે. તે સ્ટીલના ઉપયોગ વગર બંધાયેલું છે. તે કલાત્મક કોતરણીયુક્ત ૨૩૪ સ્થંભ, ૯ સુશોભિત ગુંબજ, ૨૦ ચતુષ્કોણાકાર શિખરથી સુશોભિત છે. તેની ભવ્ય 'ગજેન્દ્ર પીઠ' (પથ્થરમાં કંડારેલા હાથીની પ્લીન્થ), તથા બહારની દિવાલ ઉપર ભારતના મહાન સાધુઓ, ભક્તો, આચાર્યો અને દિવ્ય અવતારી પુરુષોની ૨૦,૦૦૦ મૂર્તિઓ અને પ્રતિમાઓ દર્શનીય છે.

## સ્વામિનારાયણ મંડપમ્ : ભગવાન સ્વામિનારાયણની ૧૧ ફૂટ ઊંચી મૂર્તિ

મંદિરના ગર્ભગૃહ (સ્વામિનારાયણ મંડપમ્)માં ભગવાન સ્વામિનારાયણની ૧૧ ફુટ ઊંચી સુવર્ણમંડિત સુંદર મૂર્તિ છે. તેમની સાથે ગુરુ પરંપરા પ્રમાણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓ સ્થાપિત છે. સનાતન ધર્મના દેવો - શ્રી સીતા-રામ, શ્રી રાધા-કુષ્ણ, શ્રી લક્ષ્મી-નારાયણ, શ્રી શિવ-પાર્વતી અવતારો, તથા ભગવાનની ચાર ચર્તુવ્યૂહ અને ચોવીસ કેશવ મૂર્તિઓ પણ ખાસ ધ્યાનાકર્ષણ છે.

## પરમહંસ મંડપમ્ : વિશાળ કોતરણીયુક્ત ગુંબજ, પરમહંસોની મૂર્તિઓ, કેશવનાં ૨૪ સ્વરૂપો

'પરમહંસ મંડપમ્' ૭૨ ફુટ ઊંચું છે. તે સુંદરરીતે કોતરેલું વિશાળ ગુંબજ છે. તેમાં ભગવાન સ્વામિનારાયણના પરમહંસોની મૂર્તિઓ સ્થાપેલી છે. ચાર બાજુવાળા અને આઠ બાજુવાળા સ્થંભોને 'સ્વસ્તિક સ્થંભો' કહેવાય છે. અહીંના સ્થંભોમાં ભગવાન કેશવના ૨૪ જુદા જુદા સ્વરૂપોની સુંદર મૂર્તિઓ કલાત્મક રીતે કંડારવામાં આવી છે.

## ઘનશ્યામ મંડપમ્ : બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ

'ઘનશ્યામ મંડપમ્' આઠ સ્થંભો ઉપર ઊભેલું છે. તેનો રકાબી આકારનો ૩૭ ફુટ પહોળાઈનો ગુંબજ જમીનથી ૩૨ ફુટ ઊંચે છે. મોરની ડિઝાઈનના આ ગુંબજના મધ્ય



ગજેન્દ્ર પીઠ, અક્ષરધામ, નવી દિલ્હી



સ્થાને ભગવાન સ્વામિનારાયણના બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની નાજુક કોતરણીયુક્ત મૂર્તિ છે. સ્થંભોમાં સુંદર કોતરકામ દ્વારા ભગવાન સ્વામિનારાયણ બાળપણના પ્રસંગો ચિત્રાંકિત કરવામાં આવ્યા છે.

## લીલા મંડપમ્ :
## ભગવાન સ્વામિનારાયણની જીવનકથા

'લીલા મંડપમ્' ૭૨ ફુટ ઊંચુ છે. તેના ચતુર્મુખી સ્થંભો ઉપરની કોતરણીઓ દ્વારા ભગવાન સ્વામિનારાયણની ભાલ્યાવસ્થા, તરુણાવસ્થા અને પછીના વર્ષોના જીવનની વાર્તાઓ આલેખિત કરવામાં આવી છે.

## નીલકંઠ મંડપમ્ :
## નીલકંઠવર્ણીની ભારતની યાત્રા ઝાંખી

ભગવાન સ્વામિનારાયણે ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો અને 'નીલકંઠ વર્ણી' તરીકે ઓળખાવા લાગ્યા. તેમણે ૭ વર્ષ પગપાળા ભારતયાત્રા ખેડી. જમીનથી ૩૨ ફુટ ઊંચા ગુંબજના રકાબી આકારના અષ્ટકોણીય સ્થંભો ઉપર નીલકંઠ વર્ણીના પરિભ્રમણની આકર્ષક વાર્તાઓ કલાત્મક રીતે આલેખવામાં આવી છે. ગુંબજની મધ્યમાં નીલકંઠ વર્ણીની નાજુક અને સુંદર મૂર્તિ છે.

## સ્મૃતિ મંડપમ્ :
## ભગવાનના પાદચિહ્નોની પ્રતિકૃતિ


ભગવાન સ્વામિનારાયણે ૧૭૮૧ થી ૧૮૩૦ સુધી સનાતન ધર્મમાં નવો વિશ્વાસ જન્માવ્યો. પૃથ્વી પર તેમનું જીવન અને કાર્ય દર્શાવવા 'સ્મૃતિ મંડપમ્' માં તેમના પાદચિહ્નોની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે. બીજી પ્રદર્શિત વસ્તુઓમાં વાળ, માળા, વસ્ત્રો અને બીજી ચીજોનો સમાવેશ થાય છે જે ૨૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર ભગવાન સ્વામિનારાયણના અસ્તિત્ત્વની યાદ અપાવે છે.

## સહજાનંદ મંડપમ્ : લીમડાના વૃક્ષ નીચે બેસીને
## ૫૦૦ પરમહંસોને આપેલી દીક્ષાની સ્મૃતિ

તેમાં ૩૨ ફુટ ઊંચા રકાબી આકારના ગુંબજને ટેકો આપતા આઠ બાજુવાળા સુશોભિત સ્થંભો છે. તેની મધ્યમાં ભગવાન સ્વામિનારાયણ (સહજાનંદ સ્વામી)ની પથ્થરની સુંદર મૂર્તિ છે. ભગવાન લીમડાના વિશાળ વૃક્ષની છાંય હેઠળ બેઠેલા છે. તેઓ માત્ર ૨૧ વર્ષની


હૉલ ઑફ વેલ્યુ (સહજાનંદ દર્શન)


મહાકાય સ્ક્રિન થિયેટર
(નિલકંઠ દર્શન)



નૌકા વિહાર (સંસ્કૃતિ વિહાર)

વયે આધ્યાત્મિક વડા બન્યા. પચીસ વર્ષની ઉંમરે તેમણે ૫૦૦ વિદ્વાન અને ધર્મનિષ્ઠ પરમહંસોને દીક્ષા આપી. તેઓને અંજલિ રૂપે 'અક્ષરધામ'ના મંડપો અને સ્થંભોમાં ૫૦૦ પરમહંસોની આરસની મૂર્તિઓ કંડારવામાં આવી છે.

## ભક્ત મંડપમ્ :
## ૧૪૮ ઉમદા અનુયાયીઓની મૂર્તિઓ

ભગવાન સ્વામિનારાયણે તેમના ઉપદેશથી કચડાયેલા વર્ગોથી માંડીને બ્રાહ્મણ સુધીના અસંખ્ય લોકોનું જીવન ઉન્નત બનાવ્યું. તેમનાં ઉમદા અનુયાયીઓના પ્રતિનિધિત્વ રૂપે ૭૨ ફુટ ઊંચા 'ભક્ત મંડપમ્'માં ૧૪૮ મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવી છે.

## પુરુષોત્તમ મંડપમ્ : ભગવાન સ્વામિનારાયણ સાથે ગુણાતીતાનંદ સ્વામી અને અન્ય મુક્તોનાં દર્શન

'પુરુષોત્મ મંડપમ્'માં ભગવાન સ્વામિનારાયણની સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને દિવ્ય અનુયાયીઓ (મુક્તો)ની સુંદર મૂર્તિઓ જોવા મળે છે.

## મંડોવર : ૬૧૧ ફૂટ લાંબી અને ૩૧૦ ફૂટ પહોળી દિવાલ ઉપર ૨૦૦ મહાન ઋષિઓ, સાધુઓ, દિવ્ય અવતારોની ઝાંખી

'સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર'ની બહારની સુશોભિત દિવાલને 'મંડોવર' કહેવામાં આવે છે.

ઝીણવટીભરી નાજુક કોતરણીઓથી શોભાયમાન મંડોવર ૬૧૧ ફુટ લાંબુ અને ૩૧૦ ફુટ ઊંચું છે. તેમાં ૨૦૦ મહાન ઋષિઓ, સાધુઓ, ભક્તો, આચાર્યો અને દિવ્ય અવતારોની પથ્થરમાં કોતરેલી શિલ્પકૃતિઓ છે, જે જુદા જુદા સ્તરે - ગજસ્તર, સિંહસ્તર, વ્યાલાસ્તર, કુંભસ્તર, કળશસ્તર, ગવાક્ષસ્તર, જિંઘા અને છજ્જા - બનાવવામાં આવેલી છે. કુંભસ્તરમાં શ્રી ગણેશજીની જુદા જુદા રૂપમાં સુંદર રીતે કોતરેલી ૪૮ મૂર્તિઓ દશ્યમાનછે.

મંડોવરને તેના પાયાના સ્તરે જગતિ કહેવામાં આવે છે. આ સ્તરે વિશ્વની જીવતી વસ્તુઓની કોતરણીઓ જોવા મળે છે. સૌથી પહેલાં હાથી જે તાકાતનું પ્રતિક છે, પછી સિંહ જે હિંમત અને હિંસકતાનું પ્રતિક છે. તેમના પછી વ્યાલ પશુ (લુપ્ત પૌરાણિક પક્ષી) જે ત્ત્વરા માટે જાણીતું હતું. પછીના સ્તરોમાં સૌન્દર્ય અને સુગંધના પ્રતીક ફુલોની કોતરણીઓ જોવા મળે છે. મંડોવરના મધ્ય ભાગમાં ભગવાનના દિવ્ય અવતારો, ઋષિઓ, દેવતાઓ, આચાર્યો અને ભક્તોના સ્થાપત્યો છે.

## નારાયણ પીઠ : મંદિરના ટોચના પ્રદક્ષિણા માર્ગ પર ભગવાનના જીવનના દિવ્ય પ્રસંગોની કાંસ્ય ચિત્રાવલિઓ

મંદિરની ટોચની પ્રદક્ષિણાને 'નારાયણ પીઠ' કહેવામાં આવે છે. અહીં ભગવાન સ્વામિનારાયણના જીવનમાંથી દિવ્ય પ્રસંગોને કાંસાની રિલીફ વર્કની સુંદર ચિત્રાવલિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. પ્રત્યેક ૬૦ ફુટ લાંબી એવી ત્રણ પેનલોમાં ભગવાન સ્વામિનારાયણને ગઢડામાં લીમડાના વૃક્ષ નીચે બેસીને ધર્મોપદેશ આપતા, ઉત્સવો ઉજવતા અને લોકોને નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે જીવન સુધારવાની પ્રેરણા આપવા જુદા જુદા વાહનોમાં વિચરણ કરતા જોવા મળે છે.

## ગજેન્દ્ર પીઠ : મંદિરના નીચેના પ્રદક્ષિણા માર્ગ પર પ્રકૃતિ, માનવી અને હાથીઓની વાર્તાઓ - દંતકથાઓ

નીચેની પ્રદક્ષિણાને 'ગજેન્દ્ર પીઠ' નામ આપવામાં આવ્યું છે જેમાં પ્રકૃતિ, માનવી અને દિવ્ય આત્માઓ સાથે સંબંધિત હાથીઓની વાર્તાઓ અને દંતકથાઓ જોઈ શકાય છે. ૧,૦૭૦ ફુટ લાંબા ગુલાબી પથ્થરમાં કોતરવામાં આવેલા આ ચિત્રામણ અનોખા અને આકર્ષક છે. આ પીઠ સમગ્ર પ્રાણી જગતના પ્રતિનિધિરૂપે હાથીઓને અંજલિ રૂપ છે. તેના દ્વારા સામાજિક સંવાદિતા, શાંતિ અને આધ્યાત્મિક શ્રદ્ધાનો સંદેશ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## નારાયણ સરોવર : ૧૫૧ નદીઓ અને સરોવરોના જળનો સંચય

'નારાયણ સરોવર' એ મુખ્ય મંદિરની ફરતે નિર્મિત પવિત્ર સરોવર છે. તેમાં ૧૫૧ નદીઓ અને ભારતભરમાંથી માન સરોવર સહિતના સરોવરોના જળનો સંચય છે. 'નારાયણ સરોવર'માં ભગવાનના ૧૦૮ નામોના પ્રતીક રૂપે ૧૦૮ ગૌમુખ છે.

## પરિક્રમા : ૧,૧૫૨ સ્થંભો, ૧૪૫ ઝરુખા અને ૧૫૪ સંવરણ શિખરો

પરિક્રમા (વર્તુળાકાર માર્ગ) ને ભગવાનની પૂજા અને ભક્તિ અર્પણ કરવાનો માર્ગ ગણવામાં આવે છે. એ માળની 'સ્વામિનારાયણ અક્ષરધામ પરિક્રમા'નો માર્ગ રાજસ્થાનમાંથી લાવેલા લાલ પથ્થરોનો બનાવેલો છે, જે ૧,૧૫૨ સ્થંભો, ૧૪૫ ઝરૂખા અને ૧૫૪ સંવરણ શિખરોથી સુશોભિત છે. દરેક ઝરૂખા અને ગેલેરીમાંથી 'અક્ષરધામ મંદિર'નાં આહ્લાદક દૃશ્યોની ઝાંખી થાય છે.

## પ્રદર્શન ખંડો : ત્રણ ખંડોમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું આધુનિક સ્વરૂપમાં નિરૂપણ

ત્રણ પ્રદર્શન ખંડો છે અને દરેક ખંડમાં ભારતના સાંસ્કૃત્તિક અને આધ્યાત્મિક વારસાને આધુનિક અને વૈજ્ઞાનિક રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે જેનું સંક્ષિપ્ત વિવરણ નીચે આપવામાં આવ્યું છે :

### ૧. સહજાનંદ દર્શન (જીવન મૂલ્યો દર્શાવતો ખંડ)

સુખ, સફળતા અને મનની શાંતિ માટે જીવનના સ્વયં ઘડતરના મુખ્ય સિદ્ધાંતને અહીં પોતાની જાતને સ્થપતિની જેમ ઘડી રહેલા એક પુરુષના શિલ્પ દ્વારા દર્શાવવામાં આવ્યો છે. અહીં ફિલ્મ શૉ, થ્રી-ડી ડાયોરામા અને ઓડિયો-એનીમેશનના માધ્યમો દ્વારા ભગવાન સ્વામિનારાયણના જીવનમાંથી અહિંસા, પ્રયત્ન, પ્રાર્થના, નૈતિકતા, શાકાહાર, કૌટુમ્બિક સંવાદિતા વગેરે સાર્વત્રિક મૂલ્યોનો સંદેશ અભિવ્યક્ત કરવામાં આવે છે.

### ૨. નીલકંઠ દર્શન (વિશાળ સ્ક્રીન ધરાવતો ખંડ)

એક મહાકાવ્ય જેવી લાંબી ફિલ્મ દ્વારા ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં બાળયોગી નીલકંઠ વર્ણીની રોમાંચક અને પોત્સાહક ભારતયાત્રા દર્શાવવામાં આવે છે. તેનું શુટિંગ ઉત્તરમાં હિમાલયના હિમ-આચ્છાદિત શિખરોથી માંડી દક્ષિણમાં કેરળના પ્રાચીન દરિયા કાંઠા સુધીના જુદા જુદા ૧૦૮ સ્થળોએ કરવામાં આવ્યું હતું. છ માળ જેટલા ઊંચા કદની સ્ક્રીન ઉપર આ ફિલ્મમાં કંડારેલી ભારતના પવિત્ર સ્થળો, ઉત્સવો અને આધ્યાત્મિક પરંપરાઓની ઝાંખી કરાવવામાં આવે છે.

### ૩. સંસ્કૃતિ વિહાર (નૌકા વિહાર)

નૌકા વિહાર કરતાં કરતાં ૧૨ મિનિયમાં ભારતના ૧૦,૦૦૦ વર્ષ પુરાણા ભવ્ય વારસાની અનુભૂતિ કરાવવામાં આવે છે.

- વેદિક ભારત કાળના વિશ્વના સૌથી પ્રાચીન ગ્રામ્ય જીવન અને બજાર
- વિશ્વની પ્રથમ વિદ્યાપીઠ - યુનિવર્સિટી - તક્ષશીલા
- ભારતના ઋષિ-વૈજ્ઞાનિકો દ્વારા દુનિયાને શૂન્ય, ગુરુત્ત્વાકર્ષણનો નિયમ, અવકાશ જ્ઞાન, પ્લાસ્ટિક સર્જરી, આયુર્વેદ અને બીજી વૈજ્ઞાનિક ભેટ આપવામાં આવી છે, તેમના પ્રાચીન શોધ-સંશોધનોની સવિસ્તાર ઝાંખી

## નીલકંઠ વર્ણીની મૂર્તિ
## ૨૭ ફૂટ ઊંચી કૃતનિશ્ચયી મુદ્રા

વિશાળ ફોરમેટ ફિલ્મ થિયેટરની બહાર નીલકંઠ વર્ણીની કૃતનિશ્ચયી અને પ્રેરક મુદ્રામાં કંડારેલી ૨૭ ફુટ ઊંચી કાંસ્ય મૂર્તિ ઊભી છે.

## યજ્ઞપુરુષ કુંડ અને સંગીતમય ફુવારાનું સાયુજ્ય :
## શાસ્ત્રીજી મહારાજના નામાભિધાન દ્વારા અંજલિ

'યજ્ઞપુરુષ કુંડ' એ વેદિક યજ્ઞકુંડ અને સંગીતમય ફુવારાનું સાયુજ્ય છે. તેને 'બી.એ.પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા'ના સ્થાપક અને ભગવાન સ્વામિનારાયણના ત્રીજા અનુગામી સ્વામિ યજ્ઞપુરુષદાસજી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું નામાભિધાન કરવામાં આવ્યું છે. આ વિશાળ યજ્ઞકુંડનું કદ ૩૦૦ x ૩૦૦ફુટ છે, જેના ૨,૮૭૦ પગથિયા છે અને ૧૦૮ દેરીઓ છે. તેની મધ્યમાં કમળ આકારનો યજ્ઞ કુંડ છે. રાત્રે રંગબેરંગી જળધારાઓ ઉઠાળતા સંગીતમય ફુવારાનો શૉ થાય છે તે વખતે ભારતની વેદિક ભાવનાઓ પ્રતિઘોષિત થાય છે અને સમગ્ર વાતાવરણ જીવંત બની જાય છે. મુલાકાતીને અહીં જળધારાઓની રંગીન આકર્ષક આકૃતિઓ જોવાની અને આહલાદક વાતાવરણમાં જીવન સંદેશ ઝીલવાની અવર્ણનીય અનુભૂતિ થાય છે.

## ભારત ઉપવન (ભારતના બાગબગીચા) :
## દેશના આદર્શરૂપ મહાન વ્યક્તિઓની કાંસ્ય પ્રતિમાઓ

'ભારત ઉપવન' સાંસ્કૃતિક પશ્ચાદભૂમાં હરિયાળો નજારો પ્રસ્તુત કરતો ભવ્ય બગીચો છે. અહીં સમથળ સુંવાળી લોન, ઘટાદાર બાગ અને ભારતના આદર્શ રૂપ મહાન વ્યક્તિઓની અદ્‌ભૂત કાંસ્ય પ્રતિમાઓ છે. યોદ્ધાઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, રાષ્ટ્રીય વિભૂતિઓ અને મહાન મહિલા વ્યક્તિવિશેષોની પ્રતિમાઓ મુલાકાતીઓને આપણા મહાન ભારતના જીવનમૂલ્યો અને ગૌરવથી સ્પંદિત કરે છે.

## માનવજાતના કલ્યાણ માટે નવી આર્ષદૃષ્ટિ :
## વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનું મિલન

'સ્વામિનારાયણ અક્ષરધામ', આમ, જ્ઞાન, આધ્યાત્મિકતા અને ટેક્નોલૉજીનો ત્રિવેણી સંગમ છે.

પ્રખ્યાત વૈજ્ઞાનિક ગેલીલીઓ અંગે એક વાર્તા પ્રચલિત છે. પહેલાં પરંપરાગત રીતે, વ્યાપક અને દઢતાપૂર્વક એવું માનવામાં આવતું હતું કે, પૃથ્વી સપાટ છે અને સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. પરંતુ ગેલીલીઓ આ માન્યતા સાથે સંમત નહોતા. તેમની જુસ્સાપૂર્વકની કુતૂહલ વૃત્તિએ તેમને આ અંગે સંશોધન કરવા પ્રેર્યા જેના પરિણામ સ્વરૂપે અંતે એવું પૂરવાર થયું કે, પૃથ્વી ગોળ છે, સપાટ નથી અને તે સૂર્યની આસપાસ ફરે છે. જ્યારે તેમણે આ હકીકતની ઘોષણા કરી ત્યારે રૂઢિચુસ્ત ધાર્મિક નેતાઓને એ ગમ્યું નહીં. તેને પોતાનું વિધાન પાછું ખેંચી લેવા અને નહીંતર તેનાં સીધા પરિણામો ભોગવવા તૈયાર રહેવાનો આદેશ આપવામાં આવ્યો. ગેલીલીઓએ તેનું વિધાન પાછું ખેંચી લેવાની ફરજ પડી પરંતુ ઈતિહાસે તેને સાચો પૂરવાર કર્યો. આવા પ્રસંગો એવું માનવા પ્રેરિત કરે છે કે, વિજ્ઞાન અને ધર્મ વચ્ચે મેળ બેસી ન શકે. આ બન્ને વિશ્વના જીવનને તથા હકીકતોને પણ જોવાની અલગ અલગ રીતો છે. જ્યારે જ્યારે ધાર્મિક આદેશો સામે વૈજ્ઞાનિક કારણોસર અવાજ ઊઠે છે ત્યારે ત્યારે કહેવામાં આવે છે કે, ‘‘ધર્મને વૈજ્ઞાનિક થીઅરીમાં વચ્ચે ના લાવો, અને એનાથી ઊલ્ટું પણ ના કરો.’’ આજે પણ જીવનના ઘણાં ક્ષેત્રોમાં આ પ્રકારના વિચારો પ્રવર્તે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસે આધુનિક જગત માટે ધર્મની અલગ જ દૃષ્ટિ છે. તેઓશ્રી લોકોને તર્ક અને વાસ્તવિક સ્વાનુભૂતિના અમલના આધારે આધ્યાત્મિકતામાં માનવા પ્રોત્સાહિત કરે છે. તેઓ માને છે કે, વિજ્ઞાન, ટેક્નોલૉજી અને જ્ઞાનનો આધ્યાત્મિકતા સાથે ઉપયોગ કરવાથી માનવજાતના કલ્યાણ માટે ‘ત્રિવેણી સંગમ’ રચાય છે. આવો ત્રિવેણી સંગમ આ સહસ્ત્રાબ્દીના અજ્ઞાત પડકારોનો સામનો કરવા સમર્થ એવી મજબૂત સક્ષમ નવી પેઢીનો વિકાસ કરે છે. ‘અક્ષરધામ’ આવો ત્રિવેણી સંગમ છે.


BAPS
CENTENARY
BIRTHDAY.87

# ૯. 'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવો

પ્રમુખસ્વામી મહારાજની ૮૬મી જન્મજયંતીના શુભ અવસરે ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ થી 'બી.એ.પી.એસ.' શતાબ્દી ઉજવણીઓનો બોચાસણ ખાતેથી આરંભ કરવામાં આવેલો. આ દિવસે વિશ્વભરના સેંકડો-હજારો સાધુઓ અને ભક્તોએ આંતરિક આધ્યાત્મિક ઉન્નતિ અને સમાજની સેવા અર્થે 'યોગ યજ્ઞ' પાળવાની પ્રતિજ્ઞા કરી.

શતાબ્દી વર્ષની ઉજવણી માટે સ્વામીશ્રીની સત્સંગ વિદેશ યાત્રા ૭મી મે, ૨૦૦૭થી શરૂ થઈ અને જ્યારે તેઓશ્રી નૈરોબી, કંપાલા, દારેસલામ, મોમ્બાસા, શિકાંગો, હસ્ટન, ટોરોન્ટો, એડીસન, એટલાન્ટા, લોસ એન્જેલિસ અને લંડનની મુલાકાત લઈ ભારતમાં પાછા ફર્યા તે ૧૬ ઑક્ટોમ્બર, ૨૦૦૭ના દિવસે પૂરી થઈ.

## ઉત્સવની તૈયારી :
## ચાંદખેડામાં ૩૦૦ એકર જમીન ઉપર ભવ્ય આયોજન

- ૨૦૦૭ના સપ્ટેમ્બરના મધ્યથી ૧૩ ડિસેમ્બર, ૨૦૦૭ (ઉદ્‌ઘાટનના દિવસ) સુધીમાં
- ૧૩,૦૦૦ સ્વયંસેવકોએ તેમની માનદ્ સેવાઓ આપી
- સ્વયંસેવકોએ ૩૯ વિભાગોમાં જુદી જુદી સેવાઓ પૂરી પાડી
- અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ૩૦૦ એકર જમીનનો ઉપયોગ થયો

શરૂઆતમાં, ૩૦૦ એકર જમીન ઉપરના ઘાસ-છોડ અને કાંટા દૂર કરાયા અને તેને સમથળ બનાવી સાફ કરવામાં આવી. પછી, કન્સ્ટ્રકશન, ઈલેક્ટ્રિસિટી, પાણી અને બીજા વિભાગોએ સ્થળ ઉપર તેમનું કામ શરૂ કર્યું. મુખ્ય પ્રવેશ આગળ ૩૫૦ ફુટ પહોળો અને ૫૧ ફુટ ઊંચો પ્રવેશ દ્વાર ઊભો કરવામાં આવ્યો. ઑક્ટોબર ૨૦૦૭ના દિવાળી વેકેશન દરમ્યાન બાળકો અને યુવાનોને અમદાવાદમાં તખ્તાપર અભિનયની તાલીમ આપવામાં આવી. તખ્તાપર રજૂ થયેલા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી 'બી.એ.પી.એસ.'ના ૩,૦૦૦ બાળકો અને યુવાનોએ ભાગ લીધો. તેમણે દિવાળીના વેકેશન અને નવા વર્ષની ઉજવણી જતી કરી.



‘બી.એ.પી.એસ.’ શતાબ્દી મહોત્સવની ઉજવણી – ‘મહિલા દિન’






'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવ - વ્યસન મુક્તિ રેલી




'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવની ઉજવણી – 'યુવા દિન'

'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવની ઉજવણી – 'બાળ દિન'



શતાબ્દી ઉજવણીના કાર્યક્રમો ૧૩, ૧૪, ૧૫ અને ૧૭ ડિસેમ્બર, ૨૦૦૭ના દિવસોએ યોજાયા હતા.

## તા. ૧૩-૧૨-૨૦૦૭ (યુવા દિવસ)
## 'બી.એ.પી.એસ.'ના ૬ સિદ્ધાંતોની તખ્તાપર અભિવ્યક્તિ

જે છ જીવન મૂલ્યોના પાયા ઉપર 'બી.એ.પી.એસ.' સંસ્થાની સ્થાપના થઈ છે અને તે આગળ ધપાવવામાં આવી રહ્યાં છે તેમને યુવાનોએ તખ્તાપર અભિવ્યક્ત કર્યા હતા. ૫૦૦ થી વધારે યુવાનોએ નીચેના છ મૂલ્યો અભિનય કુશળતા અને સુંદર અભિવ્યક્તિ દ્વારા રજૂ કર્યા હતા :

૧. **સિદ્ધાંત** : 'બી.એ.પી.એસ.'ની સ્થાપના 'અક્ષર પુરુષોત્તમ ઉપાસના'ના સિદ્ધાંત ઉપર થયેલી છે. એક સ્થંભાકાર રજૂઆત દ્વારા આ સિદ્ધાંત દર્શાવાયો હતો.

૨. **સાધના** : સદ્‌વર્તન, વાણી અને વિચાર'ના સદ્‌ગુણોને પવિત્ર સાધુપણાના પ્રતીક રૂપે શુદ્ધ શ્વેત હંસના નજાકતભર્યા નૃત્ય દ્વારા અભિનિત કરવામાં આવ્યા હતા.

૩. **સેવા** : અહંકાર રહિત નિઃસ્વાર્થ સેવાના ગુણને યુવાનોએ હાથમાં ટોપલી અને ઝાડુ લઈને અનોખા સફાઈ કામદાર નૃત્ય દ્વારા દર્શાવ્યો હતો.

૪. **સમર્પણ** : આત્મ-સ્વાર્પણના વિષયને યુવાનોએ આ ગુણના પ્રતીકરૂપ બળદાકાર માનવીય આકૃતિઓના નૃત્ય દ્વારા વ્યક્ત કર્યો હતો.

૫. **સંપ** : 'બી.એ.પી.એસ.' દુનિયામાં પથરાયેલો એક વિશાળ પરિવાર છે. તેનું નિરૂપણ કબુતરોની એકતાની વાર્તા રૂપે પ્રસ્તુત નૃત્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

૬. **સત્પુરુષ** : ગુરુમાં ઈશ્વર સદાકાળ હાજર હોય છે. આવી સમજના ગુણને દીપ-નૃત્ય દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેના અંતે પ્રમુખસ્વામી મહારાજે દીપ પ્રગટાવીને શતાબ્દી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કર્યો હતો.

## તા. ૧૪-૧૨-૨૦૦૭ (મહિલા દિવસ) :
## દુનિયાભરમાંથી આવેલી ૧,૦૦૦ મહિલા ભક્તોએ ભાગ લીધો

બીજો દિવસ 'મહિલા સશક્તિકરણ' વિષય પર આધારિત 'બી.એ.પી.એસ.' મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. તેમાં દુનિયાભરમાંથી આવેલી પાંચ વર્ષની બાલિકાથી માંડી ૭૫ વર્ષ સુધીની ૧,૦૦૦ મહિલા ભક્તોએ ભાગ લીધો હતો. 'બી.એ.પી.એસ.' મહિલા કાર્યકર્તાઓ મહિલાઓને જીવનમાં આધ્યાત્મિક મૂલ્યો અને માનવીય પ્રયત્નોને કેન્દ્રસ્થાને રાખીને સફળતા પ્રાપ્ત કરવામાં સહાયતા કરે છે.


પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ




ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ



CERTIFICATE

BAPS Swaminarayan Akshardham in New Delhi, India,
is the world's largest comprehensive Hindu temple.
It measures 356 ft. long, 316 ft. wide and 141 ft. high,
covering an area of 86,342 sq. ft. The grand, ancient-style,
ornately hand-carved stone temple has been built
without structural steel within 5 years
by 11,000 artisans and volunteers.
His Holiness Pramukh Swami Maharaj, revered spiritual
leader of BAPS consecrated the temple
on 6 November 2005.
Akshardham showcases the essence of India's ageless art,
borderless culture and timeless values.

GUINNESS WORLD RECORDS LTD



CERTIFICATE

His Holiness Pramukh Swami Maharaj, internationally
revered spiritual leader and head of BAPS Swaminarayan
Sanstha, has created and consecrated in accordance with
Hindu rituals, a world record 713 mandirs
(temples) in 5 continents between April 1971 and
November 2007. Amongst these, the majestic, ornately
hand-carved BAPS Swaminarayan Akshardham
in New Delhi, India,
stands apart as the largest Hindu temple in the world.

GUINNESS WORLD RECORDS LTD

સૌ પ્રથમ, ૧૦૦ બાલિકાઓ અને ૯૦૦ યુવાન સ્ત્રીઓ મળીને ૧,૦૦૦ મહિલાઓએ પરંપરિત પ્રાર્થનાઓ રજૂ કરી હતી. પછી તેમણે ભક્તિ, શ્રદ્ધા અને એકતાના મૂલ્યો વ્યક્ત કરતા રંગબેરંગી પહેરવેશમાં આદિવાસી લોકનૃત્યો પેશ કર્યા હતા. ત્યાર પછી, ભારત અને વિદેશોની મહિલા ભક્તોએ સત્સંગના પોતાના અંગત અનુભવો અને માન્યતાઓ વિશે વક્તવ્યો આપ્યા હતા. 'બી.એ.પી.એસ.' મહિલાઓ દ્વારા આદર્શ માતાઓ, ઉમદા નાગરિકો અને સન્માનનીય ભક્તો તરીકે સમાજમાં જે ફાળો આપવામાં આવે છે તે અંગે વિશાળ સ્ક્રીન ઉપર પ્રેરક વીડીઓ દર્શાવવામાં આવી હતી. જે ૭૮૫ મહિલાઓએ તેમના વહાલસોયા પુત્રોને પ્રમુખસ્વામી મહારાજના વરદહસ્તે 'બી.એ.પી.એસ.'ના સાધુઓ તરીકે દીક્ષા ગ્રહણ કરાવી તેમને પ્રશસ્તિ અંજલિ આપવામાં આવી હતી.

## તા. ૧૫-૧૨-૨૦૦૭ (બાળદિન) : આવતી પેઢીઓ માટે આવતીકાલનું પરિવર્તન

ત્રીજા દિવસની સાંજે 'બાળદિન'ની ઉજવણી કરવામાં આવી હતી. તેનો વિષય હતો; 'આવતી પેઢીઓ માટે આવતી કાલનું પરિવર્તન.' 'બી.એ.પી.એસ.'ના બાળ કાર્યક્રમો વધુ આશાસ્પદ આવતી કાલ માટે બીજા બાળકોને તેમનું અને તેમની આસપાસના બાળકોનું જીવન ઉન્નત બનાવવા તરફ પ્રોત્સાહિત કરે છે.

કાર્યક્રમની શરૂઆત તાલીમબદ્ધ બાળકોના તબલા અને સિતાર વાદનની સંગતમાં બાળકો દ્વારા વેદની પ્રાર્થનાઓ ગાઈને કરવામાં આવી હતી. બાળકોએ પરંપરિત નૃત્યો પણ રજૂ કર્યા હતા. વિશાળ સાંસ્કૃતિક ફ્લોટમાં પ્રેરક સંવાદો બોલતા ૬૦૦ કરતાં વધુ બાળકોની ભવ્ય પરેડ યોજવામાં આવી હતી. વ્યસન-વિરોધી પ્રદર્શન આ પરેડની મુખ્ય લાક્ષણિકતા હતી. ઐતિહાસિક ઘટનાઓ તાદશ્ય કરતી અભિનય રજૂઆતો અને વીડીઓ-શૉ રજૂ કરવામાં આવ્યા હતા. અંતે, શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રે તેમજ પ્રભુ સેવામાં ઝડહળતી સિદ્ધિઓ મેળવનાર બાળ તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## તા. ૧૭-૧૨-૨૦૦૭ (૮૭મી જન્મજયંતી અને 'બી.એ.પી.એસ.'ની શતાબ્દી ઉજવણી) : પોણા ચાર લાખ ભક્તોની હાજરી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૮૭મી જન્મજયંતી અને 'બી.એ.પી.એસ.'ની શતાબ્દી ઉજવણીઓમાં ૩,૭૫,૦૦૦ ભક્તોએ હાજરી આપી હતી.

'બી.એ.પી.એસ.'ના સર્વેસર્વા અને આત્મા, પ્રેરક, નેતા અને માર્ગદર્શક બળ પરમ

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૮૭મી જન્મજયંતી આ ચાર દિવસની ઉજવણીઓમાં ભવ્ય અંતિમ શિરમોર ઉત્સવ બની રહી. દુનિયાભરના યુવાન અને વૃદ્ધ અનુયાયીઓએ સ્વામીશ્રીને કલ્પનાશીલ રજૂઆતો, ભક્તિપૂર્વકની અભિવ્યક્તિઓ અને માહિતીપૂર્ણ અનુભવો દ્વારા તેમની વંદના અને ભક્તિભાવ અર્પણ કર્યા હતા. સાંજની ઉજવણી સભામાં 'બી.એ.પી. એસ.' સંસ્થાને આજની વિશ્વવ્યાપી કક્ષાએ વિકસાવી છે એવા મહાન ગુરુઓ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને ગુણાંજલિ આપવામાં આવી હતી. ૬૦૦ યુવકોએ વેદિક મંત્રો અને શ્લોકોના દિવ્ય ઉચ્ચાર તથા અનોખા લોકનૃત્યો રજૂ કરીને સ્વામીશ્રીનો મહિમા કર્યો હતો. સીનિયર સાધુઓએ ભક્તોએ સદૃષ્ટાંત અનુભવો અને વક્તવ્યો દ્વારા સ્વામીશ્રીની 'યુગ પુરુષ' તરીકેની ભૂમિકાનું વર્ણન કર્યું હતું. સ્વામીશ્રીએ અથાગ પ્રયાસો કરીને સમાજના કલ્યાણ તથા નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિ માટે અનુપમ યોગદાન આપ્યું છે, જેની પાછળની મૂળ ભાવના છેઃ "બીજાઓની ખુશીમાં, બીજાઓની પ્રગતિમાં અને બીજાઓના ભલામાં જ આપણી પોતાની ખુશી, પ્રગતિ અને ભલું રહેલાં છે."

## બે 'ગીનિસ વર્લ્ડ રેકોર્ડ' અર્પણ
## એક : અક્ષરધામ સ્વામિનારાયણ મંદિર, નવી દિલ્હી
## બીજું : દુનિયાભરમાં ૭૧૩ મંદિરોની જાળવણી

પ્રમુખસ્વામીની જન્મજયંતીના દિવસે જ 'ગીનિસ વર્લ્ડ રેકોર્ડ' દ્વારા એમની બે સિદ્ધિઓની વિશ્વ વિક્રમો તરીકે ઘોષણા કરવામાં આવી હતી. આ આંતરરાષ્ટ્રીય સંસ્થાના પ્રતિનિધિ શ્રી માઈકલ વ્હીટ્ટી જાતે બે પ્રમાણપત્રો લઈને લંડનથી આવ્યા હતા. જગજાહેર કરવામાં આવેલી પહેલી સિદ્ધિ હતી, 'દુનિયાના સૌથી મોટા વિસ્તીર્ણ મંદિર તરીકે નવી દિલ્હીમાં ૮૬,૩૪૨ ચો. ફુટ વિસ્તારમાં બંધાયેલું 'સ્વામિનારાયણ અક્ષરધામ' બીજી સિદ્ધિ હતી, પૂજ્ય પ્રમુખસ્વામી દ્વારા એપ્રિલ, ૧૯૭૧થી નવેમ્બર, ૨૦૦૭ સુધીમાં દુનિયાના પાંચ ખંડોમાં ૭૧૩ બી.એ.પી.એસ. મંદિરોની જાળવણી.

## મહામાનવીને વિશિષ્ટ સિદ્ધિ બદલ
## 'સ્ટેન્ડિંગ ઓવેશન' આપ્યું

શ્રી માઈકલ વ્હીટ્ટીએ આ પ્રસંગે યોજાયેલ સભાને સંબોધન કરતાં કહ્યું હતું કે, "દુનિયામાં કોઈ એક વ્યક્તિએ બંધાવેલા મંદિરોમાં આ સંખ્યા સૌથી મોટી છે. કોઈ

વિશિષ્ટ વ્યક્તિ જ માનવામાં ન આવે એવી આટલી મોટી સંખ્યામાં મંદિરો બાંધી શકે. વિશ્વમાં આ એક વિરલ સિદ્ધિ છે. હું આશા રાખું છું કે, ટૂંક સમયમાં આપણે ૧,૦૦૦ મંદિરોનું નિર્માણ કરીને આ વિશ્વ વિક્રમને પણ ઓળંગી જતાં જોઈશું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ, બી.એ.પી.એસ. અને આ અદ્ભૂત સિદ્ધિઓ સાથે સંકળાયેલા સૌને હું અભિનંદન આપું છું. અંતમાં, પરમ પૂજ્ય સ્વામીશ્રી, આ નોંધપાત્ર સિદ્ધિઓ બદલ આપને માત્ર પ્રશંસાથી જ નહીં પરંતુ બધા ઊભા થઈને તાલીઓના ગડગડાટ સાથે આપને વધાવીએ ('સ્ટેન્ડિંગ ઓવેશન' આપીને) છીએ.''

## સ્વામીશ્રી : 'અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનથી સુખ મળે

સભાનું સમાપનમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ઉપસ્થિત ૨,૭૫,૦૦૦ ભક્તોને આશીર્વાદ આપ્યા હતા. તેઓશ્રીએ આ પ્રસંગે કહ્યું હતું, ''ભગવાનની સહાય અને શક્તિ સૌથી મહત્ત્વનાં છે, જે સતત પ્રાપ્ત થવા જોઈએ. આજે સમાજમાં વધતા જતા ભૌતિકવાદની વચ્ચે વ્યક્તિ એ ભૂલી જાય છે અને માત્ર તે એમાંથી જાગે છે ત્યારે જ દુન્યવી વિચારો જાગૃત થાય છે.

''ભગવાને આપણને આ માનવ દેહ આપ્યો છે, જેથી કરીને આપણે જાગીએ એ જ ઘડીથી આપણે એવું ઈચ્છવું જોઈએ કે, ભગવાન સૌને મુક્તિ આપે અને વિશ્વભરના તમામ લોકોને સુખ પ્રાપ્ત થાય. લોકોને ભૌતિક શાંતિ અને સુવિધાઓ મળે છે, પરંતુ જ્યાં સુધી વ્યક્તિના આત્માને સુખ નથી મળતું ત્યાં સુધી તે અપૂર્ણ છે.''

''એ માટે આપણા અવતારો, આચાર્યો અને ઋષિઓએ ભગવદ્ગીતા, ઉપનિષદો, અને બ્રહ્મસૂત્રો આપણને આપ્યાં છે. અક્ષર અને પુરુષોત્તમનો સિદ્ધાંત ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોમાં છે અને ભગવાન સ્વામિનારાયણે આ જ સિદ્ધાંત પ્રગટ કર્યો છે અને સ્થાપિત કર્યો છે. જો વ્યક્તિને આ સમજાઈ જાય તો તે સુખ લાવશે.

''શાસ્ત્રો આપણને બે પ્રકારનું જ્ઞાન આપે છે. 'પરા વિદ્યા' અને 'અપરા વિદ્યા'. 'અપરા વિદ્યા' દુન્યવી જ્ઞાન છે. 'પરા વિદ્યા' બ્રહ્મ્ અને પરબ્રહ્મ, આત્મ અને પરમાત્મા, અક્ષર અને પુરુષોત્તમનું જ્ઞાન છે. આપણો જન્મ જ્ઞાન-ડહાપણ મેળવવા માટે છે. ગુણાતીનંદ સ્વામીએ કહ્યું છે કે, 'આ જન્મ શેને માટે છે? અક્ષર-રૂપ બનવા માટે અને પુરુષોત્તમની ભક્તિ કરવા માટે.' બધા શાસ્ત્રોનો સાર આ છે. જો એ પ્રાપ્ત કરી શકાય તો વ્યક્તિ પ્રબુદ્ધ બની શકે.''

સો વર્ષોમાં, 'બી.એ.પી.એસ.'એ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વર્તમાન પ્રેરણા હેઠળ ધર્મનું સ્વરૂપ બદલી નાંખ્યું છે, વિજ્ઞાન, ટેક્નોલૉજી અને જ્ઞાનને આધ્યાત્મિકતામાં પરિવર્તિત કર્યા છે. માનવીઓની સુષુપ્ત શક્તિઓને બીજાઓને સ્વૈચ્છિકરીતે મદદ કરવા માટે જાગૃત કરી છે, લાખો અનુયાયીઓને મનની શાંતિ બક્ષી છે અને દુનિયામાં આધ્યાત્મિકતાની નવી કેડી કંડારી છે.






પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજનો ૯૩મો જન્મોત્સવ
(સારંગપુર, તા. ૧૦-૧૨-૨૦૧૩)



પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી, બી.એ.પી.એસ

# ૧૦. ટ્રસ્ટ

## શાસ્ત્રીજી મહારાજ દ્વારા ૧૯૦૭માં 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' (બી.એ.પી.એસ.)ની સ્થાપના

બી.એ.પી.એસ. – બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનું પ્રથમ કેન્દ્ર ગુજરાતના આણંદ જિલ્લામાં બોચાસણ ખાતે ૧૯૦૭માં સ્થપાયું હતું. ૧૯૪૭ની ૨૪મી જૂને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તે અંગેના દસ્તાવેજોની નોંધણી-કરાવી હતી. આશય એ હતો કે સંસ્થાની મિલકતોનો વહીવટ અને વ્યવસ્થા યોગ્ય રીતે થાય. ૧૯૪૭ની ૨૮મી જૂને આ નોંધણી સ્થાનિક સબ-રજિસ્ટ્રાર પાસે કરાવાઈ હતી. આ ટ્રસ્ટ હોવાથી સમગ્ર બાબત, કોડ ઑફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ની કલમ-૯૨ હેઠળ મંજૂરી માટે તે વખતના મુંબઈના ઍડ્વોકેટ જનરલ સી. કે. દફતરી પાસે ગઈ. ત્યાં મંજૂરી મળી ગઈ. ત્યારથી આજ સુધી ટ્રસ્ટના નિયમો અનુસાર જ સંસ્થાનું સંચાલન થઈ રહ્યું છે. બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ, ૧૯૫૦ અમલમાં આવ્યો તે પછી ૧૯૫૪ની ૨૦મી નવેમ્બરે ટ્રસ્ટની 'પબ્લિક ટ્રસ્ટ' તરીકે નોંધણી થઈ. તે પછી ટ્રસ્ટની મુખ્ય કચેરી અમદાવાદ ફેરવાઈ. અમદાવાદ ખાતેના આસિસ્ટન્ટ ચેરિટી કમિશનરે ૧૯૭૭ની બીજી ફેબ્રુઆરીએ બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ હેઠળ 'પબ્લિક ટ્રસ્ટ' તરીકે તેની નોંધણી કરી હતી.

તે વખતે સંસ્થા બહુ નાની હતી. પ્રવૃત્તિઓ મર્યાદિત હતી અને તેનું ફલક ઘણું ખરું ગુજરાતમાં જ હતું. પછી પ્રવૃત્તિઓનું ફલક વિસ્તર્યું એટલે કેટલાક ફેરફારો જરૂરી બન્યા. ચેરિટી કમિશનરે ફેરફાર મંજૂર રાખ્યા. વિદેશમાં પણ, જ્યાં બી.એ.પી.એસ.ની પ્રવૃત્તિઓ વિસ્તરી છે ત્યાં પણ આવાં જ ટ્રસ્ટ ઊભાં કરાયાં છે.

## પબ્લિક ટ્રસ્ટનો હેતુ :
## ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સેવાઓનો પ્રસાર

ટ્રસ્ટનો મુખ્ય હેતુ ધાર્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક સેવાઓના પ્રસારનો છે. વ્યસનમુક્તિ, બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ અને સમાજમાં સાંસ્કૃતિક ચેતના જગાવવી એ સંસ્થાનાં બીજાં મહત્ત્વનાં લક્ષ્યો છે.

સમગ્ર સંસ્થા લોકશાહી પદ્ધતિએ ચાલે છે અને તેમાં ભક્તો, સાધુજનો અને ટ્રસ્ટીઓની જરૂરિયાતોનો ખ્યાલ રાખવામાં આવે એવું આંતરિક તંત્ર છે. સંસ્થાના વડા કોઈ પણ વિવાદ ઊભો થાય એનું નિરાકરણ લાવે છે. તેમનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા છે.

## ૧૯૫૧થી પ્રમુખસ્વામી સંસ્થાના પ્રમુખ : સમાજસેવા માટે નૈતિક શુદ્ધિ અનિવાર્ય ઠેરવી

પ્રમુખસ્વામી મહારાજ ૧૯૫૧માં સંસ્થાના પ્રમુખ બન્યા. તેમના ગુરુ શાસ્ત્રીજી મહારાજે તેમને આ પદે સ્થાપિત કર્યા હતા. તેમના નેતૃત્વ અને પ્રેરણા હેઠળ, સંસ્થાનો ખૂબ વિસ્તાર થયો છે, આજે આ સંસ્થા બહુ-રાષ્ટ્રીય અને બહુ-પરિમાણીય થઈ ગઈ છે. સંસ્થા માત્ર આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો જ વિસ્તાર કરે છે એમ નહીં, સમાજની સામાજિક જરૂરિયાતોની પણ તે પૂરતી કાળજી રાખે છે. આમ, સંસ્થાનું કામ આધ્યાત્મિક અને સામાજિક સેવાના મિશ્રણનું છે. સ્વામીશ્રી ભગવાન સ્વામિનારાયણના એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે કે, જેઓ ગંભીરપણે સમાજની સેવા કરવા ઈચ્છતા હોય તેઓ પોતે નૈતિકરૂપે શુદ્ધ હોવા જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાના ઉદ્દેશો ચોકસાઈથી નક્કી કર્યા છે, જે નીચે પ્રમાણે છે :

૧. સાચી શિક્ષા અને જ્ઞાનનો પ્રચાર કરવો.

૨. છાત્રાવાસો, ગુરુકુળો (શાળાઓ) અને પ્રાથમિક - માધ્યમિક શાળાઓ બાંધી ઉચિત સંચાલન કરવું

૩. શિક્ષણ, તબીબી-રાહત, વ્યસનમુક્તિ અને સામાન્ય જનહિતનાં કાર્યો કરવાં.

૪. બાળકો, યુવાનો, મહિલાઓ, વૃદ્ધો માટેનાં કેન્દ્રો ઊભાં કરવાં. આમાં વિદ્યામંદિરો, છાત્રાલયો અને અનેક શિક્ષણ કેન્દ્રોની સ્થાપનાનો સમાવેશ થઈ જાય.

૫. પર્યાવરણ, તબીબી, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વિસ્તારવી.

૬. નીતિમત્તા, ચારિત્ર્ય, મૂલ્ય-આધારિત જીવનને પ્રાધાન્ય આપવું. ધર્મના સિદ્ધાંતોનો પ્રસાર કરવો.

૭. નિરક્ષરતા અને વ્યસનો દૂર કરવા.

૮. જાહેર સત્સંગ સભાઓ યોજવી.

૯. મંદિરો અને હરિમંદિર બાંધવાં.

૧૦. શાંતિ, સંવાદિતા, સહિષ્ણુતાને પ્રોત્સાહન આપવું.

૧૧. નીચેની પ્રવૃત્તિઓ દ્વારા સખાવતની કામગીરી વધારવી :

(૧) ગરીબી નિવારણ અને સમાજના નબળા વર્ગોને સહાય.

(૨) શિક્ષણ

(૩) તબીબી અને આરોગ્યલક્ષી સેવાઓ

(૪) લોકોને મદદરૂપ થાય એવી કોઈ પણ પ્રવૃત્તિ

(૫) સંસ્થાની વેબસાઇટો પ્રચાર, માહિતી અને સાહિત્યનું પ્રસારણ.

## ઉદ્દેશોની સિદ્ધિ માટે
## ૫૫,૦૦૦ સેવાભાવી કાર્યકરોનું વિશ્વવ્યાપી દળ

સ્વામીશ્રીએ ઉપરોક્ત ઉદ્દેશોની સિદ્ધિ માટે સંસ્થામાં જ ગોઠવેલી વ્યવસ્થાઓ નીચે પ્રમાણે છે:

(૧) ૫૫,૦૦૦ સેવાભાવી કાર્યકરોનું વિશ્વ વ્યાપી દળ-સામાજિક સુધારાની અનેક નિયમિત પ્રવૃત્તિઓ.

(૨) ધરતીકંપ, પૂર, દુષ્કાળ, આગ વગેરેના સંદર્ભમાં ખાસ આફત-રાહત યોજનાઓ.

(૩) શિક્ષણ અને દવાઓ માટે આર્થિક સહાય.

(૪) યુવાનો અને બાળકોની વિકાસ પ્રવૃત્તિઓ માટે ૯,૦૦૦ થી વધુ કેન્દ્રો અને ઘણા કાર્યક્રમો.

(૫) હૉસ્પિટલો, આરોગ્ય-સંભાળ કેન્દ્રો, નિદાન-કૅમ્પ.

(૬) સાંસ્કૃતિક અને ધાર્મિક સંવાદિતા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો, સેમિનાર, પરિષદોનાં આયોજન.

(૭) આદિવાસીઓના વિકાસ અને સારા શિક્ષણની સેવા માટેનાં કેન્દ્રો.

સંસ્થાની રોજબરોજની પ્રવૃત્તિઓ માટે તેમણે મજબૂત વહીવટી માળખું ઊભું કર્યું છે. નિર્ણય-પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ છે. દરેક કેન્દ્ર તેની રોજિંદી પ્રવૃત્તિઓ માટે સ્વાયત્ત છે, પણ કેટલીક મૂળભૂત પ્રવૃત્તિઓ માટે ચોક્કસ સમાન માર્ગરેખા છે.

સંસ્થાનું પાયાનું માળખું આ પ્રમાણે છે :

(૧) ટ્રસ્ટી બોર્ડ

(૨) પ્રતિનિધિઓની આંતર્રાષ્ટ્રીય પાંખ

(૩) રાષ્ટ્રીય સમિતિઓ

(૪) પ્રાદેશિક સમિતિઓ

(૫) સ્થાનિક સમિતિઓ

(૬) જરૂરિયાત આધારિત ખાસ સમિતિઓ

## સ્થાનિકથી આંતરરાષ્ટ્રીય કક્ષાનું વ્યવસ્થાતંત્ર :

### ૧. ટ્રસ્ટી બોર્ડ

ટ્રસ્ટી બોર્ડમાં ૨૧ સભ્યો છે. એમાં સંન્યાસીઓ અને ગૃહસ્થોનો સમાવેશ થાય છે. સંન્યાસી સભ્ય એટલે એ કે જેમણે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હોય અને જેઓ સંસ્થાના ઉદ્દેશોની સિદ્ધિ માટે સંપૂર્ણ સમર્પિત હોય. ગૃહસ્થી સભ્ય પરિણીત કે અપરિણીત હોઈ શકે, તે સંન્યાસી નથી, સંસ્થાને સ્વૈચ્છિક ધોરણે સેવાઓ આપે છે.

### ૨. પ્રતિનિધિઓની આંતર્રાષ્ટ્રીય પાંખ

સંસ્થાનો આ વિભાગ આંતર્રાષ્ટ્રીય બાબતોમાં સલાહ-સૂચનો આપે છે. વર્ષે ઓછામાં ઓછું એક વાર મળતી તેની બેઠકમાં જરૂરી નિર્ણયો લેવાય છે. આ વિભાગમાં ‘બી.એ.પી.એસ.’ના ટ્રસ્ટીઓ તેમજ ભારતનાં અને ભારત બહારનાં મુખ્ય કેન્દ્રોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

### ૩. રાષ્ટ્રીય સમિતિઓ

જુદા જુદા દેશોની રાષ્ટ્રીય સમિતિઓ સતત અકબીજાના પરામર્શમાં રહે છે અને આંતર્રાષ્ટ્રીય કામકાજમાં ટ્રસ્ટી બોર્ડને દોરવણી આપે છે. આ સમિતિઓ ચોક્કસ દેશમાં સખાવતી પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે. જે તે દેશના લોકોની ભૌગોલિક, સાંસ્કૃતિક જરૂરિયાતો અનુસાર, સમિતિઓના સભ્યો નિયમિત મળીને તેમણે હાથ ધરવાનાં કામોને ઘાટ આપે છે.

## ૪. પ્રાદેશિક અને સ્થાનિક સમિતિઓ

પ્રાદેશિક અને સ્થાનિક સમિતિઓમાં જુદા જુદા શહેરો અને વિસ્તારોનાં પુરુષ અને મહિલા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. તેઓ રોજબરોજની પ્રવૃત્તિઓનું ધ્યાન રાખે છે. સમિતિઓમાં ઊંચું સ્થાન ધરાવનારાઓને જરૂરી ફિડ-બેક (માહિતી) આપે છે. આ સમિતિઓ રોજિંદી પ્રવૃત્તિઓમાં સ્વતંત્રપણે નિર્ણયો લે છે. અલબત્ત, સંસ્થાના મૂળભૂત ઉદ્દેશો અને નીતિ લક્ષ્યમાં રાખીને આ કરવાનું હોય છે.

## ૫. જરૂરિયાત-આધારિત ખાસ સમિતિઓ

ધરતીકંપ સર્જાય, દુષ્કાળ-રાહતની વાત હોય, મહોત્સવોની ઊજવણી કરવાની હોય કે પ્રદર્શનોનું આયોજન કરવાનું હોય, આવી ખાસ યોજનાઓ કે કામગીરી માટે ખાસ સમિતિઓ રચવામાં આવે છે. યોજના કે કામગીરી પૂરી થાય ત્યાં સુધી ટ્રસ્ટી બોર્ડના આદેશ અનુસાર આ સમિતિઓ ચાલુ રહે છે.

## અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત વિવિધ કેન્દ્રો

સંસ્થાનું સમગ્ર વ્યવસ્થાતંત્ર વ્યાપક અને ચુસ્ત છે. ઉદ્દેશોની પરિપૂર્તિ માટે તે સરળતાથી કાર્યશીલ રહે છે. સંસ્થાની જુદી જુદી પ્રવૃત્તિઓની વર્તમાન સ્થિતિ નીચે પ્રમાણે છે :

## ૯,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય કેન્દ્રો

- ભારત, યુ.એસ.એ., યુ.કે., યુરોપ, આફ્રિકા, પેસિફિક, મીડલ ઈસ્ટમાં ૩,૫૦૦ જેટલા કેન્દ્રો
- પુરુષો, મહિલાઓ, યુવાનો અને તરુણો માટે ૭,૨૧૫ સાપ્તાહિક સભા કેન્દ્રો
- ૫,૪૦૦થી વધુ બાળ કેન્દ્રો

## વિશ્વભરમાં ૧,૦૦,૦૦૦થી વધુ અનુયાયીઓ

- ૫૫,૦૦૦થી વધુ યુવા સ્વયંસેવકો
- ૧૦,૦૦૦થી વધુ મહિલા સ્વયંસેવકો
- ૧,૨૦,૦૦,૦૦૦થી વધુ વાર્ષિક સ્વયં-સેવી કલાકો સેવામાં (વોલિન્ટીયર અવર્સ)

## નૈતિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

- ૬,૩૦,૦૦૦થી વધુ વાર્ષિક સભાઓ


સાધુઓ મેડિટેશન (ધ્યાન)માં

- ભારત, યુ.કે., યુ.એસ.એ., આફ્રિકા વગેરે દેશોમાં ૯ આંતર્રાષ્ટ્રીય સાંસ્કૃતિક ઉત્સવો, જ્યાં ૩૪૦ લાખથી વધુ મુલાકાતીઓ આવે છે.
- આંતર્રાષ્ટ્રીય સાંસ્કૃતિક કસોટીમાં ૫,૫૪,૭૯૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે.

## તબીબી પ્રવૃત્તિઓ

- ૧૨ હૉસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો
- ૫,૦૦,૦૦૦થી વધુ દર્દીઓની સારવાર-દર વર્ષે
- ૮૦થી વધુ તબીબી-આધ્યાત્મિક પરિષદો, જ્યાં ૨૦,૦૦૦થી વધુ પ્રેક્ટિસિંગ ડૉક્ટરોએ વિશેષ જ્ઞાન મેળવ્યું.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ

- ૧૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે ૩૧ કાયમી શિક્ષણ સંસ્થાઓ
- વર્ષે ૫,૦૦૦ કરતાં વધુ શિષ્યવૃત્તિઓ અપાય છે.
- વર્ષે ૮૦૦ શૈક્ષણિક સેમિનાર
- આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં ૫૫ જેટલી શાળાઓ બંધાવી છે.

## પર્યાવરણ પ્રવૃત્તિઓ

- ૨,૧૭૦ ગામોમાં ૧૫,૦૦,૦૦૦ રોપા વાવ્યા.
- ૩૩૮ ગામોમાં ૫,૪૭૫ કૂવા રીચાર્જ કરાવ્યા.
- ૪૯૭ જળ-સંચય યોજનાઓ
- વર્ષે હજારો ટન કાગળ રિ-સાયક્લિંગ માટે એકત્ર કરવામાં આવે છે.

## સામાજિક પ્રવૃત્તિઓ

- ૩૩ આફત-રાહતનાં કામ સફળતાપૂર્વક ચલાવ્યાં.
- ૫૦,૦૦૦ કુટુંબ-સભાઓ કરી.
- ૨૦,૦૦,૦૦૦ લોકોને વ્યસન-મુક્ત કર્યા.

## આદિવાસી પ્રવૃત્તિઓ

- આદિવાસી-ઉત્થાનના ૮૦૦ કાયમી કેન્દ્રો.
- ૧૦,૦૦૦થી વધુ આદિવાસી કુટુંબો અંધશ્રદ્ધા અને વ્યસનોથી મુક્ત થયાં.

- ૩૦૦ અંતરિયાળ આદિવાસી ગામોમાં સામાજિક અને નૈતિક બદલાવ આવ્યો.
- ૯ મોબાઈલ મેડિકલ ક્લિનિકો મારફતે આદિવાસી ગામોમાં વર્ષે ૨,૫૦,૦૦૦ લોકોને સારવાર અપાય છે.

## આધ્યાત્મિક પ્રવૃત્તિઓ

- દુનિયાભરમાં ૧૦૦૦થી વધુ 'બી.એ.પી.એસ.'નાં મંદિરો.
- રોજ ૧,૫૦,૦૦૦ લોકો 'બી.એ.પી.એસ.'નાં મંદિરોની મુલાકાત લે છે.
- ૯૦૦થી વધુ સાધુઓ

ઉપરના આંકડાઓમાં રોજેરોજ ફેરફાર થયા કરે છે. સંસ્થાની સફળતાનાં કારણો સમજવા માટે એ જાણવું જરૂરી છે કે કઈ રીતે ત્યાં સાધુઓને તાલીમ અપાય છે અને પોતાના કોઈ સ્વાર્થ વગર કેવી સમર્પિત રીતે સ્વયંસેવકોને કામમાં મચી જવાની પ્રેરણા મળે છે.

## સાધુ પ્રણાલિકા

મંદિરો, સ્થાપત્ય અને સાધુઓ હિંદુ સંસ્કૃતિ અને પ્રણાલિકાના સ્થંભ છે. બી.એ.પી. એસ. તરફથી ત્રણેની કાળજી લેવાય છે ને વિકાસના પ્રયત્નો થાય છે. પ્રમુખસ્વામી મહારાજે દેશમાં અને આખી દુનિયામાં મંદિરો બંધાવ્યાં છે અને તેના શિલ્પ-સ્થાપત્યને ખૂબ પ્રસિદ્ધિ મળી છે. પવિત્ર સાધુ-પરંપરાને તેમણે ઉત્તેજન આપ્યું છે. આખી દુનિયામાં 'બી.એ.પી. એસ.'ના સાધુઓનો વિશિષ્ટ સમૂહ ઊભો થયો છે.

સાધુઓ માટે તેમણે ખૂબ કડક લોક-લક્ષી આચારસંહિતા સ્થાપી છે. ઉદ્દેશ એ છે કે સાધુઓની પવિત્રતા જળવાય અને સમાજના શ્રેય માટે તેઓ સતત અભિમુખ રહે. આચારસંહિતા આ પ્રમાણે છે :

## નિષ્કામ

કડક બ્રહ્મચર્યનું પાલન

## નિર્લોભ

તમામ સંપત્તિ, માલમિલકતનો ત્યાગ. (નાણાંને સ્પર્શ નહીં, નાણાં રાખવા નહીં, તમારા વતી બીજા કોઈએ પણ નાણાં રાખવા નહીં.)


સાધુઓ મેડિટેશન (ધ્યાન)માં

## નિઃસ્વાદ

લાકડાના વાટકામાં બધો ખોરાક ભેગો કરવાનો ને જમતા પહેલાં એમાં પાણી નાખવાનું- આશય એ છે કે તમારી સ્વાદવૃત્તિ કાબૂમાં રહે.

## નિઃસ્નેહ

ઈશ્વર સિવાય કોઈના પણ પ્રત્યે આશક્તિ નહીં. વતનનો અને નજીકના સગાં-સંબંધીનો ત્યાગ.

## નિર્માન

કોઈ અહંકાર નહીં, પૂરી નમ્રતા, દરેકની સેવા કરવાની વૃત્તિ હોય.

ટૂંકમાં, સ્વામીશ્રીએ એવા સાધુજનો ઊભા કર્યા છે, જે ઉપરના પાંચ મહા-વ્રતનું ચુસ્તપણે પાલન કરતા હોય.

# સાધુને કઈ રીતે તૈયાર કરાય છે

સાધુઓના માર્ગદર્શન અને તાલીમ માટે અમદાવાદ જિલ્લામાં સાળંગપુર ખાતે સાધુઓનું ખાસ તાલીમકેન્દ્ર ચાલે છે.

## સાધક-પાર્ષદ

સત્સંગી યુવાનો, જેઓ સાધુ બનવા ચાહતા હોય, તેમણે પ્રારંભના ૧૨ થી ૧૮ મહિના સાધક (નવી ભરતી) તરીકે કેન્દ્રમાં રહેવાનું હોય છે. આ માટે દર વર્ષે ડિસેમ્બર અને માર્ચમાં ૨૧ વર્ષ કે તેથી વધુ વયના યુવાનોને પ્રવેશ અપાય છે. આ પ્રારંભિક ગાળામાં તેમણે ધોતિયું ને ઝભ્ભો પહેરવાનાં. સમગ્ર વર્ષ દરમિયાન તેમણે વિવિધ સેવામાં પ્રવૃત્ત રહેવાનું. 'સ્વામીની વાતો'નો (અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રવચનોનો) અભ્યાસ કરવાનો, કીર્તન મોઢે કરવાનાં અને બીજા વિષયોનો પણ અભ્યાસ કરવાનો હોય છે. સેવાઓ માટે તેમને પૂરું માર્ગદર્શન આપવામાં આવે છે. આ સમય દરમિયાન, સાધકોએ સાધુની પ્રતિજ્ઞાઓ પાળવાની હોય છે. અલબત્ત, ચોક્કસ સંયોગોમાં તેઓ તેમના કુટુંબના સભ્યોને મળી શકે છે. સાધકને તેની ઘનિષ્ઠ તાલીમ દરમિયાન સાધુત્વની ઈચ્છા દઢ બનાવવાની પૂરી તક મળે છે. આ ઘનિષ્ઠ તાલીમના અંતે અને સાધકનાં માતા-પિતાની લેખિત સંમતિ પછી પ્રમુખસ્વામી મહારાજ તેને પાર્ષદ તરીકે સ્વીકારે છે.



સ્વામીશ્રી - પાર્ષદો સાથે

પાર્ષદ બનનારે સફેદ ઝભ્ભો પહેરવાનો. સીવેલા પોષાકનો ત્યાગ કરવાનો. માથે ટકો કરાવી માત્ર ચોટલી રાખવાની અને તેને જનોઈ આપવામાં આવે.

પાર્ષદના તબક્કામાં પણ તાલીમ ચાલુ જ રહે છે. આ ગાળામાં 'વચનામૃત' (ભગવાન સ્વામિનારાયણના પ્રવચનો)નો અને તમામ ગુરુઓના જીવનનો વિગતે અભ્યાસ કરવાનો હોય છે, સાથે સેવાનું કામ તો ચાલુ જ રાખવાનું. ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત, ભગવદ્ગીતા, મહાભારત અને બીજા હિંદુ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવાનો. વિશ્વના ધર્મોથી પરિચિત થવાનું. અંગ્રેજી, હિંદી, સંસ્કૃત અને અન્ય ભાષાઓ પણ તેમને શીખવવામાં આવે છે. ઉપરાંત સંગીત, કલા વગેરે વિષયોમાં પણ તેમને તાલીમ આપીને તૈયાર કરાય છે. આ બધા અભ્યાસ સાથે આગળ જણાવ્યું તેમ, સેવાકીય પ્રવૃત્તિઓ તો ચાલુ જ રાખવાની.

## ભાગવતી દીક્ષા

લગભગ ૧૨ થી ૧૮ મહિના પછી પાર્ષદને 'ભાગવતી દીક્ષા' આપવામાં આવે છે. હવે તેણે ભગવાં કપડાં પહેરવાનાં. તેને નવું નામ આપવામાં આવે.

તાલીમ કેન્દ્રમાં રહેતા સાધુઓનો નિત્યક્રમ પરોઢિયે ચાર વાગ્યાથી શરૂ થઈ જાય છે. ઊઠતાં જ ભગવાનને યાદ કરવાના, સ્નાન કરવાનું અને વ્યક્તિગત પૂજા કરવાની. પછી પોણા છ વાગે મંગળા આરતીમાં જવાનું. છ વાગ્યાથી જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ થઈ જાય. મંદિરનું કમ્પાઉન્ડ ચોખ્ખું કરવાનું, ભગવાન માટે ફૂલના હાર બનાવવાના, શાકભાજી સમારવાના, ભોજનની તૈયારી કરવાની, મહાપૂજા કરવાની, ભગવાનને શણગાર કરવાના, આશ્રમની સફાઈ કરવાની વગેરે.

૭-૧૫ કલાકે બધા શણગાર આરતીમાં જાય. આરતી પછી ભગવાનનો મહિમા દર્શાવતાં ભજનો ગવાય. ૮ વાગે નાસ્તાનો સમય. પછી સવારના પ્રવચન થાય.

એક કલાક સુધી અનુભવી વડીલ સાધુઓ 'વચનામૃત'ના આધારે પ્રવચનો આપે, જેમાં સાધુજીવન માટેનું માર્ગદર્શન અને પ્રેરણા હોય.

૯-૦૦ થી ૧૨-૦૦ના સમયમાં અભ્યાસ વર્ગો ચાલે છે. આને માટે ખાસ અભ્યાસક્રમ છે. મંદિરના પરિસરમાં 'યજ્ઞપુરુષ સંસ્કૃત વિદ્યાલય'માં વર્ગો ચાલે છે. બપોરે ૧૨-૦૦ વાગે ભોજનનો સમય.. નાના લાકડાના વાટકામાં સાધુઓ ભોજન લે. ભોજન પીરસાતું હોય ત્યારે બધા મોટેથી 'સ્વામિનારાયણ'નો મહામંત્ર બોલતા હોય. મોઢામાં કોળિયો મૂકતાં પહેલાં વેદની પ્રાર્થના થાય.

૧૨-૩૦ વાગે બેઠક ખંડમાં પ્રવચનો થાય. તે પછી સાધુઓ વ્યક્તિગત અભ્યાસમાં પરોવાઈ જાય. ૮-૦૦ વાગે ફરી બધા બેઠક ખંડમાં ધ્યાન માટે મળે. ધર્મગ્રંથોનું વાંચન થાય. ૪-૩૦ થી ૬-૩૦ સુધી ફરી વર્ગો ચાલે. ૭-૩૦ વાગે સંધ્યા-આરતી થાય. ૮ વાગે સાંજનું ભોજન અપાય. ૮-૪૫ કલાકે સાંજની સભા શરૂ થાય. એક કલાક સુધી સાધકો, પાર્ષદો અને સાધુઓ ભક્તિગાન કરે. પછી તેઓ પોતાના ઓરડામાં પાછા ફરે. એકાદ કલાક પોતાના અભ્યાસમાં ગાળ્યા પછી નિદ્રાધીન થાય. સાધુઓ નાની સાદડી પર જ અને સામાન્ય મોટા ઓરડામાં અગર ટેરેસ પર સૂઈ જાય. એનો આધાર હવામાન પર છે. કોઈને માટે સ્વતંત્ર ઓરડો હોતો નથી.

આ બધી પ્રવૃત્તિઓ સાધુઓ વચ્ચેની સંવાદિતા મજબૂત બનાવે છે. જુદા જુદા ધર્મ, જુદા જુદા દેશ અને જુદી જુદી શૈક્ષણિક ભૂમિકામાંથી આવતા હોવા છતાં બધા સાધુઓ પરસ્પર સારી પેઠે ભળી જાય છે.

સાધુઓ નિયમિત રીતે દર મહિને પાંચ થી સાત નિર્જળા ઉપવાસ કરે છે. ઘણા સાધુઓ દિવસમાં માત્ર એક જ વાર જમે છે. તેઓ ધરણા-પારણા, ચંદ્રાયણ જેવા મુશ્કેલ વ્રત પણ પાળતા હોય છે.

## બી.એ.પી.એસ.નાં જુદા જુદા મંદિરોમાં સેવાની જવાબદારી

તાલીમ કેન્દ્રમાં પાંચ વર્ષ પૂરાં થાય પછી પ્રમુખસ્વામી મહારાજ આ સાધુઓને બી.એ.પી.એસ.નાં જુદાં જુદાં મંદિરોમાં વિવિધ સેવાઓની જવાબદારી સોંપતા હોય છે. ૫૦૦ થી વધુ મંદિરોમાં સાધુઓ માનવ સેવાની ૧૬૦ જુદી જુદી પ્રવૃત્તિઓ ચલાવે છે. આમાં સામાજિક, શૈક્ષણિક, નૈતિક, સાંસ્કૃતિક બધી પ્રવૃત્તિઓ આવી જાય.

સાધુઓમાં ડૉક્ટર, ઈજનેર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને અનુસ્નાતક કક્ષાના યુવાનો પણ હોય છે. વિજ્ઞાન, વાણિજ્ય, આર્ટ્સ, કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, કાયદાના સ્નાતકો હોય છે. હાવર્ડ અને ઑક્સફર્ડ જેવી દુનિયાની ખ્યાતનામ યુનિવર્સિટીઓના કેટલાક સ્નાતકો પણ અહીં છે. એ બધા અમેરિકા, કૅનેડા, બ્રિટન અને આફ્રિકાના જુદા જુદા દેશોમાંથી આવેલા છે. પશ્ચિમી વાતાવરણમાં ઉછરેલા યુવાનોએ સ્વૈચ્છિક રીતે સાધુની કડક આચારસંહિતા સ્વીકારી છે.

શિક્ષિત અને પ્રતિબદ્ધ સાધુઓનો સમુદાય સમાજના આધ્યાત્મિક ઉત્થાન અને સેવા માટે મથે છે. આ સાધુઓનું જ્ઞાન અને ડહાપણ આંતરિક શાંતિ પ્રદાન કરે છે. તેમનું જીવન ભારતની ઉદાત્ત સાધુ પરંપરાનું ઉદાહરણ બની રહે છે. જુદા જુદા કેન્દ્રોમાં ભક્તોને

જીવનના મૂળભૂત મૂલ્યોની જાળવણી અને પ્રેરણા આપવાનું કામ સાધુઓનું છે. રોજબરોજની પ્રવૃત્તિઓ અને મોટા અવસરોની કામગીરીનું આયોજન કરવાનું હોય છે ને એ માટે ભંડોળ ઉઘરાવવાનું હોય છે. સમયે સમયે એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં તેઓ ફરતા રહે છે. કેન્દ્રમાં રહેતા હોય ત્યારે તેમણે જુદા જુદા ગામડાંમાં જવાનું હોય અને તેમના ભક્તોનાં ઘરની મુલાકાત પણ લેવાની હોય. આવી મુલાકાતો દરમિયાન બાળકો અને યુવાનોની પ્રવૃત્તિઓમાં તેમણે રસ લેવાનો હોય છે. મંદિરમાં આવવા તેમને સમજાવવાના હોય છે. જીવનનાં આધ્યાત્મિક મૂલ્યોની વાત તેઓ સમજે ને રસ પડે એ રીતે કરવાની હોય છે.

## સ્વયંસેવકો

સ્વયંસેવકો ભક્તોમાંથી જ આવે છે, જેમને પ્રાર્થના અને દર્શન ઉપરાંત સંસ્થાની બીજી પ્રવૃત્તિઓમાં પણ રસ લેવો હોય છે. બધા જ ભક્તો સમાજસેવામાં રસ બતાવતા હોય એવું નથી. પણ ઘણા હોય છે, જેમને ખરેખર રસ હોય છે. આમાં કેટલાકનો રસ કામચલાઉ તો કેટલાકનો કાયમી હોય છે. સ્વયંસેવક થવા માટે કોઈના પર કશું દબાણ હોતું નથી. પોતાની સ્વેચ્છાએ જ, જીવનમાં કંઈક કરી છૂટવાની ભાવનાથી જ, લોકો આગળ આવતા હોય છે. પ્રમુખસ્વામી મહારાજે સ્વયંસેવકો માટે પણ આચારસંહિતા કંડારી છે. નીચેના સંવાદ પરથી તેનો ખ્યાલ આવશે.

## રસપ્રદ પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રી દ્વારા સ્વયંસેવકો માટે માર્ગદર્શન

૧૬-૭-૨૦૦૨ના રોજ સંકરીમાં 'દિવ્ય સંનિધિ પર્વ' હતું, ત્યારે સ્વામીશ્રી સાથે સ્વયંસેવકોની રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ :

**પ્રશ્ન** : સત્સંગી બન્યા પછી અને રાત-દિવસ ભગવાનની ભક્તિ કર્યા પછી પણ જીવનમાં ઉતાર-ચઢાવના અનુભવ થયા જ કરે છે. ઘણીયે વાર એવું બને છે કે અમારું કૌટુંબિક અને સામાજિક કામ ખોરવાઈ જાય છે. આવું શા માટે થતું હશે ?

**સ્વામીશ્રી** : મહારાજ કહે છે કે ભગવાનનો ભક્ત, જેણે ભગવાનના ચરણમાં આશ્રય લીધો હોય, તેને કોઈ મુશ્કેલી હોય જ નહીં. કાળ, કર્મ અને માયાના પ્રભાવથી તે મુક્ત હોય. દુનિયાના જીવો તેમના કર્મોના કારણે દુઃખ પામે છે. ભગવાનના ભક્તો જ્યારે ભગવાનની કોઈ આજ્ઞાના પાલનમાં ચૂક કરે છે ત્યારે દુઃખનો સામનો કરવો પડે છે. આપણને ખબર પણ ન પડે એ રીતે ઊંડે ઊંડે

પડેલી ઈચ્છાઓના કારણે ભૂલો થઈ જાય ને પછી દુઃખ આવી પડે છે. આ દુઃખનો સ્વીકાર જ કરવાનો રહે છે. દુઃખ, સંતાપ, સમસ્યાઓ અનેક રીતે આવે છે. ઈશ્વર કસોટી કરે છે કે તેના ભક્તને તેનામાં કેટલો પ્રબળ વિશ્વાસ છે.

દાદાખાચર ઘણા મોટા ભક્ત હતા. તેમણે પોતાનું સર્વસ્વ સ્વામી મહારાજને આપી દીધું હતું. મહારાજ અને તેમના ભક્તોનો મોટો મહિમા અને સેવા કરી હતી. છતાં મહારાજે એમની કસોટી કરી અને તેમણે બધી માલ-મિલકત ગુમાવી દીધી. એ મિલકત કે જેના વડે તેઓ મહારાજની, સાધુઓની, ભક્તોની સેવા કરતા હતા, જેના વડે એમનો જીવન-ગુજારો ચાલતો હતો. આ બધી મિલકત તેમણે ગુમાવી દીધી. આવક બધી બંધ થઈ ગઈ. તો પણ, દાદા ખાચરને એવું જરા પણ ન લાગ્યું કે મહારાજને આશરે જવાથી આ મુશ્કેલી થઈ છે, કોઈ આવો વિચાર નહીં. મહારાજ તેમની પરીક્ષા કરી રહ્યા હતા. ભૂતકાળમાં પણ ઘણા ભક્તોની આ રીતે કસોટી થઈ છે – નરસિંહ મહેતા, મીરાંબાઈ, પાંડવો વગેરે. સાચો ભક્ત હોય એની જ કસોટી થાય છે. બીજાઓની નહીં. મુશ્કેલીઓના પારાવાર છતાં, જે અડગ રહી શકે, તેને પછી કોઈ પ્રશ્ન રહેતા નથી. મહારાજ જેની અપેક્ષા રાખે છે તે યોગ્ય છે ને એ રીતે જ તેઓ આ બાબતને જુએ છે. જેઓ પરીક્ષા પસાર કરે છે તેઓ બધી ઉપાધિમાંથી મુક્ત થાય છે.

**પ્રશ્ન** : અમે ઉત્સવો વગેરેમાં ભગવાનને પ્રસન્ન કરવા માટે સેવા આપીએ છીએ. બદલામાં અમને અક્ષરધામ મળે છે, શું આની ખાતરી છે ?

**સ્વામીશ્રી** : ઈશ્વર દરેકને અક્ષરધામ આપવા જ આવ્યા છે. તે તો ચોક્કસ છે. શંકા આપણને છે.

**પ્રશ્ન** : હવે અમારે શું કરવાનું બાકી છે ? ભગવાનને અમારે ક્યાં સુધી પ્રસન્ન કરવા સાધના કર્યા કરવાની છે?

**સ્વામીશ્રી** : આ શરીરનો ત્યાગ કરો ત્યાં સુધી તમારે ભગવાનને પ્રસન્ન કરવા માટે મથવાનું જ છે. શું તમે લગ્ન કરો ત્યારે તેને જીવનભર ટકાવતા નથી ? બાળકોને ઉછેરવાનાં નથી હોતાં ? જ્યાં સુધી જીવો ત્યાં સુધી આ બધું કરવાનું હોય છે, તેમ જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થવાય ત્યાં સુધી આ કરવાનું જ છે. જાતને પૂર્ણ કરવામાં શ્રદ્ધા રાખો, પણ કોઈ પ્રશ્નોનો સામનો ન કરવો પડે એટલી જાગૃતિ પણ રાખો. મહારાજની સેવા અને ભક્તિભાવ જીવનના અંત સુધી જાળવવાના હોય છે.

તમે તમારાં દુન્યવી કામ કરો એટલી જ ગંભીરતાથી ભગવાનનું કામ પણ કરવાનું હોય છે. શરીર માટે જે કરો છો તે આત્મા માટે પણ કરો. તમારો દીકરો ખૂબ કમાય તો તમને આનંદ થાય છે. એ જ રીતે તમે વધુ ભક્તિ કરો, સત્સંગ કરો, વધુ સેવા આપો તો મહારાજ વધારે પ્રસન્ન થાય છે. એટલે, ક્યારેય સંતુષ્ટ ન થઈ જાઓ. જેટલું બની શકે એટલું વધારે કરો. જેટલું આ વધારે કરશો એટલો તમારો સ્વભાવ અંકુશમાં રહેશે.

**પ્રશ્ન** : આ વાત સાધુઓ અને પાર્ષદો માટે છે. અમારે ગૃહસ્થોએ કોના જેવા થવું ?

**સ્વામીશ્રી** : તમારે ભગવાનના ભક્ત થવાનું છે 'નિજાત્માનં બ્રહ્મરૂપમ્.' આ સ્થિતિએ પહોંચશો પછી કોઈ પ્રશ્ન જ નહીં રહે. એ સિવાય એકબીજા સાથે વિવાદ થયા કરશે. પ્રશ્નો ઊભા થશે. જે બ્રહ્મરૂપ થયા હોય તે બીજાના દોષ જોતા નથી. એ તો પોતાની ભક્તિ અને સેવામાં જ રમમાણ હોયછે.

આપણે આદર્શ બનવું છે. જે સંપૂર્ણ છે તેના કોઈ દોષ હોતા નથી. તે ભગવાનની ભક્તિ જ કરે છે, તેને પ્રસન્ન કરે છે, તેની આજ્ઞાઓ સમજે છે અને તે પ્રમાણે વર્તે છે. કાર્યકરોએ બીજું કંઈ કરવાની જરૂર નથી. જો તમે બીજાના દોષ જોયા કરશો તો કંઈ કામ નહીં થાય. એક ધંધાદારી માણસ બેદરકારી રાખી બીજાનું જ જોયા કરતો હોય તો એનો ધંધો જામે ખરો ? દરેક જણ પોતાની ફરજ અસરકારક અને ગંભીર પણે બજાવતું હોય તો કોઈ પ્રશ્ન જ ન રહે. એટલે સાધુઓ અને કાર્યકરો માટે કોઈ પ્રશ્ન જ નથી. બસ, કામમાં ગૂંથાઈ જવું જોઈએ. વ્યક્તિએ નક્કી કરવું જોઈએ કે તેણે સેવા કરવી છે. જે કંઈ કામ સોંપાયું હોય તે પૂરી જવાબદારીથી થવું જોઈએ. પૂર્ણ રીતે થવું જોઈએ. બાળ મંડળ, યુવક મંડળ – જ્યાં પણ ફરજ સોંપાઈ હોય તે યોગ્ય રીતે પૂરી થાય તો શું કોઈ પ્રશ્નો રહે ખરા ? તમે જે કરો છો એ કોઈ ખાનગી કે સરકારી કામ નથી, ભગવાનને રાજી કરવાની વાત છે. યોગીજી મહારાજ કહેતા, "આ ઠાકોરજીનું કામ છે." એટલે આ કામ યોગ્ય રીતે થવું જોઈએ. આ વાતનો આપણે શું સાર કાઢીશું? કાર્યકરો જો એમનું કામ યોગ્ય રીતે અને જવાબદારીથી કરે તો શું કોઈ પ્રશ્ન રહે ખરા? સાધુઓ અને કાર્યકરોને બાળમંડળ, કિશોરમંડળ અને સત્સંગ મંડળના કામ સોંપાયાં છે. જો દરેક જણ તેના કામ અંગે ચોંપ રાખતા હોય તો કોઈ પ્રશ્ન જ નથી.

**પ્રશ્ન** : સરકારી નોકરીમાં ઘણું કાગળ-કામ હોય છે. સત્સંગમાં પણ એવું જ છે. આપણે બધા કામ કરીએ છીએ, પણ શું આ બધા રિપોર્ટ અને ફોર્મ જરૂરી છે ?

**સ્વામીશ્રી** : તમારા સરકારી કામમાં તમે આ કરો છો, નહીં ? બધી ફાઈલો તપાસવી પડે, બરાબર ગોઠવવી પડે-શું એ મુશ્કેલ નથી ? પણ તમને પગાર આપવામાં આવે છે અને તેથી તમે તે કરો છો. ધંધાવાળા માણસે એના ગ્રાહકોને સંભાળવાના હોય છે. એટલે તમારે જે આપવામાં આવે તે બધું કાગળિયાનું કામ પૂરું કરવું પડે છે. પરંતુ તમે કામ પૂરું ન કરો અને રિપોર્ટ પાછા મોકલો તો કામ આગળ વધે કઈ રીતે ? ક્યારેક તમને લાગે કે આ કામ હજુ પૂરું નથી થયું, ત્યાં વધારે આવી પડ્યું. અલબત્ત, તમારો નિર્ધાર પાકો હોય તો તમે કામના સ્થળે વધારે બેસીને અગર ઘેર લઈ જઈને પણ કામ કરી શકો. તમારી પાસે કામ હોય એટલે જવાબદારી આવે છે. આપણે ભગવાનને પ્રસન્ન કરવા છે અને એમાં કોઈ બનાવટ હોઈ શકે નહીં. એટલે દરેક કામમાં, જે કંઈ કાગળનું કામ કરવાનું હોય તે માટે સમય કાઢવો જોઈએ. કામ બરાબર કરીને રિપોર્ટ મોકલાવો. આળસ કરો તો કામનો ઢગલો થઈ જાય. રોજનો હિસાબ ન લખો તો ઘણું કામ ચડી જાય. એટલે હંમેશ કાર્યશીલ રહો. સતત જાગૃતિ હશે તો બધું કામ બરાબર થશે.

**પ્રશ્ન** : અમારે ઘણી કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ પણ હોય છે. આ અમે ઉત્સાહથી, કોઈના કહ્યા વગર કરીએ છીએ. પણ જ્યારે સત્સંગની વાત આવે છે ત્યારે શું કરવાનું તે યાદ કરાવવું પડે છે. આમ શા માટે ?

**સ્વામીશ્રી** : ગુણાતીતાનંદ સ્વામીએ એમનાં પ્રવચનોમાં કહ્યું છે કે વ્યવહાર કાર્યો કાંઈ કઠણ નથી કારણ, જન્મ્યા ત્યારથી તમે તે કરતા આવ્યા છો. એ થયા જ કરે છે. એમાં કોઈના માર્ગદર્શનની જરૂર પડે છે ? શું બાળકોને ટી.વી. જોવાનું કહેવું પડે છે ? શાળામાં શીખવાડ્યું ન હોય તોય ટી.વી. કઈ રીતે ચાલુ કરવું એ તેમને ખબર હોય છે. આ વાત અંદરથી જ આવે છે. શું દારૂ પીવાનું શીખવાડવાની કોઈ કૉલેજો હોય છે ? એક વખત પીઓ, એટલે ચાલુ થઈ જ જાય છે. જીવનની આવી બાબતો પ્રત્યે આપણને લગાવ ઊભો થાય છે ને પછી આપમેળે બધું ચાલુ થઈ જાય છે. કોઈ તમને કહે કે ન કહે, તમારું ઘર ચલાવવાની જવાબદારી તમે ઉપાડી જ લો છો. આમાં મન જલદી

પરોવાઈ જાય છે. પણ ભગવાનની ભક્તિમાં પરોવાઈ જવાની વાત આવે ત્યાં જરા મુશ્કેલી થાય છે. આ જ્ઞાન પચાવવાનું મુશ્કેલ છે. જ્ઞાન એટલે આત્મા અને પરમાત્માની જાણકારી, અક્ષરરૂપ થવું અને પુરુષોત્તમને ભજવા – આ પંથે જવાનું કઠણ છે. વારંવાર તમને કહેવું પડે છે કે 'વચનામૃત' વાંચો, સ્વામીની વાતો વાંચો, તેને સતત યાદ રાખો, કીર્તન કરો. આપણે ઊંડે સુધી, છેક પાયા સુધી જવું પડે છે આને માટે.

**પ્રશ્ન** : સ્વામીશ્રી, આપે સતત બાવન વર્ષ સુધી સંસ્થાની સેવા કરી છે. શું તમે ક્યારેય કોઈ સગવડો નથી માગી? થાક અને કંટાળો અનુભવ્યા નથી ? અમે તમને ક્યારેય આળસ મરડતાં કે બગાસાં ખાતા જોયા નથી. કયા વિચારો આપને આવી સેવા કરવા પ્રેરે છે ?

**સ્વામીશ્રી** : ભગવાને આ સેવાનું કામ સોંપ્યું છે, ને તેને પ્રસન્ન કરવા કરાય છે. તમે બધા પણ પૂરા ધ્યાનથી ને કાળજીથી આ કરો. તમારું લક્ષ્ય એક જ હોવું જોઈએ. ભગવાનને પ્રસન્ન કરો. જો દુનિયામાં તમારે બીજાઓને રાજી રાખવા હોય તો તેમને ગમે એવા કામ કરવાં પડે છે. પણ ભગવાનને પ્રસન્ન કરવા એ તો પરમ સુખની વાત છે. જે કંઈ જ્ઞાન તમને આપવામાં આવ્યું છે એ સાચું છે. આ વાત જો તમારા જીવનમાં બરાબર કોતરાઈ ગઈ હશે તો એવું જ્ઞાન બીજા ઘણા લોકો સુધી પહોંચશે. સગવડોની અપેક્ષા ન રાખો. રાત-દિવસ જોયા વગર કાર્યરત રહો. તમને દરેકને આનો થોડો ખ્યાલ આવ્યો છે, એટલે તમે બધા આ કામ કરો. બેઠાં બેઠાં વિચાર કર્યા કરવાથી કશું થતું નથી. આ કામ કરવું જોઈએ. એને બોજ ન ગણો. જો તમે એને તમારું ભાગ્ય ગણવા માંડશો તો ઉત્સાહ જરૂર જળવાશે. આપણે કોઈ ખોટા સંદેશ આપવા માગતા નથી. બીજાઓ સમજતા ન હોય તો એની ચિંતા ન કરો, પણ તમારે ભગવાનનાં ગુણગાન ગાતાં અટકવું ન જોઈએ. આપણને જે જ્ઞાન મળ્યું તેનો આપણે ઉત્સાહથી બીજાઓમાં પ્રસાર કરવો જોઈએ, કારણ આપણે પરમાત્માને પ્રસન્ન કરવાના છે. આપણે જન્મ્યા ત્યારથી માતા, પિતા, બાળકો, કુટુંબ, સગાસંબંધી બધાને રાજી કરતા આવ્યા છીએ. આ સમયે આપણે શ્રીજી મહારાજને પ્રસન્ન કરવાના છે ને અક્ષરધામ પામવાનું છે. આ સંકલ્પ મજબૂત હશે તો તમને કોઈ પ્રશ્નો નહીં નડે. લક્ષ્યની પ્રાપ્તિ માટે શું કરવું એના રસ્તા મળી જ જશે.

## પ્રવૃત્તિનો વિસ્તાર

સંસ્થાની બીજી કેટલીક મહત્ત્વની બાબતો નીચે પ્રમાણે છે :

સંસ્થાના બધા કેન્દ્રોમાં એ પ્રથા રાખી છે કે મોટા ઉત્સવો – ઉજવણીઓમાં માનવંતા મહેમાનો તરીકે અન્ય ધર્મના લોકોને આમંત્રણ આપવું. પ્રમુખસ્વામી મહારાજ અને સાધુઓની મુલાકાત દરમિયાન તેઓ વધુમાં વધુ ભક્તોને મળી શકે, જે તે સ્થળની મહત્ત્વની વ્યક્તિઓને, જુદા જુદા ધર્મના આગેવાનો સાથે મુલાકાતો યોજાય એનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. જે તે રાજ્યના વડાઓ અને ધર્મના વડાઓ સાથે દેશમાં ને અન્ય દેશોમાં મુલાકાતોનું આયોજન થાય છે. સંસ્થાના વડા મથકે અને દરેક કેન્દ્રમાં માધ્યમો માટે અને પ્રકાશનો માટે અલગ વિભાગ હોય છે. અમદાવાદમાં સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ ખાતે આવો વિભાગ છે:

| **સામયિકો** | **સભ્ય સંખ્યા** |
|---|---|
| • સ્વામિનારાયણ પ્રકાશ (ગુજરાતી) | ૮૧,૦૦૦ |
| • સ્વામિનારાયણ પ્રકાશ (હિન્દી) | ૫,૬૦૦ |
| • સ્વામીનારાયણ બાળપ્રકાશ (ગુજરાતી) | ૮૭,૦૦૦ |
| • સ્વામીનારાયણ બાળપ્રકાશ (અંગ્રેજી) | ૬,૧૦૦ |
| • સ્વામિનારાયણ બ્લીસ (અંગ્રેજી) | ૧,૫૦૦ |
| • મહિલા સામયિક-પ્રેમવતી (ગુજરાતી) | ૩૦,૦૦૦ |

**અન્ય પ્રકાશનો**

- ૪૬૨થી વધુ પુસ્તકો અને પુસ્તિકાઓ - અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અન્ય ભાષાઓમાં
- ૨૮૬થી વધુ ઑડિયો અને વીડિયો કેસેટ
- ૩૬ ઑડિયો સી.ડી.
- ભારતીય સંસ્કૃતિ પર સીડીરોમ
- એનિમેશન ડી.વી.ડી. (સંસ્થાના કાર્યકરો, કલાકારો દ્વારા સંસ્થાના સ્ટુડિઓમાં તૈયાર થયેલ) :

  ૧. ઘનશ્યામ ચરિત્ર (ભાગ ૧ અને ૨)

  ૨ મીસ્ટીક ઈન્ડિયા (બે ડીવીડી)

## સાધનો ઊભાં કરવા માટે...

આ અસામાન્ય બાબત છે. તમામ મંદિરો ઘણું બધું મૂડીરોકાણ માગી લે છે ને તેમની જાળવણીમાં પણ ઘણો ખર્ચ થાય છે. એ જ રીતે તમામ સખાવતી પ્રવૃત્તિઓ, રાહત અને પુનર્વસવાટનાં કામોમાં ઘણું ભંડોળ જોઈએ. નિસડન મંદિરની વાતમાં જણાવ્યું છે એમ, કે ભૂકંપ-રાહતમાં થયું હતું તેમ, જરૂરી બધું ભંડોળ ભક્તો દ્વારા જ એકઠું કરાય છે. જુદા જુદા પ્રકારના દાતાઓ હોય છે. ફંડ એકઠું કરવા ઘણો બધો પ્રયાસ કરવો પડે છે. સમયનો મોટો ભોગ આપવો પડે છે. વળી, ગમે એટલો મોટો દાતા હોય, પણ એમાં નામની તકતી ક્યાંય લાગતી નથી. નિસડન કે શિકાગો જેવા મંદિરો ઊભાં કરવા સામૂહિક પ્રયાસોથી જ લાખો ડૉલરનાં ભંડોળ એકઠાં થયાં હતાં. ભારતના અને ભારત બહારના લોકોના સમૂહો સારું એવું ભંડોળ આપે છે. રસપ્રદ નોંધપાત્ર બાબત એ છે કે જરૂરી તમામ ભંડોળ સમાજમાંથી તેની મેળે ઊભાં કરાય છે.

## સક્ષમ વહીવટકર્તા, દિવ્ય પ્રેરણામૂર્તિ

આપણે જ્યારે સફળ સંસ્થાઓની વાત કરીએ ત્યારે ખરેખર તો સંસ્થાઓને સફળ બનાવનાર લોકોની વાત કરતા હોઈએ છીએ. નેતાઓ, જે લોકોને દોરે છે તે તેમના રોજબરોજના જીવનનો ભાગ જ હોય છે. આ સંદર્ભમાં પ્રમુખસ્વામી મહારાજનું સ્થાન વિશિષ્ટ છે. પોતાની શિસ્તબદ્ધ ધાર્મિક ભાવનાઓ સાથે સહેજ પણ સમાધાન કર્યા વગર, 'બી.એ.પી.એસ.'ને એક આધુનિક કાર્યક્ષેત્ર અને અસરકારક સંસ્થા તરીકે વિકસાવવામાં તેમનો પુરુષાર્થ અને માર્ગદર્શન ખૂબ સફળ નીવડ્યાં છે. ઉત્સવોની ઉજવણીથી માંડીને રાહત કામો હાથ ધરવા સુધી, ટાઉનશીપ બાંધવાથી માંડીને યુવાનોના શિક્ષણ સુધી 'બી.એ.પી.એસ.' સંસ્થાએ એના જેવી તમામ સંસ્થાઓ માટે દીવાદાંડીનું કામ કર્યું છે. અક્ષરધામ ખાતેના મલ્ટી-મીડિયા શૉ અને રોબોટના ઉપયોગમાં આધુનિક વિજ્ઞાનના નિષ્ણાત જ્ઞાનનો સુભગ સમન્વય કરાયો છે. આધુનિક સમયની ભાષામાં બોલતાં પ્રમુખસ્વામી મહારાજે દુનિયાના લાખો લોકો સાથે સારી પેઠે સંવાદ સાધ્યો છે. ધર્મમાં ન માનતા હોય એવા લોકો પણ સમાજમાં 'બી.એ.પી.એસ.'ના પ્રદાનની અવગણના કરી શકે એમ નથી. હરીશ દવે કહે છે, "બાપા એક દક્ષ વહીવટકર્તા, અસાધારણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, મહાન સંયોજક અને સખત રીતે કામ લેનાર છે, પણ તેમનો અવાજ ક્યારેય ઊંચો થતો નથી."

કાયદાકીય કામમાં મદદ કરનાર ઉપેન્દ્ર ભટ્ટ ઉમેરે છે, "સ્વામીશ્રીની યાદશક્તિ તીવ્ર અને સામાન્ય સમજ ઘણી સાબૂત છે, જેના કારણે કાયદાકીય ગૂંચો ઉકેલવામાં ઘણી મદદ મળે છે."

### શ્રદ્ધા

ભક્તોને તેમના ગુરુ-પ્રમુખસ્વામી મહારાજમાં ભરપૂર શ્રદ્ધા છે. તેમના શબ્દો આજ્ઞા સમાન હોય છે. તેમની સલાહનું અનુસરણ જ કરવાનું હોય છે. સ્વામીશ્રી પ્રત્યેની શ્રદ્ધા, સામાન્ય જીવનમાં પણ પરસ્પર મદદરૂપ થાય છે. અને ભગવાન વિષે પણ શ્રદ્ધા અને વિશ્વાસ ઊભો કરે છે, જેના પરિણામે તેઓ જીવનનાં અશક્ય લાગતાં સારાં લક્ષ્ય પાર પાડી શકે છે. તેમનામાં મજબૂત ઇચ્છા-શક્તિ ઊભી થાય છે, જે તેમને લાંબા સમયનાં દૂષણોથી છૂટકારો અપાવે છે. કુટુંબમાં અને કુટુંબની બહાર, સારું વાતાવરણ રહે, એકબીજાને માન અપાય, મદદરૂપ થવાય આ બધી સારી બાબતો થાય છે. સમાજ અને સંસ્થા માટે સ્વૈચ્છિક રીતે મદદ કરવાની પ્રેરણા મળે છે. પછી એ કચ્છના ભૂકંપગ્રસ્તો હોય કે ગાંધીનગરના અક્ષરધામ મંદિરનું બાંધકામ હોય. જ્યારે જ્યારે પરિસ્થિતિની માગ ઊભી થાય છે ત્યારે ત્યારે સાનુકૂળ પ્રતિભાવ અપાયો છે.

આ બધું થાય છે એમાં ગુરુ – પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા જ કારણભૂત છે. તેઓ જ્યાં હોય ત્યાંથી – ભારતમાં હોય કે ભારત બહાર – તેમના અનુયાયીઓ સાથે સતત સંપર્કમાં રહે છે. એક સ્થળેથી બીજા સ્થળે તેઓ સતત વિચરણ કરતા રહે છે. ટેલિફોન દ્વારા, પત્રો દ્વારા અને વ્યાપક જનસંપર્કની પદ્ધતિઓ દ્વારા સતત સંવાદ સાધતા રહે છે.

એક ખેડૂત પુત્રની કથા અહીં પૂરી નથી થતી. આ કથા ભારતમાં સતત ચાલતી રહી છે. આ એવો દેશ છે, જ્યાં સમયે સમયે સમાજને સાચો રાહ ચીંધવા માટે દિવ્ય પુરુષોનું આગમન થતુ હોય છે. આ અનંતથી ચાલતી કથા છે.

• • •

## *પ્રમુખ સ્વામી પ્રેરિત અને ભદ્રેશ સ્વામી રચિત એકવીસમી સદીનું અભિનવ ભાષ્ય...

### જેના પર વિશ્વ વિખ્યાત 'હાવર્ડ' અને 'ઑક્સફર્ડ' યુનિવર્સિટીના વિદ્વાનો સંશોધન કરવામાં લાગી ગયા છે

થોડા સમય પહેલાં જેમનો ૧૫૦મો જન્મદિવસ દેશ આખાએ ઊજવ્યો એ સ્વામી વિવેકાનંદે કહેલું કે આપણાં ઉપનિષદો તો શક્તિની ખાણ છે... પ્રખર વિદ્વાન ઍની બેસન્ટ પણ કહેતા કે ઉપનિષદો તો માનવમગજની સર્વોચ્ચ ફળશ્રુતિ છે.

દેશ-દુનિયાના પ્રખર ચિંતકોની એક આખી પેઢી જેનાથી ભારે પ્રભાવિત હતી એવાં આપણાં શાસ્ત્રો-પુરાણો વિશે આજની પેઢી કેટલું જાણે છે ?

ઓકે, જવાબ ધારવા માટે કોઈ પ્રાઈઝ રાખવામાં આવ્યું નથી, કેમ કે જવાબ આપણને ખબર છે. જીવનની ફિલસૂફી સમજાવતાં આ પુરાણો-ગ્રંથોમાં આધુનિક પેઢીનાં રસ-રુચિ ખાસ નથી એ એક ચિંતાની બાબત છે.

જો કે ચિત્ર સાવ નિરાશાજનક તો નથી જ. નવી પેઢી એ શાસ્ત્રોનાં ગહન રહસ્ય ગરમાગરમ શીરાની જેમ ગળે ઉતારી શકે એવો એક ભગીરથ પ્રયાસ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ (બીએપીએસ) સંસ્થાના વિદ્વાન સંત ભદ્રેશદાસ સ્વામીએ કર્યો છે. એમણે ઉપનિષદો-ભગવદ્ગીતા-બ્રહ્મસૂત્રો પર ભાષ્યો રચીને એવરેસ્ટ સર કર્યું છે.

તાજેતરમાં 'સ્વામીનારાયણ ભાષ્યમ્' નામના આ ભાષ્યગ્રંથનું વિમોચન બીએપીએસ સંસ્થાના આધ્યાત્મિક વડા પૂજ્ય પ્રમુખસ્વામીએ અમદાવાદમાં કર્યું.

૨૧મી સદીના આ 'અભિનવ ભાષ્ય' વિશે કાંચીપુરમ્ ખાતેની શ્રી ચંદ્રેશેખર સરસ્વતી વિદ્યાપીઠના ઉપકુલપતિ અને વિદ્વાન પ્રાધ્યાપક વી.એસ. વિષ્ણુ પોટ્ટી નોંધે છે :

'પ્રસ્થાનત્રયી પર રચાયેલું આ 'સ્વામીનારાયણ ભાષ્ય' એવું મોતી છે, જેણે ભાષ્યોનાં આભૂષણોમાં આગવું સ્થાન મેળવ્યું છે. અથાગ પરિશ્રમ અને સમાધિનું આ પરિણામ છે.'

શું છે આ ભાષ્ય ?

આ સમજતાં પહેલાં પ્રસ્થાનત્રયી શબ્દનું મહત્ત્વ સમજવું જરૂરી છે. સાવ સરળ ભાષામાં કહીએ તો હજારો વર્ષોથી ભારતીય ચિંતન અને જીવનશૈલી પર દસ ઉપનિષદ, ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્રો-આ ૧૨ ગ્રંથનો આગવો પ્રભાવ રહ્યો છે. ઉપનિષદ-ભગવદ્ગીતા-બ્રહ્મસૂત્ર એ ત્રણેને પ્રસ્થાનત્રયી તરીકે ઓળખવામાં આવે છે. ત્રયી એટલે ત્રણ અને પ્રસ્થાન એટલે રસ્તો-માર્ગ. ટૂંકમાં, તત્ત્વજ્ઞાનને સમજવાના ત્રણ રસ્તા એટલે પ્રસ્થાનત્રયી.

વેદધર્મના પાયારૂપ આ ઉપનિષદ-ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર પર ભાષ્યો રચે એને આચાર્ય કહેવાય છે. પ્રસ્થાનત્રયી પર સૌપ્રથમ અને શ્રેષ્ઠ ભાષ્ય રચનારા શ્રી શંકરાચાર્ય માનવામાં આવે છે. શંકરાચાર્ય ઉપરાંત રામાનુજાચાર્ય, માધવાચાર્ય, નિમ્બાકાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનંદાચાર્ય વગેરે તમામ પ્રસિદ્ધ આચાર્યોએ આ પદ્ધતિને અનુસરીને પોતાના સંપ્રદાયના ભાષ્યગ્રંથ રચ્યા છે.

પ્રમુખ સ્વામી પ્રેરિત ભદ્રેશદાસ સ્વામીએ આ પરંપરામાં દસ ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ગીતા તથા બ્રહ્મસૂત્ર-એ પ્રસ્થાનત્રયી પર મૌલિક 'સ્વામીનારાયણ ભાષ્યમ્' લખીને અનેરી સિદ્ધિ મેળવી છે.

ભાષ્ય એટલે શાસ્ત્રોમાં છપાયેલાં ગહન રહસ્યોનો સરળ ભાષામાં ઉઘાડ કરી આપતું લખાણ. કોઈએ ભાષ્ય લખવાં હોય તો એનું એક ચોક્કસ શાસ્ત્રીય માળખું નિશ્ચિત છે. ગમે એવાં વ્યાખ્યાનને ભાષ્ય ગણવામાં નથી આવતાં. ભાષ્યકાર પાસે બૌદ્ધિક પરિપક્વતા,

સૈદ્ધાંતિક સ્પષ્ટતા તથા શાસ્ત્રનૈપુણ્ય હોવાં જરૂરી છે. ખાસ કરીને સંસ્કૃત ભાષામાં લખાયેલાં ઉપનિષદ-ગીતા-બ્રહ્મસૂત્ર જેવાં તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો પર ભાષ્ય કરવું હોય તો ભાષ્યકાર સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્ણમીમાંસા તથા વેદાંત જેવાં ષડ્દર્શનમાં માહેર હોવો જોઈએ. વૈદિક તત્ત્વજ્ઞાનનાં આ છ શાસ્ત્ર ષડ્દર્શન તરીકે પ્રચલિત છે. આટલો અભ્યાસ કરતાં કરતાં તો કદાચ માનવીનું આયખું વીતી જાય....

સંસ્કૃતમાં લખાયેલા આ 'સ્વામિનારાયણ ભાષ્ય'ની સરળ અંગ્રેજી સહિત ભારતની વિવિધ ભાષામાં એનાં ભાષાંતર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.


વિવિધ ભાષાઓમાં રજૂ થનાર મૌલિક ભાષ્ય વર્તમાન પેઢીને, અભ્યાસુને કેવી રીતે મદદરૂપ થશે ? તેના રચયિતા ભદ્રેશ સ્વામી જવાબ આપતાં કહે છે :

'બે રીતે આ ભાષ્ય ઉપયોગી નીવડશે : જીવનની સમસ્યાના કાયમી ઉકેલ તરીકે અને આવનારાં અનેક વર્ષો સુધી સંશોધનની પ્રેરણા તરીકે.'

પોતાની વાત સ્પષ્ટ કરતાં એ કહે છે કે હવે એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે ભૌતિકવાદનાં વધતાં જતાં આક્રમણ સામે આધ્યાત્મિકતા જ ઝીંક ઝીલી શકશે. આ ભાષ્ય બ્રહ્મવિદ્યાની સ્પષ્ટ અને મૌલિક સમજ આપે છે. જે આ સમજ હૈયે ઉતારશે એને જીવનની સર્વે સમસ્યાનાં સમાધાન મળી શકશે એ નિર્વિવાદ છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી પ્રેરિત ગહન સંશોધન આધારિત આ ભાષ્ય દેશ-વિદેશની વિદ્યાપીઠોમાં આ અંગે સંશોધન કરી રહેલા અનંક વિદ્વાનોને પાયાની માહિતી પૂરી પાડશે અને આ દ્વારા ઈતિહાસમાં ધરબાયેલા ખજાનામાંથી અજાણ્યાં અનન્ય રત્નો મળી આવશે, જે પૃથ્વી પરના માનવસમાજને ઉજાગર કરશે.

*સાભાર : 'ચિત્રલેખા' • ૨૪ જૂન, ૨૦૧૩ • લેખક : શ્રી કેતન મિસ્ત્રી


આનંદિત મુદ્રામાં સ્વામીશ્રી

# ૧૧. શાંતિ, પ્રેમ અને પવિત્રતાની યુગમૂર્તિ

પ્રમુખસ્વામી મહારાજ આપણા સમયના ‘યુગપુરુષ’ છે. આદર્શ સાધુનું તેઓ ઉત્તમ ઉદાહરણ છે. દુનિયાભરમાં સંખ્યાબંધ ભક્તો અને અનુયાયીઓ માટે તેઓ ‘આદર્શ ગુરુ’ પણ છે.

સ્વામીશ્રીને મળી ચૂકેલા આજના કેટલાક નેતાઓના આંતરિક અનુભવની વાતો નીચે આલેખી છે. આ વિગતો લેખકને બ્રહ્મવિહારી સ્વામી પાસેથી પ્રાપ્ત થઈ છેઃ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શાંતિ, પ્રેમ અને પવિત્રતાની મૂર્તિ છે. આવા ઉદાત્ત આધ્યાત્મિક મહાપુરુષના રૂબરૂ સંપર્કમાં આવવાનું માન મને મળ્યું છે. આ એવું મહાન વ્યક્તિત્વ છે, જે પોતાના જ દાખલાથી તેમજ જ પ્રેમભર્યા આદેશોથી અસંખ્ય ભક્તો અને અનુયાયીઓને ધર્મના માર્ગે પ્રવૃત્ત થવા, નૈતિક જીવન જીવવા સતત માર્ગદર્શન આપે છે. માનવજાતના મહત્તમ કલ્યાણ તરફ દોરી જાય છે.

સ્વામીશ્રી પૂજનીય સંત છે. એમનું વ્યક્તિગત જીવન અને રોજેરોજનો ‘વ્યવહાર’ સાધુઓ અને સંન્યાસીઓ માટે ઉત્તમ દાખલો પૂરો પાડે છે. લગભગ ૨૦૦ વર્ષ પહેલાં શરૂ થયેલી વિશ્વ વિખ્યાત આધ્યાત્મિક અને સદાચારની ઝુંબેશનો દોર સંભાળી રહ્યા હોવા છતાં, મેં જોયું છે કે, પ્રમુખસ્વામી મહારાજનો સ્વભાવ અત્યંત સાદો, સરળ, નમ્ર છે. પોતાની જાતનું એમણે જરાયે મહત્ત્વ રાખ્યું નથી. આ બાબતોસર, તેમના સમાગમમાં આવવાનું બને ત્યારે મને અત્યંત આનંદ થાય છે. જવાબદારીનો ઘણો મોટો ભાર પોતાના ખભા પર સરળતાથી તેઓ ઉપાડે છે, કારણ સર્વોચ્ચ ગુરુ ભગવાન સ્વામિનારાયણને તેઓ પૂર્ણપણે સમર્પિત છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે પોતે તો દિવ્ય શક્તિની દિવ્ય ઈચ્છા પૂરી કરવાનું સાધનમાત્ર છે. ભગવાનને પોતાને પણ એ જોઈને પ્રસન્નતા થતી હશે કે તેમના પરમ ભક્ત પ્રમુખસ્વામી મહારાજ તેમના આધાર વગર ક્યાંય જતા નથી ને અગત્યના પ્રસંગોએ જે કોઈ પણ મંચ કે પ્લેટફોર્મ પર સ્વામીશ્રી બિરાજતા હોય ત્યાં ભગવાનની બેઠક હંમેશ હોય જ છે. ભગવાનની હાજરીને જ પરમ મહત્ત્વની ગણવામાં આવે છે.

તેઓ સાધુત્વનો, મૈત્રીભાવનો, વિશ્વ-પ્રેમનો કેવો મોટો તેજપૂંજ છે એની અનુભૂતિ

તેમને મળનાર અને તેમની નજીક આવનાર સૌ કોઈને થાય છે. ભગવાન રામ 'મર્યાદા પુરુષોત્તમ' ગણાય એ આપણે બધાએ સાંભળ્યું છે. પ્રમુખસ્વામી મહારાજમાં વર્તમાન યુગના 'મર્યાદા પુરુષ'નાં દર્શન થાય છે. તેઓ આદર્શ સાધુ છે. દુનિયાભરમાં સંખ્યાબંધ અનુયાયીઓ માટે આદર્શ ગુરુ છે. વિશાળ જનસમૂહ માટે તેઓ આદર્શ આધ્યાત્મિક માર્ગદર્શક છે. તેમનામાં આપણે સંપૂર્ણ સમર્પિત ભક્તનાં દર્શન કરીએ છીએ. મહાન ગુરુ પરંપરાનું તેઓ નખશિખ અનુસરણ કરે છે.

## આજના આધ્યાત્મિક વિશ્વના પ્રેરણા પુરુષ

તેઓ આજના આધ્યાત્મિક વિશ્વના પ્રેરણા પુરુષ છે. તેમનામાં કેવી 'દૈવી સંપદા' છે એનું દર્શન, કોઈ પણ મળવા જનારને તેઓ ભાવથી જે માન આપે છે તેમાં જોવાય છે. તેઓ એક સાથે મહાન ભક્ત, મહાન સંત, આદર્શ પુરુષ અને સારપ સાથેનું ધર્મનું અજબ સંમિશ્રણ છે.''

**- સ્વામી ચિદાનંદજી મહારાજ**
(ડિવાઈન લાઈફ સોસાયટી, હૃષીકેશ)

## પ્રેમ, સરળતા ને નમ્રતાની સુંદર મૂરત

''હું જ્યારે શ્રી પ્રમુખસ્વામી મહારાજને મળ્યો ત્યારે મને આધ્યાત્મિક રીતે ખૂબ ઉન્નત અવસ્થાએ પહોંચેલી વ્યક્તિને મળ્યાની લાગણી થઈ. એમની સાથેનો મારો ટૂંકો પરિચય તેઓ પ્રેમ, સરળતા ને નમ્રતાની કેવી સુંદર મૂરત હતા તે જાણવા માટે પૂરતો હતો. આવું પૂર્ણ વિકસિત વ્યક્તિત્વ જ સમાજના તમામ વર્ગોને એકબીજાની નજીક લાવી શકે. એકબીજામાં ભાઈચારાની લાગણી ઊભી કરી શકે. દરેક માણસમાં ઈશ્વરના અંશનો અહેસાસ કરાવી શકે. તેઓ તમામને ચાહે છે અને તેથી જ તેમને તમામનો ભરપૂર પ્રેમ મળે છે.''

**- આચાર્યશ્રી વિબુધેશતીર્થજી મહારાજ**

## સંતત્વના આદર્શને નવો આયામ

''આપણા દેશના આધ્યાત્મિક તાજ જેવું દુર્લભ ઝવેરાત ધરાવનાર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કોઈ ઓળખાણની જરૂર નથી. ભગવાન સ્વામિનારાયણના પાંચમાં કર્ણધાર એવા આ મહાન સંતે તેમની માનવીય મહત્તા, આધ્યાત્મિક જીવન, ભગવાનને જ પામવા માટેનું એકમાત્ર લક્ષ્ય વગેરે બાબતોથી પોતાનું અનેરું સ્થાન પોતે જ નક્કી કરી લીધું છે. મહત્ત્વની વાત એ છે કે આ મહા-ગુણ સાથે માનવજાતની સેવા કરવાની વાતનું પણ ઘણું મહત્ત્વ છે અને તે સ્વામીજીએ અનેક રીતે અનેક વખત બતાવ્યું છે. પોતાના અનુયાયીઓ માટેની અસામાન્ય

લાગણી સાથે એમણે સંતત્વના આદર્શને નવો જ આયામ આપ્યો છે. ધમ્મપદ કહે છે : "અલૌકિક વ્યક્તિઓ સહેલાઈથી નથી મળતી. દરેક જગ્યાએ જન્મ નથી લેતી. જ્યારે જ્યારે આવા સંત પેદા થાય છે, ત્યારે આખી માનવજાત સમૃદ્ધ થાય છે.' આ શબ્દો કેટલા સાચા છે! સ્વામીજીની કૃપાથી જેમને લાભ થયો હોય એવી વ્યક્તિઓ અગણિત છે. સ્વામીજી માનવસેવામાં જ પ્રભુસેવા જુએ છે. સ્વામીજીના પ્રતાપે માનવજાત ખરેખર સમૃદ્ધ થઈ છે."

**- પૂજ્ય વરદ યતિરાજ જીઅર સ્વામી**

## ભગવાન સ્વામિનારાયણી પ્રતિકૃતિ

'પરમ પ્રભુ નારાયણ, વાસ્તવમાં તેમની કૃપાભાવનાના કારણે મનુષ્ય દેહ ધારણ કરે છે અને દુઃખોના દરિયામાં ડૂબી ગયેલી માનવજાતને હાથ પકડીને બહાર લાવે છે. તેમના હાથ એ જ ધર્મગ્રંથો.'

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવનનો અભ્યાસ કરીએ ત્યારે ઉપરોક્ત શબ્દોની યથાર્થતા બરાબર સમજાય છે. કઈ રીતે તેઓશ્રી ભગવાન સ્વામિનારાયણની પ્રતિકૃતિ છે, કઈ રીતે તેઓશ્રી બધાની સાથે - યુવાન અને વૃદ્ધ, ભણેલા અને અભણ બધાની સાથે સંવાદ સાધે છે, કઈ રીતે તેઓશ્રી તેમના પોતાના જીવન દ્વારા, ઉપદેશો અને લખાણો દ્વારા ભગવાન પ્રત્યે દરેકમાં શ્રદ્ધા ઊભી કરે છે, આ બધી વાતોનો સુપેરે ખ્યાલ આવે છે. તેઓશ્રીનાં પ્રવચનો, સેમિનારો, સામયિકો અને ધાર્મિક પુસ્તકોનાં પ્રકાશન, બધામાંથી તેઓશ્રીની સુવાસ પ્રકટ થાય છે. કોઈ દુન્યવી ચીજની એમને જરા પણ સ્પૃહા નથી અને તેથી જ, અનુયાયીઓ અને પ્રશંસકો દ્વારા જે કંઈ આપવામાં આવે છે તે બધું તેઓ માનવમાત્ર અને પ્રાણીમાત્રના ભલા માટે જ વાપરી નાખે છે.

**ડૉ. શ્રીનિવાસ રાઘવન્**

(રામાનુજ વેદાંતના પ્રખર વિદ્વાન)

## નમ્ર, સંતપુરુષ, મહાન માનવ

"અહા, કેવા નમ્ર સંતપુરુષ ! કેવા મહાન માનવ ! આવાં વ્યક્તિત્વો જવલ્લે જ જોવા મળે છે. આપણાં દેશનો આ બહુ દુર્લભ આત્મા છે. મારા જીવનમાં જોયેલા અત્યંત પ્રભાવી મહામાનવ છે. પ્રમુખસ્વામી બહુ જ સમર્પિત, આધ્યાત્મિક રીતે ખૂબ આગળ વધેલા મહાત્મા છે."

**- સ્વામી આત્માનંદ**

(રામકૃષ્ણ મિશન)

## માનવજાતના મોટા સેવક

"આનંદનો અને સારપનો સંદેશ પ્રસારીને આપની સંસ્થા માનવજાતની ઘણી મોટી સેવા કરી રહી છે. એ ખરેખર નોંધપાત્ર છે કે સ્વામિનારાયણ ઝુંબેશ મર્યાદિત નથી રહી, સમગ્ર સમાજમાં વિસ્તરી છે. સમાજની બુરાઈઓ સામે તેમજ શાંતિ અને સંવાદિતા માટે ઘેર ઘેર આ ઝુંબેશ પહોંચીછે."

**- શ્રી દલાઈ લામા**

## પોતાના નામ કે કીર્તિ માટે નહીં, સમાજ માટે કર્મરત

"સ્વામીજીએ પોતાના નામ માટે કે પોતાની કીર્તિ માટે કંઈ જ નથી કર્યું, પરંતુ દૂષણો અને વ્યસનોમાંથી સમાજને ઊંચે લાવવા બધું જ કરી છૂટ્યા છે."

**- મુનિ સુશીલ કુમારજી**
(જૈન આચાર્ય)

## આદિશંકરાચાર્ય પછી બીજી મોટી ક્રાંતિના સર્જક

"હું નિઃશંકપણે કહું છું કે આદિ શંકરાચાર્ય પછી, પ્રમુખસ્વામી મહારાજ જ એવી વ્યક્તિ છે, જેઓ સમાજમાં ઘણું મોટું પરિવર્તન - ઘણી મોટી ક્રાન્તિ લઈ આવ્યા છે. માનવજાતને તેમણે કેટલું મોટું પ્રદાન કર્યું છે તે ઇતિહાસ કહેશે. પણ ઇતિહાસનું એક પાનું પૂરતું નહીં થાય, એક આખો ગ્રંથ એમના માટે અનામત રાખવો પડશે."

**- પૂજ્ય સત્યમિત્રાનંદ ગિરિ**
(સમન્વય ટ્રસ્ટના વડા)

## સૌથી મોટી ઉદાત વ્યક્તિ

પ્રમુખસ્વામી એ મને જીવનમાં મળેલી સૌથી ઉદાત્ત વ્યક્તિ છે. જો ભારતનો અને સમગ્ર માનવજાતનો મોક્ષ સિદ્ધ કરવો હોય તો, અહીં પ્રસારિત થતા મહાન આદર્શો દ્વારા જ તે થઈ શકશે.

**- નાની પાલખીવાલા**
(ભારતના ખ્યાતનામ ધારાશાસ્ત્રી)

## મહાન, પવિત્ર, આધ્યાત્મિક મહામાનવ

"ખૂબ દૂર રહ્યે રહ્યે પણ હું સ્પષ્ટ કહી શકું કે તેઓ શ્રી મહાન, પવિત્ર આધ્યાત્મિક મહામાનવ છે. નજીક જનાર દરેકને એક નખશિખ પવિત્ર હસ્તીને મળ્યાનો અહેસાસ થાય છે."

**- બોબ કપ્લાન**

(કેનેડાના સંસદસભ્ય)

## મનની ગૂંચવણોમાંથી મુક્તિદાતા

"તેઓશ્રીની હાજરીમાં હું પૂર્ણ શાંતિ અનુભવું છું. મનની તમામ ગૂંચવણોથી મારું મન મુક્ત થઈ જાયછે."

**- શ્રી હાન કોપ**

(હૉલેન્ડના સમાજશિક્ષક)

## મનની શાંતિની પ્રતીતિ

"આપણી ભૂમિ પર મનની શાંતિ સ્થાપિત કરવામાં સ્વામીશ્રીનો નોંધપાત્ર હિસ્સો છે તેની મને પ્રતીતિ થઈ છે."

**- શ્રી લીયોનાર્ડ સ્કેરસેલા**

(હ્યુસ્ટન, ટેક્સાસના મેયર)

## ભગવાનના સ્પીકર

"હું તો આ ગૃહનો સ્પીકર છું, પણ સ્વામીશ્રી તો ભગવાનના સ્પીકર છે."

**- સર જ્યોર્જ થોમસ**

(બ્રિટનની લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર)

## ભગવાનનો સાક્ષાત્કાર અનુભવેલી વ્યક્તિ

"તમે જ્યારે પ્રમુખસ્વામીના જીવન અને કાર્યો તરફ જુઓ, ત્યારે તમને પ્રતીતિ થશે કે માણસોને ભૌતિક વળગણોથી મુક્ત કરાવવા અને ભગવાન પ્રત્યે અભિમુખ કરાવવા તેઓશ્રી કેટલા મક્કમ, સંકલ્પબદ્ધ છે.

હું તેમને મળવા આવતો રહું છું, કારણ એમનામાં જરાયે અભિમાન નથી. ભગવાનને

સાક્ષાત્ અનુભવ્યા હોય એવી વ્યક્તિમાં જ આ શક્ય છે. પ્રમુખસ્વામી ભગવાનનું જ રૂપ છે. એમને સાંભળો ત્યારે તમને એવી જ લાગણી થાય કે જેમ મેલાં કપડાં ધોવા પાણીની જરૂર છે, એમ જ કાનનો મેલ ધોવા માટે સ્વામીજીની વાણી અનિવાર્ય છે.''

**- પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રી**

(શ્રીમદ્ ભાગવતના પ્રખર વ્યાખ્યાતા)

## નખશિખ આદર્શ સાધુ

''પ્રમુખસ્વામીના સંપર્કમાં આવતાં મને અદ્‌ભુત અનુભવ થયો. તેઓશ્રી નખશિખ આદર્શ સાધુ છે - સરળ, સ્પષ્ટ.''

**- પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રી**

(અખિલ ભારત સાધુ સમાજના પ્રમુખ)

## સંત, સાધુ અને મહામાનવ

''પ્રમુખસ્વામીના આદર્શ જીવનમાં સંત, સાધુ અને મહાન માનવ ત્રણેનો સંગમ છે. મેં જ્યારે તેઓશ્રીને જોયા ત્યારે નોંધ્યું કે કોઈ અહંભાવ નથી. મુક્તિનો શ્વાસ લેવા માટે આવા મહાન સંતોની છાયા આપણા બધા માટે જરૂરી છે.''

**- જ્ઞાની ઝૈલસિંઘ**

(ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ)


## ઈશ્વરભાવ પ્રેરક શુદ્ધ જીવન

''પ્રમુખસ્વામીના શુદ્ધ જીવનથી હું ખરેખર પ્રભાવિત થયો છું. તેઓશ્રી અનેક સંસ્કૃતિઓ વચ્ચેના સેતુસમા છે. તેઓશ્રીએ માત્ર સ્વામિનારાયણની પ્રણાલિકા જ જીવંત નથી રાખી, હજારો લોકોમાં આધ્યાત્મિક જાગૃતિ અને ઈશ્વરભાવ લાવવાનું અત્યંત પ્રેરણાદાયી કામ કર્યું છે. તમામ કોમો વચ્ચે પ્રેમ અને એકતાને પ્રોત્સાહન આપવાનું મહાકાર્ય તેઓશ્રીએ કર્યું છે.''

**- જે. જે. કર્યુકી**

(કેન્યાના સંસદસભ્ય)


બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શિકાગો


સ્વામીશ્રીની વિશિષ્ટ મુદ્રાદર્શન

# જીવનરેખા

## "પ્રમુખસ્વામી મહારાજના જીવનના મહત્ત્વનાં પ્રસંગો અને તારીખોની યાદી

- **૭ ડિસેમ્બર, ૧૯૨૧ :** વિક્રમ સંવત ૧૯૭૮ માગશર સુદ ૮ને બુધવાર - ગુજરાતમાં વડોદરા નજીક ચાંસદ ગામે જન્મ, નામ - શાંતિલાલ.
- **૧૬ મે, ૧૯૨૯ :** ગુરુવાર, વૈશાખ સુદ ૮, વિક્રમ સંવત ૧૯૮૬ - શાળાજીવનનો આરંભ
- **૭ નવેમ્બર, ૧૯૩૯ :** ગુરુવાર, આસો વદ ૧૧, વિક્રમ સંવત ૧૯૯૬ - અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે પાર્ષદ બનાવ્યા.
- **૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ :** બુધવાર, પોષ સુદ ૧, વિક્રમ સંવત ૧૯૯૬ - ગોંડલમાં અક્ષરદેરી ખાતે શાસ્ત્રીજી મહારાજે સાધુની દીક્ષા આપી, નવું નામ અપાયું - નારાયણસ્વરૂપ દાસ
- **૧૯૩૯-૧૯૪૬ :** સંસ્કૃતનો અભ્યાસ, શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રવાસ, મંદિર સેવા. અટલાદરા ખાતે નવા મંદિરનું બાંધકામ.
- **૧૯૪૬-૧૯૫૦ :** સાળંગપુર મંદિરના કોઠારી
- **૨૧ મે, ૧૯૫૦ :** રવિવાર, જેઠ સુદ ૪, વિક્રમ સંવત ૨૦૦૬ - પ્રમુખ તરીકે નિમણૂક - અમદાવાદ ખાતે શાસ્ત્રીજી મહારાજે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ બનાવ્યા.
- **૧૦ મે, ૧૯૫૧ :** ગુરુવાર, વૈશાખ સુદ ૪, વિક્રમ સંવત ૨૦૦૭ - શાસ્ત્રીજી મહારાજનું સાળંગપુરના અક્ષરધામ ખાતે નિધન.
- **૧૯૫૩ :** યોગીજી મહારાજ સાથે ખાસ ટ્રેનમાં યાત્રા
- **૧૯૫૯-૬૦ :** યોગીજી મહારાજ સાથે પૂર્વ આફ્રિકા ગયા.
- **૧૨ મે, ૧૯૬૧ :** ગઢડા મંદિરમાં કલશ વિધિ.
- **૬ ફેબ્રુઆરી, ૧૯૬૫ :** અટલાદરા ખાતે શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી - ઉજવણી
- **૪ મે, ૧૯૬૭ :** ગોંડલમાં યોગીજી મહારાજનો ૭૫મો જન્મદિન(અમૃત મહોત્સવ) ઉજવાયો.

- **૨૭ નવેમ્બર, ૧૯૬૮ :** મુંબઈમાં યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામીનો ૪૮મો જન્મદિન ઉજવાયો.
- **૨૨ એપ્રિલ, ૧૯૬૯ :** યોગીજી મહારાજના હસ્તે ભાદરા, જિ. જામનગર મંદિરમાં મૂર્તિ સ્થાપના.
- **૧૯૭૦ :** યોગીજી મહારાજ સાથે પૂર્વ આફ્રિકા અને યુ.કે. ગયા.
- **૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ :** શનિવાર, પોષ વદ ૧૧, વિક્રમ સંવત ૨૦૨૭ - મુંબઈના અક્ષરધામમાં યોગીજી મહારાજનું નિધન - ગોંડલમાં અગ્નિ સંસ્કાર

  - પ્રમુખસ્વામી મહારાજે ગુરુપદ સ્વીકાર્યું.
- ૩૧ **જાન્યુઆરી, ૧૯૭૧ :** સાધુની દીક્ષાની પ્રથમ વિધિ.
- **૧૭ એપ્રિલ, ૧૯૭૧ :** કોશીન્દ્રાના મંદિરમાં પ્રથમ મૂર્તિ-પ્રતિષ્ઠા.
- **૩ જૂન, ૧૯૭૧ :** સંકરી ખાતે પ્રથમ શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા.
- **૧૯૭૧ :** સ્પે. ટ્રેનમાં અખિલ ભારત યાત્રા.
- **૧૪ ડિસેમ્બર, ૧૯૭૨ :** કોલકાતા મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા.
- **૩ ડિસેમ્બર, ૧૯૭૩ :** અમદાવાદ મંદિરમાં કળશ વિધિ, ૫૬ સાધુઓને દીક્ષા.
- **૧૯૭૪ :** ત્રીજો વિદેશ પ્રવાસ - કેન્યા, ટાન્ઝાનિયા, ઝામ્બિઆ, યુ.કે., યુ.એસ.એ., કેનેડા, દક્ષિણ આફ્રિકા, મોરેશિયસ.
- **૩ ઑગસ્ટ, ૧૯૭૪ :** અમેરિકામાં પ્રથમ 'અક્ષરપુરુષોત્તમ મંદિર'ની સ્થાપના, ન્યૂયોર્ક.
- **૧૯ ઑક્ટોબર, ૧૯૭૫ :** ગોંડલમાં 'યોગી સ્મૃતિ મંદિર' ખૂલ્લું મૂકાયું.
- **૧૯૭૭ :** ચોથો વિદેશ પ્રવાસ - યુ.કે., યુ.એસ.એ., કેનેડા, દક્ષિણ આફ્રિકા, કેન્યા, ટાન્ઝાનિયા

  - લેસ્ટર, વેલીંગબરો, આસ્ટન, ન્યૂયોર્ક, દાર-એ-સલામ અને મ્વાન્ઝામાં મંદિરો સ્થપાયાં.
- **૬ ફેબ્રુઆરી, ૧૯૭૮ :** પ્રથમ ગંભીર માંદગી, મુંબઈ.
- **૧૯૭૯ :** પાંચમો વિદેશ પ્રવાસ - નેપાળ.
- **૧૯૮૦ :** છઠ્ઠો વિદેશ પ્રવાસ - કેન્યા, ટાન્ઝાનિયા, યુ.કે., યુ.એસ.એ., કેનેડા, આફ્રિકા ('ભગવાન સ્વામિનારાયણની અર્ધ-શતાબ્દી ઉજવણી' માટે)

- **૬ સપ્ટેમ્બર, ૧૯૮૦ :** બોસ્ટનમાં ડાબી આંખના મોતિયાનું ઑપરેશન
- **૨૩ સપ્ટેમ્બર, ૧૯૮૦ :** બોસ્ટનમાં જમણી આંખના મોતિયાનું ઑપરેશન
- **માર્ચ - એપ્રિલ, ૧૯૮૧ :** 'ભગવાન સ્વામિનારાયણનો દ્વિ-શતાબ્દી મહોત્સવ', અમદાવાદમાં ૩૭ દિવસની ભવ્ય ઉજવણી, ૨૦૭ યુવકો પાર્ષદોને, પાર્ષદ તથા ભાગવતી દીક્ષા.
- **૧૯ એપ્રિલ, ૧૯૮૧ :** સાળંગપુરમાં 'યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિર'નું ઉદ્‌ઘાટન
- **૮ સપ્ટેમ્બર, ૧૯૮૧ :** મુંબઈમાં પિત્તાશયનું ઑપરેશન
- **માર્ચ, ૧૯૮૨ :** ૭મો વિદેશ પ્રવાસ - યુનાઈટેડ આરબ અમિરાત
- **એપ્રિલ, ૧૯૮૨ :** ૮મો વિદેશ પ્રવાસ - યુ.કે. - લંડનમાં નિસડનનું નવું મંદિર ખૂલ્લું મુકાયું.
- **મે, ૧૯૮૨ :** બોચાસણ ખાતે બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની ૭૫મી જન્મ-જયંતી
- **૩૧ ઑક્ટોબર, ૧૯૮૨ :** ગોંડલમાં 'અક્ષરદ્વાર'નું ઉદ્‌ઘાટન
- **૫ ફેબ્રુઆરી, ૧૯૮૩ :** સુંદલપુરા (જિ. વડોદરા)માં હૃદયરોગનો હુમલો
- **૧૨ ડિસેમ્બર, ૧૯૮૩ :** મુંબઈમાં 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા
- **૧૯૮૪ :** ૯મો વિદેશ પ્રવાસ - કેન્યા, યુ.કે., ઇટાલી, બેલ્જિયમ, હૉલેન્ડ, પોર્ટુગલ, યુ.એસ.એ., કેનેડા, ફીજી, ઑસ્ટ્રેલિયા, જાપાન, હૉંગકોંગ, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર.

  - પ્રેસ્ટન (યુ.કે.), શિકાગો અને લોસ એન્જેલસમાં મંદિરો સ્થપાયાં.
- **૭ એપ્રિલ, ૧૯૮૪ :** વેટિકન ખાતે પોપ જ્હોન પોલ (બીજા) સાથે મુલાકાત.
- **માર્ચ-એપ્રિલ, ૧૯૮૫ :** ૧૦મો વિદેશ પ્રવાસ - યુ.એ.ઈ.
- **જુલાઈ-ઑગસ્ટ, ૧૯૮૫ :** ૧૧મો વિદેશ પ્રવાસ, યુ.કે.

  - લંડનના એલેક્ઝાન્ડ્રા પાર્કમાં 'ભારતનો સાંસ્કૃતિક મહોત્સવ'

  - ૩૩ દિવસની ભવ્ય ઉજવણી
- **૨૦ જુલાઈ, ૧૯૮૫ :** લંડનના ક્યુ.પી.આર સ્ટેડિયમમાં 'સુવર્ણતુલા મહોત્સવ'
- ઑક્ટો.-ડિસેમ્બર, ૧૯૮૫ : અમદાવાદમાં 'ગુણાતીતાનંદ સ્વામીનો દ્વિ-શતાબ્દી મહોત્સવ' - ૩૩ દિવસની ઉજવણી
- **૧૧ એપ્રિલ, ૧૯૮૬ :** મુંબઈમાં જમણા સાથળમાંથી ગાંઠ કાઢવાનું ઑપરેશન

- **ઑગસ્ટ-સપ્ટે., ૧૯૮૭ :** ઉત્તર ભારતની યાત્રા
- **૧૯૮૭-૮૮ :** ગુજરાતમાં પશુકલ્યાણ કેન્દ્રો - કેટલ કેમ્પ અને દુષ્કાળ રાહતની કામગીરી
- **૧૯૮૮ :** ૧૨મો વિદેશ પ્રવાસ - યુ.કે., ફ્રાન્સ, પોર્ટુગલ, સ્પેન, સ્વિટ્ઝરલેન્ડ, ઑસ્ટ્રીઆ, પશ્ચિમ જર્મની, સ્વીડન, નોર્વે, યુ.એસ.એ., કેનેડા, ટ્રેનીડાડ (વેસ્ટ ઈન્ડિઝ), કેન્યા, ટાન્ઝાનિયા, ઝામ્બિયા, દક્ષિણ આફ્રિકા, મોરેશિયસ

  - બ્રિટન અને કેનેડાની સંસદમાં બહુમાન

  - એટલાન્ટ અને હ્યુસ્ટનમાં મંદિરો સ્થપાયાં.
- **મે, ૧૯૮૯ :** આંતર્‌રાષ્ટ્રીય બાળ-સંમેલન, વિદ્યાનગર
- **મે, ૧૯૯૦ :** ૧૩મો વિદેશ પ્રવાસ - યુ.કે., યુ.એસ.એ., કેનેડા

  - બોસ્ટન, ટોરન્ટો, બર્મિંગહામમાં મંદિરો સ્થપાયાં.
- **૧૯૯૧ :** ૧૪મો વિદેશ પ્રવાસ - યુ.કે., યુ.એસ.એ., કેનેડા, કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા, દ.આફ્રિકા.

  - લંડનમાં 'શિખર મંદિર'નો શિલાન્યાસ

  - એડિસન, એલ્ડોરેટ, કમ્પાલા, જિન્જા, જહોનિસબર્ગમાં મંદિરો સ્થપાયાં.
- **જુલાઈ-ઑગસ્ટ ૧૯૯૧ :** ન્યૂ જર્સી, એડિસન ખાતે 'સાંસ્કૃતિક મહોત્સવ' - ૩૧ દિવસની ઉજવણી.
- **૨૦ જુલાઈ, ૧૯૯૧ :** ન્યૂ જર્સી, એડિસનમાં 'પ્લેટિનમતુલા મહોત્સવ'
- **૩૦ ઑગસ્ટ, ૧૯૯૨ :** યુરોપમાં પ્રથમ હિંદુ શાળા શરૂ થઈ - યુરોપ 'સ્વામિનારાયણ ઈન્ડીપેન્ડન્ટ સ્કૂલ' - લંડનમાં નિસડનના ડૉક્ટર સ્વામીએ ઉદ્‌ઘાટન કર્યું.
- **ઑક્ટો.-નવે., ૧૯૯૨ :** ગાંધીનગરમાં 'યોગીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ'

  - ૩૪ દિવસની ઉજવણી

  - ૧૨૫ સાધુઓને દીક્ષા
- **નવેમ્બર ૨, ૧૯૯૨ :** ગાંધીનગરમાં 'અક્ષરધામ સાંસ્કૃતિક સંકુલ'નું ઉદ્‌ઘાટન
- **૧૯૯૩-૯૪ :** નવી દિલ્હીના મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા

- **૧૯૯૪ :** ૧૫મો વિદેશ પ્રવાસ - યુ.કે., યુ.એસ.એ., કેનેડા, સ્વીડન, ઝેક રિપબ્લિક, કેન્યા

  - ઓર્લેન્ડો, ડલાસ, સાનહોઝેમાં મંદિરો સ્થપાયાં.
- **ઑક્ટોબર, ૧૯૯૪ :** વિદ્યાનગરમાં આંતરરાષ્ટ્રીય યુવક અધિવેશન
- **૧૦ ડિસેમ્બર, ૧૯૯૪ :** મહેસાણાના 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા
- **૧૯૯૫ :** ૧૬મો વિદેશ પ્રવાસ - યુ.કે., કેન્યા, ફ્રાન્સ, જર્મની, દ. આફ્રિકા

  - લંડનમાં 'મંદિર મહોત્સવ'
- **૨૦ ઑગસ્ટ, ૧૯૯૫ :** લંડનમાં નિસડનના 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા
- **નવે.-ડિસે., ૧૯૯૫ :** મુંબઈમાં 'પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ' (૭૫મો જન્મદિન ઉજવાયો)
- **માર્ચ, ૧૯૯૬ :** સાત મંદિરોમાં મૂર્તિ-પ્રતિષ્ઠા
- **જાન્યુઆરી, ૧૯૯૭ :** સુરતના 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા
- **મે, ૧૯૯૭ :** પ્રમુખસ્વામી મહારાજનો મધ્ય-પૂર્વનો પ્રવાસ - સાંસ્કૃતિક વિનિમય અને પરસ્પર સમજણ માટે.
- **નવેમ્બર, ૧૯૯૭ :** લંડનના નિસડન સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવ
- **ડિસેમ્બર, ૧૯૯૭ :** લંડનનાં બર્મિંગહામ પેલેસ અને સેઈન્ટ જેમ્સ પેલેસ ખાતે પ્રિન્સ ચાર્લ્સ અને ફિલીપ દ્વારા પ્રમુખસ્વામી મહારાજનું સ્વાગત.
- **જૂન, ૧૯૯૮ :** પ્રમુખસ્વામી મહારાજ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં
- **સપ્ટેમ્બર, ૧૯૯૮ :** ન્યૂયોર્ક, અમેરિકામાં બાય પાસ ઑપરેશન પછી સ્વસ્થતા ધારણ કરતા સ્વામીશ્રી.
- **જાન્યુઆરી, ૧૯૯૯ :** મેહળાવ, 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા
- **મે, ૧૯૯૯ :** ૨૦મી સદીની એક અજાયબી - લંડનનું સ્વામિનારાયણ મંદિર, ('ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ'નો ઍવોર્ડ)
- **ઑગસ્ટ, ૧૯૯૯ :** 'બી.એ.પી.એસ.' દ્વારા સૌરાષ્ટ્રમાં વિશાળ જળ-સંચય યોજના હાથ ધરાઈ.

- **સપ્ટેમ્બર, ૧૯૯૯ :** દક્ષિણ આફ્રિકામાં ડર્બન ખાતે સ્વામિનારાયણ મંદિરના અર્પણ વિધિ પ્રસંગે સાંજે ભવ્ય શોભાયાત્રા
- **જાન્યુઆરી, ૨૦૦૦ :** વલસાડ જિલ્લામાં કોસંબા (તિથલ)ના દરિયાકિનારે બંધાયેલા સુંદર નવા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે મૂર્તિ-પ્રતિષ્ઠા.
- **ઑગસ્ટ, ૨૦૦૦ :** 'ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ' દ્વારા પ્રમુખસ્વામી મહારાજનું બહુમાન.
- **સપ્ટેમ્બર, ૨૦૦૦ :** "આપણે બીજાઓના ભોગે પ્રગતિ ન કરીએ, પણ બીજાઓના ભલા માટે આપણો કંઈ ભોગ આપીએ."

  સંયુક્ત રાષ્ટ્ર સંઘના ન્યૂયોર્ક ખાતેના એસેમ્બ્લી હૉલમાં 'સહસ્રાબ્દી વિશ્વ શાંતિ શિખર પરિષદ'ની ઉદ્‌ઘાટન બેઠકને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સંબોધી.
- **ઑક્ટોબર, ૨૦૦૦ :** પ્રમુખસ્વામી મહારાજ અને પ્રમુખ બિલ ક્લિન્ટન વચ્ચે શાંતિ-વાર્તા.
- **ડિસેમ્બર, ૨૦૦૦ :** નવી દિલ્હીમાં 'અક્ષરધામ'નો શિલાન્યાસ-વિધિ. નવી દિલ્હીમાં મંદિર બાંધવાના યોગીજી મહારાજના સ્વપ્નને સાકાર કરતા પ્રમુખસ્વામી મહારાજ.
- **એપ્રિલ, ૨૦૦૧ :** વ્યાપક ધોરણે 'બી.એ.પી.એસ.' દ્વારા હાથ ધરાયેલું ભૂકંપ-રાહતનું કામ.
- **જુલાઈ, ૨૦૦૧ :** સાંકરી ખાતે મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવમાં 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા.
- **ફેબ્રુઆરી, ૨૦૦૨ :** ગઢડા ખાતે પ્રમુખસ્વામી મહારાજની ભવ્ય ઉપસ્થિતિમાં 'સ્વામિનારાયણ મહામંત્રની દ્વિ-શતાબ્દી ઉજવણી'
- **એપ્રિલ, ૨૦૦૨ :** ન્યુઝિલૅન્ડમાં ઑકલેન્ડ ખાતે 'શિખર મંદિર'માં મૂર્તિ-પ્રતિષ્ઠા વિધિ
- **સપ્ટેમ્બર, ૨૦૦૨ :** અમદાવાદ સ્વામિનારાયણ મંદિરમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ પ્રમુખસ્વામી મહારાજને મળે છે.
- **ફેબ્રુઆરી, ૨૦૦૩ :** મુંબઈમાં 'યોગીજી એસેમ્બ્લી હૉલ'નું ઉદ્‌ઘાટન
- **માર્ચ, ૨૦૦૩ :** 'યમુનાના કાંઠે મંદિર બંધાવું જોઈએ' - નવી દિલ્હીના 'શિખર મંદિર' ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા કરીને પ્રમુખસ્વામી મહારાજે આ સ્વપ્ન સાકાર કર્યું.

- **મે, ૨૦૦૩ :** ૨૦૦૩ની ૧૨-૨૧ ફેબ્રુઆરી દરમિયાન ખાનદેશમાં સ્વામીશ્રીનું વિચરણ. ધુલિયાના છાત્રાલય ખાતે સત્સંગસભામાં સ્વામીશ્રી. સાતસો સંતોનો દીક્ષાંક પૂર્ણ થયો.
- **જુલાઈ, ૨૦૦૩ :** ૭૦૦ 'બી.એ.પી.એસ.' સાધુઓ - સમાજને પ્રમુખસ્વામી મહારાજની ભેટ
- **ફેબ્રુઆરી, ૨૦૦૪ :** પ્રમુખસ્વામી મહારાજ અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિની હાજરીમાં બી.એ.પી.એસ.ના બાળ-મંડળની સુવર્ણ જયંતીની ઉજવણી.
- **સપ્ટેમ્બર, ૨૦૦૪ :** હ્યુસ્ટન અને શિકાગોમાં શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા.
- **જાન્યુઆરી, ૨૦૦૫ :** દક્ષિણ ભારતમાં સુનામીથી અસર પામેલા લોકોને સહાય.
- **જુલાઈ - ૨૦૦૫ :** ગુજરાતમાં પૂરની આફતથી અસર પામેલા લોકોને સહાય

  અમેરિકામા 'ન્યૂ ઓર્લિએન્સ'માં દરિયાઈ વાવાઝોડાથી અસરગ્રસ્ત લોકોને સહાય

  દક્ષિણ ભારતના કન્યાકુમારીમાં સુનામી અસરગ્રસ્તોને ૨૫૦ ગાયોનું વિતરણ
- **ઑગસ્ટ, ૨૦૦૬ :** ચેન્નાઈના સુનામી અસરગ્રસ્ત બે ગામોમાં ૨૫૪ ઘરનું લોકાપર્ણ રાજ્યપાલ શ્રી બરનાલાના વરદહસ્તે
- **જાન્યુઆરી, ૨૦૦૭ :** ૨૩મી જાન્યુઆરીએ પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વસંત પંચમીની ઉજવણી. શાસ્ત્રીજી મહારાજના જન્મદિવસ અને ગુણાતીતાનંદ સ્વામીની સ્મૃતિમાં બંધાયેલ 'અક્ષર દેરી'ની પ્રતિષ્ઠાના વાર્ષિક દિન નિમિત્તે આ ઉજવણી કરવામાં આવી.

  સ્વામીશ્રીએ આશીર્વચન આપતાં કહ્યું, "ભગવદ્ ગીતાના ૮મા અધ્યાયમાં અક્ષરબ્રહ્મ યોગ અને ૧૫મા અધ્યાયમાં પુરુષોત્તમ યોગનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. શાસ્ત્રીજી મહારાજે તેને અનુમોદન આપ્યું અને આત્મસાત કર્યા."
- **જૂન, ૨૦૦૭ :** ૨૪-૩૦ જૂન દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે અમેરિકાના હાઉસ્ટનના 'બી.એ.પી.એસ.' મંદિરની મુલાકાત લીધી. ૩૦મી જૂને સ્વામીશ્રી અને ૪,૦૦૦ અનુયાયીઓની હાજરીમાં ત્રિવાર્ષિક ઉજવણી થઈ. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા: "આધ્યાત્મિક સંપત્તિ વિકસાવો અને આવી સંપત્તિ, સંસ્કાર અને મૂલ્યો તમારા બાળકોને વારસામાં આપો."

- **જુલાઈ, ૨૦૦૭ :** ૨૨મી જુલાઈએ કેનેડામાં તત્કાલીન વડાપ્રધાન સ્ટીફન જે. હાર્પરની હાજરીમાં પ્રથમ શિખરબદ્ધ 'બી.એ.પી.એસ.' મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ યોજાઈ. ૧૬૨ દેશોમાં સમારંભનું જીવંત પ્રસારણ થયું. પ્રતિષ્ઠા સમારંભ સભામાં સ્વામીશ્રીએ આશીર્વચન આપ્યા, "શ્રીજી મહારાજે ધરતી પર અવતાર લીધો અને આધ્યાત્મિક જ્ઞાનની જરૂરિયાતને પુનર્જીવિત કરી."
- **જુલાઈ ૨-૧૫, ૨૦૦૭ :** પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં જેકસનવિલે, ફ્લોરીડા ખાતે બાળ-કિશોર-યુવા સંમેલનો. અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના ૮,૦૦૦ બાળકો, કિશોરો અને યુવાનોએ સંમેલનોમાં ભાગ લીધો. સ્વામીશ્રીએ તેમને નૈતિકતા અને ભક્તિ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા પ્રોત્સાહિત કર્યાં.
- **ઑગષ્ટ, ૨૦૦૭ :** ૨૬ ઑગષ્ટ : સ્વામીશ્રીએ અમેરિકાના એટલાન્ટાના 'બી.એ.પી. એસ.' મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ કરી. અમેરિકામાં 'બી.એ.પી.એસ.'નું આ ત્રીજું મંદિર હતું. સ્વામીશ્રીના આશીર્વાદથી વિશ્વશાંતિ માટે યજ્ઞ યોજાયો.
- **ઑક્ટોબર, ૨૦૦૭ :** ૧-૧૫ ઑક્ટોબર લંડન : સ્વામીશ્રી લંડનમાં કિશોર શિબિર, યુવા શિબિર અને રાષ્ટ્રીય શિબિરમાં આશીર્વાદ આપ્યા. ૭મી ઑક્ટોબરે લંડનમાં 'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી.
- **૧૯ ઑક્ટોબર મુંબઈ, ૨૦૦૭ :** પ્રમુખસ્વામીની દિવ્ય ઉપસ્થિતિમાં મુંબઈમાં 'બી. એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ. ૧૫,૦૦૦થી વધુ ભક્તોએ ઉજવણીમાં હાજરી આપી. સ્વામીશ્રીએ ઈશ્વર અને ગુરુની કૃપાનું મહત્ત્વ સમજાવ્યું.
- **નવેમ્બર, ૨૦૦૭ (૧૦ નવેમ્બર) :** ગોંડલમાં ૨૦,૦૦૦ ભક્તોની હાજરીમાં નૂતન વર્ષની ઉજવણી કરવામાં આવી સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા : "ભગવાન સાથે અનુસંધાનથી કોઈપણ વ્યક્તિ કે વસ્તુ દિવ્ય બને છે."
- **ડિસેમ્બર, ૨૦૦૭ :** ૧૩-૧૭ ડિસેમ્બર : પ્રમુખ સ્વામી મહારાજની પવિત્ર હાજરીમાં ચાંદખેડા - ગાંધીનગર હાઈવે ખાતે 'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવની ઉજવણી. ૧લા દિવસે (તા. ૧૩-૧૨-૨૦૦૭) યુવા દિવસ, બીજા દિવસે (તા. ૧૪-૧૨-૨૦૦૭) મહિલા દિવસ, ત્રીજા દિવસે (તા. ૧૫-૧૨-૨૦૦૭) બાળ દિવસ અને ૪થા દિવસે (તા. ૧૭-૧૨-૨૦૦૭) સ્વામીશ્રીના જન્મદિવસની ઉજવણી ઉત્સવો યોજાયા. (વિશેષ માહિતી માટે 'બી.એ.પી.એસ.' શતાબ્દી ઉજવણી સંબંધી પ્રકરણ જુઓ)
- **ફેબ્રુઆરી, ૨૦૦૮ (૧૧ ફેબ્રુઆરી) :** મુંબઈમાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં વસંત પંચમી ઉત્સવ - શાસ્ત્રીજી મહારાજના જન્મદિન અને 'શિક્ષાપત્રી'ના રચનાદિનની ઉજવણી.

- **માર્ચ, ૨૦૦૮ (૨૨ માર્ચ) :** સાળંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં 'પુષ્પ ફોલોત્સવ' (હોળી)ની ઉજવણી કરવામાં આવી. ભારત અને બીજા દેશોમાંથી ૬૦,૦૦૦ થી વધુ ભક્તોએ હાજરી આપી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા : "ભગવાન હંમેશાં આપણા માટે જે સારું હોય તે કરશે. એ આપણા ઉપર એમની આધ્યાત્મિક સંપત્તિ વરસાવવા આવ્યા છે."
- **એપ્રિલ, ૨૦૦૮ (૧૪ એપ્રિલ) :** સ્વામિનારાયણ જયંતી અને રામનવમી, સાળંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં ભગવાન સ્વામિનારાયણની ૨૨૮મી જન્મજયંતીની ઉજવણી. સ્વામીશ્રીએ કહ્યું, "જો આપણે આપણી અધમ વૃત્તિઓ ઓગાળી નાંખીએ તો જ રામરાજ્ય શક્ય બને."
- **મે, ૨૦૦૮ (૧૦ મે) :** પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં સાળંગપુર મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો. સ્વામીશ્રીએ 'વચનામૃત'ના સંદર્ભમાં કહ્યું, "આપણું મન સતત ભટકતું રહે છે. આપણે દુન્યવી ઈચ્છાઓથી મુક્ત માનસિક સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરવા જોઈએ."
- **જૂન, ૨૦૦૮ (૧ જૂન) :** સાળંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં 'યોગીજયંતી'ની ઉજવણી કરવામાં આવી. સ્વામીશ્રીએ યોગીજી મહારાજે વ્યક્ત કરેલી ભાવના ઉપર ભાર મૂકતાં કહ્યું કે "ભગવાન સૌનું ભલું કરો."
- **જુલાઈ, ૨૦૦૮ (૪ જુલાઈ) :** સાળંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં રથયાત્રાની ઉજવણી કરવામાં આવી. સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા : "જો આપણે આપણા જીવનના રથનો દોર ભગવાનના અને એના સાધુઓના હાથમાં આપી દઈએ તો એ આપણને ભગવાનના નિવાસ, અક્ષરધામમાં લઈ જશે.
- **જુલાઈ, ૨૦૦૮ (૧૮ જુલાઈ) :** બોચાસણમાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. ભારત અને વિદેશોમાંથી ૩૦,૦૦૦થી વધુ ભક્તો ઉજવણીમાં હાજર રહ્યા. સ્વામીશ્રીએ બધાને આશીર્વાદ આપ્યા : "ગુરુની ઈચ્છા મુજબ જીવન જીવવાથી સુખ પ્રાપ્ત થાય અને વ્યક્તિના આત્માને મુક્તિ મળે."
- **ઑગષ્ટ, ૨૦૦૮ (૧૦ ઑગષ્ટ) :** વિદ્યાનગરમાં પ્રમુખસ્વામી હાજરીમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. ૧૪,૦૦૦થી વધુ ભક્તોએ હાજરી આપી. સ્વામીશ્રીએ આશીર્વચન કહ્યા

  "શિક્ષણ વગર કોઈ સમાજ કે દેશ વિકાસ અને પ્રગતિ સાધી શકે નહીં. શિક્ષણને ધર્મનું પીઠબળ સાંપડવું જોઈએ."

- **સપ્ટેમ્બર, ૨૦૦૮ (૧૧ સપ્ટેમ્બર) :** અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં જલ ઝીલણી ઉત્સવની ઉજવણી કરવામાં આવી. સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા : "આપણા હૃદયમાં ભગવાન પ્રત્યે ભક્તિ છે એથી ભગવાનને રીઝવવાના પ્રયત્નો કરીએ છીએ."
- **ઑક્ટોમ્બર, ૨૦૦૮ (૮ ઑક્ટોમ્બર) :** જામનગરમાં 'બી.એ.પી.એસ.'ના શિખરબંધ મંદિરનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું. સભામાં સ્વામીશ્રીએ કહ્યું, "ભગવાને આ માનવ શરીર આપણે આપણી સામાજિક ફરજો બજાવી શકીએ અને રાષ્ટ્ર તથા ભગવાનની સેવા કરી શકીએ એ માટે આપ્યો છે."
- **નવેમ્બર, ૨૦૦૮ (૧૩ નબેમ્બર) :** બોચાસણ ખાતે ૩૪,૦૦૦થી વધુ ભક્તોની હાજરીમાં દેવદિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી. સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા : "તમારી દુન્યવી ફરજો અદા કરતી વખતે હંમેશાં ભગવાનને સન્મુખ રાખો અને યાદ રાખો કે તમે જે કાંઈ કરો છો તે ઈશ્વરને રાજી કરવા કરો છે."
- **ડિસેમ્બર, ૨૦૦૮ (૬ ડિસેમ્બર) :** મુંબઈમાં કરુણ આતંકવાદી હુમલાને પગલે સ્વામીશ્રીએ સાધુઓ, ભક્તો અને મહાનુભાવો સાથે ભારત, અમેરિકા, કેનેડા, બ્રિટન, કેન્યા, યુગાન્ડા, તાંઝાનિયા, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને બીજા દેશોમાંના 'બી.એ.પી.એસ.' કેન્દ્રોમાં શાંતિ માટે પ્રાથર્નાઓ યોજી અને શાંત્વના વ્યક્ત કરી.
- **જાન્યુઆરી, ૨૦૦૯ (૩૧ જાન્યુઆરી) :** વડોદરામાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં વસંતપંચમીની ઉજવણી કરવામાં આવી. સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા : "અંદરની શાંતિ માટે વ્યક્તિએ ભગવાને આપેલું જ્ઞાન આત્મસપ્ત કરવું જોઈએ."
- **ફેબ્રુઆરી, ૨૦૦૯ (૩૧ જાન્યુઆરી – ૧ ફેબ્રુઆરી) :** વડોદરાના અટલાદ્રા ખાતેના 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરની પ્રમુખસ્વામી મહારાજ, રજત જયંતીની એમ.એસ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને અમેરિકા ખાતેના 'નાસા'ના ડેપ્યુટી ડાયરેક્ટરની હાજરીમાં કરવામાં આવી.
- **માર્ચ, ૨૦૦૯ (૧૧ માર્ચ) :** સાળંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં ફુલદોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવી. ૬૦,૦૦૦થી વધુ ભક્તોએ ઉત્સવમાં ભાગ લીધો. સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા : "માનવી જીવનમાં કેટલાંક સમય સુખ અને કેટલાંક સમય દુઃખ મેળવે છે. પરંતુ આ બધાની વચ્ચે તેણે ભગવાન જે કાંઈ કરે છે એ તેના ભલા માટે કરે છે એવી સમજણ સાથે મજગની સ્થિરતા જાળવી રાખવી જોઈએ."

- **એપ્રિલ, ૨૦૦૯ (૪ એપ્રિલ) :** સાળંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં ૨૯૯મી શ્રીહરિ જયંતીની ઉજવણી કરવામાં આવી. સ્વામીશ્રીએ સભાને આશીર્વાદ આપ્યા "ભગવાન સાથે તુલના કરતાં આપણને આપણી પામરતાનું ભાન થાય છે."
- **ડિસેમ્બર, ૨૦૦૯ (૩૧ ડિસેમ્બર) :** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દિ મહોત્સવની ઉજવણી, ગુજરાતમાં ડભાણ. જિ. ખેડા ખાતે જેમાં ૪૦,૦૦૦થી વધુ સત્સંગીઓએ ભાગ લીધો. ૨૦૦ વર્ષ અગાઉ ભગવાન સ્વામિનારાયણે આ જ ગામે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા અર્પી હતી. આ પ્રસંગે પ્રમુખ સ્વામી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યું કે, "જીવોની મુક્તિ માટે સ્વયં ભગવાન સ્વામિનારાયણે સદેહે અક્ષરબ્રહ્મ સાથે પૃથ્વી પર પધારીને જીવો પર મોટી કૃપા કરી છે અને કરી રહ્યા છે."
- **એપ્રિલ, ૨૦૧૦ (૩ એપ્રિલ) :** અક્ષરધામ, ગાંધીનગરમાં વિશ્વનો સૌ પ્રથમ ધાર્મિક વોટર શૉ, 'સત્ ચિત આનંદ'નું પૂજ્ય પ્રમુખ સ્વામીના કરકમલથી અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન થયું. આવા શૉના વિશ્વ વિખ્યાત રચયેતિ, વ્યેસ પેપીને પૂજ્ય પ્રમુખ સ્વામીદ્વારા જીવોને આધ્યાત્મિકતા તરફ લઈ જતા લોકકલ્યાણના કાર્યોથી પ્રેરાઈને વિના મૂલ્યે સેવા પૂરી પાડી હતી.
- **મે, ૨૦૧૦ (૧૮-૧૯ મે) :** ભગવાન સ્વામિનારાયણના પ્રથમ અનુગામી બ્રહ્મસ્વરૂપ પૂજ્ય ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થળ ભાદરા ગામે, ભવ્યાતિભવ્ય મંદિરમાં પ્રમુખ સ્વામીશ્રીના હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા યોજાઈ.
- **જુલાઈ, ૨૦૧૦ (૧૩ જુલાઈ) :** રથયાત્રાના પવિત્ર દિવસે પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે ગાંધીનગર અક્ષરધામના ગર્ભગૃહને નવીન આધ્યાત્મિક આકર્ષણ સ્વરૂપે ખુલ્લુ મૂક્યું. પૂજ્ય પ્રમુખ સ્વામીશ્રીએ આશીર્વચન આપતા જણાવ્યું કે, "ભગવાને અમૂલ્ય માનવજીવન આપ્યું છે. પૂજ્ય યોગીજી મહારાજના સંપ, સહૃદયતા અને એકતાભર્યું જીવન જીવીને સૌને ભૌતિક, માનસિક અને નાણાકીય શાંતિ બક્ષતી અધ્યાત્મ ભાવના વિકસે તેવા આશીર્વાદ છે."
- **ઑગસ્ટ, ૨૦૧૦ (૩ થી ૪ ઓગસ્ટ) :** ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ 'કોમનવેલ્થ ગેઈમ્સ'નું સ્થળ દિલ્હી અક્ષરધામની સામે જ હતું. દેશ-વિદેશથી સ્પર્ધામાં ભાગ લેવા આવેલા સ્પર્ધકોને અક્ષરધામની મુલાકાતમાં સરળતા રહે તે માટે બી.એ.પી.એસ દ્વારા ખાસ વોલીન્ટીયર ટીમની રચના કરવામાં આવી હતી. સ્પર્ધકોએ અક્ષરધામની મુલાકાત લઈને ચકિત થયેલા તેનું વર્ણન તેઓના અભિપ્રાયમાં કર્યું છે.
- **જાન્યુઆરી, ૨૦૧૧ (૮ જાન્યુઆરી) :** વડોદરા ખાતે પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની ૧૪૬મી જન્મજયંતી ઉજવવામાં આવી.

- **માર્ચ, ૨૦૧૧ (૨ માર્ચ) :** બે ભવ્ય શિખરબદ્ધ મંદિરોની સ્થાપના : (૧) સ્વામિનારાયણ મંદિર, ગોધરા (૨) સ્વામિનારાયણ મંદિર, બોડેલી
- **જુલાઈ, ૨૦૧૧ (૪ જુલાઈ) :** વિશ્વવિખ્યાત રીડર્સ ડાયજેસ્ટ મેગેઝિનએ અક્ષરધામ દિલ્હીને, ૨૧મી સદીના સાત અજાયબી પૈકીનું એક છે, તેમ જાહેર કર્યું.
- **ઑગસ્ટ, ૨૦૧૧ (૩૧ ઑગસ્ટ) :** અક્ષરધામ – ગાંધીનગર; અક્ષરધામ – દિલ્હી અને ત્રીજા અક્ષરધામ, રોબિન્સ વીલા, ન્યુજર્સી, અમેરિકામાં રચાનાર ભવ્ય મંદિરનો શિલાન્યાસ વિધિ તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ મુંબઈ મુકામે થયો. તે પછી ૬,૮,૯ ઓગસ્ટ, ૨૦૧૧માં રોબિન્સ વીલે, ન્યુજર્સી, અમેરિકા ખાતે તેની વિધિસર રીતે ભવ્ય શિલાન્યાસ વિધિ થઈ.
- **જાન્યુઆરી, ૨૦૧૨ (૧૫ જાન્યુઆરી) :** મુંબઈ ખાતેથી પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે, બી.એ.પી.એસ યુવા પ્રવૃત્તિની ષષ્ઠિપૂર્તિ ઉજવણી કાર્યક્રમની ઘોષણા કરી. પૂજ્ય યોગીજી મહારાજ દ્વારા ૧૯૫૨માં સ્થાપિત યુવા પ્રવૃતિની ષષ્ઠિપૂર્તિની વાર્ષિક ઉજવણી કાર્યક્રમની વિધિવત જાહેરાત કરી.
- **માર્ચ, ૨૦૧૨ (૮ માર્ચ) :** અક્ષરપુરુષોત્તમ મંદિર, સાળંગપુર ખાતે પૂજ્ય પ્રમુખ સ્વમિમહારાજની ઉપસ્થિતિમાં ભવ્ય ફૂલદોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવી., જેમાં ૧,૦૦,૦૦૦થી વધુ હરિભક્તો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એક નાના ગામમાં આટલા ભવ્ય સમારંભની ઉજવણીની એક વિશિષ્ટ ઘટના બની હતી.
- **એપ્રિલ, ૨૦૧૨ (૨૮-૨૯ એપ્રિલ) :** અક્ષર પુરુષોત્તમ, શાહીબાગ મંદિરના સુવર્ણ પાટોત્સવ મહોત્સવનું તેનાં યશસ્વી ૫૦ વર્ષ પૂર્ણ થતાં મંદિર સામેના પટાંગણમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી.
- **જુલાઈ, ૨૦૧૨ (૨૨ જુલાઈ) :** અમેરિકા ન્યુજર્સી, રોબિન્સ વીલા ખાતે રચાનાર ભવ્ય અક્ષરધામ સંકુલની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના કરકમલથી શાહીબાગ મંદિર, અમદાવાદ ખાતેથી કરવામાં આવી.
- **ડિસેમ્બર, ૨૦૧૨ (૨૦-૨૩ ડિસેમ્બર) :** સીનો હીલ્સ, સી.એ., યુ.એસ.એ. માં સ્થાપિત ભવ્ય બી.એ.પી.એસ શિખરબદ્ધ મંદિરનો ઉદ્‌ઘાટન સમારંભ ભવ્ય ધાર્મિક વિધિ દ્વારા સંપન્ન થયો.
- **૬ જાન્યુઆરી, ૨૦૧૩ (૬ જાન્યુઆરી) :** ૧૯૫૨માં બ્રહ્મ સ્વરૂપ પૂજ્ય યોગીજી મહારાજ સ્થાપિત યુવા પ્રવૃત્તિઓની ષષ્ઠિપૂર્તિ સમારંભ ૬ જાન્યુઆરી, ૨૦૧૩માં સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે સંપન્ન થયો. લગભગ ૬૦,૦૦૦થી વધુ યુવક-યુવતીઓએ આ સમારંભમાં હાજર રહી, પોતાના દ્વારા થતી યુવા પ્રવૃત્તિઓની સુંદર પ્રદર્શન દ્વારા ઝાંખી કરાવી હતી.

- **ફેબ્રુઆરી, ૨૦૧૩ : ૧૫ ફેબ્રુઆરી** : વસંતપંચમી પર્વ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો જન્મજયંતી દિવસ છે. તેમની ૧૪૮મી જન્મજયંતીના આ દિવ્ય દિવસે વડોદરામાં ૧૪૦ બેડની અદ્યતન ''શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલ''ના લોકાપર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ.
- **માર્ચ, ૨૦૧૩ (૧ થી ૩ માર્ચ)** : અક્ષરધામ, નવી દિલ્હી ખાતે તા. ૧ થી ૩ માર્ચ દરમ્યાન ''ભગવાન સ્વામિનારાયણનાં જીવન કાર્યો'' વિષય પર 'નેશનલ સેમિનાર' યોજાયો, જેમાં દેશ-વિદેશના નામી ઈતિહાસ વિદ્વાનોએ ભાગ લઈ વિવિધ લેખો અને શોધ નિબંધો દ્વારા ભગવાન સ્વામિનારાયણના સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે કરેલા દિવ્ય યોગદાનને બિરદાવવામાં આવ્યું.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનો આશીર્વાદ પત્ર , Ahmedabad, India
7 Mar 2013

'સ્વામી શ્રીજી'

HIS DIVINE HOLINESS
PRAMUKH SWAMI MAHARAJ
(SWAMI NARAYANSWARUPDAS)

બી. એ. પી. એસ. સંસ્થાના
તમામ ત્યાગી તથા સત્સંગીઓ પ્રત્યે

આપ બધા જાણો છો કે કેટલાક વખતથી મારું સ્વાસ્થ્ય સારું રહેતું નથી એટલે દરેકને રૂબરૂ મળી શકાતું નથી એટલે હવેથી તમામ ત્યાગી તથા સત્સંગીઓએ પોતાના તમામ પ્રકારના પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા માટે પૂજ્ય મહંત સ્વામીને મળવું અને સમાધાન મેળવવું.

રાજી રહેશો.

એજ લિ.
શા. નારાયણસ્વરૂપદાસના [illegible]

[illegible]
[illegible]

તા. ૭-૩-૨૦૧૩
ગુરુવાર

- **મે, ૨૦૧૩ (૧૦ થી ૧૩ મે)**: દાદરા-નગર હવેલીના મુખ્યનગર સેલવાસમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની દિવ્ય ઉજવણી તા. ૧૩ થી ૧૫ મે, ૨૦૧૩ દરમ્યાન કરવામાં આવી. વનવાસી વિસ્તારમાં આવા સંસ્કારધામની કાયમી સ્થાપના દ્વારા સંસ્કારનો દીપ પ્રગટાવવામાં આવ્યો.
- **ઑગસ્ટ, ૨૦૧૩ (૪ ઑગસ્ટ)** : બી.એ.પી.એસના બ્રહ્મજ્ઞાનના ધામ એવા સારંગપુર ખાતે "યજ્ઞપુરુષ સંસ્કૃત મહાવિદ્યાલય"ની સ્થાપના કરવામાં આવી. આ મહાવિદ્યાલયને "શ્રી વેરાવળ સોમનાથ યુનિવર્સિટી" સાથે સંલગ્ન કરવામાં આવી છે. આ મહાવિદ્યાલયની સ્થાપના દ્વારા સંસ્કૃતિ અને વૈદિક ધર્મના ઉચ્ચ અભ્યાસની દિશાઓ ખુલ્લી મુકાઈ છે.
- **ઓક્ટોબર, ૨૦૧૩ (૬-૭ ઓક્ટોબર)** : નાગપુરમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો. મધ્યપ્રદેશના મુખ્ય શહેર નાગપુરમાં પ.પૂ.પ્રમુખ સ્વામી પ્રેરિત બી.એ.પી.એસ.સંસ્થા દ્વારા સંસ્કારધામની સ્થાપના થતાં આ વિસ્તારની સાંસ્કૃતિક પ્રવૃતિઓને વેગ મળશે.
- **ઓક્ટોબર, ૨૦૧૩ (૧૬ ઓક્ટોબર)** : ડૉક્ટરની પદવી ધરાવતા પૂજ્ય અદ્‌ભૃતાનંદ સ્વામી તથા વિદ્યાનગર અક્ષર પુરુષોત્તમ છાત્રાલયમાં રહી સ્નાતક થયેલા પૂજ્ય યજ્ઞાનંદ સ્વામી પ.પૂ.પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદથી દીક્ષાર્થી થયા હતા. આ બે યુવાન શિક્ષિત દીક્ષાર્થીઓના સમાવેશથી બી.એ.પી.એસ. દીક્ષાર્થી સાધુઓની સંખ્યા ૯૦૦ થી વધુ થાય છે.
- **નવેમ્બર, ૨૦૧૩ (૬-૧૦ નવેમ્બર)** : બ્રહ્મજ્ઞાનની યુનિવર્સિટી જેવા સારંગપુર વિદ્યાધામમાં તા. ૬ થી ૧૦ નવેમ્બર, ૨૦૧૩ પાંચ દિવસ દરમ્યાન સુરત વિસ્તારના ૩,૫૦૦ યુવક-યુવતીઓની દિવ્ય અને અદ્‌ભુત યુવા શિબિર યોજાઈ હતી. દિવાળી વેકેશનમાં આનંદ-પ્રમોદ અને પ્રવાસનો મોહ ત્યજીને વિશિષ્ટ રીતે પસંદગી પામેલા આ યુવા સમુદાયને જ્ઞાન, સંસ્કાર અને નૈતિકતાના પાઠો સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા ભણાવવામાં આવ્યા હતા.
- **ડિસેમ્બર, ૨૦૧૩ (૩-૧૦ ડિસેમ્બર)** : પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની ૯૩મી જન્મજયંતીની ઉજવણી 'ગુરુ જયંતી પર્વ' તરીકે દેશ-વિદેશના સંતો અને હરિભક્તોએ દિવાળીના ઉત્સવની જેમ ઘેર ઘેર દીપમાળા, તોરણ, રંગોળી અને આતશબાજીથી કરી. આ દિવસોમાં મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું. સારંગપુર મંદિરમાં સ્થિત, પ્રમુખ સ્વામી મહારાજની હાજરીમાં વિશેષ પર્વ મનાવવામાં આવ્યું.
- **ફેબ્રુઆરી, ૨૦૧૪** : બી.એ.પી.એસ. સંસ્થાના ત્રણ શિખરબદ્ધ મંદિરોનો મૂર્તિ, પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો (૧) કલકત્તા : તા. ૧-૨ ફેબ્રુઆરી, (૨) મહુવા (ભાવનગર) : તા. ૧૭ ફેબ્રુઆરી અને (૩) જામનગર : ૨૩ ફેબ્રુઆરી.

## સંદર્ભ પ્રકાશનો


| | | |
|---|---|---|
| ૧. | **બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ** (ભાગ - ૧ અને ૨)<br>- હર્ષદ પટેલ, | ડિસેમ્બર, ૧૯૬૦ |
| ૨. | **ફ્રેન્ડ્સ ઑફ ફ્રેન્ડ્સ**<br>- પ્રમુખસ્વામી મહારાજની વાતો | ૧૯૯૮ |
| ૩. | **ડિવાઈન મેમરીઝ**<br>- સાધુ આનંદસ્વરૂપદાસની કલમે | ૧૯૯૮ |
| ૪. | **ડિવાઈન મેમરીઝ** | જુલાઈ, ૧૯૯૭ |
| ૫. | **જેમ્સ ઑફ ઈન્સ્પીરેશન**<br>- પ્રમુખસ્વામી મહારાજ મુકુલભાઈ કલાર્થી દ્વારા | જુલાઈ, ૧૯૯૪ |
| ૬. | **પ્રમુખસ્વામી મહારાજ**<br>- મોહનલાલ પટેલની કલમે | જુલાઈ, ૧૯૯૮ |
| ૭. | **વીથ બ્લેસીંગ્સ** | મે, ૧૯૯૫ |
| ૮. | **પોર્ટ્રેઈટ ઑફ ઈન્સ્પીરેશન**<br>- વિવેકજીવનદાસની કલમે | ડિસે. ૨૦૦૨ |
| ૯. | **ઈમ્પોર્ટસ રીવર**<br>- સાધુ વિવેકજીવનદાસ દ્વારા | નવે. ૧૯૯૭ |
| ૧૦. | **પ્યોર ડીવોશન**<br>- સાધુ અક્ષરજીવનદાસ દ્વારા | નવે. ૧૯૯૭ |
| ૧૧. | **પર્લ્સ ઑફ વિઝ્ડમ** | નવે. ૧૯૯૮ |
| ૧૨. | **ભગવાન સ્વામિનારાયણ - સમકાલીન લોકજીવન**<br>બી. જી. વાઘેલા ગુજરાતી પ્રકાશન | ફેબ્રુ. ૧૯૮૬ |
| ૧૩. | **સ્વામિનારાયણ બ્લીસ ઈસ્યુઝ** | મે-જૂન, ૨૦૦૦<br>થી સપ્ટે. ૨૦૦૪ |

ઉપરના તમામ પુસ્તકો શાહીબાગ ખાતેથી સ્વામિનારાયણ અક્ષરપીઠે પ્રકાશિત કર્યા છે.

| | | |
|---|---|---|
| ૧૪. | **કલ્ચરલ કન્ટ્રીબ્યુશન ઑફ**<br>**સ્વામિનારાયણ સંપ્રદાય ઈન ૧૯ સેન્ચ્યુરી**<br>- ડૉ. રશ્મિબેન વ્યાસ દ્વારા, સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ | ડિસે. ૧૯૯૭ |


૧૫. **એ ઈન્ટ્રોડક્શન ટુ સ્વામિનારાયણ હિંદુઈઝમ** - કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, ૨૦૦૧
રેમન્ડ બ્રેડી વિલિયમ્સ દ્વારા

૧૬. **મરાઠા સાંપ્રમેય વૉલ્યુમ ૧૯૭૭(૮) ઑફ ધ હિસ્ટ્રી એન્ડ કલ્ચર ઑફ ઈન્ડિયન પીપલ**
- ભારતીય વિદ્યાભવન, મુંબઈ
પ્રો. આર. સી. મજુમદાર દ્વારા
પાના નં ૭૧૬





પ્રમુખસ્વામી મહારાજ પ્રસન્ન મુદ્રામાં


પ્રમુખસ્વામી મહારાજ આનંદવિભોર મુદ્રામાં

## લેખક વિશે...



ડૉ. કિરીટ નાનુભાઈ શેલતે આઈ.એ.એસ. અધિકારી તરીકે લગભગ ૩૮ વર્ષ સુધી ગુજરાત રાજ્ય વહીવટીતંત્રના વિવિધ ઉચ્ચ હોદ્દાઓ ઉપર સેવા બજાવી છે. તેઓએ 'જાહેર વહીવટ' ઉપર મહાનિબંધ દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ૧૯૬૭ની સાલમાં તેઓ ગુજરાત વહીવટી સેવામાં જોડાયા અને જાહેર વહીવટમાં કારકિર્દી શરૂ કરી. ત્યારથી તેઓ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં સેવા આપતા આવ્યા છે. ૩૮ વર્ષની લાંબી કારકિર્દી દરમ્યાન તેઓની કામગીરી છેક નીચેના સ્તરે વિસ્તરી છે. ગ્રામવિકાસ તેમજ ઔદ્યોગિક વિકાસના નીતિ-ઘડતરમાં તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. ગામડાંનાં ગરીબ પરિવારો તેમજ ખેડૂતો માટે 'માઇક્રો લેવલ પ્લાનિંગ'ના મૉડલ વિકસાવવામાં પણ તેમણે મહત્ત્વની કામગીરી કરી છે. તેઓએ ગ્રામવિકાસ કમિશનર, ઉદ્યોગ કમિશનર, અમદાવાદ જિલ્લા કલેક્ટર, રોજગાર અને તાલીમ કમિશનર, અશક્ત વ્યક્તિઓ માટેના કમિશનર, ટ્રાન્સપોર્ટ કમિશનર, ઊર્જા વિભાગના સચિવ, કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવ જેવી વિવિધ જવાબદારીઓ સંભાળી છે.

તેઓએ ૨૦૦૬ની સાલમાં ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકાર વિભાગના અગ્ર સચિવ તરીકે નિવૃત્તિ મેળવી છે. નિવૃત્તિ પછીના કાળમાં તેઓ વધુ પ્રવૃત્ત રહ્યા છે. તેઓએ ઇન્ટરનેશનલ સ્કૂલ ફોર પબ્લિક લીડરશીપ (ISPL), અમદાવાદ નામની એન.જી.ઓ.(NGO)ની સ્થાપના દ્વારા સામાજિક વિકાસ માટે જરૂરી એવા નેતૃત્વવિકાસ અને ગ્રામવિકાસની પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપ્યું છે. સાથે સાથે ગ્લોબલ વોર્મિંગ, ક્લાઇમેટ ચેઇન્જ અને ટકાઉ ખેતીવાડી વિકાસના પાસાને સાંકળી લેતી રાષ્ટ્રીય કક્ષાની "નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઇમેટ ચેઇન્જ અને સસ્ટેઇનેબલ એગ્રિકલ્ચરલ ડેવલપમેન્ટ" (NCCSD) નામની એન.જી.ઓ.ની સ્થાપના કરવામાં મહત્ત્વની ભૂમિકા બજાવી છે. હાલ તેઓ આ સંસ્થાના એક્ઝિક્યૂટિવ ચેરમેન તરીકેની સેવાઓ બજાવી રહ્યા છે. ભારત સરકારે તેઓની ખેતીવાડી વિભાગની આયોજન શાખાના સલાહકાર સભ્ય તરીકે નિયુક્તિ કરી છે. તેઓએ ISPL અને NCCSD દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની પરિષદો યોજીને આ વિષયના વિશ્વના નિષ્ણાતોને એક મંચ ઉપર એકત્રિત કરવાનું ઉમદા કાર્ય કર્યું. તેમના વહીવટી સમયગાળા દરમ્યાન, તેઓએ ગુજરાત રાજ્યની ખેતીવાડી પ્રવૃત્તિ સંબંધી સીમાચિહ્નરૂપ કાર્યો કરીને, ખેતીવાડી ક્ષેત્રે ગુજરાત રાજ્યને ભારતના બધા જ રાજ્યોમાં અગ્રસ્થાન અપાવવામાં મહત્ત્વની ભૂમિકા બજાવી છે. સોઈલ હેલ્થ કાર્ડ અને કૃષિ મેળા જેવી પ્રવૃત્તિઓને શાશ્વત સ્વરૂપ આપીને ગુજરાતના ખેતીવાડી ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં તેઓનો સહયોગ અનન્ય છે.

નેતૃત્વ વિકાસ, ગ્રામવિકાસ, કૃષિ અને નાના ઉદ્યોગોના વિકાસ સંબંધી તેઓના ઘણા જ લેખો ખ્યાતનામ મેગેઝિનોમાં પ્રસિદ્ધ થયા છે. આ વિષયોને સાંકળતાં તેઓએ અનેક પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોમાં – 'માઈક્રોલેવલ પ્લાનિંગ ફોર રૂરલ ડેવલપમેન્ટ' (૧૯૮૦), 'ઇવેલ્યુએશન ઓફ રૂરલ ડેવલપમેન્ટ પ્રોગામ' (VOL – I – ૧૯૮૨) અને (VOL – II – ૧૯૮૮), 'મેપિંગ ઓફ ડેવલપમેન્ટ – ગુજરાત એક્સપેરિયન્સ' (૨૦૦૩), 'તાલુકા અને વિલેજ પ્રોડક્શન પ્લાન' (૨૦૦૫), 'મેન્યુઅલ ફોર ફાર્મર્સ ફોર ક્રોપ પ્રોડક્શન પ્લાન' (૨૦૦૫), 'કૃષિ મહોત્સવ' (૨૦૦૫), 'વોટ એઇલ્સ અવર એગ્રિકલ્ચર' (૨૦૦૭), 'લીડરશીપ બાય ચોઇસ એન્ડ નોટ બાય ચાન્સ' (૨૦૦૭), 'ગ્લોબલ વોર્મિંગ અને સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ' (૨૦૧૦), 'કૃષિ ઉદ્યોગ સાહસિકતા – તકો અને પડકારો' (૨૦૧૩) વગેરે પુસ્તકો પ્રકાશિત કર્યાં છે.

